# ગલતફહમીઓ

## તથા તેની સુધારણા

અઝ

**હઝરત મૌલાના તહીર અહમદ બરેલ્વી**

અનુવાદક

**મુહમ્મદબશીર યૂસુફ ગોડીલ–પોરબંદર**
**(B.Sc. M.Ed.)**

પ્રકાશક

**અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા**
GRWB/059/Bharuch/02 C/o. ફયૂઝાને રઝા મંઝિલ,
મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦
ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com

| | | |
|---|---|---|
| પ્રકાશન નં.:૨૨૧ | આવૃત્તિ–૨ | પ્રત:૪૦૦૦ |
| ૨૭–રજબુલ મુરજ્જબ | હિ.સ. ૧૪૩૭ | મે–૨૦૧૬ |

નૂરાની આર્ટ–દયાદરા, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

## અનુક્રમણિકા


| | |
|---|---|
| **પ્રકાશકના બે બોલ** | 8 |
| અલ્લાહ તઆલાને ઉપરવાળો કહેવું | 09 |
| વાતચીતમાં કુફ્રી શબ્દોનો ઉપયોગ ! | 10 |
| ફિલ્મી ગીતોમાં કુફ્રિયાત | 12 |
| ઈમાન અને અક઼ીદા કરતાં અમલને વધુ મહત્વ આપવું | 14 |
| સંડાસ (લેટ્રીન)માં કા'બા શરીફની તરફ મોઢું અથવા પીઠ કરીને બેસવું | 15 |
| નમાઝે જનાઝાના વુઝૂથી જ અન્ય નમાઝ પઢવાનો હુકમ | 16 |
| મૈયતને ગુસ્લ આપ્યા પછી ગુસ્લ કરવાનો મસ્અલો | 16 |
| શું સતર ખુલી જવાથી વુઝૂ તૂટી જાય છે ? | 16 |
| લોટો અથવા ગ્લાસને પાંચ આંગળીઓ વડે પકડવાનો મસ્અલો | 17 |
| દૂધ પીતા બાળકનું પેશાબ પાક છે કે નાપાક ? | 17 |
| હલાલ જાનવરના પેશાબના છાંટાઓનો હુકમ | 17 |
| પક્ષીઓની ચરકનો મસ્અલો | 18 |
| હૈઝ અને નિફાસવાળી સ્ત્રીને અપશુકનિયાળ સમજવું જોઈએ ? | 19 |
| નિફાસની મુદ્દત | 19 |
| શું બાળકને દૂધ પીવડાવવાથી માતાનું વુઝૂ તૂટી જાય છે ? | 19 |
| દરેક નાપાકીને લીધે ગુસ્લ કરવું જરૂરી નથી | 20 |
| ઊંઘથી વુઝૂ ક્યારે તૂટે છે ? | 21 |
| શું પત્ની સાથે હમબિસ્તરી કરવાથી આખુ કપડું અથવા બધાં કપડાં નાપાક થઈ જાય છે ? | 22 |
| કૂતરાનું શરીર અથવા કપડાંને સ્પર્શવાનો મસ્અલો | 23 |
| શું ઢેફા (ઠીકરું, પથ્થર)થી તહારત (ઈસ્તિન્જા) કર્યા પછી પાણીથી ધોવું જરૂરી છે ? | 23 |
| નમાઝમાં જમણા પગના અંગૂઠાના ખસી જવાનો મસ્અલો | 24 |
| સજદામાં પગની આંગળીઓના પેટનું જમીન પર ન લાગવું | 24 |
| અઝાનના સમયે વાતો કરવી | 24 |
| તકબીર ઊભા થઈને સાંભળવી | 25 |
| જુમ્આની બીજી અઝાન મસ્જિદની અંદર આપવી | 26 |
| શું જમણી બાજુથી ઈકામત (તકબીર) આપવી જરૂરી છે ? | 26 |
| નમાઝી સામેથી પસાર થવું મના, ખસવામાં વાંધો નથી ! | 27 |

## અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| મગરિબ અને ઈશાની નમાઝ ક્યાં સુધી પઢી શકાય છે ? | 28 | રૂમાલ વગરનો પાયજામો અને જાંગીયો પહેરીને નમાઝ પઢવાથી નમાઝમાં કમી આવે છે ? | 37 |
| મસ્જિદમાં પોતાના માટે માગવું | 29 | નમાઝમાં લંગોટ બાંધવાનો મસ્અલો | 37 |
| પાંચ વખતની નમાઝથી ગફલત અને વઝીફાઓનું પઢવું | 30 | પેન્ટ અને પાયજામાની મોરી ચઢાવીને નમાઝ પઢવી | 38 |
| જુમ્આના ખુત્બામાં ઉર્દૂ શેઅરનું પઢવું | 30 | કુર્આન પઢવામાં ફક્ત હોઠ ફફડાવવા અને અવાજ ન કાઢવું કેવું ?! | 39 |
| ઈમામનું (નમાઝ દરમ્યાન) મહેરાબ અથવા બે થાંભલાની (દરવાજાની) વચ્ચે ઊભા રહેવું | 31 | શું જમાઅતથી નમાઝ પઢવાવાળાઓ ઈમામની સાથે દુઆ માંગવી પણ જરૂરી છે ? | 39 |
| નસબંદી કરાવેલ અથવા કરાવવાળાની ઈમામતનો હુકમ | 31 | નમાઝમાં કોણીઓ ખુલ્લી રાખવી | 40 |
| શું જેની સાથે આપસી મન દુઃખ હોય તેની પાછળ નમાઝ થશે નહીં ?! | 32 | નાનાં બાળકોને મસ્જિદમાં લાવવું | 41 |
| મુક્તદીના માથા ઉપર અમામો હોય અને ઈમામના માથા ઉપર ન હોય | 33 | મસ્જિદોને સજાવવું અને ઈમામોને સતાવવું | 42 |
| ઈમામને માટે મુકર્રિર હોવું કેટલું જરૂરી છે ? | 33 | ઈદગાહમાં નમાઝે જનાઝા પઢવાનો મસ્અલો | 43 |
| ઈમામનું મુક્તદીઓથી ઊંચી જગ્યા ઉપર ઉભા રહેવું | 34 | મસ્જિદમાં અવાજ કરવાવાળા પંખાઓ અને કૂલરોનો મસ્અલો | 44 |
| નમાઝમાં નફ્લ નમાઝોને ફર્ઝ અને વાજિબ સમજવું નફલો પઢાવવા જ જોઈએ એવું સમજવું | 35 | નમાઝે જનાઝામાં તકબીરના સમયે આસ્માનની તરફ મોઢું ઉઠાવવું | 46 |
| | | મૈયતના ખાણા વિશે ખુલાસો | 46 |

## અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| શું મૈયતનું ખાણુ સગાં સંબંધીઓને ખવડાવવાથી મુડદાને સવાબ પહોંચશે ? | 47 | મઝારો પર હાજરીના આદાબ | 60 |
| પતિના તેના પત્નીનો જનાઝો ઉઠાવવાનો મસ્અલો | 49 | એઅ્તેકાફમાં ચૂપ રહેવું કેવું ? | 62 |
| ફાતેહામાં ખાવાનું અને પાણી સામે રાખવાનો મસ્અલો | 50 | રેડિયો, તાર અને ટેલિફોનની ખબર ઉપર શરઈ સાબિતી વગર ચાંદ માની લેવું કેવું | 62 |
| બાળક પેદા થવાને કારણે જે સ્ત્રી મૃત્યુ પામે તેને બદ્નસીબ સમજવું | 52 | શું ઈન્જેક્શન લગાડવાથી રોઝો તૂટી જાય છે ? | 65 |
| કાલ્પનિક ક઼બ્રો અને મઝારો બનાવવા | 52 | શું રમઝાનની રાતોમાં પતિ પત્નીએ સંભોગ કરવો ગુનોહ છે ? | 65 |
| સ્ત્રીનું કફન તેના પીયરવાળાઓ ઉપર જરૂરી સમજવું | 53 | શું નાપાક રહેવાથી રોઝો તૂટી જાય છે ? | 66 |
| મૈયત પછી અને બાળકના જન્મ પછી પૂરા ઘરમાં પોતુ મારવું અને સફાઈ કરવું જરૂરી સમજવું | 54 | રોટ બોટનો રોઝો | 66 |
| મૈયતના માથામાં કાંસકો ફેરવવો | 54 | હઝરત અલી મુશ્કિલકુશા અને સોળ સૈયદોનો રોઝો | 66 |
| શું ઔરત ફાતિહા પઢી શકતી નથી ?! | 54 | ઝકાત બારામાં કેટલી ગલતફેહમીઓ | 67 |
| જીવન દરમ્યાન (પોતાનું) ક઼બ્ર અને મઝાર બનાવડાવવું | 55 | શાદી માટે હાથ ફેલાવવો કેવો ? | 68 |
| મઝારાત ઉપર હાજરીનો તરીક઼ો | 57 | ત્રણ તલાક઼ોનો રિવાજ | 69 |
| ક઼બ્રસ્તાનમાં દીવા અને મીણબત્તી બાળવું અને અગરબત્તી અથવા લોબાન સળગાવવાનો મસ્અલો | 58 | શરએ પયમ્બરી મહેર નક્કી કરવી | 71 |
| મઝાર ઉપર ચાદર ચઢાવવા વિશે સ્પષ્ટતા | 58 | નિકાહ પઢવામાં ઈજાબો કુબૂલ પછી ખુત્બો પઢવો | 71 |
| | | શું તલાક઼ આપવા માટે પત્નીનું સામે હોવું અથવા તેનું સાંભળવું જરૂરી છે ? | 71 |
| | | શું હાલતે હમલ (ગર્ભાવસ્થા)માં તલાક઼ થતી નથી ? | 72 |

# અનુક્રમણિકા


| | |
|---|---|
| વેવાણ, કાકી અને મામી સાથે નિકાહનો મસ્અલો | 72 |
| શું પતિ માટે તેની પત્નીને હાથ લગાડતાં પહેલાં મહેર માફ કરાવવું જરૂરી છે ? | 72 |
| જે સ્ત્રીને વ્યભિચારથી હમલ રહી ગયો હોય તેનાથી શાદી કરવાનો મસ્અલો | 73 |
| શું સ્ત્રીના ૨૦ (વીસ) બાળકો થઈ જાય તો તેની નિકાહ તૂટી જાય છે ? | 74 |
| ઈદ્દતને માટે પત્નીને તેના માવતરે લઈ જવું | 74 |
| તલાક઼ આપેલ સ્ત્રીની ઈદ્દત ત્રણ મહિના ગણવી ?! | 76 |
| છોકરાઓની શાદીમાં વલીમા કરવાને બદલે મંઢીયા (મહેમાની) કરવું | 76 |
| જવાન છોકરીઓની શાદી કરવામાં મોડું કરવું | 77 |
| વિધવા સ્ત્રીઓની શાદીને ખરાબ સમજવું | 78 |
| કુતૂબ સિતારાની તરફ પગ કરીને ન સૂવું | 79 |
| મુરીદ હોવું કેટલું જરૂરી છે ? | 81 |
| શું પીરને માટે સૈયદ હોવું જરૂરી છે ? | 82 |
| કાફિરોને મુરીદ બનાવવા | 84 |
| જો તમામ શરતોવાળો પીર ન મળે, તો શું કરવું જોઈએ ? | 85 |
| પીરથી પર્દો | 85 |
| માલદાર થવા માટે મુરીદ બનવું | 86 |
| બુઝુર્ગોના ફોટા ઘરોમાં રાખવા કેવું ? | 87 |
| શરીઅતનો વિરોધ કરવાવાળા પીર | 88 |
| મામૂલી ઈખ્તિલાફાતને ઝઘડાઓનું કારણ બનાવવું | 91 |
| ખાનક઼ાહી ઈખ્તિલાફાત અને આ અંગેની સત્ય હક઼ીક઼ત | 96 |
| શું દરેક દીવાનો "મજઝૂબ વલી" છે ? | 97 |
| બિલાડી આડી ઉતરે તો શું થાય ? | 99 |
| કેટલીક તારીખોને શાદી વિવાહ માટે મનહૂસ સમજવી | 99 |
| ટાઈ બાંધવું અને બાળકોને બાંધવી | 100 |
| મેહફિલે મીલાદમાં ઝિક્રે શહાદત | 101 |
| અમાનતમાંથી ખર્ચ કરવો | 101 |
| રાત્રે મોડે સુધી જાગવું અને સવારે મોડેથી ઉઠવું | 103 |
| શું રોકડા અને ઉધારની અલગ અલગ કિંમત રાખવી મના છે ? | 105 |

| | | | |
|---|---|---|---|
| ખુશામત પસંદ મુતવલ્લી અને મોહતમિમ (વહીવટદાર) | 105 | હાથ ઉપાડીને અથવા ફક્ત ઈશારાથી સલામનો જવાબ આપવો | 124 |
| પૂરેપૂરા દુનિયાદાર મોલ્વી અને ઈમામ | 107 | હોજરી ખાવી | 127 |
| ચંદાઓનો અતિરેક | 109 | સફર મહિનાનો છેલ્લો બુધવાર | 128 |
| હરામ રસ્તાઓથી કમાઈને ખુદાની રાહમાં ખર્ચ કરવો | 113 | સલ્અમ, સ.અ.વ., અલ., રદી. વગેરે લખવું | 128 |
| હલાલ રોજી કમાવાની અને દીનદાર બનીને રહેવાની આવડત | 115 | ઔલાદને આક (હક્કોથી અલગ) કરવાનો મસ્અલો | 129 |
| બુઝુર્ગ શખ્સિયતોને મનાવવાની પદ્ધતિ | 117 | સાળી અને ભાભી સાથે મજાક કરવી | 129 |
| ફિલ્મી ગીતોની તર્ઝ ઉપર નઅત શરીફ પઢવું | 120 | ગર્ભ રોકવાવાળી દવાઓ અને લૂપ કોન્ડોમ વગેરેનો ઉપયોગ | 130 |
| નિઃસંતાન પુરૂષો અને સ્ત્રીઓ માટે જરૂરી નસીહત | 120 | નવા વરસ (બેસતા વરસ)ની મુબારકબાદીઓ ! | 132 |
| ગૈર મુસ્લિમો પાસેથી ગોશત મંગાવવાનો મસ્અલો | 122 | બિન જરૂરી અજ્ઞાનતાભર્યા સવાલો | 132 |
| મોહર્રમ અને સફરમાં શાદી વિવાહ ન કરવો અને શોક મનાવવો | 124 | પોતાના તરફથી ન કરતાં, બીજાઓને નામે કુર્બાની કરવી | 133 |
| પુરૂષોએ એકથી વધુ વિંટીઓ પહેરવી | 125 | કવ્વાલીનો શરઈ હુકમ | 134 |
| અમેરિકન (જર્સી) ગાયનો શરઈ હુકમ | 126 | શું વૃક્ષો અને ગોખલામાં શહીદ પુરૂષો રહે છે ? | 140 |
| દવા ખાવા અને પીવા પહેલાં 'બિસ્મિલ્લાહ' પઢવું | 127 | કેટલાંક ખોટા નામોની જાણકારી | 141 |
| | | ખુદાની મખ્લૂકને સતાવવી અને દુઆ તા'વીઝ કરાવવું | 142 |
| | | ભણવા ભણાવવા સંબંધી કેટલીક ગેરસમજો | 143 |

## અનુક્રમણિકા


| | |
|---|---|
| આલિમ અને મોલ્વી બનાવવા સંબંધિત કેટલીક જરૂરી વાતો | 144 |
| કુર્આને કરીમ હિફઝ કરવા બાબત કેટલીક જરૂરી વાતો | 145 |
| શું માછલી અને તૂવેરની દાળ પર ફાતેહા નથી થતો ? | 146 |
| સુવ્વર (ભૂંડ)નું નામ લેવાને ખરાબ જાણવું | 146 |
| શું જે લોકો ઈસ્લામી વાતો (એહકામ)ની જાણકારી ધરાવતા ન હોવાથી અમલ નથી કરતા તેઓની પકડ નહીં થાય ? | 148 |
| ઘરવાળાઓને તંગી અને તકલીફમાં છોડીને નફલ ઈબાદત કરવી | 150 |
| શું સ્ત્રી જાનવરને ઝબહ નથી કરી શકતી ? | 152 |
| સ્ત્રીઓનું નામેહરમ મનિયારાઓના હાથે બંગડીઓ પહેરવું | 153 |
| સ્ત્રી પુરૂષોએ એકબીજાની મુશાબેહત (મળતાપણુ) કરવી | 154 |
| અક઼ીક઼ાનું ગોશ્ત દાદા દાદી અને નાના નાની માટે નાજાઈઝ સમજવું | 155 |
| નસબ અને બિરાદરી બદલવી | 155 |
| ડિપોઝીટની રકમ જપ્ત કરવી | 156 |
| કુર્આન શરીફ પડી જાય તો શું કરવું ?! | 157 |
| જાનવરોને લડાવવાં | 158 |
| જાનવરો પાસેથી તેમની તાકાતથી વધુ કામ લેવું | 159 |
| શું ઉલ્લુ કોઈ મન્હૂસ પક્ષી છે ? | 159 |
| ધોબીને ત્યાં ખાવાનો મસ્અલો | 160 |
| શું બુરાઈ–ભલાઈનો સંબંધ તારાઓ સાથે છે ? | 161 |
| હાથોના દોરા અને કડાં | 162 |
| મુસ્તહબોને ફર્ઝ અને વાજિબ સમજવું અને ફર્ઝોને મહત્વ ન આપવું | 163 |
| છીંક આવી જાય તો અપશુકન માનવું | 165 |
| બોણી સંબંધી ખોટી માન્યતાઓ | 165 |
| શું ઈસ્લામમાં તાઝિયાદારી જાઈઝ છે ? | 166 |
| વુઝૂ વગર અઝાન પઢવાનો મસ્અલો | 169 |
| આ જમાનાની એક મોટી નેકી | 169 |
| સૌથી બેહતર (શ્રેષ્ઠ) મુસલમાન | 170 |
| ઈસ્લામમાં બધાથી શ્રેષ્ઠ કામ | 170 |

# પ્રકાશકના બે બોલ...

આજકાલ દીની ઈલ્મ શીખવાથી આળસ તથા નિરૂત્સાહપણાની સ્થિતિ એવી છે કે કેટલાક યુવાનોને ઉભા રાખીને પૂછો કે હઝરત અબૂબક્ર સિદ્દીક़ رضی اللہ عنہ કોણ હતા ? તો તેના જવાબમાં ક્યાં તો ખામોશી અથવા તો ઉટપટાંગ જવાબો મળશે. ઈલ્લા માશા અલ્લાહ ! જવલ્લે જ સહીહ જવાબ મળશે. એ જ પ્રમાણે અન્ય દીની સવાલો કરો તો તમને અફસોસ થશે કે આમાંથી ભવિષ્યના ઈસ્લામના રક્ષકો કેવી રીતે પેદા થશે ?! ન અક़ીદા વિશેના સવાલનો સરખો જવાબ મળે છે ન અમલો વિશેના સવાલનો સંતોષકારક જવાબ મળે છે. દુનિયાભરની ડિગ્રીઓ મેળવવામાં મશ્ગૂલ મુસ્લિમ क़ૌમના નવ યુવાનોની આવી હાલત ઘણે ઠેકાણે છે. ઈલ્લા માશાઅલ્લાહ !

દીની ઈલ્મથી આવી અજ્ઞાનતા તથા નીરસતાના કારણે અનેક ગલતફહમીઓ તથા ગલત માન્યતાઓ સુની સુનાઈ વાતો પરથી ગ્રહણ કરીને લોકોમાં પ્રચલિત થઈ ગઈ છે. એવી જ કેટલીક ગલત ફહમીઓનું નિવારણ કરવા પ્રસ્તુત કિતાબ **ગલત ફહમીઓ તથા તેની સુધારણા** જે હપ્તાવાર **''બરકાતે ખ્વાજા (મંથલી)''**માં છપાતી રહી તે પૂર્ણ થતાં જેને અત્રે કિતાબ સ્વરૂપે પ્રસિધ્ધ કરવામાં આવી રહી છે કે જેથી બહોળી સંખ્યામાં મુસ્લિમો લાભ ઉઠાવી શકે.

મૂળ કિતાબમાં જ્યાં જરૂરત જણાઈ ત્યાં નોટ લખીને મસ્અલાની સ્પષ્ટતા અધિક રીતે કરવામાં આવી છે, તેમજ ઉલમા વચ્ચેના વિવાદી મસ્અલાને સાઈડ પર કરી આપેલ છે, જેમ કે નમાઝમાં લાઉડ સ્પીકરનો મસ્અલો, કે જેનો ઉપયોગ હવે મોટાભાગની મસ્જિદોમાં કરાય જ છે. જેથી એનો ઉલ્લેખ કિતાબમાં નથી કર્યો.

અનેક ગલતફહમીઓનો અત્રે ઉલ્લેખ કરી તેની સુધારણા રજૂ કરવામાં આવેલ છે એવી આ કિતાબ મુસલમાન ભાઈઓમાં હિદાયતનો સબબ બનશે એવી ઉમ્મીદ છે. ઈન્શાઅલ્લાહ !

લેખક, અનુવાદકને અલ્લાહ બેહતરીન જઝા બંને જહાનમાં અતા કરે અને આ કિતાબને પ્રસિધ્ધ કરવામાં જેણે જેણે જે રીતે સાથ આપ્યો તેમને પણ રબ્બ તઆલા બંને જહાનની નેઅમતોથી નવાઝે. આમીન, બિજાહિન્નબી કરીમ صلی اللہ علیہ وسلم.

**–પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

*(તા. ૧–મે–૨૦૧૬, રવિવાર, હિ.સ. ૧૪૩૭, ૨૪ રજબુલ મુરજ્જબ)*

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

نَحۡمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوۡلِهِ الۡکَرِيۡمِ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَيۡكَ يَارَسُوۡلَ اللّٰهِ   اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَيۡكَ يَا نَبِیَّ اللّٰهِ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَيۡكَ يَاحَبِيۡبَ اللّٰهِ   اَلصَّلٰوۃُ وَ السَّلَامُ عَلَيۡكَ يَا نُوۡرَ اللّٰهِ

صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَيۡكَ وَسَلَّمَ

## અલ્લાહ તઆલાને ઉપરવાળો કહેવું

કેટલાક લોકો અલ્લાહ તઆલાનું નામ લેવાને બદલે તેને "ઉપરવાળો" કહે છે, આ બિલ્કુલ ખોટી વાત છે. પરંતુ જો આ અક઼ીદો રાખીને આ શબ્દો બોલે કે, "અલ્લાહ તઆલા ઉપર છે" તો આ કુફ્ર છે, કેમ કે અલ્લાહ તઆલાની ઝાત ઉપર નીચે, આગળ પાછળ, જમણી ડાબી, બધી જ દિશાઓ અને બધા જ સ્થળો તેમજ બધા જ યુગોથી પાક છે અને સર્વથી શ્રેષ્ઠ છે.

બધી જ દિશાઓ પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ, ઉપર નીચે, જમણી ડાબી, આગળ–પાછળ, સમય અને સ્થળ બધાને તેણે જ પૈદા કર્યા છે. જેથી અલ્લાહ તઆલાને માટે આ પ્રમાણે બોલી શકાતું નથી કે તે ઉપર છે કે નીચે છે, પૂર્વમાં છે કે પશ્ચિમમાં છે. કારણ કે જ્યારે તેણે આ વસ્તુઓને પૈદા કરી ન હતી ત્યારે પણ તેનું વજૂદ હતું. તે ક્યાં હતો અને શું હતો તે હક઼ીક઼તને તેના સિવાય કોઈ જાણતું નથી. જો કોઈ કહે કે અલ્લાહ તઆલા અર્શ પર છે તો તેને પૂછવું જોઈએ કે જ્યારે તેણે અર્શને પૈદા કર્યું ન હતું ત્યારે તે ક્યાં હતો ? એ જ રીતે કોઈ કહે કે અલ્લાહ તઆલા ઉપર છે તો તેને પૂછવું જોઈએ કે ઉપરને પૈદા કરતાં પહેલાં તે ક્યાં હતો ?!

હા, કોઈ અલ્લાહ તઆલાને ઉપરવાળો એ વિચારથી કહે કે તે સર્વથી શ્રેષ્ઠ છે અને તેનો મર્તબો બધાથી ઉપર છે તો આ કુફ્ર નથી પરંતુ તેમ છતાં અલ્લાહ તઆલાને માટે એવા શબ્દ બોલવા એ સારું નથી જેનાથી

કુફ્રની શંકા પણ થાય. અને અલ્લાહ તઆલાને ઉપરવાળો કહેવું દરેક રીતે મના છે જેથી આ પ્રમાણે બોલવાથી બચવું જરૂરી છે.

કેટલાક લોકો અલ્લાહ તઆલાને "અલ્લાહ" કહેવાને બદલે ફક્ત "માલિક" કહેતા હોય છે. જેમ કે "માલિક"ની ઈચ્છા હશે તો આ કામ થઈ જશે, અથવા "માલિક" જે કરશે તે થશે, વગેરે. આ પ્રમાણે બોલવું પણ સારું અને ઈસ્લામી તરીક઼ા મુજબ નથી.

ટૂંકમાં સીધી અને સાચી વાત એ છે કે અલ્લાહ તઆલાને "અલ્લાહ" જ કહેવું જોઈએ. કેમ કે તેનું નામ લેવું પણ ઈબાદત છે અને તેના નામનું ઝિક્ર કરવું એ ઈન્સાનના જીવનનું ઉચ્ચતમ મક઼સદ અને મુસલમાનની ઓળખ છે. આથી થોડો સુધારો કરી આ પ્રમાણે બોલવું જોઈએ કે "અલ્લાહ તઆલા જે ચાહશે તે જ થશે." અથવા "અલ્લાહ જે કરશે તે જ થશે."

## વાતચીતમાં કુફ્રી શબ્દોનો ઉપયોગ !

સામાન્ય લોકો વાતચીતમાં કુફ્રી શબ્દોનો ઉપયોગ કરીને ઈસ્લામથી બહાર થઈ જતા હોય છે અને અજ્ઞાનતાને લીધે ઈમાનથી હાથ ધોઈ બેસે છે, જેનો ખ્યાલ રાખવો બેહદ જરૂરી છે. કેમ કે દરેક ગુનાહની માફી છે પરંતુ જો કુફ્રી બોલીને ઈમાન ખોઈ નાખ્યું તો બખ્શિશ અને છૂટકારો અને જન્નતમાં જવાની કોઈ સૂરત નથી બલ્કે બધા દિવસો જહન્નમમાં રહીને બળવું જરૂરી છે.

હદીષ શરીફમાં છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું કે, "સાંજે માણસ મો'મિન હશે તો સવારે કાફિર અને સવારે મો'મિન હશે તો સાંજે કાફિર."

કુફ્રી શબ્દો કેટલા છે ? અને શું શું બોલવાથી કુફ્ર થઈ જાય છે તેની વિગત આપવી મુશ્કેલ છે પરંતુ અમે અમારા સામાન્ય લોકો માટે કેટલીક નસીહતો લખી આપીએ છીએ જેથી ઈન્શાઅલ્લાહ ! ઈમાન સલામત રહે.

**નસીહત નં. ૧** : તમે લોકો અદબવાળા થઈ જાવ. અલ્લાહ તઆલા તેના રસૂલ, ફરિશ્તાઓ, ખાનએ કા'બા, મસ્જિદો, કુર્આને

કરીમ, મઝહબી કિતાબો, બુઝુર્ગાને દીન, આલિમો, મા બાપ આ બધાની અદબ, ઈજ્જત અને મહોબ્બત દિલમાં બેસાડી લો. અદબવાળા ઈન્સાનનું દિલ સાચા ખોટાનો તફાવત પારખવાનું ત્રાજવું બની જાય છે જેથી કરીને ન તો તેના મોઢામાંથી કોઈ ખોટી વાત નીકળે છે અને અન્ય કોઈ ખોટું બોલે તો તેને પસંદ કરતો નથી. આથી જ "અદબવાળો અજ્ઞાન સારો છે, બેઅદબ જ્ઞાનીથી." ખુદા તઆલા ફર્માવે છે : وَمَنْ يُّعَظِّمْ شَعَآئِرَ اللّٰهِ فَاِنَّهَا مِنْ تَقْوَى الْقُلُوْبِ "જે અલ્લાહ તઆલાની નિશાનીઓની અદબ કરે, તો આ દિલોની પરહેઝગારી છે."

**નસીહત નં. ૨** : હસવું, મજાક કરવી, મશ્કરી કરવી, દિલ્લગી કરવી.... વગેરેની આદતો ન કેળવો અને ક્યારેક આવું થાય તો તેમાં દીની અને મઝહબી વાતોને ન લઈ આવો. ખુદા તઆલા, તેની ઝાત અને ખૂબીઓ, અંબિયાએ કિરામ, ફરિશ્તાઓ, જન્નત અને દોઝખ, અઝાબ અને સવાબ, નમાઝ અને રોઝા વગેરે શરઈ એહકામોની ચર્ચા મજાક, મશ્કરીમાં ક્યારેય ન કરવી. નહીંતર ઈમાન માટે ખતરો ઊભો થઈ શકે છે. અલ્લાહ તઆલાની નિશાનીઓની સાથે મજાક અને મશ્કરી કુફ્ર છે.

**નસીહત નં. ૩** : કેટલાક લોકો આ પ્રકારની વાતો બધાને ખુશ કરવા માટે બોલી નાખે છે, જેનું બોલવું અને રાજીખુશીથી સાંભળવું કુફ્ર છે. આવી વાતો કરવાવાળાઓથી દૂર રહેવું જરૂરી છે. દા.ત. બધા ધર્મો સમાન છે, માનવ સેવા એ જ ધર્મ છે, દેશ પહેલાં છે અને ધર્મ પછી છે, અમે પહેલાં ફલાણા દેશવાસીઓ છીએ અને પછી મુસલમાન છીએ, રામ રહીમ બંને એક છે, વેદ અને કુર્આનમાં કોઈ તફાવત નથી, મસ્જિદ અને મંદિર બંને ખુદાના ઘર છે અથવા બંને જ જગ્યાએ ખુદા મળે છે, નમાઝ પઢવી એ બેકાર માણસનું કામ છે, રોઝાઓ તે રાખે જેને ખાવાનું મળતુ નથી, નમાઝ પઢવું ન પઢવું બધું બરાબર છે, અમો એ ઘણી જ નમાઝો પઢી લીધી કાંઈ થતું નથી. આ બધા વાક્યો અને શબ્દો ચોખ્ખું કુફ્ર, ગૈર ઈસ્લામી કાફિરોની વાતો છે જેને બોલવાથી માણસ કાફિર અને ઈસ્લામની બહાર નીકળી જાય છે.

રાજકરણીઓ આ પ્રકારની વાતો બિન મુસ્લિમોને ખુશ કરવા અને તેઓના વોટ પ્રાપ્ત કરવા કહેતા હોય છે. જો કે એવું જોવા મળ્યું છે કે તેઓ આ પ્રકારની વાતોથી ખુશ પણ નથી થતા અને પોતાના જ ધર્મવાળાઓને જ ખાસ કરીને વોટ આપે છે. આ પ્રમાણે આ કહેવાતા નેતાઓને ન દુનિયા મળે છે અને ન દીન મળે છે અને જે ગૈર મુસ્લિમોના વોટ તેઓએ મેળવવાના છે તે વોટ તેઓ પોતાનો દીન અને ઈમાન બચાવીને પણ મેળવી શકે છે. તો પછી આ થોડા દિવસોની સત્તા, નોટ અને વોટને માટે શું તેઓએ પોતાનું ઈમાન વેચવું જોઈએ ?!

**નસીહત નં. ૪ :** મુસલમાનોમાં જે નવા નવા ફિર્કાઓ થયેલ છે તેનાથી દૂર રહેવું અત્યંત જરૂરી છે. આ ફિર્કાઓ ઈમાન અને અકીદા માટે સૌથી મોટા ખતરા છે. મઝહબે અહલે સુન્નતના બુઝુર્ગોના રસ્તે ચાલવું અને તેના પર કાયમ રહેવું એ ઈમાન અને અકીદાની હિફાઝત માટે અત્યંત જરૂરી છે. મઝહબે અહલે સુન્નતનો સાચો માર્ગ આ યુગમાં આ'લા હઝરત ઈમામ અહમદ રઝાખાં મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ એ બતાવેલ છે જેથી તેમની કેળવણી જ ફક્ત ઈસ્લામ છે.

## ફિલ્મી ગીતોમાં કુફ્રિયાત

આજકાલ ભારતમાં ફિલ્મી ચિત્રો અને ફિલ્મી ગીતોના માધ્યમ દ્વારા પણ મુસલમાનોને કાફિર બનાવવા અને તેમના ઈમાન અને અકીદાઓને નષ્ટ કરવાનું વ્યવસ્થિત ષડયંત્ર ચાલી રહ્યું છે. ફિલ્મોની મજા અને લિજ્જત અને ગીતોની દિલખુશ અદાઓને સહારે એવા એવા કડવા ઘૂંટ મુસ્લિમ વર્ગ અને તેમની ઔલાદના ગળે ઉતારવામાં આવી રહ્યા છે જેનાથી જે મુસ્લિમો દૂર ભાગતા હતા, આજે તે જ મુસલમાનો ખૂબ જ સહેલાઈથી અને સરળતાથી તેને અપનાવી રહ્યા છે. સાચી અને સ્પષ્ટ વાત તો એ છે કે આજકાલ ફિલ્મો, ટેલિવિઝનો અને અન્ય મિડિયાઓ મારફત કાફિર પોતાના ધર્મોનું પ્રચાર કરી રહ્યા છે. નીચે અમોએ કેટલાક ફિલ્મી ગીતોના થોડા શેઅર (પંક્તિઓ) ઉદાહરણરૂપે આપેલ છે જેનું કુફ્ર હોવું એટલું સ્પષ્ટ છે કે તેના માટે કોઈ આલિમ અથવા મૌલાના સાહબને પૂછવાની જરૂરત રહેતી નથી બલ્કે દરેક વ્યક્તિ સમજી શકે છે

કે આ સ્પષ્ટ રીતે કુફ્રી બકવાસ છે.

- **ખુદા ભી આસ્માં સે જબ ઝમીન પર દેખતા હોગા**
  **મેરે મહબૂબ કો કિસને બનાયા સોચતા હોગા**
- **અબ આગે જો ભી હો અંજામ દેખા જાએગા**
  **ખુદા તરાશ લિયા ઔર બંદગી કરલી**
- **રબને મુઝ પર સિતમ કયા કિયા હૈ**
  **સારે જહાં કા ગમ મુઝે દે દિયા હૈ**

આ ગીતો ઉપર વિચાર કરો અને જુઓ કે અલ્લાહ તબારક વ તઆલાના બારામાં એવો અક઼ીદો રાખવો કે, ''તે આસ્માનથી જયારે જોતો હશે.'' જયારે કે મુસલમાનોનો એ અક઼ીદો છે કે, ''અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત દરેક વસ્તુને હમેશાંથી જુએ છે અને હમેશાંથી જોશે.'' ખુદાએ તઆલાની બાબત આવો બકવાસ કે, ''મારા મહબૂબ (પ્રિયજન)ને બનાવનારના બારામાં તે વિચારતો હશે.'' જો કે દરેક વસ્તુને બનાવનાર (પેદા કરનાર) ખુદાએ તઆલા જ છે અને તે પરવરદિગારની બાબત આ બકવાસ કરવો કે, ''તે વિચારતો હશે'' જો કે તેનું ઈલ્મ વિચારવાથી પાક છે. આ બધું સ્પષ્ટ રીતે ''કુફ્રી બકવાસ'' છે.

એ જ પ્રમાણે બીજા ગીતના શેરમાં ''ખુદા તરાશ લિયા ઔર બંદગી કર લી'' અર્થાત ''ખુદાને પથ્થરમાંથી કોતરીને બનાવી લીધો અને તેની ઈબાદત કરી લીધી.'' કેટલો મહાન કુફ્ર છે, ઈસ્લામની મજાક અને કુર્આને કરીમથી મશ્કરી કરવામાં આવેલ છે, જેના સ્પષ્ટ કુફ્ર હોવામાં અજ્ઞાન મુસલમાનને પણ શંકા રહેતી નથી.

ત્રીજા ગીતના શેરમાં સૃષ્ટિના સર્જનહારને જાલિમ બતાવવામાં આવેલ છે. આ પ્રમાણે તેનાથી (સર્જનહારને) ફરિયાદ કરવી અને તેની નાશુક્રી કરવી કે તેણે સમગ્ર વિશ્વનું દુઃખ મને આપી દીધું છે. આ બધા જ તે કુફ્રિયાત છે જે કેટલાય મુસલમાનોથી કહેવડાવીને અને ગીતો વડે બોલાવડાવીને તેના માધ્યમથી તેમના ઈમાનને બગાડી નાખેલ છે અને ઈસ્લામી હદથી તેઓને બહાર કાઢી નાખેલ છે. *(એ જ પ્રમાણે વર્તમાન ફિલ્મી ગીતોમાં પોતાની પ્રેયસીને ક્યાંક ખુદા કહે છે તથા તારી પૂજા કરું*

*કહે છે..... વગેરે જે પણ આ અર્થનાં ગીતો કે ડાયલોગ હોય તો સર્વ કુફ્ર છે એને સાંભળી ખુશ થનારા, એને ગણગણનારાં માટે પણ તૌબા કરવાનો, કલ્મો પઢવાનો અને પત્નીવાળા માટે ફરી નિકાહ દોહરાવવાનો હુકમ છે. –તંત્રી)*

## ઈમાન અને અક઼ીદા કરતાં અમલને વધુ મહત્વ આપવું

આપણામાંના લગભગ સામાન્ય લોકો અન્ય લોકોની ઉપર છલ્લી નેકી અને કોઈ સારું કાર્ય જોઈને તેમની પ્રશંસા કરવા લાગે છે અને એવા લોકોથી પ્રભાવિત થવા લાગે છે જ્યારે કે ઈસ્લામિક દષ્ટિકોણથી કોઈપણ નેકી ત્યાં સુધી કામ આપતી નથી જ્યાં સુધી કે તેનું ઈમાન અને અક઼ીદો બરાબર ન હોય.

રસૂલુલ્લાહ ﷺએ જ્યારે નબુવ્વતનું એલાન કર્યું હતું ત્યારે સૌ પ્રથમ નમાઝ અને રોઝા, ઝકાત અને હજ્જના એહકામ અને અમલનો હુકમ ન હોતો આપ્યો પરંતુ આ પ્રમાણે ફર્માવ્યું હતું કે, "અલ્લાહને એક માનો, બૂતોની પૂજા પાઠ છોડો અને મને અલ્લાહનો રસૂલ માનો." આજે પણ જ્યારે કોઈ કાફિરને મુસલમાન કરવામાં આવે છે ત્યારે સૌ પ્રથમ તેને નમાઝ, રોઝા અદા કરવાનો, સારું કાર્ય કરવાનો અને ખરાબ કાર્યો છોડી દેવાનો હુકમ આપવામાં આવતો નથી પરંતુ સૌ પ્રથમ તેને કલ્મો પઢાવીને મુસલમાન કરવામાં આવે છે અને ત્યાર બાદ તેને સારાં કાર્યો, ખરાબ કાર્યો અને ઈસ્લામના હુકમોથી તેને વાકેફ કરવામાં આવે છે.

હદીષ શરીફમાં છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જો કોઈ વ્યક્તિ ઓહદ પહાડની બરાબર સોનું અલ્લાહની રાહમાં ખર્ચ કરે તો પણ ખુદાએ તઆલા તેને ક઼બૂલ ફર્માવતો નથી જ્યાં સુધી કે તક઼દીર (નસીબ) પર ઈમાન ન લાવે. *(મિશ્કાત શરીફ, પેજ : ૨૩)*

આ હદીષથી સંપૂર્ણપણે સ્પષ્ટ થઈ ગયું કે જો કોઈ ઈસ્લામના જરૂરી અક઼ીદાઓ ધરાવતો નથી તેની કોઈપણ નેકી, નેકી જ નથી.

કુર્આને કરીમમાં પણ ખુદા તઆલાનો હુકમ છે કે, "આ કુર્આન હિદાયત છે મુત્તકીઓ (પરહેઝગારો) માટે જેઓ જોયા વગર ઈમાન

લાવ્યા છે અને નમાઝ પઢે છે અને અમારી આપેલી દૌલતમાંથી (અમારા રસ્તે) ખર્ચ કરે છે." *(પારો : ૧, રુકૂઅ : ૧)*

આ આયતે કરીમામાં પણ અલ્લાહ તઆલાએ નમાઝ અને ખુદાની રાહમાં ખર્ચ કરવાથી પહેલાં ઈમાનનું ઝિક્ર ફર્માવેલ છે.

ખુલાસો એ જ છે કે જે વ્યક્તિનું ઈમાન અને અક઼ીદો દુરુસ્ત ન હોય અથવા એવી વ્યક્તિ ઈસ્લામમાં ન હોય એવા વિચારો અને અક઼ીદાઓ ધરાવતી હોય તો તેવી વ્યક્તિના પ્રભાવ હેઠળ ક્યારેય ન આવવું જોઈએ અને તેવી વ્યક્તિની પ્રશંસા ન કરવી જોઈએ ભલે ને આવી વ્યક્તિનાં ગમે તેટલાં સારા કાર્યો હોય.

કુર્આને કરીમમાં ઈસ્લામમાં ન હોય એવા અક઼ીદાઓ (વિચારો) ધરાવતી વ્યક્તિની નેકીઓને અને તેનાં કાર્યોને બેકાર અને ફાયદા વગરના બતાવવામાં આવેલ છે અને તેની સરખામણી તેવી ધૂળ સાથે કરવામાં આવેલ છે જે કોઈ પથ્થર ઉપર લાગેલી હોય છે પછી તેના ઉપર વરસાદ પડતાં તે ધોવાઈ જાય છે અને તેનું નામોનિશાન બાકી રહેતું નથી. *(જેથી જ અલ્લાહ વ રસૂલના ગુસ્તાખો વહાબી દેવબંદી, ગૈરમુક઼લ્લિદ, મૌદૂદી, ક઼ાદયાની તેમજ શીઆ, રાફઝી વગેરે બદ્અક઼ીદાઓના અમલો ગમે તેવા હશે, જ્યાં સુધી તેમની બદ્અક઼ીદગીથી તૌબા કર્યા વિના અમલો કર્યા કરશે તો તે નિરર્થક છે, તેમના માટે જહન્નમ નિશ્ચિત છે. તેમના અમલોથી અજ્ઞાન જ અંજાશે. –તંત્રી)*

## સંડાસ (લેટ્રીન)માં કા'બા શરીફની તરફ મોઢું અથવા પીઠ કરીને બેસવું

હદીષ શરીફમાં છે કે અલ્લાહ તબારક વ તઆલાના રસૂલ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "જ્યારે તમારામાંથી કોઈ પેશાબ અથવા સંડાસ કરે ત્યારે ન તો કા'બા શરીફની તરફ મોઢું કરે અને ન તો પીઠ કરે." *(મિશ્કાત શરીફ, પેજ : ૪૨)*

આ હદીષ શરીફની વિરુદ્ધ સામાન્ય લોકોની તો વાત જ શું કરવી, ખાસ જાણકાર લોકો પણ આ વાતનો ખ્યાલ રાખતા નથી અને સંડાસ

અથવા પેશાબ કરતી વખતે સામાન્યપણે કા'બા શરીફની તરફ મોઢું અથવા પીઠ કરીને બેસી જાય છે. ઘરોમાં સંડાસ બનાવતી વખતે મુસલમાનોએ ખાસ આ વાતનો ખ્યાલ રાખવો જોઈએ કે સંડાસની બેઠક એ પ્રમાણે લગાડવી જોઈએ કે બેસનારનું મોઢું અથવા પીઠ કા'બા શરીફની તરફ ન થાય. ભારતમાં સંડાસની બેઠક ઉતર–દક્ષિણ રાખવી જોઈએ, પૂર્વ–પશ્ચિમ તરફ ન હોવી જોઈએ. જો કોઈના ઘરે ભૂલથી પણ સંડાસની બેઠક પૂર્વ–પશ્ચિમમાં લાગેલી હોય તો થોડા રૂપિયા ખર્ચ થવાની ફિકર ન કરતાં તરત જ તેને તોડાવીને ઉતર–દક્ષિણ તરફ કરાવી લ્યે. શક્ય છે કે અલ્લાહ તબારક વ તઆલાને તેની આ અદા પસંદ આવી જાય અને તેની બખ્શિશ થઈ જાય. હક઼ીક઼તમાં અદબ ખૂબ જ જરૂરી છે, બેઅદબીથી નફરત આવી જાય છે, તબાહી ઈન્સાનને ઘેરી વળે છે જ્યારે અદબથી ખૈરિયત અને બરકત આવે છે, રહમત વરસે છે, જિંદગી શાંતિમય અને સુખરૂપ નીવડે છે.

## નમાઝે જનાઝાના વુઝૂથી જ અન્ય નમાઝ પઢવાનો હુકમ

ઘણી જગ્યાઓએ લોકો એવું વિચારે છે કે જે વુઝૂથી જનાઝાની નમાઝ પઢી હોય તે વુઝૂથી બીજી નમાઝો પઢી શકાતી નથી. જો કે આ વિચાર સદંતર ખોટો અને આધાર વગરનો છે. બલ્કે આ જ વુઝૂથી ફર્ઝ નમાઝ હોય અથવા સુન્નત અને નફ્લ દરેક નમાઝ પઢી શકાય છે.

## મૈયતને ગુસ્લ આપ્યા પછી ગુસ્લ કરવાનો મસ્અલો

મૈયતને ગુસ્લ આપ્યા પછી ગુસ્લ કરવું બેહતર અને મુસ્તહબ છે પરંતુ જરૂરી નથી કે મૈયતને ગુસ્લ આપનાર ગુસ્લ આપ્યા પછી પોતે ગુસ્લ કરે જ. આ વાતને જરૂરી માનવું ખોટુ છે.

## શું સતર ખુલી જવાથી વુઝૂ તૂટી જાય છે ?

સામાન્ય લોકોમાં પ્રચલિત છે કે ઘૂંટણ અથવા સતર પોતાનું અથવા અન્ય કોઈનું જોવાથી વુઝૂ તૂટી જાય છે, આ વાત પાયા વગરની છે. ઘૂંટણ અથવા જાંઘ ખૂલી જવાથી વુઝૂ તૂટતો નથી. અલબત્ત જરૂરત વગર સતર

ખુલ્લું રાખવું મના છે અને બીજાની સામે સતર ખોલવું હરામ છે. *(બહારે શરીઅત, ભાગ : ૨, પેજ : ૨૮)*

## લોટો અથવા ગ્લાસને પાંચ આંગળીઓ વડે પકડવાનો મસ્અલો

પાણીથી ભરેલ લોટો અથવા વાસણ અથવા ગ્લાસને પાંચ આંગળીઓથી પકડવાને ખરાબ માનવામાં આવે છે અને તેને મકરૂહ સમજવામાં આવે છે. જો કે આ ફક્ત અજ્ઞાનતા છે. પાંચ આંગળીઓથી લોટાને પકડી લેવામાં આવે તો તેનાથી પાણીમાં કોઈ ખરાબી આવશે નહીં.

## દૂધ પીતા બાળકનું પેશાબ પાક છે કે નાપાક ?

કેટલાક લોકો સમજે છે કે દૂધ પીતા બાળકનું પેશાબ પાક છે, જો કે ઈન્સાનનું પેશાબ (મૂત્ર) નાપાક જ છે પછી ભલે તે દૂધ પીતા બાળકનું પેશાબ હોય કે મોટા માણસનું હોય. *(ફતાવાએ રઝવિય્યહ્, ભાગ : ૨, પેજ : ૧૪૬)*

## હલાલ જાનવરના પેશાબના છાંટાઓનો હુકમ

કેટલાય લોકો હલાલ જાનવરોના પેશાબના છાંટાઓ જો બદન (શરીર) અથવા કપડાં ઉપર લાગી જાય, તો તેને નાપાક સમજે છે ત્યાં સુધી કે આ લાગેલા છાંટાઓ ધોવાનો અથવા કપડાં બદલવાનો મોકો ન મળે તો નમાઝ પણ છોડી દે છે.

આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે : "ગાય, ભેંસ, બળદનું છાણ અને પેશાબ "નજાસતે ખફીફા" છે. જ્યાં સુધી કપડાનો ચોથો ભાગ ભરાઈ ન જાય અથવા અલગ અલગ જગ્યાએ પડેલાં (છાંટાઓ અથવા છાણ)ને ભેગા કરવામાં આવે તો કપડાંના ચોથા ભાગની માત્રા જેટલો ન થઈ જાય ત્યાં સુધી તે કપડાને નાપાકનો હુકમ આપવામાં આવશે નહીં અને આવા કપડાંથી નમાઝ પઢવી જાઈઝ છે અને ધારો કે વધારે પણ ધબ્બા અથવા છાંટા લાગી ગયા હોય અને ધોવામાં ખરેખર મજબૂરી એટલે કે (હર્ઝે શદીદ) વધારે તકલીફ હોય તો નમાઝ જાઈઝ છે. *(ફતાવાએ રઝવિય્યહ્, ભાગ : ૨, પેજ : ૧૬૧)*

હદીષ શરીફમાં છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, "જેનું ગોશ્ત ખાવામાં આવે છે તેના પેશાબમાં વધારે વાંધો નથી એટલે કે તેમનો પેશાબ વધુ પડતો નાપાક નથી." *(મિશ્કાત, બાબે અલ તત્હરી, અલ નજાસાત, પેજ : ૫૩)*

ખુલાસો એ જ કે હલાલ જાનવર દા.ત. ગાય, ભેંસ, બળદ, બકરીનો પેશાબ નજાસતે ખફીફા છે. કપડાં અથવા શરીરના કોઈ ભાગનો ચોથો ભાગ તેનાથી ભરાઈ ન જાય ત્યાં સુધી નમાઝ પઢી શકાય છે, અને તે છાંટાઓ જે સામાન્ય રીતે ખેડૂતોનાં કપડાં ઉપર અને શરીર ઉપર પડેલાં હોય છે જેનાથી બચવું સમાન્યતઃ મુશ્કેલ છે તેનાથી તો વગર કરાહતે નમાઝ જાઈઝ છે. અને નમાઝ છોડવાનો હુકમ તો કોઈ હાલતમાં નથી ભલે પછી મજબૂરીની હાલતમાં નાપાકી કેવી હોય અને કેટલી હોય અને તેને ધોવા અને બદલવાના કોઈપણ સંજાગો ન હોય તો એમ જ (એ જ હાલતમાં, સ્થિતિમાં) નમાઝ પઢી લેવી પડશે. કપડાં ન હોય તો નગ્ન શરીરે નમાઝ પઢી લેવી જોઈએ. આ જે અજ્ઞાન (જાહિલ) વ્યક્તિઓ નાની વાતોમાં કહી દે છે કે આવી નમાઝ પઢવા કરતાં તો ન પઢવી સારી! એ તેઓની અજ્ઞાનતા અને ગુમરાહી છે. સાચી વાત તો એ છે કે મજબૂરીની હાલતમાં નમાઝ છોડવા કરતાં દરેક પ્રકારે નમાઝ પઢી લેવી સારી છે.

## પક્ષીઓની ચરકનો મસ્અલો

જે પક્ષીઓ ઊંચે ઉડતાં નથી પરંતુ જમીન ઉપર રહે છે જેમ કે મરઘી અને બટક તેઓની બીટ (ચરક) એટલે કે પાયખાનું મનુષ્યના પાયખાના અને પેશાબની જેમ જ "નજાસતે ગલીઝા" છે. અને જે પક્ષીઓ ઊંચે ઉડે છે અને તે પક્ષીઓમાંથી જે હલાલ પક્ષીઓ છે તેઓની ચરક પાક છે. દા.ત. કબૂતર, મેના, ઘરની ચકલીઓ વગેરે. અને જે પક્ષીઓ હરામ છે જેમ કે કાગડો, સમડી, શકરો, બાજ વગેરેની ચરક નજાસતે ખફીફા છે. તેમનો તે જ હુકમ છે જે હલાલ જાનવરોના પેશાબનો હુકમ છે.

## હૈઝ અને નિફાસવાળી સ્ત્રીને અપશુકનિયાળ સમજવું જોઈએ ?

સુવાવડ અને માસિકવાળી સ્ત્રીઓની સાથે ખાવા, પીવામાં અને તેઓનું એઠુ ખાવામાં કોઈ પ્રકારનો વાંધો નથી. ભારતમાં અમુક સ્થળોએ આવી સ્ત્રીઓનાં જમવાના વાસણ અલગ કરી દેવામાં આવે છે અને તેઓની સાથે ખાવા પીવાને ખરાબ સમજવામાં આવે છે અથવા તેમના વાસણોને નાપાક સમજવામાં આવે છે, જે હિંદુઓનાં રીતરિવાજ છે. આવા પાયા વગરના રીતરિવાજોથી બચવું જરૂરી છે. "અલ્બત્ત આવી હાલતમાં પતિએ પોતાની પત્ની સાથે સંભોગ કરવું હરામ છે."

## નિફાસની મુદ્દત

લગભગ સ્ત્રીઓમાં આ રિવાજ છે કે બચ્ચાના જન્મ પછી જ્યાં સુધી ચિલ્લો પૂરો ન થઈ જાય (૪૦ દિવસ પૂરા ન થઈ જાય) ભલે પછી ખૂન આવવાનું બંધ થઈ ગયું હોય, ન નમાઝ પઢે છે, ન રોઝા રાખે છે અને ન તો પોતાને નમાઝ પઢવાને લાયક સમજે છે. આ પ્રમાણે માનવું એ નરી અજ્ઞાનતા છે. જ્યારે નિફાસનું લોહી આવવાનું બંધ થઈ જાય તે સમયથી જ ગુસ્લ કરીને નમાઝ પઢવાનું શરૂ કરી દેવું જોઈએ અને જો ગુસ્લ કરવાથી કદાચ નુકસાન થઈ જવાનો સંભવ હોય તો તયમ્મુમ કરીને નમાઝ પઢવી જોઈએ. એટલે કે નિફાસની મુદ્દત ૪૦ દિવસ જરૂરી છે એ પ્રમાણે માનવું એ નરી અજ્ઞાનતા અને ગેર સમજ છે. જ્યાં સુધી લોહી આવે ત્યાં સુધી સ્ત્રી નિફાસમાં છે એમ માનવામાં આવશે. પરંતુ જો ૪૦ દિવસ પછી પણ લોહી આવવાનું બંધ ન થાય તો ૪૦ દિવસ પછી ગુસ્લ કરીને નમાઝ પઢવી જોઈએ અને જે દિવસોમાં તેના ઉપર નમાઝ, રોઝા ફર્ઝ છે તે દિવસોમાં પતિ પત્નીનું સંભોગ કરવું પણ જાઈઝ છે.

## શું બાળકને દૂધ પીવડાવવાથી માતાનું વુઝૂ તૂટી જાય છે ?

અમુક સ્થળોએ અજ્ઞાન લોકોમાં આ વાત પ્રચલિત છે કે, "સ્ત્રી જો બાળકને દૂધ પીવડાવે અને વુઝૂ સાથે હોય તો તેનો વુઝૂ તૂટી જાય છે."

આ તદ્દન ખોટી વાત છે. બાળકને દૂધ પીવડાવવાથી બિલ્કુલ વુઝૂ તૂટી જતુ નથી અને દૂધ પીવડાવ્યા પછી ફરીથી વુઝૂ કર્યા વગર તેણી નમાઝ પઢી શકે છે.

## દરેક નાપાકીને લીધે ગુસ્લ કરવું જરૂરી નથી

લગભગ એવું જોવા મળ્યું છે કે લોકોને પૂછવામાં આવે કે, "તમે નમાઝ કેમ નથી પઢી ?!" તો તેઓ જવાબમાં જણાવે છે કે અમે નાહયા નથી અને હકીકત એ હોય છે કે તેઓએ યા તો પેશાબ કર્યા પછી ઢેલો અથવા પાણીથી ઈસ્તિન્જા અને કપડાં ઉપર ક્યાંક કોઈ જગ્યાએ નાપાકીરૂપે પેશાબ અથવા છાણ અથવા કીચડ વગેરેની ગંદકી લાગેલી હોય છે અને તેઓ એવો વિચાર કરે છે કે આ પરિસ્થિતિમાં ગુસ્લ કરવું અને પાક થવું જરૂરી છે અને ફોગટમાં નમાઝ છોડીને મોટા ગુનેહગાર બને છે. હકીકતમાં આ બધી પરિસ્થિતિઓમાં નાહવાની જરૂરત રહેતી નથી પરંતુ કપડાં અને શરીરના જે ભાગ ઉપર ગંદકી લાગેલી હોય એને ધોવું અથવા અન્ય કોઈ રીતે આ નાપાકીને દૂર કરી દેવું કાફી છે. અથવા જે કપડાં ઉપર નાપાકી લાગેલી છે તે કપડાંને બદલી નાખવામાં આવે. આ પણ એ પરિસ્થિતિમાં કરવામાં આવે કે જ્યારે નાપાકી દૂર કરવામાં અથવા તેને ધોવા માટે શક્તિ ધરાવતો હોય. નહીંતર એમ જ આવા નાપાક કપડાંથી નમાઝ પઢવામાં આવે, અને જો ૩/૪ કરતાં વધારે પ્રમાણમાં કપડું નાપાક હોય તો ઉઘાડા શરીરે નમાઝ પઢે અને જો ૧/૪ કપડું પાક છે અને બાકીનો નાપાક છે (૩/૪) તો વાજિબ છે કે તે જ કપડાંથી નમાઝ પઢે. *(બહારે શરીઅત, ભાગ : ૩, પેજ : ૪૬)*

પરંતુ આ બધું ત્યારે જ છે જ્યારે નાપાકીને દૂર કરવા અથવા ધોવાને માટે કોઈ પરિસ્થિતિ જ ન હોય અને શરીરને છુપાવવા માટે અન્ય કોઈ પાક કપડું જ ન હોય.

આ મસ્અલાઓની વધુ વિગત જાણવા માટે કાનૂને શરીઅત, નિઝામે શરીઅત વગેરેનું વાંચન કરવું જોઈએ.

ટૂંકમાં ખુલાસો એ કે નમાઝ કોઈપણ પરિસ્થિતિમાં છોડવાની

પરવાનગી નથી અને દરેક નાપાકી ઉપર ગુસ્લ કરવું ફર્ઝ નથી. ગુસ્લ ફર્ઝ થવા માટે અમુક ખાસ પરિસ્થિતિઓ છે, જેમ કે પતિ તેની પત્ની સાથે સંભોગ કરે, બંનેમાંથી કોઈનું પણ વિર્ય નીકળવું અથવા જોશ અને ઝટકાથી વિર્યનું બહાર નીકળવું, સ્ત્રીઓને હેઝ અને નિફાસ આવવું વગેરેની વિગતે જાણકારી માટે ફિક્હની કિતાબનું વાંચન કરવું જોઈએ.

## ઊંઘથી વુઝૂ ક્યારે તૂટે છે ?

લગભગ એવું જોવા મળેલ છે કે મસ્જિદમાં લોકો નમાઝના ઈન્તેઝારમાં બેઠા હોય છે અને તેમને ઊંઘનું ઝોકું આવી ગયું અથવા ઊંઘવા લાગ્યા તો તેઓ એમ સમજે છે કે અમારું વુઝૂ તૂટી ગયું, આથી તેઓ પોતે અથવા બીજાના ટોકવાથી વુઝૂ કરી લ્યે છે. આ ગલત (ખોટુ) છે.

મસ્અલો આ પ્રમાણે છે :–

"ઊંઘવાથી અથવા બેઠા બેઠા ઝોકાં ખાવાથી વુઝૂ જતુ નથી (તૂટતુ નથી)." *(બહારે શરીઅત, ભાગ–૨, પેજ : ૨૭)*

તિર્મિઝી અને અબૂ દાઊદની હદીષમાં છે કે રસૂલુલ્લાહ ﷺના સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰهِ تَعَالٰی عَلَیْهِمْ اَجْمَعِیْن મસ્જિદ શરીફમાં ઈશાની નમાઝની રાહમાં બેઠા બેઠા સૂવા લાગતા હતા, ત્યાં સુધી કે તેમનાં માથાંઓ ઊંઘના કારણે ઝુકી જતાં હતાં, પછી તેઓ વુઝૂ કર્યા વગર નમાઝ પઢી લેતા હતા. *(મિશ્કાત, બાબો મા યુજિબુલ્ વુઝૂ)*

જ્યારે આ બે શર્તો જોવા મળે ત્યારે ઊંઘથી વુઝૂ તૂટી જાય છે :–

**૦૧.** બંને સીટ (થાપાં) તે સમયે બરાબર જામેલા ન હોય.

**૦૨.** સૂવાની હાલત ગાફિલ થઈને સૂવાથી આડરૂપ ન હોય.

*–(ફતાવા રઝવિય્યહ્, ભાગ : ૧, પેજ : ૭૧)*

*(સ્પષ્ટીકરણ : સૂવાની હાલત એવી ન હોય જેમાં વ્યક્તિ ગાફિલ થઈને સૂઈ જાય.)*

- ❑ ચત્તા સૂવાથી, ઊંધા સૂવાથી અથવા કરવટ બાજુ લાંબા થઈને સૂવાથી વુઝૂ તૂટી જાય છે.
- ❑ ઉભડક બેઠો હોય અને ટેકો લઈને સૂઈ જાય, તો પણ વુઝૂ તૂટી જશે.

- પગ લાંબા કરીને બેઠા બેઠા સૂઈ જવાથી વુઝૂ તૂટતો નથી પછી ભલે ટેકો લીધો હોય.
- ઊભા ઊભા અથવા ચાલતા ચાલતા અથવા નમાઝની હાલતમાં કયામમાં, રુકૂઅમાં, બે ઘૂંટણો ઉપર સીધા બેસવાની હાલતમાં અથવા પુરૂષો માટે સુન્નત તરીકા પ્રમાણેના સજદામાં સૂઈ ગયો તો વુઝૂ જશે નહીં (તૂટશે નહીં). પરંતુ જો નમાઝમાં નિંદાના કારણે જમીન પર પડી ગયો અને તરત જ આંખ ખુલી ગઈ તો ઠીક નહીંતર વુઝૂ જતો નથી (તૂટતો નથી).

## શું પત્ની સાથે હમબિસ્તરી (સંભોગ) કરવાથી આખુ કપડું અથવા બધાં કપડાં નાપાક થઈ જાય છે ?

ઘણા લોકો એમ સમજે છે કે પતિ પત્નીના હમબિસ્તર (સંભોગ)થી તેના બધા કપડાં અથવા સમગ્ર કપડુ નાપાક થઈ જાય છે, એ ગલત છે. બલ્કે જે કપડાના જે ભાગ ઉપર નાપાકી (વિર્ય) લાગેલી હોય ફક્ત તેટલો જ ભાગ નાપાક છે, બાકીનું કપડું પાક છે. આથી આવા કપડાના નાપાક ભાગને ત્રણ વખત ધોઈ નાખવામાં આવે અને દરેક વખતે ધોયા પછી ખૂબ જ નીચોવી નાખવામાં આવે તો પછી એ જ કપડાથી નમાઝ પઢી શકાય છે, અને જે ભાગ પર નાપાકી (દા.ત. પુરૂષ અથવા સ્ત્રીનું વિર્ય) લાગેલી ન હોય તે ભાગ ધોયા વગર જ પાક છે.

## કૂતરાનું શરીર અથવા કપડાંને સ્પર્શવાનો મસ્અલો

કેટલાક લોકો સમજે છે કે કૂતરાનું શરીર જો ઈન્સાનના શરીર અથવા કપડાંને સ્પર્શી જાય (લાગી જાય) તો તે નાપાક થઈ જાય છે. આ તેમની ગલત ફહમી છે. કૂતરાનો ફક્ત સ્પર્શ નાપાકી નથી લાવતો, હા ! જો કૂતરાના શરીર ઉપર કોઈ નાપાકી લાગેલી હોય અને તમે જાણો છો કે તે નાપાક વસ્તુ છે અને તે તેના શરીર પરથી તમારા શરીર પર લાગી ગઈ તો જે જગ્યાએ લાગી છે તે જગ્યા નાપાક છે. આ જ પ્રમાણે "કૂતરાનો પસીનો અને કૂતરાની લાળ (થૂક) નાપાક છે આથી તે જ્યાં પણ લાગશે તેને નાપાક કરી દેશે." અને જો આવો કોઈ સંજોગ ન હોય તો ફક્ત સ્પર્શ

થઈ જવું કે શરીરને લાગી જવું એ નાપાકી માટે પૂરતુ નથી.

જો કે કૂતરાને પાળવું ઈસ્લામમાં મના છે, હા ! જો શિકાર અને રક્ષણ માટે ખરેખર જરૂરત હોય તો ઈજાઝત છે, શોખ અને ખાસ જરૂરત ન હોય તો ઈજાઝત નથી. *(વિગત માટે જુઓ ફતાવા રઝવિય્યહ્, ભાગ : ૧૦, પેટા વિભાગ : ૧, પેજ : ૧૯૬)*

## શું ઢેફા (ઠીકરું, પથ્થર)થી તહારત (ઈસ્તિન્જા) કર્યા પછી પાણીથી ધોવું જરૂરી છે ?

કેટલાક લોકો સમજે છે કે ઢેફાથીઈ ઈસ્તિન્જા (તહારત) કર્યા પછી જો પાણીથી તહારત ન કર્યું અને અને ત્યાર બાદ વુઝૂ કરીને નમાઝ પઢી લીધી તો નમાઝ થશે નહીં. જો કે "ઢેફાથી તહારત કર્યા પછી પાણીથી ધોવું જરૂરી નથી." હા બંને કરવું અફઝલ છે. જો ફક્ત ઢેફાથી તહારત કરી લ્યે તો પૂરતું છે અને ફક્ત પાણીથી કરી લ્યે તો પણ પૂરતું છે અને બંનેથી તહારત કરવું બેહતર અને અફઝલ છે. અને આ હુકમ પાખાના (સંડાસ) અને પેશાબ બંને સંજોગ માટે છે.

હદીષમાં છે કે એક વખતે રસૂલુલ્લાહ ﷺએ પેશાબ ફર્માવ્યો (કર્યો). હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ એક વાસણમાં પાણી લઈને પાછળ ઊભા રહી ગયા. હુઝૂર ﷺએ પૂછયું, "આ શું છે ?" અર્ઝ કરી, તહારત માટે પાણી છે. હુઝૂર ﷺએ ફર્માવ્યું, "મારા પર આ વાજિબ કરવામાં આવ્યું નથી કે દરેક વખતે પેશાબ કર્યા પછી પાણીથી તહારત હાંસલ કરું." *(મિશ્કાત, પેજ : ૪૪, સુનને અબૂ દાઊદ, ભાગ : ૧, પેજ : ૭)*

ખુલાસો એ કે પાખાના (સંડાસ) અથવા પેશાબ કર્યા પછી ફક્ત મિટ્ટીના ઢેફાથી અથવા પથ્થર વગેરે કોઈપણ નજાસત (નાપાકી)ને શોષી લેવાવાળી અથવા ખુશ્ક (સૂકી) કરી દેવાવાળી વસ્તુથી તહારત કરી લેવું એ તહારત (પાકી) માટે પૂરતુ છે, પાણીથી ધોવું જરૂરી નથી. હા ! અફઝલ અને બેહતર છે. અથવા જો નાપાકી તહારતની વસ્તુ વડે એક રૂપિયા જેટલી શરીર પર ફેલાઈ જાય, તો પાણીથી ધોવું જરૂરી છે. *(આ મસ્અલાની વિગતપૂર્ણ જાણકારી માટે જુઓ : ફતાવા રઝવિય્યહ્, ભાગ : ૨, પેજ : ૧૬૫)*

**નોંધ** : જે લોકો મુસાફરીમાં રહે છે તેઓ પોતાની સાથે આ હેતુ (તહારત) માટે કોઈ જુનું કપડું હમેશાં સાથે રાખે. આ વસ્તુ પાણી ન મળવાના સંજોગોમાં તહારત માટે ખૂબ જ કામમાં આવે છે.

## નમાઝમાં જમણા પગના અંગૂઠાના ખસી જવાનો મસ્અલો

ખાસ કરીને ગામડાઓમાં આ બાબતને ઘણી જ ખરાબ માનવામાં આવે છે, ત્યાં સુધી કે નમાઝમાં જો જમણા પગનો અંગૂઠો જરા પણ ખસી જાય તો નમાઝ થતી નથી તેનો હુકમ લગાડી દેવામાં આવે છે !

કેટલાક લોકોને આ અંગૂઠાને નમાઝનો ખીલો અથવા ખૂંટો કહેતા પણ સાંભળવામાં આવેલ છે ! આ બધી જ અજ્ઞાનતાભરી વાતો છે, "કોઈપણ પગના અંગૂઠાના ખસી જવાથી નમાઝમાં કોઈપણ પ્રકારની ખરાબી આવતી નથી." હા, જરૂરત વગર નમાઝમાં જાણીબુઝીને કોઈપણ હરકત કરવી પછી તે શરીરના કોઈપણ ભાગ વડે હોય અબષ (ફુઝૂલ, નિરર્થક) અને મકરૂહ છે.

હઝરત અલ્લામા મુફતી જલાલુદ્દીન رحمۃ اللہ علیہ ફર્માવે છે કે : જમણા પગનો અંગૂઠો પોતાની જગ્યાએથી ખસી ગયો તો જરા પણ વાંધો નથી. હા, મુક્તદીનો અંગૂઠો ડાબી અથવા જમણી બાજુ અથવા આગળ કે પાછળની બાજુએ એટલો હટી જાય કે જેનાથી સફમાં જગ્યા વધી જાય અથવા સીનો (છાતી) સફની બહાર નીકળી જાય તો મકરૂહ છે. *(ફતાવાએ ફયઝુર્રસૂલ, ભાગ : ૧, પેજ : ૩૭૦)*

ખુલાસો એ જ કે લોકોમાં જે મશહૂર છે કે નમાઝમાં જમણા પગનો અંગૂઠો જો પોતાની જગ્યાએથી જરા પણ ખસી જાય તો નમાઝ થતી નથી એ તેઓની અજ્ઞાનતાના અને "ગલત ફહમી" છે.

## સજદામાં પગની આંગળીઓના પેટનું જમીન પર ન લાગવું

આ મસ્અલાથી ઘણા લોકો બેખબર (ગાફિલ) છે, અને પગની આંગળીઓના ફક્ત ઉપરના ભાગને (ટોચને) જમીનથી લાગી જવાને સજદો સમજી લે છે, અને કેટલાક લોકોના તો ફક્ત અંગૂઠાના ઉપરનો ભાગ જ જમીનને લાગે છે અને બાકી આંગળીઓ જમીનને સ્પર્શતી પણ

નથી આ સ્થિતિમાં ન તો સજદો થાય છે, ન તો નમાઝ.

સજદામાં પગની આંગળીઓનાં ફક્ત માથાંઓ (ટોચો) જ નહીં પરંતુ આંગળીઓ ઉપર જોર આપીને કિબ્લાની તરફ આંગળીઓનાં પેટ જમીનને લગાડવાં જોઈએ.

ફતાવાએ રઝવિય્યહ્ શરીફ, ભાગ : ૧, પેજ : ૫૫૬ પર છે : "સજદામાં ઓછામાં ઓછી એક આંગળીનો પેટ જમીનને લાગેલો હોવો **ફર્ઝ** છે અને પગની વધારે (મોટા ભાગની એટલે ત્રણ) આંગળીઓનુ પેટ જમીનને લાગેલુ હોવું વાજિબ છે."

## અઝાનના સમયે વાતો કરવી

અઝાનના સમયે વાતોમાં મશ્ગૂલ રહેવાની વાત સામાન્ય આદત બની ગઈ છે. અવામ તો અવામ (સામાન્ય લોકો) પરંતુ એહલે ઈલ્મ (શરીઅતનું ઈલ્મ ધરાવતા લોકો) પણ આ વાતનો ખ્યાલ રાખતા નથી, જ્યારે કે હદીષ શરીફમાં છે કે :–

"જે અઝાનના સમયે વાતોમાં વ્યસ્ત રહે છે તેના ઉપર ખાત્મો બુરો થવાનો ખૌફ રહે છે."

મસ્અલો આ પ્રમાણે છે કે જ્યારે અઝાન થતી હોય તો એટલા સમય માટે સલામ, વાતચીત અને સલામનો જવાબ બધું જ બંધ કરી દે, ત્યાં સુધી કે કુર્આને મજીદની તિલાવત ચાલુ હોય અને અઝાનનો અવાજ આવે તો તિલાવત બંધ કરી દે અને અઝાન ધ્યાનપૂર્વક સાંભળે અને તેનો જવાબ આપે. રસ્તે ચાલતાં અઝાનનો અવાજ આવે તો એટલો સમય ઉભો રહી જાય અને અઝાન સાંભળે અને તેનો જવાબ આપે. જો એકથી વધુ અઝાનો સાંભળે તો ફક્ત પહેલી અઝાનનો જવાબ આપવો સુન્નત છે અને બધી અઝાનોનો જવાબ આપવો બેહતર છે. *(બહારે શરીઅત, ભાગ : ૩, પેજ : ૩૬)*

## તકબીર ઊભા થઈને સાંભળવી

જ્યારે તકબીર કહેનાર "હય્ય અલસ્સલાત" અને "હય્ય અલલ ફલાહ" કહે ત્યારે ઈમામ અને મુક્તદી જે ત્યાં હાજર હોય તેઓએ તે જ

સમયે ઊભા થઈ જવું જોઈએ. પરંતુ કેટલીક જગ્યાઓએ તકબીરની શરૂઆતથી જ ઉભા થવાનો રિવાજ પડી ગયેલ છે, અને લોકો આ રિવાજ ઉપર એટલી બધી હઠ પકડી લે છે કે હદીષ અને ફિકહની કિતાબોની પરવા નથી કરતા અને મનમાની જીદ અને હઠધર્મીથી કામ લે છે. ફતાવાએ આલમગીરી જેને બાદશાહ ઔરંગઝેબ આલમગીર رحمۃ اللہ علیہના હુકમથી આજથી લગભગ ૩૫૦ વરસ પહેલાં, તે સમયના બધા મહાન ઓલમાએ કિરામના મશ્વરા અને મંતવ્યોથી લખવામાં આવી છે તેમાંના લખાણ મુજબ : અર્થાત : "મોઅઝ્ઝિન જિસ વકત હય્ય અલલ ફલાહ કહે તબ ઈમામ ઔર મુકતદિયોં કો ખળા હોના ચાહીએ." *(ફતાવાએ આલમગીરી, ભાગ : ૧, કિતાબુસ્સલાત, બાબુલ અઝાન, ભાગ : ૨, પેજ : ૫૮)*

## જુમ્આની બીજી અઝાન મસ્જિદની અંદર આપવી

ફિકહે હનફીની લગભગ બધી જ કિતાબોમાં આ વાત સ્પષ્ટપણે લખવામાં આવી છે કે કોઈપણ અઝાન મસ્જિદમાં ન આપવામાં આવે. ખૂદ હદીષ શરીફથી પણ આ વાત સાબિત છે અને કોઈપણ હદીષ અને કોઈપણ ઈસ્લામી (મોઅતબર) અને મુસ્તનદ (ભરોસાપાત્ર અને સનદવાળી) કિતાબમાં આ વાત નથી કે અઝાન મસ્જિદની અંદર આપવામાં આવે. પરંતુ તેમ છતાં અમુક જગ્યાઓએ કેટલાક લોકો જુમ્આની બીજી અઝાન મસ્જિદની અંદર ઈમામની સામે ઉભા રહીને પઢે છે, અને અહલે સુન્નત ઉપર અમલ કરવાથી મેહરૂમ રહી જાય છે, અને ફક્ત જીદ અને હઠધર્મીને કારણે રસૂલે ખુદા ﷺની પ્યારી પ્યારી સુન્નત છોડી દે છે. અને અમુક જગ્યાએ તો લાઉડ સ્પીકર મસ્જિદની અંદર રાખીને પાંચેય વખતની અઝાન પઢવા લાગે છે, એવી રીતે અઝાન આપવાવાળા અને અઝાન અપાવવાવાળા બંને ગુનેહગાર થાય છે. ફતાવાએ આલમગીરીમાં છે : "મસ્જિદમાં કોઈ અઝાન ન આપવામાં આવે." *(આલમગીરી, બાબુલ અઝાન, ભાગ : ૨, પેજ : ૫૫)*

## શું જમણી બાજુથી ઈકામત (તકબીર) આપવી જરૂરી છે ?

આજકાલ આ વાતને જરૂરી સમજવામાં આવે છે કે ઈકામત અથવા તકબીર જે જમાઅત ઊભી થતા પહેલાં મોઅઝ્ઝિન પઢે છે તેમાં તકબીર

પઢનાર ઈમામની પાછળ જમણી બાજુ હોવો જોઈએ અને ડાબી બાજુ ઊભા રહીને તકબીર પઢવાને મના સમજે છે, જો કે ડાબી બાજુએથી પણ તકબીર પઢવું મના નથી. સૈયદી આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે, ''અને ઈકામત બાબત પણ દિશા નક્કી કરવી કે જમણી બાજુથી હોય કે ડાબી બાજુથી હોય ફકીર (આ'લા હઝરત)ની નજરથી ગુજરી નથી. (જમણી કે ડાબી બાજુથી જ આપવું એ જરૂરી નથી) હા, એટલું જરૂરી કહી શકાય કે બરાબર ઈમામની પાછળ, પછી જમણી બાજુ વધારે મુનાસિબ છે.'' *(ફતાવાએ રઝવિય્યહ્, ભાગ : ૨, પેજ : ૪૬૫)*

ખુલાસો એ જ કે ઈમામની પાછળ અથવા જમણી બાજુથી તકબીર પઢવું વધારે બેહતર છે પરંતુ ડાબી તરફથી પણ પઢવું જાઈઝ છે અને તેનાથી નમાઝમાં કોઈ કમી (ખામી) આવતી નથી અને જમણી બાજુથી જ આપી શકાય એ પ્રમાણેની માન્યતા એ ગલતફહમી છે.

## નમાઝી સામેથી પસાર થવું મના, ખસવામાં વાંધો નથી !

સામાન્ય રીતે મસ્જિદોમાં એવું જોવા મળે છે કે બે માણસો આગળ પાછળ નમાઝ પઢે છે એટલે કે એક માણસ પાછળની સફમાં અને બીજો માણસ તેની સામે (આગળ) આગળની સફમાં નમાઝ પઢે છે. આગળની સફમાં નમાઝ પઢનાર વ્યક્તિ, પાછળની સફમાં નમાઝ પઢનાર વ્યક્તિથી પહેલાં નમાઝ પઢી લે છે અને પછી પાછળવાળાની નમાઝ પૂરી થવાની રાહ જુએ છે કે પાછળવાળો સલામ ફેરવે પછી તે (આગળવાળો) પોતાની જગ્યાએથી હટે, અને તેનાથી પહેલાં હટી જવાને તે નમાઝીની સામેથી પસાર થવું સમજે છે. જો કે આ પ્રમાણે નથી (આ પ્રમાણે વિચારવું ગલતફહમી છે). આગળ નમાઝ પઢનાર પોતાની જગ્યાએથી નમાઝ પઢીને હટી જાય તો તેના ઉપર નમાઝીની આગળથી પસાર થવાનો ગુનોહ લાગુ પડતો નથી અને ન તો તે નમાઝીના આગળથી પસાર થનારના વિશે આવેલ હદીષમાંની વઈદ (ધમકી)ના પાત્ર ઠરે છે.

ખુલાસો એ જ કે નમાઝીની સામેથી પસાર થવું મના છે પરંતુ હટવું મના નથી.

સદરુશ્શરીઅહ્ હઝરત મૌલાના અમજદ અલી આ'ઝમી رحمۃ اللہ علیہ ફર્માવે છે : "જો બે માણસો નમાઝીની આગળથી નીકળવાનું ઈચ્છે છે અને સુતરા (આડશ)ની કોઈ વસ્તુ નથી તો તેમાંથી એક માણસ નમાઝીની સામે પીઠ રાખીને ઊભો રહી જાય અને બીજો તેની આગળથી નીકળી જાય. હવે આ બીજો માણસ તેની પીઠની પાછળ નમાઝીની તરફ પીઠ રાખીને ઉભો રહી જાય અને આ પહેલો પણ નીકળી જાય અને પેલો બીજો માણસ જે બાજુથી આવ્યો તે બાજુ જ હટી જાય. *(આલમગીરી, રદુલ મુહ્તાર, બહારે શરીઅત, ભાગ : ૩, પેજ : ૧૫૯)*

આથી સ્પષ્ટ થઈ ગયું કે પસાર થવામાં અને હટવામાં ફર્ક છે અને પસાર થવાનો અર્થ એ છે કે, નમાઝીની સામે એક બાજુથી આવે અને બીજી બાજુથી નીકળી જાય, એ ખરેખર નાજાઈઝ અને ગુનોહ છે, અને જો નમાઝીની સામે બેઠો છે અને કોઈપણ બાજુએ હટી જાય તો આ પસાર થવાના અર્થમાં નથી અને તેમાં કોઈ ગુનોહ પણ નથી. (વલ્લાહુ તઆલા અઅ્લમ)

## મગરિબ અને ઈશાની નમાઝ ક્યાં સુધી પઢી શકાય છે ?

ઘણા લોકો થોડુ થોડુ અંધારું થયા પછી એવું વિચારવા માંડે છે કે મગરિબની નમાઝનો સમય પૂરો થઈ ગયો, હવે નમાઝ કઝા થઈ ગઈ અને ખોટી રીતે નમાઝ છોડી દે છે અથવા કઝાની નિય્યતથી પઢે છે. મગરિબની નમાઝનો સમય ગુરૂબ આફતાબથી લઈને શફક સુધી છે. શફક એ સફેદીને કહેવાય છે જે પશ્ચિમની બાજુએ લાલાશ ડૂબ્યા પછી ઉત્તર–દક્ષિણમાં સુબ્હ સાદિક્ની જેમ ફેલાઈ જાય છે.

હા, મગરિબની નમાઝ જલ્દી પઢવું મુસ્તહબ છે અને કારણ વગર બે રકાત જેટલુ મોડુ કરવું "મકરૂહે તન્ઝીહી" એટલે "ખિલાફે ઉલા" છે, કારણ વગર એટલું મોડું કરવું કે જેથી તારાઓ દેખાવવા લાગે તો "મકરૂહે તહરીમી" અને "ગુનાહ" છે. *(અહકામે શરીઅત, પેજ : ૧૩૭)*

હા, જો પઢી જ નથી તો પઢી લો અને જ્યાં સુધી ઈશાની નમાઝનો સમય શરૂ નથી થયો, મગરિબની નમાઝ અદા થશે, કઝા નહીં થાય. અને આ વખત (મગરિબની નમાઝનો) ઓછામાં ઓછો એક કલાક,

અઢાર મિનિટ (૧ કલાક–૧૮ મિનિટ) અને વધુમાં વધુ એક કલાક પાંત્રીસ મિનિટ (૧ કલાક–૩૫ મિનિટ)ની વચ્ચે હોય છે જે ઋતુ મુજબ ઘટે વધે છે, એટલે કે ૧ કલાક અને ૧૮ મિનિટથી ૩૫ મિનિટની વચ્ચે બદલાતો રહે છે.

ઈશાની નમાઝ બાબત પણ અમુક લોકો એમ સમજે છે કે તેનો સમય રાતના ૧૨ વાગ્યા સુધી રહે છે આ પણ ખોટુ છે. ઈશાની નમાઝનો સમય સવારમાં સુબ્હ સાદિક઼ તુલૂઅ થતા સુધી એટલે કે સહેરીનો વખત ખલાસ થાય ત્યાં સુધી રહે છે. હા, રાતના ત્રીજા ભાગથી વધારે મોડુ કારણ વગર કરવું મકરૂહ છે.

## મસ્જિદમાં પોતાના માટે માગવું

આજકાલ મસ્જિદોમાં સવાલ કરવાનો અને ભીખ માંગવાનો રિવાજ ઘણો જ વધી રહ્યો છે. ખાસ કરીને જોવા મળે છે કે જેવી ઈમામ સાહબે સલામ ફેરવી તેવો જ કોઈ ન કોઈએ અને ઘણી વખત કેટ કેટલા લોકોએ પોત પોતાની અંગત આપવીતીઓ (મુશ્કેલીઓ) સંભળાવવાની અને "મદદ કરો ભાઈઓ !"ના અવાજો આપવાનુ શરૂ કરી દીધું. જો કે આ ઘણો જ ખોટો રિવાજ છે. આવા લોકોને આવી હરકતોથી દૂર રાખવું જોઈએ અને મસ્જિદોમાં ભીખ માંગવાની પ્રથાને સખ્તાઈથી રોકવું જોઈએ.

સદરુશ્શરીઅહ્ હઝરત મૌલાના અમજદઅલી સાહબ رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

**"મસ્જિદમાં સવાલ કરવું હરામ છે અને તે સવાલ કરનારને આપવું પણ મના છે."** *(બહારે શરીઅત, ભાગ : ૩, પેજ : ૧૮૪)*

એનો રિવાજ આ પ્રમાણે હોવો જોઈએ કે આવા લોકો મસ્જિદના બહારના દરવાજા પાસે ઊભા રહીને સવાલ કરે અથવા મસ્જિદના ઈમામ વગેરે કોઈ પણ જવાબદાર વ્યક્તિ તે વ્યક્તિની જરૂરિયાત માટે લોકોને કહી આપે. (એલાન કરી આપે)

## પાંચ વખતની નમાઝથી ગફલત અને વઝીફાઓનું પઢવું

મોટા ભાગના લોકો જોવામાં આવે છે કે જેઓ નમાઝોનો ખ્યાલ નથી રાખતા, પઢે છે તો પણ વખત નીકળી જાય ત્યારે જલ્દી જલ્દી અથવા જમાઅત વગર અને (આવા લોકો) વઝીફાઓ અને તસ્બીહો પઢવામાં લાગેલા હોય છે. **આ લોકોના વઝીફાઓ તેમના મોઢા ઉપર મારી દેવામાં આવશે** કેમ કે, ''જેમના ફર્ઝ પૂરા થતા નથી તેઓનો કોઈપણ નફ્લ ક઼બૂલ કરવામાં આવતો નથી.'' **ઈસ્લામમાં સૌથી મોટો વઝીફો અને અમલ નમાઝને જમાઅત સાથે પઢવું તે છે.**

હદીષ શરીફમાં છે કે હઝરત ઉમર رضی اللہ عنہએ એક દિવસ ફજરની જમાઅતમાં હઝરત સુલૈમાન બિન અબી હશ્મહને ન જોયા. દિવસે બજારમાં જતાં જતાં તેમના ઘરની પાસેથી પસાર થયા તો એમનાં મા ને પૂછયું કે આજે સુલૈમાન જમાઅતમાં કેમ ન હતા ? તેમનાં મા હઝરત શિફાએ કહ્યું કે રાતભર જાગીને ઈબાદત કરતા રહ્યા અને ફજરની નમાઝના સમયે ઊંઘ આવી ગઈ અને જમાઅતમાં શરીક થવાથી રહી ગયા. અમીરુલ મો'મિનીન હઝરત ઉમર ફારૂક઼ે આ'ઝમ رضی اللہ عنہએ ફર્માવ્યું : ''મારા માનવા મુજબ **આખી રાત જાગીને ઈબાદત કરવા કરતાં ફજરની જમાઅતમાં શરીક થવું બેહતર છે.''** *(મિશ્કાત, બાબુલ જમાઅત, પેજ : ૯૭)*

આ'લા હઝરત ફર્માવે છે, **''જ્યાં સુધી ફર્ઝની અદાયગી બાકી રહે છે ત્યાં સુધી કોઈ નફ્લ ક઼બૂલ કરવામાં આવતો નથી.''** *(અલ્ મલ્ફૂલ, ભાગ : ૧, પેજ : ૭૭)*

## જુમ્આના ખુત્બામાં ઉર્દૂ શેઅરનું પઢવું

જુમ્આનો ખુત્બો ફક્ત અરબી ભાષામાં પઢવું સુન્નત છે, અન્ય કોઈ ભાષામાં પઢવું સુન્નતની વિરુદ્ધ છે. ઉર્દૂ અશ્આર જો પઢવા જ હોય, તો તે ખુત્બાની અઝાનથી પહેલાં પઢી લેવામાં આવે એટલે કે બીજી અઝાન (ખુત્બાની અઝાન) પછી જે ખુત્બો પઢવામાં આવે છે તે અરબી સિવાય

અન્ય કોઈ ભાષામાં પઢવું સુન્નતની વિરુદ્ધ છે. *(ફતાવાએ રઝવિય્યહ, ભાગ : ૩, પેજ : ૭૫૧)*

## ઈમામનું (નમાઝ દરમ્યાન) મહેરાબ અથવા બે થાંભલાની (દરવાજાની) વચ્ચે ઊભા રહેવું

કોઈ કોઈ જગ્યાએ જોવામાં આવે છે કે (જમાઅત દરમ્યાન) "ઈમામ મહેરાબની અંદર છે અને મુક઼્તદી બહાર છે" **આ સુન્નતની વિરુદ્ધ છે** અને **મકરૂહ છે.** સદરુશ્શરીઅહ્ મૌલાના અમજદ અલી સાહબ رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

"ઈમામનું એકલા મહેરાબમાં ઊભા રહેવું મકરૂહ છે અને જો બહાર (મહેરાબની) ઊભા હોય પરંતુ ફક્ત સજદો મહેરાબમાં કરે અથવા ઈમામ એકલા ન હોય પરંતુ તેની સાથે થોડા મુક઼્તદીઓ પણ મહેરાબમાં હોય તો કોઈ વાંધો નથી. તે જ પ્રમાણે જો મુક઼્તદીઓ માટે મસ્જિદ નાની પડતી હોય, તો પણ (ઈમામનું) મહેરાબમાં ઊભા રહેવું મકરૂહ નથી. ઈમામનું દરવાજાની વચમાં ઊભા રહેવું પણ મકરૂહ છે." *(બહારે શરીઅત, ભાગ : ૩, પેજ : ૧૭૪, દુર્રે મુખ્તાર અને આલમગીરીના હવાલાથી)*

આ મસ્અલાનો રસ્તો આ પ્રમાણે છે કે ઈમામનો મુસલ્લો થોડો પાછળ હટાવી દેવામાં આવે અને ઈમામ થોડા પાછળ હટીને એ રીતે ઊભા રહે કે જોવામાં એવું લાગે કે તેઓ મહેરાબમાં અથવા દરવાજાની અંદર નથી પરંતુ બહાર ઊભા છે પછી ભલે સજદો અંદર થાય પરંતુ નમાઝ દુરુસ્ત થઈ જશે.

## નસબંદી કરાવેલ અથવા કરાવવાળાની ઈમામતનો હુકમ

"નસબંદી (બાળ જન્મ રોકવા) કરાવવું ઈસ્લામમાં **હરામ** છે." પરંતુ કેટલાક લોકો એવું વિચારતા હોય છે કે જેણે નસબંદી કરાવી લીધી તે હવે જિંદગીભર નમાઝ નથી પઢાવી શકતો, જો કે એવું નથી. પરંતુ જે પ્રમાણે ઈસ્લામમાં અન્ય ગુનાહોની તૌબા છે તે જ પ્રમાણે આ ગુનાહની પણ તૌબા છે.

એટલે કે જેની નસબંદી થઈ ચૂકી છે તે જો સાચા દિલથી એલાનિયા તૌબા (જાહેરમાં તૌબા) કરે અને હરામ કામોથી દૂર રહે તો તેની પાછળ નમાઝ પઢી શકાય છે. *(ફતાવા ફયઝુર્રસૂલ, ભાગ : ૧, પેજ : ૨૭૭)*

## શું જેની સાથે આપસી મન દુઃખ હોય તેની પાછળ નમાઝ થશે નહીં ?!

લગભગ એવું થાય છે કે ઈમામ અને મુક્તદી વચ્ચે કોઈ દુનિયવી મતભેદ થઈ જાય છે. જેમ કે આજકાલ રાજકિય, સામાજિક, કૌટુંબિક અને નાત ભાઈઓ વચ્ચેના મન દુઃખ અને ઝઘડા કે જેને કારણે લોકો ઈમામની પાછળ નમાઝ પઢવાનું છોડી દે છે અને કારણમાં એવું જણાવે છે કે જેની સાથે દિલ મળેલું ન હોય (મનમેળ ન હોય) તેની પાછળ નમાઝ થશે નહીં. આ તેઓની ગલતફહમી છે અને એવા લોકો ધોકામાં છે.

સાચી વાત એ છે કે જે ઈમામમાં ''શરાઈતે ઈમામ'' (ઈમામ હોવાની શરતો) જોવા મળતી હોય, તે (ઈમામ) બદ્‌મઝહબ અને ફાસિકે મુઅલ્લીન ન હોય તેની પાછળ નમાઝ દુરુસ્ત (સહી) છે, પછી ભલે તમારો એની (ઈમામ) સાથે દુનિયવી ઝઘડો ચાલુ હોય, તેની સાથે વાતચીત અને દુઆ સલામ બંધ હોય, તેમ છતાં પણ તમે તેની પાછળ નમાઝ પઢી શકો છો. નમાઝની દુરુસ્તગી (સહીહ હોવા) માટે એ જરૂરી નથી કે દુનિયવી વ્યવહારથી મુક્તદીનું દિલ ઈમામ સાથે મળેલું હોય. હા ! ત્રણ દિવસથી વધુ એક મુસલમાને બીજા મુસલમાન સાથે નફરત રાખવી અને આપસમાં એકબીજાને ન મળવું શરીઅતની રૂએ ઘણુ જ નાપસંદ કામ છે. હદીષ શરીફમાં રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ''મુસલમાન માટે એ જાઈઝ નથી કે પોતાના ભાઈને ત્રણ દિવસથી વધુ છોડી દે ! જ્યારે તેનાથી મુલાકાત થાય, તો ત્રણ વખત સલામ કરે, જો તેણે તેનો જવાબ ન આપ્યો તો તેનો ગુનોહ તેના શીરે છે.'' *(અબૂ દાઊદ, કિતાબુલ અદબ, ભાગ : ૨, પેજ : ૬૭૩)*

પરંતુ તેનો નમાઝ અને ઈમામતથી કોઈ સંબંધ નથી. દુઃખ અને બુરાઈમાં પણ ઈમામની પાછળ નમાઝ થઈ જશે. જે લોકો વ્યક્તિગત દુઃખો (મન દુઃખો)ને આધારે પોતાના નફ્સ અને જાતને કારણે ઈમામોની

પાછળ નમાઝ પઢવાનું છોડી દે છે તેઓ ખુદાના ઘરને વેરાન કરવાવાળા અને દીને ઈસ્લામને નુકસાન પહોંચાડવાવાળા છે. તેઓએ ખુદા તઆલાથી ડરવું જોઈએ, મરવા પછીની ચિંતા કરવી જોઈએ. કબ્રની એક એક ઘડી અને કયામતનો એક એક સમય ઘણો જ ભારે પડશે.

હુઝૂર આ'લા હઝરત ઈમામે અહલે સુન્નત رحمۃ اللہ علیہ ફર્માવે છે : "જે લોકો નફસાનિયતને કારણે ઈમામની પાછળ નમાઝ નથી પઢતા અને જમાઅત ચાલુ હોય છતાં તેમાં જોડાય નહીં તેઓ સખત ગુનેહગાર છે." *(ફતાવા રઝવિય્યહ, ભાગ : ૩, પેજ : ૨૨૧)*

## મુક્તદીના માથા ઉપર અમામો હોય અને ઈમામના માથા ઉપર ન હોય

જો મુક્તદી માથા ઉપર અમામો જેને સાફો અને પાઘડી પણ કહે છે બાંધીને નમાઝ પઢે અને ઈમામના માથા ઉપર પાઘડી (અમામો) ન હોય તો તેને કેટલાક લોકો ખૂબ જ ખરાબ સમજે છે અને કેટલાક એમ સમજે છે કે આ પરિસ્થિતિમાં મુક્તદીની નમાઝ દુરસ્ત (સહી) થઈ નથી, આ ખોટી વાત છે.

જો ઈમામને માથે અમામો ન હોય અને મુક્તદીને માથે હોય તો મુક્તદીની નમાઝ દુરસ્ત અને સહી થઈ જશે. આ'લા હઝરત رضی اللہ عنہથી આ મસ્અલો પૂછવામાં આવ્યો તો આપે ફર્માવ્યું, "વાંધા વગર દુરસ્ત છે." *(ફતાવાએ રઝવિય્યહ, ભાગ–૩, પેજ–૨૭૩, ઈર્ફાને શરીઅત, પેજ–૪)*

## ઈમામને માટે મુકર્રિર હોવું કેટલું જરૂરી છે ?

આજકાલ ઘણી જગ્યાએ લોકો મસ્જિદમાં કોઈને ઈમામત માટે રાખે છે તો તેનાથી તકરીર પણ કરાવે છે. જો તે ધૂમ ધડાકા સાથે, ઉછળી કૂદીને અને હાથ પગ ઊંચા નીચા કરીને જોશીલા અંદાજમાં જઝબાતી તકરીર કરે તો લોકો ઘણા જ ખુશ થાય છે અને તેને ઈમામતને માટે પસંદ કરે છે. એટલે સુધી કે અમુક જગ્યાએ તો ખુશહાલી અને સારી અવાજ સાથે નાઅત શરીફ અને નઝમ પઢે તો તેને ઘણો જ સારો ઈમામ હોવાનું વિચારે છે પરંતુ આ બાબત પ્રત્યે ધ્યાન નથી આપતા કે તેનું

કુર્આન શરીફ (પઢવું) ખોટું છે કે સાચું ? તેને (ઈમામને) દીનના મસાઈલની જરૂરત મુજબની જાણકારી છે કે નથી ? તેનું ચારિત્ર્ય, રહેણી કરણી ઈમામની જગ્યાને યોગ્ય છે કે નહીં ?

જો તક્રીર અને બયાન અને સંબોધન વગેરે જો નિયમો અને શરતો (શરઈ)ની સાથે હોય તો તેનાથી દીનને તક્વિયત (મજબૂતાઈ) પ્રાપ્ત થાય છે અને થયેલ છે, પરંતુ તેમાં પણ કોઈ શક નથી કે દીનદારી, તક્વાદારી અને ખૌફે ખુદા ખાસ કરીને ઓછું બોલવાવાળા અને સમજદાર પ્રકૃતિવાળા લોકોમાં વધુ જોવા મળે છે. જીભનું જોર અને મોઢાના મજબૂત લોકો બધાં કામ મોં અને જીભથી ચલાવવા ઈચ્છતા હોય છે અને ઈસ્લામ ગુફ્તાર (બોલચાલ) કરતાં કિરદાર (ચારિત્ર્ય, અમલ)થી વધારે ફેલાયો છે અને આજકાલના વધુ પડતા મૌલ્વીઓ અને ઈમામો માટે તક્રીરો અને બયાનો કરવાને બદલે તક્રીર અને બયાન માટેની જવાબદાર ઓલમાએ એહલે સુન્નતની સામાન્ય લોકો સમજી શકે એવી ભાષામાં લખેલ કિતાબોને વાંચીને અવામને સંભળાવવું વધારે યોગ્ય અને બેહતર છે.

ખુલાસો એ કે આજકાલ અમુક જગ્યાએ જે લોકો એવું સમજે છે કે ઈમામને માટે મુકર્રિર હોવું જરૂરી છે તે લોકોની વિચારસરણી ગલત છે.

## ઈમામનું મુક્તદીઓથી ઊંચી જગ્યા ઉપર ઉભા રહેવું

ઘણી જગ્યાએ એ જોવા મળ્યું છે કે નમાઝમાં ઈમામ મુક્તદીઓથી ઊંચી જગ્યા ઉપર ઉભા હોય છે. દા.ત. અંદરની જગ્યા ઊંચી છે અને બહારની જગ્યા નીચી છે અને ઈમામનો મુસલ્લો અંદરની જગ્યા ઉપર છે અને મુક્તદી બહાર છે અથવા બંને અંદરની જગ્યા ઉપર છે પરંતુ ઈમામના મુસલ્લાની જગ્યા ઊંચી બનાવી દેવામાં આવી છે તો આ "મકરૂહ" છે અને આ હાલતમાં નમાઝ પઢવાથી નમાઝમાં કમી આવે છે.

મસ્અલો આ પ્રમાણે છે કે નમાઝમાં ઈમામનું એકલું ઊંચી જગ્યાએ ઉભા રહેવું મકરૂહ છે અને ઊંચાઈનો અર્થ એ છે કે જોવાથી ખબર પડી જાય કે ઈમામ ઊંચો છે અને મુક્તદી નીચે છે, અને આ તફાવત મામૂલી (ઓછો) હોય, તો નમાઝ "મકરૂહે તન્ઝીહી" થાય છે અને વધુ હોય તો "મકરૂહે તેહરીમી" થાય છે. હા, જો પહેલી સફ ઈમામની જગ્યાની

બરાબર અને સાથે (જોડાયેલી) હોય અને બાકીની સફો નીચી હોય, તો કોઈ વાંધો નથી અને આ જાઈઝ છે.

આ મસ્અલાની વધુ માહિતી મેળવવા ફતાવાએ રિઝવિય્યહ, ભાગ–૩, પેજ–૪૧૫ જોવું જોઈએ અને આ મસ્અલાનું ખાસ ધ્યાન રાખવું જોઈએ કારણ કે હદીષ શરીફમાં પણ આ બાબત ફર્માવવામાં આવ્યું છે.

હઝરત હુઝૈફા رضی اللہ عنہથી મરવી છે કે "રસૂલુલ્લાહ ﷺફર્માવ્યું કે જ્યારે ઈમામ નમાઝ પઢાવે ત્યારે મુક્તદીઓથી ઊંચી જગ્યાએ ઉભો ન રહે. *(સુનને અબૂ દાઊદ, ભાગ–૧, પેજ–૮૮)*

## નમાઝમાં નફ્લ નમાઝોને ફર્ઝ અને વાજિબ સમજવું નફ્લો પઢાવવા જ જોઈએ એવું સમજવું

નમાઝે ઝોહર, મગરિબ અને ઈશામાં છેલ્લે અને ઈશામાં વિત્રની પહેલાં બે રકાત નફ્લ પઢવાનો રિવાજ છે અને તેના પઢવામાં હિક્મત અને સવાબ છે તેથી પઢી લેવું સારું છે પરંતુ આ નફ્લોને ફર્ઝ, વાજિબ અને જરૂરી વિચારવું અને નફ્લ ન પઢવાવાળાઓને ટોકવું અને તેમના વિશે મલામત કરવી (ભલુ બુરુ કહેવું) અને સાચું, ખોટુ કહેવું ખરાબ છે, અને ઈસ્લામમાં આ બાબત "વધુ પડતી" અને શરઈ હુદૂદ (શરીઅતની હદો)થી આગળ વધવું છે. ઈસ્લામમાં નફ્લ અને મુસ્તહબ તેને કહે છે જેના કરવાથી સવાબ મળે છે અને ન કરવામાં આવે તો કોઈ ગુનાહ અને અઝાબ નથી. તો જ્યારે અલ્લાહ તઆલાએ જેના ન કરવા પર કોઈ ગુનાહ કે અઝાબ નથી રાખ્યો તો તમને પણ તેના પર લા'નત કરવાનો અને સાચું, ખોટું કહેવાનો કોઈ અધિકાર નથી અને જ્યારે ખુદાએ તઆલા નફ્લ છોડવાથી નારાજ નથી તો તમે ટોકવાવાળો કોણ છો ? ઈસ્લામમાં અલ્લાહ તબારક વ તઆલાએ તેના બંદાઓને જે છૂટ અને સરળતાઓ આપી છે તેને લોકો સુધી પહોંચાડવું જરૂરી છે. જો તમે આમ નથી કરી રહ્યા તો આપ ઈસ્લામને નફો પહોંચાડવાને બદલે નુકસાન કરી રહ્યા છો અને લોકો એવું વિચારી લેશે કે આપણે ઈસ્લામ પર ચાલી શક્તા જ નથી (અમલ કરી શક્તા નથી) કારણ કે ઈસ્લામ ઘણો જ કઠીન મઝહબ છે જેથી તેના પ્રચારમાં કમી આવશે. આજે ઘણા એવા લોકો છે જેઓ

ફક્ત એટલા માટે નમાઝ નથી પઢતા કે તેઓ એવું સમજી રહ્યા છે કે અમો નમાઝ પઢી જ નથી શક્તા અને નમાઝ અને તહારત તેમજ પાકી અને નાપાકીના મસાઈલની પૂરી રીતે જાણકારી ન હોવાને કારણે અને ખુદા અને રસૂલે આપેલ અમુક છૂટછાટ અને સરળતાઓની જાણકારી ન હોવાને કારણે તેઓ નમાઝને છોડવાનું પસંદ કરી લે છે અને આ સરળ તાઓનો લાભ નથી લઈ શક્તા. જો એક વખતની પણ નમાઝ જાણીબુઝીને છોડી દેવું ઈસ્લામમાં કુફ્ર અને શિર્ક પછી મહાન ગુનોહ છે. ઓલમા અને મસ્જિદોના ઈમામોથી વિનંતિ છે કે તેઓ અવામ (આમ લોકો)નો ડર ન રાખતાં તેમને ઈસ્લામી એહકામ પર અમલ કરવામાં જે જે જગ્યાઓ ઉપર છૂટછાટ આપવામાં આવી છે અને જે સરળતાઓ છે તેનો જરૂર પોતાની તકરીરમાં ઉલ્લેખ કરે અને અવામને બતાવે જેથી કરીને વધુને વધુ લોકો ઈસ્લામ અને ઈસ્લામિયતને અપનાવે. લોકોને નફ્લો બાબતે જોવામાં આવેલ છે કે જો કોઈ વ્યક્તિ તેને (નફ્લોને) ન પઢે તો કેટલાક જાહિલ લોકો તેમના ઉપર આક્ષેપો કરવાની સાથે આ પ્રમાણે કહે છે કે, "નમાઝ પઢવી તો પૂરી પઢવી, નહિતર ન પઢવું સારું !" આ એક મોટી અજ્ઞાનતાભરી વાત છે જેઓ આ પ્રમાણે કહે છે. જો કે સાચી વાત તો એ છે કે, "નફ્લ તો નફ્લ જો કોઈ સુન્નતો પણ છોડી દે અને ફક્ત ફર્ઝ પઢી લે તો તે નમાઝને જાણીબુઝીને છોડી દેવાવાળાઓ કરતાં ઘણું જ સારું છે અને તેઓને બેનમાઝી કહેવામાં આવશે નહીં. સુન્નતો (મોઅક્કદા) છોડી દેવાને કારણે ગુનેહગાર જરૂર છે, કેમ કે સુન્નતો છોડવાની પરવાનગી નથી અને સુન્નતોને જાણીબુઝીને છોડી દેવાની આદત નાખવી ગુનોહ અને મના છે. (જો કે સુન્નતે ગૈર મોઅક્કદા નફ્લના હુકમમાં છે.)

હા ! જો દોડાદોડીમાં, ઉલ્ઝન, પરેશાની અને ઉતાવળમાં કોઈ એવો સમય છે કે તમો સુન્નતોની સાથે પૂરેપૂરી નમાઝ પઢી શક્તા નથી તો ફક્ત ફર્ઝ અને વિત્ર પઢી લેવામાં કોઈ વાંધો કે ગુનોહ નથી. દા.ત. સમય ઓછો છે, પૂરી નમાઝ નહીં પઢી શકાય તો ફક્ત ફર્ઝ પઢી લેવું પૂરતુ છે. ખુલાસો એ છે કે ઝોહર, મગરિબ અને ઈશામાં જે નફ્લો પઢવામાં આવે છે તેને પઢવું ઘણું જ સારું, મુનાસિબ અને બેહતર છે અને પઢવું જ

જોઈએ પરંતુ તેને ફર્ઝ, વાજિબ અને જરૂરી સમજવું અને તેને ન પઢવાવાળાઓને ટોકવું તેમજ નફ્લ છોડવા માટે ભલુ બુરુ કહેવું ખરાબ છે જેની સુધારણા જરૂરી છે.

## રૂમાલ વગરનો પાયજામો અને જાંગીયો પહેરીને નમાઝ પઢવાથી નમાઝમાં કમી આવે છે ?

આપણા ઘણા લોકો એવું માને છે કે જેની સત્ય હોવાની કોઈ હક઼ીક઼ત નથી. પાયજામો અથવા જાંગીયામાં રૂમાલનું હોવું નમાઝના સહીહ હોવા માટે બિલ્કુલ જરૂરી નથી. રૂમાલ વગરના પાયજામા અને જાંગીયાથી નમાઝ કરાહત વગર જાઈઝ છે. હા ! જે પહેરવેશ અને કપડાં બિન મુસ્લિમો માટે ખાસ છે તેને પહેરવું ગુનોહ છે અને તેમાં નમાઝ મકરૂહ છે. અંગ્રેજી પેન્ટ અને શર્ટમાં પણ આ જમાનાના ઉલમાએ કિરામએ નમાઝનું મકરૂહે તન્ઝીહી હોવાનો ફત્વો આપેલ છે. *(ફતાવા મર્કઝી દારુલ ઈફ્તા, પેજ : ૨૦૭)*

આ એટલા માટે નથી કે પેન્ટમાં રૂમાલ હોતો નથી પરંતુ એટલા માટે છે કે (પેન્ટ, શર્ટ) અંગ્રેજોનો ખાસ જાતિ–પહેરવેશ રહી ચૂકેલ છે અને હજુ સુધી પણ દીનદાર લોકોમાં તેને પહેરવામાં એબ સમજવામાં આવે છે, જેથી હજુ પણ અંગ્રેજી પેન્ટ અને શર્ટમાં નમાઝ ન પઢવું જ મુનાસિબ અને બેહતર છે અને આ પહેરવેશથી બચવું ઉચિત છે.

## નમાઝમાં લંગોટ બાંધવાનો મસ્અલો

કેટલાક લોકો સમજે છે કે પાયજામો અથવા લુંગીની અંદર લંગોટ બાંધીને નમાઝ પઢવાથી નમાઝ થતી નથી. જો કે આ તેમની ગલતફહમી (ખોટી માન્યતા) છે. લંગોટ બાંધીને નમાઝ પઢવાથી નમાઝમાં કોઈ કમી આવતી નથી. જો કે એટલું જરૂર ધ્યાન રાખવું જોઈએ કે લંગોટ એટલી બધી ટાઈટ અને કસાયેલી ન હોવી જોઈએ કે જેથી નમાઝમાં રુકૂઅ અને સજદામાં અને બેસવામાં મુશ્કેલી પડે. *(ફતાવા ફયઝુર્રસૂલ, ભાગ : ૧, પેજ : ૨૫૨, ઈર્ફાને શરીઅત, પેજ : ૪)*

## પેન્ટ અને પાયજામાની મોરી ચઢાવીને નમાઝ પઢવી

કેટલાક લોકો ઘૂંટીની નીચે લટકતો પાયજામો અને પેન્ટ પહેરે છે, જો તેઓએ તેની આદત બનાવી લીધી છે અને તકબ્બુર અને ઘમંડના લીધે તેઓ આવું કરે છે તો નાજાઈઝ અને ગુનોહ છે અને આ પ્રમાણે નમાઝ પણ મકરૂહ થાય છે. પરંતુ જો સંજોગોવશાત આવું થાય અથવા બેધ્યાનથી કે લાપરવાઈથી થયું હોય તો વાંધો નથી, અને **જે લોકો** આનાથી બચવા માટે અને **ઘૂંટી ખોલવા માટે મોરીના પાયચા ચઢાવે છે તેઓ ગુનાહને ઘટાડતા નથી પરંતુ વધારે છે, અને નમાઝમાં ખરાબીને ઘટાડતા નથી પરંતુ ખરાબી વધારે છે.** આ પ્રમાણે પેન્ટ અને પાયજામાની મોરીના પાયચાને વાળીને ચઢાવવું નમાઝમાં **મકરૂહે તહરીમી** છે.

હદીષમાં છે, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "મને હુકમ આપવામાં આવ્યો કે હું સાત હાડકાં ઉપર સજદો કરું, પેશાની, બંને હાથ, બંને ઘૂંટણ અને બંને પંજા, અને આ હુકમ આપવામાં આવ્યો કે હું નમાઝમાં કપડા અને વાળને ન (ખેંચું) ચઢાવું." *(બુખારી શરીફ અને મુસ્લિમ શરીફ, મિશ્કાત શરીફ, પેજ : ૮૩)*

આ હદીષના આધારે નમાઝમાં કપડાને ખેંચવું અને ચઢાવવું મના છે. આથી પેન્ટ અને પાયજામાની મોરી ભેગી કરવાવાળાઓએ અને ચઢાવવાવાળાઓએ આ હદીષથી બોધપાઠ ગ્રહણ કરવો જોઈએ.

પરંતુ ભૂલો બતાવવાવાળાથી પણ વિનંતિ છે કે નમાઝમાં આ પ્રમાણેની ભૂલો કરવાવાળાઓને શાંતિથી અને પ્યાર, મહબ્બતથી સમજાવે, સમજી જાય તો ઠીક, નહીંતર તેમને તેમના હાલ ઉપર છોડી દેવામાં આવે. અને વ્યવહારુ (વાજબી) પદ્ધતિથી ભૂલ સુધારણા કરે. તેમને ધમકાવવું, ઝટકી નાખવું અને તેઓ સાથે લડાઈ ઝઘડા કરવા ઘણુ જ ખરાબ છે. જેનું પરિણામ એ પણ આવી શકે કે તે લોકો મસ્જિદમાં આવવાનું અને નમાઝ પઢવાનું છોડી દે જેનો ગુનોહ તે ધમકાવવાવાળાઓ ઉપર છે. કારણ કે તેમાં પણ કોઈ શંકા નથી કે કેટલીક આ પ્રકારની

ભૂલોની સાથે નમાઝ પઢનારાઓ, બેનમાઝીઓ કરતાં હજારગણા સારા છે. અને નમાઝમાં ભૂલો કરનારાઓએ પણ સમજવું જોઈએ કે કોઈ તેમની (ભૂલ) સુધારણા કરે તો ખરાબ લગાડવાને બદલે તેની વાત ઉપર અમલ કરવો જોઈએ, તેના ઉપર ગુસ્સો કરવો જોઈએ નહીં, કેમ કે તે જે કંઈ બતાવી રહ્યો છે તે તમારી ભલાઈ માટે બતાવી રહ્યો છે અને જો કડવાશ અને કડકાઈથી પણ કહી રહ્યો છે તો તેનું કાર્ય છે, તમારું કાર્ય તો હક્ક઼ (સત્ય)ને સાંભળીને અમલ કરવાનું છે, ઝઘડો કરવાનો નથી.

## કુર્આન પઢવામાં ફક્ત હોઠ ફફડાવવા અને અવાજ ન કાઢવું કેવું ?!

કેટલાક લોકો કુર્આનની તિલાવત અથવા નમાઝ અને નમાઝની બહાર કંઈક પઢે છે ત્યારે **ફક્ત હોઠ હલાવે છે અને અવાજ બિલ્કુલ નથી કાઢતા. તેઓનું આ પ્રમાણે પઢવું, પઢવું નથી અને આ પ્રમાણે પઢવાની નમાઝ નહીં થાય અને આ પ્રમાણે કુર્આનની તિલાવત કરવાથી તિલાવતનો સવાબ નહીં મળે.**

ધીમેથી પઢવાનો મતલબ એ થાય છે કે **કમસેકમ એટલો અવાજ તો જરૂર નીકળવો જોઈએ કે કોઈ રૂકાવટ ન હોય તો પોતે ખુદ સાંભળી શકે.** ફક્ત હોઠો હલાવવા અને અવાજથી જરા પણ ન પઢવું એ પઢવું નથી. આથી આ મસ્અલાનું ખાસ ધ્યાન રાખવું જોઈએ. *(ફતાવાએ આલમગીરી મિસ્રી, ભાગ : ૧, પેજ : ૬૫ અને બહારે શરીઅત, ભાગ : ૩, પેજ : ૬૯)*

## શું જમાઅતથી નમાઝ પઢવાવાળાઓ ઈમામની સાથે દુઆ માંગવી પણ જરૂરી છે ?

દરેક નમાઝ સલામ ફેરવવાથી પૂર્ણ થઈ જાય છે. ત્યારબાદ જે દુઆ માંગવામાં આવે છે તે નમાઝમાં દાખલ નથી. કોઈ વ્યક્તિ નમાઝ પઢયા પછી એટલે સલામ ફેરવ્યા પછી બિલ્કુલ દુઆ ન માગે તો પણ અદા થઈ જાય છે. અલ્બત્ત એ ફઝીલતથી મેહરૂમી અને સુન્નતની વિરુદ્ધ વર્તન છે.

અમુક જગાએ જોવામાં આવ્યું છે કે ઈમામો ઘણી લાંબી લાંબી દુઆઓ પઢે છે, અને મુક્તદીઓ અમુક ખુશીથી અને અમુક

નિરૂત્સાહપણે મજબૂરન્ તેમની સાથે રહે છે. અને કોઈ દુઆ માગ્યા વિના અથવા ટૂંકી દુઆ માગીને ઈમામ સાહબનો પૂરો સાથ આપ્યા વિના ચાલ્યો જાય તો તેના પર વાંધો ઉઠાવે છે અને તેને બુરો જાણે છે. આ સૌ એમની ગલતફહમીઓ છે. ઈમામની સાથે દુઆ માગવી મુક્તદી પર હરગિઝ લાઝિમ તથા જરૂરી નથી. તે નમાઝ પૂરી થયા બાદ તુરત જ ટૂંકી દુઆ માગીને જઈ શકે છે. અને કદી કોઈ મજબૂરીના કારણે દુઆ માગ્યા વિના ચાલ્યો જાય તો પણ નમાઝ સહીહ તથા પૂરી થઈ જાય છે. હવાલા માટે ફતાવા રઝવિય્યહ્, ૩/૨૭૮ જુઓ.

## નમાઝમાં કોણીઓ ખુલ્લી રાખવી

મજબૂરી વગર કોણીઓ ખુલ્લી રાખીને જેમ કે આજકાલ અડધી બાંયનાં શર્ટ પહેરીને★ કેટલાક લોકો નમાઝ અદા કરે છે આ મકરૂહ છે અને આવી નમાઝને ફરીથી પઢવાનો હુકમ છે. *(ફતાવાએ રઝવિય્યહ્, ભાગ : ૩, પેજ : ૪૧૬)*

અને જે લોકો બાંયો ચઢાવીને અને કોણીઓ ખુલ્લી રાખીને નમાઝ અદા કરે છે તેઓ ઉપર બે ગુનાહ થાય છે. એક કપડુ ચઢાવવાનો અને બીજો કોણીઓ ખુલ્લી રાખવાનો, કેમ કે નમાઝમાં કપડુ ચઢાવવું મના છે. જેમ કે કેટલાક લોકો સજદામાં જતી વખતે બંને હાથો વડે તેમના પાયજામાના પાઈચાઓને પકડીને ચઢાવે છે, આ પણ નાજાઈઝ અને ગુનોહ છે. આ પ્રકારના નમાઝીઓને પ્યાર અને મહોબ્બતથી સમજાવવું જોઈએ અથવા એક એકને ટોકવા અને રોકવાની જગ્યાએ બધાને ભેગા કરીને મસ્અલો બતાવી દેવો જોઈએ જેથી કરીને કોઈને પોતાનું અપમાન ન લાગે. કેમ કે આજકાલ દીની બાબતો ઉપર ટોકવામાં આવે તો લોકોમાં અપમાનની લાગણી થયાની બીમારી ફેલાયેલી જોવા મળે છે.

---

★ ***અડધી બાંય વિશે જરૂરી ખુલાસો*** *: અહીં પ્રકાશક તરફથી આજીજી સાથે અર્ઝ છે કે ફતાવા રઝવિય્યહ, ૩/૪૧૬ માં મૂળ સવાલ આ પ્રમાણે છે :–*

*"હાથોની કોણીઓ ખોલીને બાંયો ઉપર ચઢાવીને નમાઝ પઢવામાં કેટલા પ્રમાણમાં નુકસાન છે ? કયા દરજાનીએ નમાઝ થશે ? ........" તેનો જવાબ આ પ્રમાણે છે : "નમાઝ મકરૂહે તહરીમી, દોહરાવવી વાજિબ થશે, જો નહીં દોહરાવે તો ગુનેહગાર થશે. દુર્રે મુખ્તાર, હિલ્યા વગેરે... (ફતાવા રઝવિય્યહ, ૩/૪૧૬)*

## નાનાં બાળકોને મસ્જિદમાં લાવવું

ઘણા નાનાં, નાસમજ બાળકોએ મસ્જિદમાં આવવું અથવા તેમને સાથે લઈ આવવું શરીઅતની રીતે નાપસંદીદા, નાજાઈઝ અને મકરૂહ છે. કેટલાક લોકો તેમની ઔલાદથી બેહદ મહોબ્બત કરવાવાળા, જ્યારે મસ્જિદમાં આવે છે ત્યારે તેમની સાથે નાની ઉંમરના, નાસમજ બાળકોને પણ લઈ આવે છે, ત્યાં સુધી કે કેટલાક લોકો તેમને (બાળકોને) આગળ ની સફોમાં પોતાની સાથે નમાઝમાં ઊભા રાખી લ્યે છે ! જે ઘણી જ ખોટી વાત છે અને તેનાથી પાછળની સફોના બધા નમાઝીઓની નમાઝ મકરૂહ થાય છે અને તેનો ગુનોહ તે બાળકને લઈ આવનાર અને સફોમાં પોતાની સાથે નમાઝમાં રાખનાર પર છે, અને તેના ઉપર જે આવા લોકોને પોતાની હૈસિયત મુજબ મના ન કરે. હા ! જે સમજદાર અને હોશિયાર બાળકો છે, નમાઝના આદાબથી પરિચિત છે, પાકી અને નાપાકીને સમજે છે તેઓ આવી શકે છે અને આવા બાળકોની સફ, મસ્જિદમાં બાલિગ માણસોની પાછળ હોવી જોઈએ. અને ઘણા નાના બાળકો જે નમાઝને પણ એક પ્રકારની રમત સમજે છે અને મસ્જિદમાં અવાજ કરીને પોતે પણ નથી પઢતા અને બીજાઓની નમાઝ પણ બગાડે છે એવા બાળકોને સખ્તાઈપૂર્વક મસ્જિદમાં આવવાથી રોકવું જરૂરી છે.

હદીષમાં છે : ફર્માવ્યું રસૂલુલ્લાહ ﷺએ કે તમારી મસ્જિદોને બચાવો બાળકોથી, પાગલોથી, ખરીદ અને વેચાણથી અને ઝઘડાઓ

---

*તદ્ઉપરાંત નીચેના લખાણમાં અકાબિર ઉલમાનાં સ્પષ્ટ રીતે "અડધી બાંય વિશે" સવાલ જવાબો જોઈ લો :–*

***સવાલ :*** *અડધી બાંયનો કુર્તો કે કમીસ વગેરે પહેરીને નમાઝ પઢવી કેવી ?*

***જવાબ :*** *જો તેની પાસે બીજુ આખી બાંયનું કપડુ (પહેરણ) છે તો મકરૂહ છે, નહીં તો કરાહત વિના જાઈઝ છે. હઝરત સદરૂશ્શરીઅહ عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ લખે છે : જેની પાસે કપડાં મૌજૂદ હોય અને કેવળ અડધી બાંય અથવા બનિયાન પહેરીને નમાઝ પઢે તો કરાહતે (મકરૂહે) તન્ઝીહી છે અને કપડાં મૌજૂદ નથી તો કરાહત પણ નથી. માફ છે. અને જો કુર્તો કે ઝભ્ભાની બાંય ચઢાવીને પઢે છે તો નમાઝ મકરૂહે તહરીમી છે. (દુર્રે મુખ્તાર, ૧/૪૭૩, ફતાવા અમજદિયા, ૧/૧૯૩, હવાલો : ફતાવા ફકીહે મિલ્લત ૧/૧૭૪)*

*લિ. પ્રકાશક...*

કરવાથી અને જોર જોરથી બોલવાથી. *(ઈબ્ને માજા, બાબુ મા યકરહુ ફિલ મસાજિદ, પેજ : ૫૫)*

એટલે કે આ બધી બાબતો મસ્જિદમાં નાજાઈઝ અને ગનાહ છે.

સદરુશ્શરીઅહ હઝરત મૌલાના અમજદ અલી આ'ઝમી رحمۃ اللہ علیہ લખે છે : "બાળકો અને પાગલો જેનાથી નાપાકી થવાની શક્યતા હોય, મસ્જિદમાં લઈ જવું હરામ છે, નહીંતર મકરૂહ." *(બહારે શરીઅત, ભાગ : ૩, પેજ : ૧૮૨)*

કેટલાક લોકો કહે છે કે બાળકો મસ્જિદમાં આવશે નહીં તો નમાઝ શીખશે કેવી રીતે ? તો ભાઈઓ સમજદાર બાળકોના શીખવા માટે મસ્જિદ છે અને નાસમજ, નાના બાળકો માટે ઘર અને મદ્રસા છે. અને હદીષે રસૂલની પાસે પોતાની (વાતો) ચલાવવી જોઈએ નહીં.

## મસ્જિદોને સજાવવું અને ઈમામોને સતાવવું

આજકાલ ઘણુખરું જોવા મળે છે કે લોકો મસ્જિદોને શણગારવામાં અને સજાવટમાં ઘણો જ પૈસો ખર્ચે છે અને ઈમામો, મોલ્વીઓને સતાવે છે. તેમને સતત પરેશાની અને તકલીફોમાં રાખે છે અને ઓછામાં ઓછા પૈસાથી કામ ચલાવવાનું ઈચ્છે છે જેને કારણે આ સજેલી અને શણગારેલી ખૂબસૂરત મસ્જિદો ક્યારેક ક્યારેક વેરાન જેવી બની જાય છે અને તેમાં સમયસર અઝાન અને ઈકામત થતી નથી.

આ બયાનથી અમારો મતલબ એ નથી કે મસ્જિદોને સજાવવું અને ખૂબસૂરત બનાવવું મના છે. પરંતુ મતલબ એ છે કે, "કોઈપણ મસ્જિદની સાચી ખૂબસૂરતી એ છે કે તેમાં દીનદાર, ખુદા તઆલાનો ખૌફ રાખનાર અને લોકોને નમ્રતા, ખૂબી અને હિકમત, હોશિયારીની સાથે દીનની વાતો બતાવનાર આલિમે દીન ઈમામત કરતો હોય, પછી ભલે તે મસ્જિદ કાચી અને સાદી ઈમારત હોય. કોઈ મસ્જિદ માટે જો નેક અને સાચો ઈમામ મળી જાય તો લોકો માટે એ જરૂરી છે કે તેને દરેક રીતે ખુશ રાખે અને તેનો ઘણો જ ખ્યાલ રાખે, બલ્કે પીરો કરતાં પણ વધુ આલિમો, મોલ્વીઓ, ઈમામો અને મુદર્રિસીનોનો ખ્યાલ રાખવામાં આવે. કેમ કે દીનનું બાકી

રહેવું અને ઈસ્લામની હિફાઝત ઈલ્મવાળાઓ થકી છે. જો ઈમામો અને મોલ્વીઓને પરેશાન રાખવામાં આવશે તો તે દિવસ દૂર નથી કે મસ્જિદો અને મદ્રસાઓ ક્યાં તો વેરાન થઈ જશે અથવા તેમાં સૌથી વધુ ખરાબ પ્રકારના લોકો ઈમામતો કરશે અને બાળકોને પઢાવશે. સારા ખાનદાન અને સારા વિચાર અને ફિક્ર રાખવાવાળાઓ આ લાઈન (મોલ્વીની)થી દૂર થઈ જશે. ખુલાસો એ જ કે આલિમો અને મોલ્વીઓએ પૈસા અને માલો દૌલતની લાલચ વગર દીનની સેવા કરવી જોઈએ અને કૌમને જોઈએ કે તે પોતાના આલિમો અને મોલ્વીઓ અને દીનની સેવા કરવાવાળાઓને ખુશહાલ રાખે અને તેઓને તંગદસ્ત (આર્થિક તંગી) અને પરેશાન ન થવા દે.

## ઈદગાહમાં નમાઝે જનાઝા પઢવાનો મસ્અલો

મસ્જિદમાં જનાઝાની નમાઝ પઢવું મકરૂહ અને નાજાઈઝ છે. હદીષ શરીફમાં છે : "હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી મરવી છે કે, રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, જે મસ્જિદમાં જનાઝાની નમાઝ પઢે તેને માટે કોઈ સવાબ નથી." *(અબૂ દાઊદ, કિતાબુલ જનાઈઝ, બાબુસ્સલાત, અલલ જનાઈઝ ફીલ મસ્જિદ, પેજ : ૪૫૪)*

હા, જો જોરદાર વરસાદ, આંધી તુફાન વગેરે કોઈ સાચી મજબૂરીના સમયે મસ્જિદમાં પણ પઢવું જાઈઝ છે. જ્યારે કે ઈદગાહ, મદ્રસા કે મુસાફરખાના વગેરેમાં કોઈ જગ્યા ન હોય.

હઝરત અલ્લામા સૈયદ અહમદ તહેતાવી رحمۃ اللہ علیہ ફર્માવે છે : "જે મસ્જિદ ફક્ત નમાઝે જનાઝા પઢવા માટે જ બનાવેલી હોય ત્યાં આ નમાઝ (જનાઝાની નમાઝ) પઢવી મકરૂહ નથી એટલે કે જાઈઝ છે. તેવી જ રીતે મદ્રસા અને ઈદગાહમાં નમાઝે જનાઝા પઢવું જાઈઝ છે. *(તહતાવી અલલ મરાકીયુલ ફલાહ, મતબૂઆ, કુસ્તુન્તુનિયા, પેજ : ૩૨૬)*

અને મૌલાના મુફતી જલાલુદ્દીન અમજદી رحمۃ اللہ علیہ ફર્માવે છે : "નમાઝે જનાઝા ઈદગાહની જગ્યામાં અને મદ્રસામાં પણ પઢી શકાય છે." *(ફતાવાએ ફયઝુર્રસૂલ, ભાગ : ૧, પેજ : ૪૪૬)*

આથી જે લોકો ઈદગાહમાં નમાઝે જનાઝા પઢવાથી અચકાય છે તેઓ બેધડક અને ડર રાખ્યા વગર ત્યાં નમાઝે જનાઝા પઢે.

## મસ્જિદમાં અવાજ કરવાવાળા પંખાઓ અને કૂલરોનો મસ્અલો

**આજકાલ કેટલાક લોકો જે મસ્જિદોમાં આવે છે તેમને નમાઝથી વધુ પોતાનો આરામ, ચેન, રાહત, ગરમી અને ઠંડીની ચિંતા રહે છે. પોતાની દુકાનો, મકાનો, ખેતીવાડીઓ અને કામધંધાઓમાં મોટી મોટી મુસીબતો ઉઠાવી લેનારાઓ અને તકલીફો સહન કરવાવાળાઓ જ્યારે મસ્જિદોમાં ૧૦ થી ૧૫ મિનિટ નમાઝ પઢવા આવે છે ત્યારે જરા પણ પરેશાની થાય છે કે થોડીક ગરમી કે ઠંડી લાગી જાય તો અકળાઈ ઉઠે છે. જાણે કે આજકાલ લોકો એ મસ્જિદોને આરામગાહ અને એશોઆરામની જગ્યા સમજી લીધી છે.** જ્યાં સુધી શરીઅતે ઈસ્લામિયાએ છૂટ આપી છે ત્યાં સુધી આરામ કરવાથી રોકી શકાતું નથી પરંતુ અમુક સ્થળોએ આ જોઈને ઘણો જ રંજ થાય છે કે મસ્જિદોને અવાજ કરવાવાળા વીજળીના પંખાઓ અને એર કૂલરોથી શણગારી દે છે અને જ્યારે આ બધા પંખાઓ અને કૂલરો ચાલે છે તો મસ્જિદોમાં એક પ્રકારના અવાજનો હંગામો થઈ જાય છે જેથી ક્યારેક તો ઈમામની ક઼િર્અત અને તકબીરો પણ બરાબર સંભળાતી નથી અથવા ઈમામને આ પંખાઓ અને કૂલરોને કારણે અવાજને ખેંચીને ક઼િર્અત અને તકબીરોને પઢવું પડે છે.

કેટલીક જગ્યાઓએ તો એ પણ જોવા મળેલ છે કે મસ્જિદોમાં પોતાના એશો આરામને માટે ભારેખમ અવાજોવાળાં જનરેટર રાખી દેવામાં આવે છે, જે સરાસર આદાબે મસ્જિદની વિરુદ્ધ છે. જ્યાં સુધી વીજળી આધારિત પંખાઓ અને કૂલરોનો સવાલ છે તો શરૂઆતમાં (અગાઉ) અકાબિર ઓલમાએ કિરામે તેમને મસ્જિદમાં લગાડવાને મુતલકન મના અને મકરૂહ ફર્માવ્યું હતું.

જેમ કે ફતાવા રઝવિય્યહ્, ભાગ : ૬, પેજ : ૩૮૪ પર ખૂદ આ'લા

હઝરત ઈમામે અહલે સુન્નત મૌલાના શાહ અહમદ રઝાખાં رحمۃ اللہ علیہની કલમથી તેની સ્પષ્ટતા થયેલી છે. હવે પછીથી આધુનિક સંશોધનો અને અવામમાં તેની પ્રચલિતતા (વપરાશ)ને કારણે તેની ઈજાઝત આપી દેવામાં આવી. પરંતુ અવાજ કરવાવાળા અને તેમના ખડખડાટ થકી મસ્જિદમાં એક પ્રકારનો હંગામો ઊભો કરી દેનારાં એર કૂલરો અને પંખાઓને લગાડવું તો આદાબે મસ્જિદ અને ખુશૂઅ અને ખુઝૂઅ (એકાગ્રતા) માટે જરૂર મના છે, તેની ઈજાઝત ચોક્કસપણે આપવામાં આવતી નથી. એકદમ ધીમી અવાજવાળા અને જરૂરત મુજબના પંખાઓથી કામ ચલાવી લેવું જોઈએ. એર કૂલરોથી તો મસ્જિદને બચાવી લેવું જ સારું છે કેમ કે તેમાં (કૂલરોમાં) ખાસ કરીને અવાજ વધુ હોય છે આથી સંખ્યાબંધ પંખાઓ અને કૂલરો લગાડીને મસ્જિદમાં ઘોંઘાટ કરવો જોઈએ નહીં.

ભાઈઓ ! ખુદા તબારક વ તઆલાનો ખૌફ રાખો, **ખાનએ ખુદા (મસ્જિદ)ને આરામ અને મનોરંજનનું સ્થળ ન બનાવો.** તે નમાઝ, ઈબાદત અને તિલાવતે કુર્આન માટે છે, શરીરની દેખભાળ માટે નથી ! નફ્સને મારવા માટે છે, નફ્સને આરામ પામવા માટે નથી. મસ્જિદોમાં અવાજ કરવાવાળા વીજળીના પંખાઓ બાબત હુકમ ફર્માવતાં આ'લા હઝરત رحمۃ اللہ علیہ બયાન ફર્માવે છે : ''બેશક ! એવી જગ્યાએ નમાઝ પઢવી મકરૂહ છે.'' *(ફતાવાએ રઝવિય્યહ્, ભાગ : ૬, પેજ : ૩૮૬)*

આ જ જગ્યાએ આ'લા હઝરત رحمۃ اللہ علیہએ દુર્રે મુખ્તારનુ આ લખાણ પણ નકલ ફર્માવેલ છે : ''જો ખાવાનું હાજર હોય અને તેની તરફ દિલ ખેંચાતુ હોય અને ખાવાની ઈચ્છા હોય તો આવા સમયે નમાઝ પઢવી મકરૂહ છે. એ જ પ્રમાણે **દરેક તે વસ્તુ જે નમાઝમાંથી દિલને ફેરવી દે અને ખુઝૂઅમાં ખલેલ પહોંચાડે.''** અધિક આગળ ફર્માવે છે : ''ચક્કીની પાસે નમાઝ મકરૂહ છે.'' રદ્દુલ મુહ્તારમાં છે : ''શાયદ ! એનું કારણ એ છે કે ચક્કીનો અવાજ દિલને નમાઝથી હટાવે છે.''

તે જ પ્રમાણે તે પંખાઓ જે ખરાબ અને જૂના થઈ જવાને કારણે અવાજ કરવા માડે છે તેને રીપેર કરાવી લેવા જોઈએ અથવા તેને મસ્જિદમાંથી ખસેડી લેવા જોઈએ.

## નમાઝે જનાઝામાં તકબીરના સમયે આસ્માનની તરફ મોઢું ઉઠાવવું

આજકાલ ઘણા લોકો એવું કરતા જોવા મળે છે કે જ્યારે નમાઝે જનાઝામાં તકબીર કહેવામાં આવે છે ત્યારે દરેક તકબીરના સમયે ઉપરની તરફ મોઢું ઉઠાવે છે જો કે તેની કોઈ અસ્લ (સાબિતી) નથી. બલ્કે નમાઝમાં આસ્માનની તરફ મોઢું ઉઠાવવું મકરૂહે તેહરીમી છે. *(બહારે શરીઅત)*

અને હદીષ શરીફમાં છે, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "શું હાલત છે તે લોકોની જે નમાઝમાં આસ્માનની તરફ આંખો ઉઠાવે છે. તેનાથી દૂર રહે અથવા તેમની આંખોને ખેંચી લેવામાં આવશે." *(મિશ્કાત શરીફ, બહવાલા સહીહ મુસ્લિમ, પેજ : ૯૦)*

ખુલાસો એ કે નમાઝે જનાઝા હોય અથવા બીજી કોઈ નમાઝ, જાણી જોઈને આસ્માનની તરફ નજર ઉઠાવવી મકરૂહ છે અને નમાઝે જનાઝામાં તકબીરના સમયે ઉપરની તરફ જોવાનો જે રિવાજ પડી ગયેલ છે તે ખોટો અને આધાર વગરનો છે.

*(આપણા તરફ આ રિવાજ તો નથી પણ કેટલીક જગાએ નમાઝે જનાઝામાં ઈમામ તકબીર કહે ત્યારે કેટલાક મુક્તદીઓ પણ જોરથી "અલ્લાહુ અકબર" કહે છે તો એ ગલત છે, મુક઼તદીએ ફક્ત પોતે સાંભળે એટલા જ અવાજમાં જેમ અન્ય નમાઝમાં તકબીર કહે છે તેમ ધીમે કહેવી જોઈએ. –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## મૈયતના ખાણા વિશે ખુલાસો

મૈયતનું તીજીયુ, દસમુ, ચાળીસુ વગેરે મૌક઼ાઓ પર દાવત કરીને ખાણુ ખવડાવવાનો જે રિવાજ છે, એ પણ એકદમ ખોટુ અને શરીઅતની વિરૂદ્ધ છે. હા, ગરીબો અને ફક઼ીરોને બોલાવીને ખવડાવવામાં વાંધો નથી. આ'લા હઝરત ફર્માવે છે : "મુર્દાનું ખાણુ ફક્ત ફક઼ીરો માટે છે, આમ દાવતની રીતે કરવામાં આવે છે તે મના છે, તે ગની (માલદાર) ન ખાય." *(અહકામે શરીઅત, ભાગ–૨, પેજ–૧૬)*

અને આગળ ફર્માવે છે "મૌતમાં દાવતનો કોઈ અર્થ નથી." ફત્હુલ

કદીરમાં તેને બુરી બિદઅત ફર્માવ્યું. *(ફતાવાએ રઝવિય્યહ, ભાગ–૪, પેજ–૨૨૧)*

***જરૂરી નોંધ** : આ મસ્અલાના અનુસંધાનમાં એક સવાલ તથા તેનો જવાબ અત્રે રજૂ કરીએ છીએ જેનાથી ઘણી ગલતફહમીઓ દૂર થઈ જશે. કેટલાક મૈયતના ખાણાને સદંતર હરામ સમજે છે તેનો પણ એમાં ખુલાસો આવી જશે. –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## શું મૈયતનું ખાણુ સગાં સંબંધીઓને ખવડાવવાથી મુડદાને સવાબ પહોંચશે ?

**સવાલ** : ચાળીસુ વગેરેની ફાતિહામાં સગાં સંબંધીઓને, કુંટુંબીજનોને આમંત્રણ આપવામાં આવે છે એ લોકો આવીને ખાવાનુ ખાય છે અને બીજી બાજુ ઘરમાં ઈમામ સાહબ ફાતિહા પઢે છે. તો શું આ પ્રમાણે ખવડાવવાથી મુડદાને સવાબ પહોંચશે ? અથવા આ ફુઝૂલખર્ચીમાં ગણાશે ? કેમ કે આવનાર લોકો ખાયને ચાલ્યા જાય છે. એક વ્યક્તિનું કહેવું છે કે ખવડાવવું સવાબ છે, બીજી વ્યક્તિ કહે છે કે આ ફુઝૂલખર્ચી છે કેમ કે આ લોકો ખાયને પઢયા વિના ચાલ્યા જાય છે.

અને શું કુંટુંબીજનોને ખાવા ખવડાવવામાં સવાબ છે ? આનાથી મુડદાને સવાબ પહોંચે છે ? *(પૂછનાર : હાફિઝ ગુફરાન અહમદ–ઈંદોર)*

**જવાબ** : તીજીયુ, દસમુ તથા ચાળીસુ વગેરેમાં ગરીબો ફકીરોને પોતાના સગાં સંબંધીઓને સાથે એ મુજબ ખાવા ખવડાવવું કે એક તરફ આ લોકો જમી રહ્યા હોય અને બીજી બાજુ ઈમામ સાહબ ઘરમાં ફાતિહા આપી રહ્યા હોય તો આ પ્રમાણે ખાણુ ખવડાવવાથી પણ મુડદાને સવાબ પહોંચે છે.

ફતાવા રઝવિય્યહમાં છે "ખાવા (ભોજન) પર ફાતિહા જાઈઝ છે. જમ્યા પહેલાં પણ અને પછી પણ. અને ખાધા પહેલાં ફાતિહા દેવાથી સવાબ જલ્દી પહોંચશે અને જલ્દીમાં જ ફાયદો છે." *(ભાગ–૪, પેજ–૨૨૭)* અને ઈસાલે સવાબ માટે ખાવા પકાવવું અને ત્યાર પછી ફાતિહા અપાવવા બીજુ સારુ કામ છે. ફતાવા રઝવિય્યહમાં છે, "ખાણુ પકાવી મુસલમાન

મુડદાંઓના નામે ઈસાલે સવાબ માટે સદક઼ો કરવો બિલકુલ જાઈઝ અને મુસ્તહસન (સારુ) કાર્ય છે, અને એના પર ફાતિહાથી ઈસાલે સવાબ બીજુ મુસ્તહસન (સારુ) કાર્ય છે અને બે વસ્તુઓને જમા કરવું વધારે સારું છે.'' *(ભાગ–૪, પેજ–૨૧૪)*

મૈયતના નામ પર ખાવા બનાવવા તથા ખવડાવવાથી મક઼સદ માત્ર મર્હૂમની રૂહને સવાબ પહોંચાડવો છે, આ મક઼સદથી જ ખાવા (ભોજન) પકાવવામાં આવે છે. માટે આ ખાણુ નફલી સદક઼ાથી થયું. અને સદક઼એ નફલ સગાં સંબંધીઓ, કુટુંબીજનો, ગરીબો તથા માલદારો **બધા માટે જાઈઝ છે. મના નથી** અને આ ફુઝૂલખર્ચી પણ નથી, બલ્કે જો સગાં સંબંધીઓ પઢયા વિના ખાવા ખાયને ચાલ્યાં જાય તો પણ એનો સવાબ મર્હૂમની રૂહને પહોંચે છે.

**ફતાવા રઝવિય્યહમાં છે :** ''ઉર્ફે આમમાં ચાળીસુ વગેરેના અવસરે ખાવા પકાવવાથી લોકોનો મૂળ મક઼સદ મૈયતને સવાબ પહોંચાડવો હોય છે. આ જ મક઼સદથી આ કાર્ય કરે છે, માટે એને ફાતિહાનું ખાવાનું, ચાળીસાના ફાતિહા વગેરે કહેવામાં આવે છે અને **તહક઼ીક મુજબ માત્ર ફક઼ીરો પર સદક઼ો કરવામાં જ સવાબ નથી બલ્કે માલદારો ઉપર પણ સદક઼ો કરવામાં સવાબ છે.** હુઝૂર ﷺ ફર્માવે છે : દરેક ગરમ જિગરમાં સવાબ છે. મતલબ કે દરેક જાનદારને ખાવા ખવડાવવા તથા પાણી પીવડાવવામાં સવાબ મળશે. અને હુઝૂરે અક઼દસ ﷺએ ફર્માવ્યું, જે કાંઈ પણ માણસ ખાય છે એમાં સવાબ છે, અને જે જાનવર તથા પક્ષીઓ ખાય છે એમાં પણ સવાબ છે.'' *(ભાગ–૪, પેજ–૨૨૮)*

જો કે માલદારો કરતાં કુટુંબનાં ફક઼ીર ગરીબોને ખવડાવવુ અફઝલ છે, પણ એનો એ મતલબ નથી કે માલદારોને ખવડાવવુ મના તથા નાજાઈઝ છે, **ભલે અફઝલ એ હતું કે ફક઼ીરો ગરીબો પર સદક઼ો કરવામાં આવે, કેમ કે જ્યારે ખાણુ ખવડાવવાથી મક઼સદ માત્ર ઈસાલે સવાબ છે તો એ જ કામ વધારે યોગ્ય છે જેમાં વધારે સવાબ હોય, તો પણ મૂળ મક઼સદ મફ઼કૂદ (લુપ્ત) નથી, જ્યારે કે નિય્યત સવાબ પહોંચાડવાની હોય.**

**હા ! જેની નિય્યત ઈસાલે સવાબની ન હોય બલ્કે શાદીઓની જેમ દાવત તથા મહેમાનનવાઝીની નિય્યતથી પકાવે તો એને સવાબથી કોઈ સંબંધ નથી અને ન આ પ્રમાણેની દાવત ઈસાલે સવાબના અવસરે શરીઅતમાં પસંદ છે અને ન આ દાવત ક઼બૂલ કરવી જોઈએ કેમ કે આ પ્રમાણેની દાવતો શાદીઓમાં થાય છે ન કે ગમીમાં.**

ફત્હુલ ક઼દીર નામની કિતાબમાં છે : ''મૈયતના ખાણાને મહેમાનનવાઝીની નિય્યતથી બનાવવું મકરૂહ છે એટલા માટે કે મહેમાનનવાઝી ખુશીના અવસર પર હોય છે ન કે ગમીના અવસર પર, આ પ્રમાણેની મહેમાનનવાઝી બિદઅતે કબીહા (બુરી બિદઅત) છે.'' *(ભાગ–૨, પેજ–૧૫૧)*

**માટે રિશ્તેદારો, કુંટુંબીજનોને પણ ખાણુ ખવડાવવાથી મર્હૂમની રૂહને સવાબ પહોંચે છે, જ્યારે કે નિય્યત સારી હોય.**

લખનાર : મુહમ્મદ નૌશાદુલ બરકાતી

સમર્થક : **મુફ્તી નિઝામુદ્દીન રઝવી બરકાતી** *(સદર : દારૂલ ઈફ્તા જામિઆ અશ્રફિયા–મુબારકપુર)*

## પતિના તેના પત્નીનો જનાઝો ઉઠાવવાનો મસ્અલો

અવામમાં એવું મશ્હૂર છે કે પતિ તેની પત્નીના મર્યા પછી ન તો તેણીને જોઈ શકે છે, ન તેના જનાઝાને હાથ લગાડી શકે છે અને ન તો કંધો આપી શકે છે, આ વાત ખોટી છે.

સાચી વાત એ છે કે પતિ માટે તેની પત્નીના મર્યા પછી તેનું મોઢું જોવું પણ જાઈઝ છે અને તેના જનાઝાને ઉપાડવું અને કંધો આપવો અને ક઼બ્રમાં ઉતારવુ પણ જાઈઝ છે. *(ફતાવાએ રઝવિય્યહ, ભાગ : ૪, પેજ : ૯૧)*

*(હા ! ઘણે ઠેકાણે આ નવો રિવાજ ચાલુ થયો છે કે ચારેબાજુ કાંધો આપનારા કાંધો આપે છે ત્યારે મરનારનો કોઈ સગો જનાઝાના આગળ ના ભાગે વચ્ચે કે પાછળના ભાગે વચ્ચે જનાઝાની નીચે તેને ઊંચકીને ચાલે છે ! જેમાં તે પણ વિના કારણે તકલીફ ઉઠાવે છે અને કાંધો*

*આપનારાઓને પણ તેના લીધે અગવડ પડે છે. તો આવુ કરવુ ઉલમાએ મકરૂહ બતાવ્યું છે, જેથી કોઈએ જનાઝા નીચે આગળ કે પાછળ ન ભરાવું બલ્કે ચાર છેડા પર કાંધ આપવી. તેમજ જનાઝા સાથે ચાલનારાઓએ કલ્માએ શહાદત, ઝિક્ર, દુરૂદ શરીફ કે સલાતો સલામ પઢવું જોઈએ કે શાંતિથી ચાલવું જોઈએ, તેને બદલે શાદીના સરઘસમાં જતા હોય તેમ ઘણા લોકો વાતોમાં મશગૂલ થઈ જાય છે, તો એ બુરું છે. તથા દફનવિધિ વેળા એક તરફ કુર્આન પઢાય છે તો બીજી તરફ કબ્ર ઠીક કરનારા બૂમાબૂમ કરે છે તો એ પણ જાઈઝ નથી. શાંતિથી કુર્આન સાંભળવું વાજિબ છે.*

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## ફાતેહામાં ખાવાનું અને પાણી સામે રાખવાનો મસ્અલો

આ બારામાં બે પ્રકારના લોકો જોવા મળે છે. કેટલાક લોકો (વહાબીઓ) એવા છે કે જો ખાવાનું સામે રાખીને સૂરએ ફાતિહા વગેરે કુર્આની આયતો પઢવામાં આવે તો તેમને આવા ખાવાથી સૂગ ચઢે છે અને તે આ ખાણાના દુશ્મન બની જાય છે અને તેને હરામ ખયાલ કરે છે. આ તે લોકો છે જેઓનાં દિલમાં બીમારી છે, તો ખુદાએ તઆલાએ તેઓની બીમારીને એથી વધારી આપી. ઘણી જ હદીષો અને અઈમ્માના અકવાલ અને બુઝુર્ગાને દીનના અમલથી મોઢું ફેરવીને પોતાની ચલાવે છે અને નાહક્ક઼ મુસલમાનોને મુશ્રિક અને બિદઅતી બતાવે છે.

બીજા આપણા એ મુસલમાન (અજ્ઞાન) ભાઈઓ છે જે પોતાની અજ્ઞાનતા અને વહેમીપણાને આધારે એવું સમજે છે કે જો ખાવાનું સામે ન હોય તો કુર્આનની તિલાવત અને ઈસાલે સવાબ મના છે.

કેટલીક જગ્યાએ જોવા મળ્યું છે કે મીલાદ પઢયા પછી વાત જુએ છે કે મીઠાઈ આવી ગયા પછી તિલાવત શરૂ કરે. એટલે સુધી કે મીઠાઈ આવી જવામાં જો વાર લાગે તો ગ્લાસમાં પાણી નાખીને રાખવામાં આવે છે જેથી કરીને તેમની અજ્ઞાનતા ભરી વિચારસરણીમાં તેમના માટે ફાતિહા પઢવું જાઈઝ થઈ જાય. ક્યારેક એવું થાય છે કે ઈમામ સાહબ આવીને બેસી ગયા હોય છે અને મુસલ્લા ઉપર બેસીને રાહ જોઈ રહ્યા હોય છે કે

જો ખાવાનું આવી જાય તો કુર્આન પઢે. આ બધી મનઘડત વાતો છે. હકીકત તો એ છે કે ફાતિહામાં ખાવાનું સામે હોવું જરૂરી નથી. જો આયતો અને સૂરતો વગર જ વહેંચી આપી તો પણ ઈસાલે સવાબ થઈ જશે અને ફાતિહામાં કોઈ કમી આવશે નહીં.

સૈયદી આ'લા હઝરત મૌલાના અહમદ રઝાખાન બરેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે : "ફાતિહા અને ઈસાલે સવાબ માટે ખાવાનું સામે હોવું કાંઈ જરૂરી નથી." *(ફતાવાએ રઝવિય્યહ, ભાગ : ૪, પેજ : ૨૨૫)*

અને બીજી જગ્યાએ લખે છે : "જો કોઈ વ્યક્તિ એવું માને છે કે જ્યાં સુધી ખાવાનું સામે ન આવે ત્યાં સુધી સવાબ પહોંચતો નથી તો તેનું માનવું ખોટુ છે." *(ફતાવાએ રઝવિય્યહ્, ભાગ : ૪, પેજ : ૧૯૫)*

ખુલાસો એ જ છે કે **ખાવા પીવાની વસ્તુઓ સામે રાખેને ફાતિહા પઢવામાં કોઈ વાંધો નથી બલ્કે હદીષોથી તેની અસ્લ સાબિત છે અને ફાતિહામાં ખાવાનું સામે રાખવાને જરૂરી સમજવું કે તેના વગર ફાતિહા થશે નહીં આ પણ ઈસ્લામમાં વધુ પડતું, વહેમપરસ્તી અને ખોટો ખ્યાલ છે જેને મિટાવવું મુસલમાનો માટે જરૂરી છે.**

હઝરત મૌલાના ખલીલ અહમદ સાહબ બરકાતી મારેહરવી ફર્માવે છે, "તમે ન્યાઝ, દુરૂદ અને ફાતિહામાં દિવસ અને તારીખ નક્કી કરવાની બાબતમાં એમ સમજી લીધું છે કે એ જ દિવસોમાં સવાબ મળશે, આગળ પાછળના દિવસોમાં નહીં, તો આ પ્રમાણે સમજવું શરીઅતના હુકમની વિરુદ્ધ છે, એ જ પ્રમાણે ફાતિહા અને ઈસાલે સવાબ માટે ખાવાનું સામે હોવું કાંઈ જરૂરી નથી અથવા હઝરત ફાતિમા ખાતૂને જન્નતની ન્યાઝનું ખાણુ પર્દામાં રાખવું અને પુરૂષોને તેમાંથી ખાવાનું ન આપવું એ સ્ત્રીઓની અજ્ઞાનતાઓ છે, સાબિતી વગરની અને મનઘડત વાતો છે. પુરૂષોએ જોઈએ કે આવી વાતોને ખત્મ કરે અને સ્ત્રીઓને સીધા રસ્તા અને શરીઅતના હુકમો ઉપર ચલાવે. *(તૌઝીહ વ તશ્રીહ, ફૈસલએ હફ્ત મસ્અલા, પેજ : ૧૪૨)*

## બાળક પેદા થવાને કારણે જે સ્ત્રી મૃત્યુ પામે તેને બદ્‌નસીબ સમજવું

અમુક સ્થળોએ કેટલાક લોકો એવી સ્ત્રીને જે બાળક પેદા થવાને કારણે મૃત્યુ પામે છે તેને ખોટુ થવાનું વિચારે છે અને કહે છે કે તે સ્ત્રી નાપાકીમાં મૃત્યુ પામી છે આથી બદ્‌નસીબ અને મન્હૂસ છે. અહીંયાં સુધી સાંભળવા મળ્યું છે કે કેટલાક લોકો કહે છે કે તે મૃત્યુ પામીને ચૂડેલ બનશે. આ બધું જો કે બકવાસ અને ચોખ્ખી ખુરાફાતો (વ્યર્થ વાતો) છે.

હદીષ શરીફમાં આ પ્રમાણે મૃત્યુ પામી જનાર સ્ત્રીને શહાદતનો મર્તબો મેળવનાર ફર્માવવામાં આવેલ છે અને આનો (શહાદતનો) ઈસ્લામમાં ઘણો મોટો મર્તબો છે. રહી વાત તેની નાપાકીની તો આ તેની મજબૂરી છે જેનો તેના ઉપર કોઈ ગુનોહ નથી અને મો'મિનનું બાતિન કોઈ દિવસ નાપાક નથી અને આ નાપાકી પણ લોહી આવવાને કારણે હોય છે. ખૂન ન આવ્યું તો પણ ઝાહિરમાં તો તેણી પાક છે.

## કાલ્પનિક ક઼બ્રો અને મઝારો બનાવવા

આજકાલ એવું ઘણુ થઈ રહ્યું છે કે પહેલાં જ્યાં કાંઈ પણ ન હતું ત્યાં હવે કોઈપણ મુડદાને દફન કર્યા વગર ક઼બ્ર અને મઝાર બનાવી દેવામાં આવ્યું અને પૂછે તો કહે છે કે ખ્વાબમાં બશારત થઈ છે. ફલાણા મિયાં (કાલ્પનિક નામ)એ ખ્વાબમાં આવીને બતાવેલ છે કે અહીંયાં અમો દફન છીએ, અમારું મઝાર બનાવો. સાચી વાત એ છે કે આ પ્રમાણે ક઼બ્ર અને મઝાર બનાવવું, તેના ઉપર હાજરી આપવી, ફાતિહા પઢવું, ઉર્સ કરવો, ચાદર ચઢાવવી બધું જ હરામ છે. મુસલમાનોને છેતરવું અને ઈસ્લામને બદ્‌નામ કરવું છે અને ખ્વાબમાં મઝાર બનાવવાની બશારત શરીઅતની રૂએ કોઈ વસ્તુ નથી અને જે લોકોએ આવા (ખ્વાબમાં આવેલ કાલ્પનિક નામથી) મઝારાત બનાવી લીધેલ છે તેને ઉખાડી દેવું અને તેનું નામો નિશાન મિટાવી દેવું ઘણુ જ જરૂરી છે.

કેટલીક જગ્યાઓએ જોવા મળેલ છે કે કોઈ બુઝુર્ગની લાકડી, અમામો વગેરે કોઈ તેને લગતી વસ્તુ દફન કરીને મઝાર બનાવે છે અને

ક્યાંક વળી કોઈ બુઝુર્ગના મઝારની માટી બીજી જગ્યાએ લઈ જઈને દફન કરીને મઝાર બનાવે છે, આ બધું નાજાઈઝ અને ગુનોહ છે. સૈયદી આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે, "કાલ્પનિક મઝાર બનાવવું અને તેની સાથે અસ્લ મઝાર જેવું વર્તન કરવું નાજાઈઝ અને બિદઅત છે અને ખ્વાબની વાત શરીઅતની વિરુદ્ધના કામોમાં માન્ય રાખવામાં આવતી નથી." *(ફતાવા રઝવિય્યહ, ભાગ : ૪, પેજ : ૧૧૫)*

અને શાહ અબ્દુલ અઝીઝ સાહબ મુહદ્દિષે દહેલ્વી رحمۃ اللہ علیہ રિવાયત ફર્માવે છે, "ખુદા તઆલાની લઅનત તેની ઉપર જે મઝાર ન હોવા છતાં તેની ઝિયારત કરે." *(ફતાવાએ અઝીઝિય્યહ, ભાગ : ૧, પેજ : ૧૪૪)*

અને જે જગ્યાએ કોઈ બુઝુર્ગનો મઝાર હોવા ન હોવા અંગેની શંકા હોય, ત્યાં પણ ન જાય.

## સ્ત્રીનું કફન તેના પીયરવાળાઓ ઉપર જરૂરી સમજવું

આ (ઉપરોક્ત) એક ખોટો રિવાજ છે. એટલે સુધી કે અમુક જગ્યાએ પિયરવાળાઓ ગરીબ અને મુફલિસ હોય તો પણ સ્ત્રીનું કફન તેઓએ જ આપવું જરૂરી છે એવું સમજવામાં આવે છે અને તેઓ પાસેથી જબરજસ્તીથી લેવામાં આવે છે અને તેઓને વગર કારણે સતાવવામાં આવે છે, જો કે ઈસ્લામમાં એવું કાંઈ નથી.

મસ્અલો એ છે કે મૈયતનું કફન જો મૈયતને માલ છોડેલ હોય તો તેના માલમાંથી જ આપવામાં આવે અને જો તેણે કોઈ માલ છોડેલ ન હોય તો જિંદગીમાં જેના સીરે તેના પાલનપોષણની જવાબદારી હતી તે કફન આપે અને ઔરતને માટે ખાસ કરીને આ પ્રમાણે છે કે તેણીએ જો માલ છોડેલ હોય તો પણ તેના કફનની જવાબદારી તેના પતિની છે. *(ફતાવાએ રઝવિય્યહ, ભાગ : ૨૩, પેજ : ૬૧૧, છપાઈ : રઝા ફાઉન્ડેશન–લહારો, બહારે શરીઅત, ભાગ : ૪, પેજ : ૧૩૯)*

ખુલાસો એ જ કે ઔરતનું કફન તેના પિયરવાળાઓ ઉપર જ જરૂરી સમજવું અને કોઈપણ પ્રકારે તેના પાસેથી લેવ દાવવું એ ખોટો રિવાજ (કુરિવાજ) છે જેને દૂર કરવું જરૂરી છે.

## મૈયત પછી અને બાળકના જન્મ પછી પૂરા ઘરમાં પોતુ મારવું અને સફાઈ કરવું જરૂરી સમજવું

કેટલાક લોકો ઘરમાં મૈયત થયા પછી અને બચ્ચાની પૈદાઈશ (સુવાવડ) થયા પછી આખા ઘરમાં પોતા લગાવે છે અને એમ સમજે છે કે ઘર નાપાક થઈ ગયું તેથી ઘરને, પોતુ કરવું અને તેની સફાઈ કરવી જરૂરી છે. જો કે આ તેમની ગલતફહમી છે અને ઈસ્લામમાં વધારાનું કામ છે. હા ! જો કે પોતા મારવા અને સફાઈ કરવી એ સારી વસ્તુ છે અને તેની જ્યારે પણ જરૂરત પડે ત્યારે કરાવે. પરંતુ બચ્ચાના જન્મ (સુવાવડ)ને કારણે જ અથવા મૈયત થવાને કારણે જ આ સફાઈ કરવી અથવા કરાવડાવવી અને તેને જરૂરી સમજવું જાહિલ લોકોની વાત છે જેને સમાજમાંથી દૂર કરવું જરૂરી છે.

## મૈયતના માથામાં કાંસકો ફેરવવો

કેટલીક જગ્યાએ મૈયતને ગુસ્લ આપ્યા પછી અને કફન પહેરાવવાના સમયે તેના વાળમાં કાંસકો ફેરવે છે આ મના છે. હદીષમાં છે કે હઝરત સૈયદના આઈશા સિદ્દીક़ા رضی اللہ عنہا થી મૈયતના માથામાં કાંસકો ફેરવવાના બારામાં સવાલ કરવામાં આવ્યો તો આપે મના ફર્માવ્યું. અને ફર્માવ્યું કે, "શા માટે તમે તમારી મૈયતને તકલીફ પહોંચાડો છો ?" *(ફતાવાએ રઝવિય્યહ્, ભાગ : ૪, પેજ : ૩૩, કિતાબુલ આષારે ઈમામ મુહમ્મદ, પેજ : ૪૬)*

## શું ઔરત ફાતિહા પઢી શકતી નથી ?!

ફાતિહા અને ઈસાલે સવાબ જેમ પુરૂષો માટે જાઈઝ છે તે જ રીતે કોઈપણ જાતના શક વગર સ્ત્રીઓ માટે પણ જાઈઝ છે, પરંતુ કેટલીક સ્ત્રીઓ કારણવગર પરેશાન થાય છે અને ફાતિહા માટે બાળકોને (ફાતિહા પઢવા માટે મૌલાનાને શોધવા ચારેબાજુ દોડાવે છે) જો કે તેણીઓ પોતે પણ ફાતિહા પઢી શકે છે. ઓછામાં ઓછું અલ્હમ્દુ શરીફ અને કુલ્હુવલ્લાહ શરીફ લગભગ સ્ત્રીઓને યાદ હોય છે. તેને પઢીને ખુદાએ તઆલાથી દુઆ કરે કે, "યા અલ્લાહ ! આ ફાતિહાનો સવાબ ફલાણા, ફલાણા અને ફલાણા જેને સવાબ પહોંચાડવાનો હોય તેનું નામ લઈને

કહે કે તેની રૂહને સવાબ પહોંચાડ.'' આ ફાતિહા થઈ ગઈ અને બિલકુલ બરાબર અને સાચી ફાતિહા થઈ ગઈ.

''કેટલીક સ્ત્રીઓ અને છોકરીઓ, કેટલાક અજ્ઞાન પુરૂષો અને કઠમુલ્લાઓથી વધારે પઢેલી, ભણેલી અને નેક નમાઝી હોય છે. આવી સ્ત્રીઓ અને છોકરીઓ આ અજ્ઞાનીઓને બદલે પોતે ખૂદ કુર્આન (સૂરત) પઢીને ઈસાલે સવાબ કરી લે તો બહેતર છે.''

કેટલીક સ્ત્રીઓ કોઈ બુઝુર્ગની ફાતિહા દેવડાવવા માટે ખાવાનું વગેરે ખૂણામાં રાખી, થોડીવાર પછી તે ખાણાને ઉપાડી લે છે અને કહે છે કે તેમણે (બુઝુર્ગે) તેમની ફાતિહા પોતે જ (બુઝુર્ગે) પઢી લીધી. આવી બધી મનઘડત અને બેકાર વાતોની જગ્યાએ તેઓને જે પણ કુર્આનની આયત અને સૂરત યાદ હોય તેને પઢીને ઈસાલે સવાબ કરી દે તો એ જ વધારે સારું છે અને આ કાયદેસરના ફાતિહા છે.

## જીવન દરમ્યાન (પોતાનું) કબ્ર અને મઝાર બનાવડાવવું

કેટલાક લોકો પોતાની જિંદગીમાં (પોતાની) કબ્ર કરાવે છે એ મુનાસિબ નથી. અલ્લાહ તઆલા ફર્માવે છે, (અર્થાત) : ''કોઈ નથી જાણતો કે તે ક્યાં મૃત્યુ પામશે ?''

કબ્ર તૈયાર રાખવાનો શરઈ હુકમ નથી પરંતુ પોતાનું કફન સીવડાવીને રાખી શકે છે કે જેથી કરીને જ્યાં પણ જાય ત્યાં પોતાની સાથે લઈ જાય અને કબ્ર તેની સાથે જઈ શકતી નથી.'' *(અલ્મલ્ફૂઝ, ભાગ : ૧, પેજ : ૬૯)*

કેટલીક ખાનકાહોમાં જોવા મળેલ છે કે તેઓ જિંદગીમાં પાકા મઝારો બનાવી લે છે કે તેઓ અલ્લાહના વલી અને બુઝુર્ગ અને મોટા નેક બંદાઓ છે અને મર્તબાઓને હાંસલ કરી લીધેલ છે જેથી કરીને સામાન્ય લોકોની જેમ કાચી કબ્રમાં નહીં પરંતુ તેમણે તો ખૂબસૂરત મઝારમાં દફન થઈ જવું જોઈએ. જો કે સાચા વલીઓનો તરીકો એ રહ્યો છે કે તેઓ પોતાને ગુનેહગાર સમજે છે. જેઓ પોતાને વલી સમજે છે અને પોતાની વિલાયતનો ઢંઢેરો પીટતા ફરે છે તેઓ અવલિયાએ કિરામના રસ્તા ઉપર નથી.

પીરાને પીર સૈયદના ગૌષે આ'ઝમ શૈખ અબ્દુલ કાદિર જીલાની رحمۃ اللہ علیہથી વધીને મોટા બુઝુર્ગ અને વલી છેલ્લા હજાર વરસમાં ન કોઈ થયા અને ન કોઈ ક્યામત સુધી થઈ શકે છે. તેમના વિશે હઝરત સૂફીએ ઝમાં શૈખ મુસ્લેહુદ્દીન સઅદી શિરાઝી નક્લ ફર્માવે છે કે, "તેમને હરમે કા'બામાં લોકોએ જોયું કે તેઓ કાંકરીઓ ઉપર પોતાનું માથુ રાખીને ખુદાએ તઆલાની બારગાહમાં અર્ઝ કરી રહ્યા હતા, "હે પરવરદિગાર ! જો હું સજાનો હક્ક્દાર હોઉં તો તું મને ક્યામતના દિવસે આંધળો કરીને ઉઠાવજે ! જેથી કરીને નેક લોકોની વચ્ચે મને શરમિંદગી ન થાય." *(ગુલિસ્તાન, ભાગ : ૨, પેજ : ૬૭)*

કેટલાક સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین ના બારામાં આવ્યું છે કે તેઓ આ પ્રમાણે દુઆ કરતા હતા કે, "હે અલ્લાહ ! મને જયારે મૌત આવે તો જંગલનું કોઈ જાનવર મને ફાડીને ખાઈ જાય અથવા તો હું કોઈ દરિયામાં ડૂબીને મૃત્યુ પામું અને માછલીઓનો ખોરાક બની જાઉં !"

એટલે કે તેઓ શોહરત (ખ્યાતિ)થી બચવાનું ઈચ્છતા હતા અને નામના કમાવવાની તરફેણમાં ન હતા અને આજ સાચી ફકીરી અને દુરવેશી છે અને આજના ફકીરોને તેમના મઝારની પડી છે !

સાહેબો ! ચાહવાવાળા અને માનવાવાળા મુરીદો અને અક્રીદતમંદો બનાવવા અને વધારવાની તથા મઝાર અને ક્બ્રને સારી અને ખૂબસૂરત બનાવવાની અને બનાવડાવવાની ચિંતાની જગ્યાએ આખેરતની વધારે ચિંતા કરો, ખુદા અને તેના રસૂલને રાજી કરો. જો તમારા કારનામાઓ અને વ્યવહારોથી ખુદા અને રસૂલ નારાજ છે તો મુરીદો અને અક્રીદતમંદોની બહોળી સંખ્યા અને મઝારાતની ખૂબસૂરતી અને માર્બલની ચમકદમક તમને અલ્લાહના અઝાબથી અને ક્બ્રની સખ્તાઈથી બચાવી શક્શે નહીં.

એવી કફીરી અને સજ્જાદગી (ગાદીનશીની)થી પણ શું ફાયદો કે ક્બ્રની અંદર આપનાં ખરાબ કાર્યો અને બદ્અક્રીદાઓ અને રિયાકારીઓ (દેખાવ, ખોટા ભભકા)ને કારણે અઝાબ ચાલુ હોય અને ઉપર મઝાર

પર મુરીદો ચાદરો ચઢાવતા હોય, ફૂલો ચઢાવતા હોય અને ધામ ધૂમથી ઉર્સ મનાવતા હોય.

કોશિશ એ વાતની કરો કે મુરીદો હોય કે ન હોય, મઝાર બને કે ન બને, ચાદરો ચઢે કે ન ચઢે, ઉર્સ થાય કે ન થાય પરંતુ ક઼બ્રમાં આપને રાહત મળતી હોય અને જન્નતની બારી ખુલ્લી હોય, ભલે ને ઉપરથી ક઼બ્ર કાચી હોય ! અને આ નેઅમત હૃદયની નિખાલસતા અને અલ્લાહના હુકમો પર અમલવાળી જિંદગીથી જ પ્રાપ્ત થશે.

## મઝારાત ઉપર હાજરીનો તરીક઼ો

ઔરતોને તો મઝારાત ઉપર જવાની ઈજાઝત (છૂટ) નથી. મર્દોને (પુરૂષોને) જવાની છૂટ છે, પરંતુ તે પણ અમુક નિયમો (શરતો)ને આધિન :–

૦૧. પેશાની જમીન ઉપર ટેકવવાને સજદો કહે છે. આ અલ્લાહ ﷻના સિવાય કોઈના માટે પણ હલાલ નથી. કોઈપણ બુઝુર્ગને તેમના જીવન દરમિયાન અથવા જિંદગી પછી (મૃત્યુ પછી) સજદો કરવો હરામ છે. કેટલાક લોકો મઝારાત ઉપર નાક અને પેશાની ઘસે છે જે સંપૂર્ણ હરામ છે.

૦૨. મઝારાતનો તવાફ કરવો એટલે કે તેની આસપાસ ખાનએ કા'બાની જેમ ચક્કર લગાડવું પણ નાજાઈઝ છે.

૦૩. અદબનો ખયાલ રાખતાં ઓછામાં ઓછું ચાર ડગના (ક઼દમ)ના અંતરે ઊભા રહીને ફાતિહા પઢે, ચૂમવું અને હાથ લગાડવું પણ મુનાસિબ નથી. *(ફતાવાએ રઝવિય્યહ્, ભાગ : ૪, પેજ : ૧૬૩, એહકામે શરીઅત, પેજ : ૨૩૪)*

૦૪. સંગીત સાથે કવ્વાલીનું સાંભળવું હરામ છે. વિગત માટે જુઓ ફતાવાએ રઝવિય્યહ્, ભાગ : ૧૦, પેજ : ૫૪ થી ૫૬.

કેટલાક લોકો સમજે છે કે નિય્યત વગર અને કા'બા શરીફ તરફ ઉભા રહ્યા વગર સજદો થતો નથી, આ પણ અજ્ઞાનતાભર્યો વિચાર છે. સજદામાં જેની તા'ઝીમ અથવા ઈબાદતની નિય્યત હશે તેને સજદો

ગણવામાં આવશે અને જે સજદો અલ્લાહની ઈબાદતની નિય્યતથી કરવામાં આવશે તે અલ્લાહ તઆલા માટે હશે અને જે મઝારાત પર અથવા કોઈ પણ ગૈરખુદા (ખુદા સિવાય)ની સામે કરવામાં આવશે તે તેના માટે હશે. ખુલાસો એ જ કે જમીન ઉપર કોઈપણ બંદાની સામે માથુ ટેકવવું "હરામ" છે. તે જ પ્રમાણે રુકૂઅ જેટલું ઝુકવું પણ મના છે. હા, હાથ બાંધીને ઉભા રહેવું જાઈઝ છે.

## ક઼બ્રસ્તાનમાં દીવા અને મીણબત્તી બાળવું અને અગરબત્તી અથવા લોબાન સળગાવવાનો મસ્અલો

શબે બરાત વગેરે પ્રસંગો પર ક઼બ્રસ્તાનોમાં દીવા, મીણબત્તી અને અગરબત્તીઓ સળગાવવામાં આવે છે. આ બાબતમાં એ જાણકારી મેળ વી લેવી જરૂરી છે કે, "બરાબર ખાસ ક઼બ્રની ઉપર દિવા અને મીણબત્તી બાળવી, લોબાન અને અગરબત્તી કરવું મના છે." ક઼બ્રથી અલગ જગ્યા ઉપર આ પ્રમાણે કરવું જાઈઝ છે જયારે કે આ વસ્તુઓથી ત્યાં આવવા જવા અને કુર્આન શરીફ પઢવા અને ફાતિહા વગેરે પઢવાવાળાઓને અથવા ત્યાંથી નીકળવાવાળાઓને લાભ થવાની ઉમ્મીદ હોય. આ પ્રમાણે વિચારવું કે આ વસ્તુઓની રોશની અને ખુશ્બુ ક઼બ્રમાં જે લોકો દફન છે તેને પહોંચશે તો તે અજ્ઞાનતા, મૂર્ખાઈ, જાણકારીનો અભાવ અને ગલતફહેમી છે. દુનિયાની રોશનીઓ, સજાવટ અને શણગારો વગેરે જે ક઼બ્રસ્તાનોમાં કરવામાં આવે છે તે મુર્દાને પહોંચતાં નથી, મુર્દાને ફક્ત સવાબ જ પહોંચે છે. જો મુર્દો જન્નતી છે તો તેને માટે જન્નતની ખુશ્બુ અને રોશની કાફી છે અને જહન્નમી માટે ન તો કોઈ રોશની છે અને ન તો ખુશ્બુ." (મુલખ્ખસન–મીન) *(સહીહ મુસ્લિમ, ભાગ : ૧, પેજ : ૭૨, ફતાવાએ રઝવિય્યહ, ભાગ : ૪, પેજ : ૧૪૧)*

## મઝાર ઉપર ચાદર ચઢાવવા વિશે સ્પષ્ટતા

અલ્લાહ તબારક વ તઆલાના નેક અને ખાસ બંદાઓ જેમને ઔલિયાએ કિરામ અને બુઝુર્ગાને દીન કહેવામાં આવે છે, તેમના વિસાલ (મૃત્યુ) પછી તેમની પવિત્ર **ક઼બ્રો ઉપર ચાદર ચઢાવવું જાઈઝ અને**

**સારું કાર્ય છે.** આ ચાદર ચઢાવવામાં એક રહસ્ય એ છે કે આ પ્રમાણે તેમની પવિત્ર કબ્રોની ઓળખ થઈ જાય છે કે આ કોઈ અલ્લાહવાળાની કબ્ર છે. અને અલ્લાહના નેક બંદાઓની ઈજ્જત કરવી જેમ તેમની દુનિયવી જિંદગીમાં જરૂરી છે તેવી જ રીતે તેમના વિસાલ પછી પણ તેઓની અદબ અને ઈજ્જત જરૂરી છે. અને મઝાર ઉપર ચાદર ચઢાવવું પણ અદબ અને ઈજ્જત છે અને બીજી કબ્રોથી જુદી તેમની ઓળખ બનાવે છે. જે લોકો અવલિયાએ કિરામના મઝારાત ઉપર ચાદર ચઢાવવાને નાજાઈઝ અને ગુનાહ કહે છે તેઓ ભૂલ કરે છે, પરંતુ ચર્ચામાં મસ્અલો એ છે કે, ''એક ચાદર જે મઝાર ઉપર ચઢાવેલી છે તે જ્યાં સુધી જૂની અને ખરાબ ન થઈ જાય ત્યાં સુધી બીજી ચાદર ન ચઢાવવામાં આવે.''

પરંતુ આજકાલ લગભગ સ્થળોએ મઝારાત ઉપર આની વિરુદ્ધ જોવા મળે છે. ફાટેલી જૂની અને ખરાબ તો દૂરની વાત છે, મેલી સુદ્ધાં થવા દેતા નથી અને બીજી ચાદર ચઢાવી દે છે. **કેટલીક જગ્યાઓએ તો પાંચ મિનિટ માટે પણ ચાદર મઝાર ઉપર રહેતી નથી, આમ ચાદર ચઢાવી અને આમ ઉતારી લીધી !** આ ખોટુ છે, નિરર્થક અને વધારાનો ખર્ચ છે. આ પ્રમાણે ચાદર ચઢાવવાને બદલે તે ચાદરની કિંમત જેટલું ખાવાનું કોઈ ગરીબને ખવડાવી દે, કોઈ ગરીબ બીમારની સારવાર કરાવી દે, કોઈ જરૂરતમંદની જરૂરતને પૂરી કરી દે, કોઈ મસ્જિદ કે મદ્રસાની જરૂરતમાં ખર્ચ કરી દે, ક્યાંક મસ્જિદ ન હોય તો મસ્જિદ બનાવી આપે અને **તેમાં તે જ બુઝુર્ગના ઈસાલે સવાબની નિય્યત કરી લે** જેમના મઝાર શરીફ ઉપર ચાદર ચઢાવવાની હતી, તો આ પ્રમાણે કરવું તે ચાદર ઉપર ચાદર ચઢાવવા કરતાં અનેક ગણુ સારું (બેહતર) છે. હા, એ જાણ કરી હોય કે મઝાર પર ચઢાવેલી ચાદર ઉતારી લીધા પછી ગરીબો, મિસ્કિનો અને મોહતાજોના કામમાં આવે છે તો **આ નિય્યતે ચાદર ઉપર ચાદર ચઢાવવામાં કોઈ વાંધો નથી.** કેમ કે આ પણ એક પ્રકારનો સદકો અને ખૈરાત છે. પરંતુ આજકાલ ભાગ્યે જ કોઈ મઝાર એવો હશે જેની ચાદરો ગરીબો અને મિસ્કિનોનાં કામમાં આવતી હોય, બલ્કે મુજાવરો અને સજ્જાદાનશીનો તેના ઉપર કબ્જો જમાવી લે છે અને આ લોકો લગભગ માલદાર હોય તો આ ચાદરો ચઢાવવાથી માલદાર લોકો જ વધુ માલદાર બને છે.

ખુલાસો એ જ કે આજકાલ મઝારો ઉપર જ્યારે એક ચાદર ચઢાવેલી હોય તો ત્યાં બીજી ચાદર ચઢાવવાને બદલે ત્યાં બુઝુર્ગોના ઈસાલે સવાબ માટે સદકા અને ખૈરાત કરવું અને ગરીબો, મિસ્કીનો અને મોહતાજોનું કામ કરી આપવું સારું (બેહતર) છે અને આ જ મઝહબે અહલે સુન્નત અને ઉલમાએ અહલે સુન્નતનો ફત્વો છે.

આ'લા હઝરત ઈમામે અહલે સુન્નત મૌલાના અહમદ રઝા બરેલ્વી رحمۃ اللہ علیہ ઈર્શાદ ફર્માવે છે :–

''અને જ્યારે ચાદર હાજર હોય અને તે હજુ જૂની અને ખરાબ થઈ ન હોય કે જેથી બદલવાની જરૂરત ન હોય તો ચાદર વધારાની ચઢાવવી જરૂરી નથી પરંતુ જે કિંમત તે ચાદર લેવામાં વાપરે, તેટલા રૂપિયા તે વલી અલ્લાહની રૂહને ઈસાલે સવાબ કરવા માટે કોઈ મોહતાજને આપી દે. હા, જ્યાં એ નિયમ હોય કે ચઢાવેલી ચાદર જ્યારે જરૂરતથી વધારે હોય ત્યારે મિસ્કીન અને જરૂરતમંદ ખાદિમ લઈ લે છે અને આ નિય્યતથી ચાદર ચઢાવે તો કોઈ વાંધો નથી. કેમ કે આ પણ એક સદકો થઈ ગયો.'' *(એહકામે શરીઅત, ભાગ : ૧, પેજ : ૭૨)*

અને જો એવી જગ્યાએ જ્યાં ચાદર પહેલેથી ચઢાવેલી હોય અને જૂની તથા ખરાબ ન થઈ હોય અને ચાદર ચઢાવવાની મન્નત માનેલી હોય તો આ મન્નતને પૂરું કરવું જરૂરી નથી.

અત્રે પ્રસંગાનુસાર ''મઝારો પર હાજરીના આદાબ'' જે અમીને મિલ્લત હઝરત સૈયદ અમીનમિયાં બરકાતી મારહરવીના થકી દર્શાવેલ રજૂ કરીએ છીએ. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## મઝારો પર હાજરીના આદાબ

- ❑ વલીઓના મઝારો પર પગોની બાજુએથી હાજર થાવ અને થોડાક અંતરેથી કબ્ર મુબારકની ડાબી બાજુ ત્યાં ઉભા રહો જ્યાં સાહિબે મઝારનો ચહેરો હોય છે, પછી અદબથી સલામ પેશ કરો : અસ્સલામુ અલૈક યા સૈયદી વ રહ્મતુલિલ્લાહિ વ બરકાતુહ. ત્યાર બાદ ફાતિહા પઢે.

- અન્ય લોકો પણ ફાતિહા પઢી રહ્યા હોય તો મોટા અવાજથી ન ફાતિહા પઢે ન સલામ પઢે.
- મઝારોને બોસો આપવો જાઈઝ છે પણ બેહતર એ જ છે કે મઝારોને ન હાથ લગાડે ન ચૂમે.
- મઝાર મુબારક પર પેશાની હરગિઝ હરગિઝ ન રાખે કે સખત મના છે.
- કપડાની ચાદર પેશ કરવી જાઈઝ છે પણ બેહતર એ છે કે ફૂલોની ચાદર પેશ કરે, એનાથી અવલિયાએ કિરામની રૂહો અધિક ખુશ થાય છે.
- અગરબત્તી મઝારથી થોડાક અંતરે સળગાવે, કેમ કે એનો ફાયદો ખુશ્બુ છે અને આગવાળી ચીજોને ક઼બ્રથી દૂર રાખવાનો હુકમ છે.
- રોશની પહેલેથી મૌજૂદ હોય તો મીણબત્તી ન સળગાવે કે એ ફુઝૂલખર્ચી છે, નહીં તો થોડાક અંતર પર મીણબત્તી સળગાવે.
- મઝારની તરફ પીઠ ન થવા પામે કે એ બેઅદબી છે. એનો અધિક ખયાલ એ લોકોએ રાખવો જોઈએ જેઓ અધિક સમય દરગાહમાં હાજર રહે છે, જેથી કરીને લોકો એમના થકી અદબ શીખે.
- રોઝા મુબારકમાં કોઈ સાથે બેધડક મોટા અવાજથી વાતચીત ન કરે કે એ અદબની વિરુદ્ધ છે.
- સ્ત્રીઓને જ્યારે મસ્જિદમાં નમાઝ પઢવા માટે હાજર થવાની ઈજાઝત નથી, તો આ ફિત્નાથી ભરપુર દૌરમાં વલીઓના મઝારો પર હાજરીની ઈજાઝત કઈ રીતે આપવામાં આવશે ?! સ્ત્રીઓ કદાપિ વલીઓના મઝારો પર હાજર ન થાય, એ જ શરીઅતનો હુકમ છે.
- વલીઓના મઝારો પર હાજરીના આ જ આદાબ ઈમામે અહલે સુન્નત આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ એ પોતાના ફતવાઓમાં દર્શાવ્યા છે.

રજૂકર્તા : **સૈયદ શાહ મુહમ્મદ અમીનમિયાં ક઼ાદરી બરકાતી**

*(સજ્જાદાનશીન ખાનક઼ાહે બરકાતિયા, સદર : વ્યવસ્થાપક કમિટી દરગાહ શાહ બરકતુલ્લાહ, મારહરા શરીફ)*

## એઅ્તેકાફમાં ચૂપ રહેવું કેવું ?

કેટલાક લોકો એ'તેકાફમાં ચૂપ બેસી રહેવાને જરૂરી સમજે છે. જો કે એ'તેકાફમાં ચૂપ રહેવું ન તો જરૂરી છે અને ન તો ખામોશી કોઈ ઈબાદત છે, બલ્કે ચૂપ રહેવાને સવાબની વાત સમજવું "મકરૂહે તેહરીમી" છે. *(બહારે શરીઅત, ભાગ : ૫, પેજ : ૧૫૩)*

અલબત્ત ખરાબ વાતો કરવા કરતાં ચૂપ રહેવું જરૂરી છે. ખુલાસો એ જ કે તિલાવત કરે, તસ્બીહ અને દુરૂદ શરીફનો વિર્દ કરે, નફ્લ પઢે, દીની કિતાબોનું વાંચન કરે. દીનની વાતો શિખવામાં અને શિખવવામાં કોઈ વાંધો નથી બલ્કે ઈબાદત છે. જરૂરતના સમયે દુનિયાની જાઈઝ વાત પણ કરી શકાય છે તેનાથી એ'તેકાફ તૂટી જતો નથી. હા, વધુ પડતી દુનિયવી વાતચીતોથી એ'તેકાફ નૂર વગરનો થઈ જાય છે અને સવાબ ઓછો મળે છે.

## રેડિયો, તાર અને ટેલિફોનની ખબર ઉપર શરઈ સાબિતી વગર ચાંદ માની લેવું કેવું

આજકાલ ઘણા લોકો ફક્ત રેડિયો, તાર અથવા ટેલિફોનની ખબર ઉપર ચાંદ જોયા વગર અથવા શરઈ સૂબુત વગર ઈદ મનાવી લે છે અથવા રમઝાન શરીફનો ચાંદ હોય તો રોઝો રાખવાનું શરી કરી દે છે, આ ખોટુ છે. જો આસ્માનમાં ધુમ્મસ કે વાદળાઓ હોય તો રમઝાનના ચાંદ માટે એક અને ઈદના ચાંદ માટે બે બાશરઅ (શરીઅતની પાબંદીવાળા અને દાઢીવાળા) દીનદાર અને નેક માણસોની ગવાહી જરૂરી છે. જો આસ્માન સાફ હોય તો વધારે લોકોનું ચાંદનું જોવું જરૂરી છે, એક બે ની ગવાહી પૂરતી નથી. ફક્ત રેડિયો, તાર અને ટેલિફોનની ખબર ઉપર ન તો રોઝા રાખો અને ન તો ઈદ મનાવો, જ્યાં સુધી કે તમારી વસ્તીમાં (ઈલાકામાં) શરીઅત અનુસાર ચાંદની સાબિતી ન હોય અથવા બીજી વસ્તીમાં (ગામ શહેરમાં) ચાંદ જોવામાં આવેલ હોય અને શરીઅત મુજબ તેની ખબર (ગવાહી) તમારા સુધી આવી ન હોય. જે લોકો રેડિયો અને ટેલિફોન વગેરેની ખબરોથી ઈદ મનાવે છે તેમને પૂછવામાં આવે કે જો રેડિયો, તાર અને ટેલિફોનથી ઈદ મનાવવામાં આવે તો આજકાલ સમગ્ર વિશ્વમાં

એક જ દિવસે ઈદ થવી જોઈએ અને હમેશાં ઈદનો ચાંદ ૨૯ દિવસનો જ થવો જોઈએ. કેમ કે સમગ્ર વિશ્વમાં ક્યાંકને ક્યાંક તો ૨૯મો ચાંદ જરૂર દર વર્ષે મનાવવવામાં આવે છે અને આજકાલ સમગ્ર વિશ્વમાં તેના સમાચાર રેડિયો, તાર અને ટેલિફોન દ્વારા પહોંચાડવા સામાન્ય અને તદ્દન સહેલી વાત છે. આ પ્રમાણે રોઝા ક્યારેય પણ ૩૦ થઈ જ શકતા નથી.

સઊદી અરબમાં પણ સામાન્યપણે ભારતથી એક દિવસ પહેલાં ઈદ મનાવવામાં આવે છે. તો રેડિયો, તાર અને ટેલિફોન પર ભરોસા કરવાવાળાઓ ત્યાંની ખબરો ઉપર કેમ ઈદ મનાવતા નથી ? દિલ્હીની ખબર પર કેમ મનાવે છે ? ઈસ્લામાબાદ, કરાંચી, લાહોર, ઢાકા અને રંગૂનની ખબરોને કેમ ધ્યાનમાં લેવાતી નથી ?

જો કોઈ એમ કહે કે આ બીજા દેશો છે તો અમે એમ પૂછીએ છીએ કે આ દેશોના ભાગલા શું કુર્આન અને હદીષ મુજબ થયેલાં છે ? શું આ ભાગલા અલ્લાહ ﷻ અને રસૂલ ﷺએ કરેલા છે કે આજકાલની સત્તાધીશ રાજનીતિ અને અકવામે મુત્તહેદા (યુનો)એ કરેલા છે ? અને યુનોએ કરેલા ભાગલાનું શું શરીઅતે ઈસ્લામિયામાં કોઈ સ્થાન છે ? આ પ્રમાણે પણ થઈ શકે છે કે કોઈ એવા સત્તાધીશને ખુદા તઆલા પેદા ફર્માવે કે તે દુનિયાના બધા દેશોને જીતીને, બધા દેશોનો એક જ રાષ્ટ્ર બનાવી દે.

જો જવાબમાં કોઈ કહે કે અન્ય દેશ અને આપણી વચ્ચે અંતર વધુ હોવાને કારણે મતલઅ (ચાંદનો ઉદય થવાની જગા) અલગ અલગ છે. તો એ યાદ રાખવું જોઈએ કે ઈખ્તિલાફે મતલઅ (મતલઅનો મતભેદ) મોઅતેબર (વિશ્વાસપાત્ર) નથી. અને ધારો કે આ પણ માની લેવામાં આવે, તો ભારતના તે શહેરો અને વિસ્તારો જે આપણા દેશના શહેરો દિલ્હી, મુબંઈ, કલકત્તા વગેરેથી દૂર છે અને અન્ય દેશો પાકિસ્તાન, બાંગલાદેશ, બર્મા, ચીન તિબેટ, લંકા, નેપાળના કેટલાક શહેરોની નજીક છે તો એમને તમે ચાંદના મામલામાં ક્યાનું અનુકરણ કરવાની સલાહ આપશો ? આપણા દેશની કે જે દેશો અને શહેરોની તેઓ નજીક છે ત્યાંની ? અને તેઓ મતલઅ બાબત દિલ્હી, મુંબઈ અને કલકત્તાની પરિસ્થિતિને

અનુસરશે કે બીજા દેશોની પરિસ્થિતિને કે પોતાનાથી નજીકના વિસ્તારોને ?

ખુલાસો એ જ કે શરઈ સૂબુત વગર ફક્ત રેડિયો, તાર, ટેલિફોનના સમાચાર પર ચાંદના મામલામાં ભરોસો કરી લેવું એ ઈસ્લામ, કુર્આન અને હદીષથી તદ્દન વિરૂદ્ધ છે.

ફતાવાએ આલમગીરી મિસ્રી, ભાગ–૩, પેજ–૩૫૭માં છે : ''પડદાની પાછળથી કોઈ વ્યક્તિ ગવાહી આપે તો તેની ગવાહી વિશ્વસનીય નથી કેમ કે એક અવાજ બીજી અવાજની જેમ જ હોય છે.'' (બંને અવામે સરખા હોય છે)

તો રેડિયો અને ટેલિફોન ઉપર બોલનારા તો હજારો, લાખો પડદાઓ અને આડશો (અંતરો)ની પાછળ હોય છે. આથી તેની ગવાહી કઈ રીતે વિશ્વનીય ગણી શકાય ?

બીજું એ કે તમારે ત્યાં ૨૯મો ચાંદ ન થયો અને અન્ય જગ્યાએ થઈ ગયો અને તમારા સુધી શરઈ ખબર ન આવી તેથી તમોએ રોઝા ન રાખ્યા અથવા ઈદનો ચાંદ હોવાથી ઈદ ન મનાવી પરંતું રોઝો રાખ્યો તો તમારા ઉપર નિઃશંક જરા પણ ગુનોહ અને અઝાબ નથી, કેમ કે અઝાબ અને સવાબની કુંજી અલ્લાહ ﷻના દસ્તે કુદરતમાં છે.

માટે તમે એ જ કરો જેનો હુકમ આપવામાં આવેલ છે. અને એટલું જ કરો, જેટલું તેણે ફર્માવ્યું છે. હદો (સરહદો)થી આગળ ન વધો અને રેડિયો, ટેલિફોન વગેરે સાંભળીને શોર તથા ધાંધલ ન મચાવો, ભલે પૂરી દુનિયામાં ઈદ થઈ જાય, જો તમારા સુધી શરઈ ખબર (ગવાહી) નથી આવી તો તમે રોઝા રાખો. તમારાથી કયામતના દિવસે કોઈ પૂછપરછ થશે નહીં. તો પછી ચિંતા કરવાની શી જરૂરત છે ? ફિકર અને ચિંતા તો તેની કરો જેના વિશે કબ્રમાં અને હશ્રમાં સવાલ થશે.

હદીષ શરીફમાં રસૂલુલ્લાહ ﷺ ઈર્શાદ ફર્માવે છે કે, મહિનો ક્યારેક ૨૯મો થઈ જાય તો જ્યાં સુધી ચાંદ ન જુઓ રોઝો ન રાખો અને જો તમારી સામે (આસ્માનમાં) વાદળાં અથવા ધુમ્મસ (ધુંધળાપણુ) આવી જાય તો ૩૦ દિવસની ગણત્રી પૂરી કરો. *(બુખારી, મુસ્લિમ, મિશ્કાત, પેજ–૧૭૪)*

વિચારવાની બાબત છે કે અત્યારના સંજોગોમાં કોર્ટ કચેરીઓમાં પણ જજ અને ન્યાય આપનારા અધિકારીઓ ગવાહોને સામે બોલાવીને ગવાહી લે છે. જો કોઈ વ્યક્તિ ઘેર બેઠા ટેલિફોન મારફત ગવાહી આપે તો બિલ્કુલ માન્ય રાખવામાં આવશે નહીં. તો શરીઅતના હુકમો અને શરઈ ગવાહોનું છેવટે તમારી નજરોમાં કોઈ મહત્વ છે કે નહીં ? જેને તમો તાર, ટેલિફોન અને રેડિયોના હવાલે છોડી રહ્યા છો ? ખુદાએ પાકનો ખૌફ રાખો અને દીનદાર બનવાની કોશિશ કરો. અને જે જેનું કામ છે તેને તેની ઉપર છોડી દો. અને તમારા શહેરના ઓલમાએ કિરામ અને ઈમામ જે એહલે હક્ક઼ (સત્ય બતાવનારા) હોય તેઓની વાત ઉપર અમલ કરો.

## શું ઈન્જેક્શન લગાડવાથી રોઝો તૂટી જાય છે ?

ઈન્જેક્શન માંસમાં લગાડવામાં આવે કે નસમાં તેનાથી રોઝો તૂટતો નથી. જો કે ઓલમાએ કિરામે રોઝામાં ઈન્જેક્શન લેવાને મકરૂહ ફર્માવેલ છે.

આથી જ્યાં સુધી સખ્ત જરૂરત ન હોય ત્યાં સુધી ન લેવામાં આવે. આ મસ્અલાની વિગતપૂર્વક છણાવટ જાણવા માટે જુઓ *(ફતાવાએ ફૈઝૂર્રસૂલ, ભાગ–૧, પેજ–૫૧૭ અને ફતાવાએ મરક઼ઝી દાઉલ ઈફતા, પેજ–૩૫૯)*

## શું રમઝાનની રાતોમાં પતિ પત્નીએ સંભોગ કરવો ગુનોહ છે ?

આમ લોકોમાં કેટલાક આ પ્રકારનો વિચાર ધરાવે છે જે તેઓની ગલતફેહમી છે. રમઝાન મહિનામાં રોઝાની ઈફતારીના સમયથી સેહરીના ખત્મ થવાના સમય સુધી જેવી રીતે ખાવું પીવું જાઈઝ છે તે જ રીતે પતિ પત્નીએ સંભોગ કરવો, પથારીમાં સાથે સૂવું વગેરે કોઈપણ પ્રકારના બંધન વગર જાઈઝ છે અને ઘણી હદીષોથી સાબિત છે. બલ્કે કુર્આન શરીફમાં ખાસ તેની ઈજાઝત (જાઈઝ હોવા)ને માટે આયતે કરીમા નાઝિલ ફર્માવવામાં આવેલ છે.

ઈર્શાદે બારી તઆલા છે : **અર્થાત** : "તમારા માટે રોઝાની રાતોમાં સ્ત્રીઓથી સંભોગ હલાલ કરવામાં આવ્યું. તેઓ (પત્નીઓ) તમારા માટે

પોશાક છે અને તમે (પતિઓ) તેણીઓના માટે પોશાક (લિબાસ) છો.'' *(પા–૨, રુકૂઅ–૭)*

## શું નાપાક રહેવાથી રોઝો તૂટી જાય છે ?

જો કોઈ વ્યક્તિ રોઝો રાખીને દિવસમાં નાપાક (નાપાકીની હાલતમાં) રહે અને આ નાપાકીને કારણે તેની નમાઝ છૂટે છે તો તેના ઉપર નમાઝ છોડવાનો મહાન ગુનોહ થશે, કેમ કે ફર્ઝ નમાઝનું છોડવું ઈસ્લામમમાં મોટો ગુનોહ અને જહન્નમનો રસ્તો છે. પરંતુ આ નાપાકીની તેના રોઝા ઉપર કોઈ અસર થશે નહીં. એટલે કે રોઝો થઈ જશે. એવો વિચાર કરવો કે નાપાકીની હાલતમાં રોઝો નહીં થાય એ ગલત ફેહમી છે. પાક હોવું નમાઝને માટે શર્ત છે, રોઝાને માટે નથી, માટે જો દિવસભર નાપાક રહેશે તો પણ રોઝો બાકી રહેશે. પરંતુ આ પ્રમાણે નાપાક રહેવું એ મોમિનની શાન નથી કેમ કે તેનાથી નમાઝો કઝા થશે.

હદીષ શરીફની રોશનીમાં આ મસ્અલાની વિસ્તારપૂર્વક છણાવટ જેને જોવી હોય તે ફતાવાએ રઝવિય્યહ, ભાગ–૪, પેજ–૬૧૫નું વાંચન કરે.

## રોટ બોટનો રોઝો

કેટલીક જગ્યાઓએ રજબની ૧૭મી તારીખનો રોઝો રાખે છે અને તેને રોટ બોટનો રોઝો કહે છે. ''ખાસ કરીને આ દિવસે જ રોઝો રાખવાનો શરીઅતે ઈસ્લામિયહમાં કોઈ હુકમ નથી.'' નફલ રોઝાઓ વરસમાં મના કરવામાં આવેલા દિવસો સિવાય ક્યારેય પણ રાખી શકાય છે. ૧૭મી રજબને રોઝા માટે ખાસ કરવું, તેને રોટ બોટનો રોઝો કહેવો, ખાસ વજનની નાની મોટી બે રોટીઓ અને બોટીઓ બનાવવી, નાની રોટીને ફાતેહા પઢવાવાળાને અને મોટી રોટીને રોઝો રાખનાર રોઝાદારને ખવડાવવી વગેરે આધાર વગરની અને મનઘડત વાતો છે.

## હઝરત અલી મુશ્કિલકુશા અને સોળ સૈયદોનો રોઝો

અમુક જગ્યાઓએ સ્ત્રીઓ હઝરત અલી મુશ્કિલકુશા رضی اللہ عنہ નો રોઝો રાખે છે, તો રોઝો હોય કે અન્ય કોઈ ઈબાદત બધું જ અલ્લાહ

તઆલાને માટે હોય છે. હા ! જો આ પ્રમાણે નિય્યત કરી લેવામાં આવે કે આ રોઝાનો સવાબ હઝરત અલી رضی اللہ عنہની રૂહે પાકને પહોંચે તો આ સારી બાબત છે, પરંતું આ રોઝામાં ઈફતારી અડધી રાત્રે કરે છે અને ઘરનો દરવાજો ખોલીને દુઆ માંગે છે. આ બધી જ ખુરાફાત (બેહુદા વાતો) અને વાહિયાત અને વહેમ શંકાની વાતો છે. *(ફતાવાએ રઝવિય્યહ, ભાગ–૪, પેજ–૬૬૦)*

તે જ પ્રમાણે ૧૬ રજબના દિવસે ૧૬ સૈયદોનો રોઝો રાખવામાં આવે છે અને તેમાં જે કહાની પઢવામાં આવે છે આ બધું **મનઘડત** હોય છે.

## ઝકાત બારામાં કેટલી ગલતફેહમીઓ

કેટલાક લોકો ફકીરો, મિસ્કીનો, મસ્જિદો અને મદ્રસાઓ વગેરેમાં એમ જ આપતા રહે છે અને કાયદેસર (હિસાબ કરીને) ઝકાત કાઢતા નથી. તેમને કહેવામાં આવે છે કે તમે ઝકાત કાઢો, તો કહે છે કે અમે રાહે ખુદામાં એમ જ ઘણુ બધું ખર્ચ કરીએ છીએ ! આ તેમની મોટી ગલતફેહમી (ભયંકર ગેરસમજ) છે. તમે હજારો રૂપિયા રાહે ખુદામાં ખર્ચી નાખો, પરંતું જ્યાં સુધી કાયદેસર હિસાબ કરીને ઝકાતની નિય્યતથી ઝકાત અદા નહીં કરો ત્યાં સુધી તમારા આ ખર્ચાઓ જે તમોએ રાહે ખુદામાં જ લગાડેલા છે તે ઝકાત ન કાઢવાના અઝાબ અને મુશ્કેલીથી તમને બચાવી શકશે નહીં.

હદીષ શરીફમાં છે કે, જેને અલ્લાહ માલ (પૈસા) આપે અને તેની ઝકાત નહીં કાઢે, તો ક઼યામતને દિવસે તે માલ વાળ વિનાના "ગંજા સાપ"ની સૂરતમાં ફેરવી દેવામાં આવશે. જેના માથા ઉપર બે ચોટલીઓ હશે, તે સાપ તે વ્યક્તિના ગળામાં તોક બનાવીને નાખી દેવામાં આવશે. પછી આ સાપ તેના બાવડાં પકડશે અને કહેશે કે હું તારો માલ છું ! તારો ખઝાનો છું ! ખુલાસો એ જ કે રાહે ખુદામાં ખર્ચ કરવાના જેટલા રસ્તાઓ છે તેમાં સૌથી પહેલો રસ્તો ઝકાત છે. નઝરો ન્યાઝ અને ફાતેહા વગેરે પણ તે જ માલ (પૈસા)માંથી કરો જેની ઝકાત કાઢવામાં આવેલ છે નહીં તો (નઝરો ન્યાઝ, ફાતેહા) ક઼બૂલને લાયક નથી. પોતાની ઝકાત પોતે ખૂદ ખાતો રહે અને રાહે ખુદામાં ખર્ચ કરવાવાળો બને તે મોટી ગલત

ફેહમી (ભયંકર ગેરસમજ) છે. ઝકાતના મસાઈલ આલિમો પાસેથી જાણીને કાયદેસર ગણત્રી કરીને ઝકાત કાઢવામાં આવે જેથી કરીને ન્યાઝો નઝર અને સદકા અને ખૈરાત પણ કૃબૂલ થઈ શકે.

## શાદી માટે હાથ ફેલાવવો કેવો ?

છોકરીઓની શાદીને માટે પણ ફંડફાળાઓની બીમારી ચારેબાજુ ફેલાયેલી છે. જો કે આ ફંડફાળો પણ બિનજરૂરી ખર્ચાઓ અને શાદીમાં નામના કમાવવા માટે હોય છે.

ઈસ્લામમાં ન તો દહેજ વાજિબ છે અને ન તો બારાતને ખાણુ ખવડાવવું. દહેજના વિશે ઓલમાએ અહલે સુન્નતે લખ્યું છે કે આ સુન્નત બે ચાર વાસણોથી પણ અદા થઈ શકે છે. આમાં દખલગીરી છોકરાવાળાઓની જબરદસ્તીઓ (વધુ પડતી માંગણીઓ)ની પણ છે.

ખુલાસો એ જ કે એકદમ સાદાઈથી નિકાહ કરી આપવામાં આવે તો બેશક ! જાઈઝ બલ્કે આજકાલની પરિસ્થિતિઓને યોગ્ય છે.

છોકરીઓની શાદીને માટે ભીખ માગવાવાળાઓ, જો ભીખ માગવાની જગ્યાએ કોઈ એવી વ્યક્તિની સાથે પોતાની છોકરીની શાદી કરી આપે જે બીજી શાદીની ઈચ્છા ધરાવતો હોય અને બે સ્ત્રીઓનું ભરણપોષણ કરી શકે અથવા તલાક્ આપી ચૂક્યો હોય અથવા તેની ઘરવાળી મૃત્યુ પામી હોય કે તે ગરીબ હોય અથવા તેની ઉંમર મોટી થઈ ગઈ હોય અને પોતાની તે કમજારીઓને કારણે શાદીમાં ખર્ચાઓ કરવાની ઈચ્છા ન ધરાવતો હોય, જેવો કે આજકાલ માહોલ છે, તો આ તેમને માટે ભીખ માગવા કરતાં હજારગણુ સારું છે. કેમ કે પુત્રીઓની શાદી માટે ભીખ માગવુ એ ગુનાહ અને નાજાઈઝ છે. અને જે લોકોનું અમોએ આગળ વર્ણન કર્યુ તેની સાથે નિકાહ નિઃશંક ! જાઈઝ છે. હા ! માગ્યા વગર કોઈ પોતાની જાતે કોઈ અન્યની મદદ કરે તો તેમાં કોઈ રૂકાવટ નથી, પરંતુ સવાલ કરવું અને ભીખ માગવું એ ઈસ્લામમાં કેટલીક વિશિષ્ટ પરિસ્થિતિઓ કે જેનું વર્ણન હદીષ અને ફિક્હની કિતાબોમાં કરવામાં આવેલ છે તે સિવાય હરામ છે અને જે પરિસ્થિતિઓ (શરતો)નું વર્ણન કરવામાં આવેલ છે તેમાં નિકાહ અને શાદીના બિનજરૂરી રસ્મો રિવાજ અદા કરવાનું હરગિઝ સામેલ કરવામાં આવેલ નથી.

## ત્રણ તલાકોનો રિવાજ

આજકાલ અમુક લોકો અજ્ઞાનતા અને મૂર્ખાઈને કારણે પોતાની પત્નીઓને ત્રણ અથવા તેનાથી પણ વધારે તલાકો આપી દે છે અથવા પત્રોમાં લખી આપે છે અને પછી આ વાત (તલાક)ને પાછી વાળી લેવા માટે તેની "સજા" એટલે કે "હલાલા"થી બચવા માટે સાચુ ખોટુ બોલીને મુફતીઓ અને દીનના આલિમોને હેરાન પરેશાન કરતા હોય છે.

કાશ ! કે આ લોકો તલાક આપતાં પહેલાં જ આલિમોની સલાહ લે તો આ વખત જ ન આવે. "ત્રણ તલાકો એક જ સમયમાં આપવી ગુનોહ છે." તલાકનો હેતુ ફક્ત એ જ છે કે પત્નીને પોતાના નિકાહમાંથી બહાર કરીને બીજાને માટે હલાલ કરવી કે જેથી ઈદ્દત વિત્યા પછી તેણી અન્ય કોઈ વ્યક્તિ સાથે નિકાહ કરી શકે. આ હેતુ ફક્ત એક તલાક અથવા બે તલાક આપીને તેણીને ઈદ્દત માટે છોડી દેવામાં આવે અને ઈદ્દત દરમ્યાન તેણીને એક અજાણી અને પત્ની વગરની પરાઈ સ્ત્રીની જેમ રાખવામાં આવે અને (રજઅત) જીભથી પણ તેને બોલાવવામાં ન આવે તો ઈદ્દત પૂરી થયા પછી તેણી અન્ય વ્યક્તિ સાથે પણ નિકાહ કરી શકે છે અથવા તલાક આપનાર તે વ્યક્તિની નિકાહમાં પણ ફક્ત નિકાહ કરીને હલાલા વગર આવી શકે છે. અને ત્રણ તલાકના ગુનાહ અને ફિટકારથી પણ બચી શકાય છે. જરૂરતના સમયે ઈસ્લામમાં તલાક આપવી જાઈઝ છે કેમ કે મિયાં બીવી (પતિ–પત્ની)નો સંબંધ કાંઈ જન્મજાત લોહીનો કે ફિતરી (કુદરતી) નથી હોતો પરંતું આ સંબંધ ખાસ કરીને જવાનીમાં બંધાય છે તેથી જરૂરી નથી કે આ આપસી મહોબ્બત કાયમ થઈ જ જાય. પરંતુ અલગ અલગ સ્વભાવ, જુદી જુદી ટેવો, જુદા જુદા રીત રિવાજો, ભિન્ન ભિન્ન વિચારસરણીઓ અને મેળ મેળાપ ભિન્ન હોવાને કારણે મહોબ્બતની જગ્યાએ ક્યારેક નફરત અને ધિક્કાર પેદા થઈ જાય છે અને એકબીજાની સાથે જીવન પસાર કરવું મુશ્કેલ બની જાય છે અને ક્યારેક ક્યારેક તો અશક્ય જેવું બની જાય છે, પરિણામે રાત દિવસ ઝઘડા, મારઝૂડ અને ક્યારેક તો ખૂના મરકી સુધી નોબત આપવી જાય છે. પતિ પત્ની એકબીજાને માટે જાની દુશ્મન બની જાય છે. તો આવા સંજોગોને

કારણે ઈસ્લામમમાં તલાક઼ રાખવામાં આવેલ છે કે જેથી લડાઈ, ઝઘડા, ધિક્કાર અને મોરચાબંધીની જગ્યાએ આપસી ચર્ચા વિચારણા અને સદ્‌ભાવનાપૂર્વક એકબીજાં પોત પોતાનો રસ્તો અલગ કરી લે.

આથી જ જે ધર્મોમાં તલાક઼ નથી, એટલે કે જેની સાથે લગ્ન વિધિથી બંધાઈ ગયો તેની સાથે હમેશાંને માટે બંધાઈ ગયો, હવે જાન છોડાવવાનો કોઈ રસ્તો નથી, તે લોકોમાં સ્ત્રીઓની હત્યા સુધ્ધાં કરી નાખવામાં આવે છે અથવા તેનું જીવન સુખ શાંતિની જગ્યાએ બોજ બની જાય છે. આજે સ્ત્રીઓની હમદર્દીના નામે કેટલીક ઈસ્લામ દુશ્મન તાક઼તો (દેશો) એવા ક઼ાનૂનો બનાવી રહી છે જેના કારણે તલાક઼નું અસ્તિત્વ જ ન રહે. અને કોઈ તલાક઼ જ ન આપી શકે. આ લોકો (દેશો) સ્ત્રીઓના હમદર્દ નથી પરંતુ તેણીઓની હત્યા કરી રહ્યા છે. આજે સ્ત્રીઓના શરીર ઉપર કેરોસીન નાખીને બાળી નાખવું, પાણીમાં ડૂબાડી દેવું, ઝેરની ગોળીઓ ખવડાવીને તેણીઓને મારી નાખવી વગેરે ઈજા પહોંચાડવાના દર્દનાક બનાવોના જવાબદાર તે લોકો જ છે જેઓ કોઈપણ પરિસ્થિતિમાં તલાક઼ની તરફેણમાં નથી. અને જયારથી તલાક઼ને દરેક પરિસ્થિતિમાં ખરાબ અને નુકશાનકારક માનવાનો માહોલ વધતો ગયો ત્યારથી આવા ભયંકર અને દર્દનાક બનાવો વધતા ગયા.

અમે પૂછવા માંગીએ છીએ કે શું કોઈ સ્ત્રીને મારવું, બાળી નાખવું, પાણીમાં ડૂબાડી દેવું, બેરહેમીથી મારવું એ સારું છે કે તેણીને મહેરની રકમ આપીને ઈજ્જતની સાથે તલાક઼ આપી દેવી સારું ? અને કોઈ સ્ત્રી માટે તેના પતિને કોઈપણ રીતે રાજી કરીને તેનાથી તલાક઼ મેળવી લેવી અને છૂટાછેડા લઈને કોઈ બીજી વ્યક્તિ સાથે નિકાહ કરી લેવું એ સારું છે કે સહેલીઓ, દોસ્તો, સગા સંબંધીઓ સાથે મળીને પતિનું ખૂન કરાવી નાખવું સારું છે ? આજકાલ આ પ્રમાણેના બનાવો ખૂબ જ બની રહ્યા છે જેનો અંદાજ સમાચાર પત્રોના વાંચનથી આવી શકે છે. અને સમાજ અને સામાજિક વ્યવસ્થાને ટકાવી રાખવા માટે ઈસ્લામે પતિ પત્નીના જે હક્ક઼ો બતાવ્યા છે તેના ઉપર અમલ કરવામાં આવે તો આ પરિસ્થિતિઓ આવતી નથી અને લડાઈ ઝઘડા અને તલાક઼ સુધીની વાત જ પહોંચતી નથી.

## શરએ પયમ્બરી મહેર નક્કી કરવી

કેટલીક જગ્યાએ શાદીમાં મહેર શરએ પયમ્બરી નક્કી કરવામાં આવે છે અને તેનાથી તેમનો મકસદ ૬૪ રૂપિયા અને ૧૦ આના હોય છે અથવા બીજી કોઈ રકમ. જો કે આ બધી પાયા વગરની વાતો છે. શરીઅતે પયગમ્બરે આ'ઝમ ﷺમાં મહેરની વધુમાં વધુ રકમની કોઈ મર્યાદા નિશ્ચિત નથી. તેના માટે બંને પક્ષ જેટલી રકમ પર સહમત થઈ જાય તે જ મેહરે શરએ પયમ્બરી છે. હા ! ઓછામાં ઓછી મહેરની રકમની માત્રા દસ દિરહમ, એટલે કે લગભગ ૨ તોલા, ૧૩ આના ભાર ચાંદી છે. તેનાથી ઓછી મહેર નક્કી કરવું સહીહ નથી. (નોંધ : ૨ તોલા અને ૧૩ આના ભાર ચાંદી = ૩૩ ગ્રામ ચાંદી થાય છે.) જો બાંધવામાં આવે તો (નક્કી કરવામાં આવે તો) મેહરે મિષ્લ લાગુ પડશે.

(**નોંધ** : મેહરે મિસ્લ એટલે કે તેની અગાઉ તેની મોટી બહેન કે ફોઈની શાદીમાં નક્કી કરવામાં આવેલ મહેર)

અને કેટલાક લોકો મહેરે શરએ પયમ્બરીથી સૈયદેના ફાતિમા رضی اللہ عنہاની શાદીના મહેરનો વિચાર કરે છે. જો કે ખાતૂને જન્નતની શાદીનો મહેર ૪૮૦ મિષ્કાલ એટલે કે ૧૫૦ તોલા ચાંદી હતી.

ખુલાસો એ જ કે શરીઅતની તરફથી મેહરની કોઈ હદ (મર્યાદા) નક્કી કરવામાં આવી નથી. હા ! એટલું જરૂરી છે કે ૧૦ દિરહમ એટલે કે ૨ તોલા અને ૧૩ આના ભાર (૩૩ ગ્રામ) ચાંદીથી ઓછી કિંમતમાં ન હોય. વર્તમાનકાળમાં ૧૦ ગ્રામ ચાંદીના લગભગ ૬૦૦ રૂા. છે જેથી હાલમાં રૂા. બે હજારથી ઓછી મહેર ન રાખવી.

## નિકાહ પઢવામાં ઈજાબો કુબૂલ (કબૂલાત) પછી ખુત્બો પઢવો

આ રિવાજ પણ ખોટો છે. સુન્નત તરીકો એ છે કે નિકાહનો ખુત્બો ઈજાબો કુબૂલથી પહેલાં પઢવામાં આવે.

## શું તલાક઼ આપવા માટે પત્નીનું સામે હોવું અથવા તેનું સાંભળવું જરૂરી છે ?

કેટલાક લોકો સમજે છે કે પતિ જો પત્નીને તલાક઼ આપે તો તલાક઼ના

શબ્દો પત્નીએ સાંભળવું અને પત્નીએ તલાક઼ના સમયે સામે હોવું જરૂરી છે. આ ગલત ફેહમી (ગેરસમજ) છે. પત્ની જો ન સાંભળે અને ત્યાં હાજર પણ ન હોય તો પણ પતિના તલાક઼ આપવાથી તલાક઼ થઈ જશે. જો પતિ અને પત્ની દરમ્યાન હજારો માઈલનું અંતર હોય તો પણ. આ'લા હઝરત ઈમામ એહલે સુન્નત સૈયદી શાહ ઈમામ અહમદ રઝાખાન رحمۃ اللہ علیہ ઈર્શાદ ફર્માવે છે : "તલાક઼ને માટે પત્નીનું ત્યાં હાજર હોવું કોઈ શર્ત નથી." *(ફતાવાએ રઝવિય્યહ, ભાગ-૫, પેજ-૬૧૮)*

## શું હાલતે હમલ (ગર્ભાવસ્થા)માં તલાક઼ થતી નથી ?

હાલતે હમલ (ગર્ભાવસ્થા દરમ્યાન) તલાક઼ થઈ જાય છે. કેટલાક લોકો એવું સમજે છે કે પત્ની ગર્ભવતી હોય અને આ અવસ્થા દરમ્યાન પતિ તલાક઼ આપે તો તલાક઼ લાગુ પડતી નથી, એ તેઓની ગલત ફેહમી (ગેરસમજ) છે. સૈયદી આ'લા હઝરત ઈમામે એહલે સુન્નત ઈર્શાદ ફર્માવે છે : "જાઈઝ અને હલાલ છે જો ગર્ભાવસ્થા દરમ્યાન પણ (તલાક઼) આપી હોય." *(ફતાવાએ રઝવિય્યહ, ભાગ-૫, પેજ-૬૨૫)*

## વેવાણ, કાકી અને મામી સાથે નિકાહનો મસ્અલો

કેટલાક લોકો વેવાણ, કાકી અને મામીની સાથે શાદી કરવાને ખરાબ ગણે છે. જો કે વેવાણ સાથે (વેવાઈનું) શાદી કરવું નિઃશંકપણે જાઈઝ છે. એ જ પ્રમાણે કાકી અને મામી સાથે પણ શાદી કરવામાં કોઈ વાંધો નથી, જ્યારે કે તેમના પતિઓએ તેણીઓને તલાક઼ આપી દીધી હોય અથવા તેઓ મરી ગયા હોય તો ઈદ્દત પછી વેવાણ, કાકી અને મામી સાથે શાદી કરવી જાઈઝ છે. જે લોકો આ શાદીઓને ખરાબ સમજે છે તેઓ અજ્ઞાની છે. *(મલ્ફૂઝાતે આ'લા હઝરત, ભાગ-૩, પેજ-૧૦, ફતાવાએ આફ્રિકા, પેજ-૧૦૦)*

## શું પતિ માટે તેની પત્નીને હાથ લગાડતાં પહેલાં મહેર માફ કરાવવું જરૂરી છે ?

ઘણા લોકો આ વિચારસરણી ધરાવે છે કે પતિ માટે એ જરૂરી છે કે શાદી પછી પહેલી મુલાકાતમાં પોતાની પત્ની પાસેથી મહેર માફ કરાવી લે પછી જ તેના શરીરને હાથ અડાડે. આ એક ખોટી વિચારસરણી છે.

ઈસ્લામમાં આવું કંઈ જ નથી. આજકાલ જે મેહરનો રિવાજ છે તેને "ગૈરમુઅજ્જલ" કહે છે, જે કંઈ તો તલાક આપવાથી અથવા બંનેમાંથી કોઈ એકના મરી જવાથી આપવું વાજિબ થાય છે, તેનાથી પહેલાં દેવું (આપવું) વાજિબ નથી. હા ! જો પહેલાં પણ આપી દે તો કોઈ વાંધો નથી બલ્કે વધારે સારી વાત છે. માફ કરાવવાની કોઈ જરૂરત નથી અને મહેર માફ કરાવવા માટે નક્કી કરવામાં આવતી નથી. હમણાં આપે કે પછી આપે પરંતું મેહર આપવા માટે છે, માફ કરાવવા માટે નથી.

હા ! જો મેહરે "મુઅજ્જલ" હોય, એટલે કે નિકાહના સમયે રોકડી દેવાનું નક્કી કરવામાં આવેલ હોય, તો પત્નીને અધિકાર છે કે તેણી ચાહે તો મહેર વસુલ કર્યા વગર તેણી પોતાને પતિને હવાલે ન કરે અને તેને હાથ લગાડવા ન દે. અને જો પત્ની ચાહે તો મેહર વસૂલ કર્યા વગર પણ આ બધું (પતિને હવાલે કરવું) કરવા દે. માફ કરાવવાનો અહીંયા પણ કોઈ અર્થ નથી.

## જે સ્ત્રીને વ્યભિચારથી હમલ રહી ગયો હોય તેનાથી શાદી કરવાનો મસ્અલો

વ્યભિચારથી ગર્ભવતી થયેલ સ્ત્રી સાથે શાદી કરવાને અમુક લોકો નાજાઈઝ સમજે છે, જો કે તે જાઈઝ છે. વ્યભિચાર ઈસ્લામમાં મોટો ગુનાહ છે અને તેની સજા પણ ઘણી જ સખ્ત છે. પરંતું જો કોઈ સ્ત્રીથી વ્યભિચાર થઈ ગયો અને તેવી સ્ત્રી સાથે શાદી કરવામાં આવે તો તે શાદી સહીહ (બરાબર) થઈ જશે જો કે તે વ્યભિચારથી ગર્ભ પણ રહી ગયો હોય પરંતું તેવી સ્ત્રી પતિવાળી (પરણેલી) ન હોવી જોઈએ. અને શાદી જો તે જ વ્યક્તિ સાથે થાય જેના થકી ગર્ભ રહી ગયો તો શાદી પછી બંને એક સાથે રહી શકે છે તેમજ સંભોગ પણ કરી શકે છે. અને જો બીજી વ્યક્તિ સાથે શાદી થાય તો જ્યાં સુધી બાળકનું જન્મ ન થાય ત્યાં સુધી બંનેએ અલગ રહેવું પડશે અને તેમના માટે (એટલા સમય સુધી) સંભોગ પણ જાઈઝ નથી. દુર્રે મુખ્તારમાં એ જ પ્રમાણે છે.

ઈમામ એહલે સુન્નત સૈયદી આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે : "જે સ્ત્રી મઆઝલ્લાહ વ્યભિચાર થકી ગર્ભવતી થઈ હોય, તેનાથી શાદી

કરવું જાઈઝ છે, ભલે જેનાથી ગર્ભ રહેલ છે તેની સાથે હોય કે અન્ય પુરુષ સાથે. તફાવત એટલો જ છે કે જેનાથી ગર્ભ રહી ગયેલ છે તેનાથી શાદી થાય તો શાદી પછી તેનાથી સંભોગ પણ કરી શકે છે, અને અન્ય પુરુષ સાથે શાદી થાય તો ગર્ભ પૂરો થવા સુધી (બાળકના જન્મ સુધી) સંભોગ ન કરે.'' *(ફતાવાએ રઝવિય્યહ, ભાગ–૫, પેજ–૧૯૯, ફતાવાએ આફ્રિકા, પેજ–૧૫)*

## શું સ્ત્રીના ૨૦ (વીસ) બાળકો થઈ જાય તો તેની નિકાહ તૂટી જાય છે ?

''જે સ્ત્રીના ૨૦ (વીસ) બાળકો થઈ જાય તેની નિકાહ તૂટી જાય છે'' આ એક બિલકુલ અજ્ઞાતનાભર્યો વિચાર (માન્યતા) છે. સાચી વાત તો એ છે કે બાળકો વીસ થઈ જાય કે એનાથી પણ વધુ, તેના નિકાહ ઉપર તેની કોઈ અસર થતી નથી અને પહેલો નિકાહ (જે નિકાહમાં છે તે જ) બાકી રહે છે, બીજીવાર નિકાહ કરવાની કોઈ જરૂરત રહેતી નથી.

## ઈદ્દતને માટે પત્નીને તેના માવતરે લઈ જવું

આજકાલ જો કોઈ સ્ત્રીને તલાક઼ આપવામાં આવે તો પિયરવાળા (માવતરવાળા) તેણીને તરત જ તેના ઘરે લઈ જાય છે અને તેના ઉપર અભિમાન કરવામાં આવે છે. અને જો તેવી સ્ત્રી પતિના ઘરે રહે તો કેટલાક લોકો તેણીના મા બાપ અને ભાઈઓને ચઢાવે છે કે ''તલાક઼ પછી પણ છોકરીને તેના પતિના ઘરે છોડી દીધેલ છે !'' આ બધી ખોટી વાત છે.

**મસ્અલો** : આ પ્રમાણે છે કે ''તલાક઼ પછી સ્ત્રી તેના પતિના ઘરે જ ઈદ્દત પૂરી કરે અને પતિ ઉપર તેણીના ઈદ્દત દરમ્યાનનું ભરણ પોષણ અને રહેવાનું મકાન આપવું જરૂરી છે.''

''તલાક઼વાળી સ્ત્રીઓને તેમના ઘરેથી ન કાઢો અને ન તો તેઓ પોતે નીકળે પરંતુ જ્યારે કે તેઓ ખુલ્લેઆમ બેહયાઈ (બેશરમી) કરે.'' *(પારા–૨૮, સૂરએ તલાક઼)*

હા ! એ જરૂરી અને ફર્ઝ છે કે તે બંને અજનબી અને એકબીજાનાં

પરાયા થઈને રહે, અને સારું તો એ છે કે તેમની સાથે કોઈ વૃધ્ધ સ્ત્રી રહે અને તેમની સાર સંભાળ રાખે. અને આ પ્રમાણે પણ થઈ શકે છે કે પતિ ઘરમાં ન રહે ખાસ કરીને રાત્રે બીજે ક્યાંય સૂએ. આવી પત્નીના હાથથી બનાવેલું ખાણુ ખાવામાં કોઈ વાંધો નથી. પતિના કપડાં વગેરે ધોવાં પણ તલાક઼ પછી કોઈ ગુનોહ નથી, કેમ કે તલાક઼ પછી જો કે પત્ની નથી પરંતુ એક મુસલમાન સ્ત્રી છે અને શરીઅતની પાબંદીઓની સાથે એક મુસલમાનનું બીજા મુસલમાનના કામમાં આવવું ''હુસ્ને અખ્લાક઼'' (સદ્‌ગુણ) અને સારી વાત છે.

અમુક સ્થળોએ લોકો એટલી હદે કડકાઈથી વર્તે છે કે તલાક઼ પછી ઈદ્દત દરમ્યાન જો પતિ, પત્નીના હાથે પકાવેલું ખાણું ખાય લે તો તેની સાથે હુક્કા પાણી બંધ કરી દે છે (સામાજિક બહિષ્કાર કરે છે) તે ખોટુ (ગલત) છે. જ્યાં સુધી પૂરેપૂરી ખાત્રી સાથે ખબર ન હોય કે તેઓ પતિ પત્નીની જેમ ખાસ સંબંધો ધરાવે છે, ત્યાં સુધી ફક્ત શંકાને આધારે તેમને હેરાન કરવામાં ન આવે અને બદગુમાની (ખોટી ધારણા) ઈસ્લામમાં ગુનોહ છે.

હા ! જો તલાક઼ે મુગલ્લઝા અથવા તલાક઼ે બાઈનાની ઈદ્દત હોય અને પતિ ફાસિક઼ હોય અને કોઈ એવો ત્યાં ન હોય કે જો પતિની નિય્યત બગડે તો તેને કાબૂમાં રાખી શકે (રોકી શકે) તો પત્નીએ તે ઘરને છોડવાનો હુકમ છે. *(ફતાવાએ ફૈયઝુર્રસૂલ, ભાગ–૨, પેજ–૨૯૦)*

***(નોંધ** : તલાક઼ે મુગલ્લઝા એટલે ત્રણ તલાક઼, જેનાથી પત્ની તરત જ તેના નિકાહમાંથી નીકળી જાય છે અને હલાલા વગર એ બંનેનો ફરી નિકાહ થઈ શકતો નથી.)*

**તલાક઼ે બાઈન** : એટલે કે (બે તલાક઼) જેનાથી સ્ત્રી તરત જ નિકાહમાંથી નીકળી જાય છે અને પરસ્પરની સહમતિથી ફરી ''નિકાહ'' થઈ શકે છે.

**તલાક઼ે રજઈ** : એટલે કે (એક તલાક઼) જેનાથી સ્ત્રી તરત જ નિકાહમાંથી નીકળી જતી નથી પરંતુ ઈદ્દતના સમય દરમ્યાન પતિ પત્ની

આપસમાં મતભેદ દૂર કરી એકબીજાથી રાજી થઈ જાય તો ફરીથી સંસારિક જીવન એકબીજા સાથે ચાલુ થઈ શકે છે.

## તલાક઼ આપેલ સ્ત્રીની ઈદ્દત ત્રણ મહિના ગણવી ?!

ઘણા લોકો એવો વિચાર ધરાવે છે કે તલાક઼શુદા (તલાક઼ આપેલી સ્ત્રી)ની ઈદ્દત ત્રણ મહિનામાં પૂરી થઈ જાય છે, આ ગલત છે. તલાક઼શુદા સ્ત્રીની ઈદ્દતની મુદ્દત આ પ્રમાણે છે કે "જો તેણી ગર્ભવતી ન હોય, તો તલાક઼ આપ્યા પછી તેને ત્રણ વખત માસિક આવી જાય પછી આ ત્રણ માસિક ત્રણ મહિનાથી ઓછી મુદ્દતમાં આવે કે ત્રણ મહિનાથી વધુ સમયમાં આવે કે વરસ પૂરું થઈ જાય. જો ત્રણ વખત તેને માસિક નથી આવ્યાં તો તેની ઈદ્દત પૂરી થશે નહીં. હા ! જો તેણી ૫૫ વરસની થઈ ગયેલ હોય અને માસિકનું આવવું બંધ થઈ ગયેલ હોય, અથવા નાબાલિગ હોય કે હજુ માસિકની શરૂઆત જ ન થઈ હોય અથવા કોઈ બીમારીને કારણે તેને ક્યારેય માસિક આવ્યું જ ન હોય તો તેની ઈદ્દત ત્રણ મહિના છે. અને સગર્ભા સ્ત્રીની ઈદ્દત બાળકના જન્મ સુધીની છે પછી ભલે બાળક તલાક઼ આપ્યા પછી તરત જન્મે તો પણ ઈદ્દત પૂરી થઈ જાય છે. અને જેનો પતિ ગુજરી જાય તે સગર્ભા ન હોય તો તેની ઈદ્દત ચાર મહિના દસ દિવસ છે.

ખુલાસો એ જ કે સામાન્ય રીતે તલાક઼ની મુદત ત્રણ મહિના અથવા ત્રણ મહિના અને ૧૩ દિવસ સમજવું ખોટું છે. સાચી હક઼ીક઼ત એ જ છે જે અમોએ આગળ વર્ણવેલ છે.

## છોકરાઓની શાદીમાં વલીમા કરવાને બદલે મંઢીયા (મહેમાની) કરવું

છોકરાની શાદીમાં ઝ઼ફાફ એટલે કે પતિ પત્નીના મિલન (સુહાગ રાત) પછીની સવારે, પોતાની હૈસિયત મુજબ મુસલમાનોને ખાણુ ખવડાવે તેને "વલીમા" કહેવામાં આવે છે અને આ વલીમા એ સૈયદે આલમ ﷺની મુબારક સુન્નત છે. ઘણી બધી હદીષોમાં તેનું (વલીમાનું) વર્ણન પણ છે. સરકાર ﷺએ ખૂદ પણ વલીમા કર્યા અને સહાબાએ

કિરામને પણ તેનો હુકમ આપ્યો. પરંતું આજકાલ ઘણા લોકો શાદીની પહેલાં દાવતો આપીને ખાણા ખવડાવે છે જેને મુંઢીયા (મહેમાની) કહેવામાં આવે છે. વલીમા ન કરવો અને તેની જગ્યાએ મુંઢીયા (અન્ય ખાણાઓ) કરવા સુન્નતની વિરૂદ્ધ છે. પરંતું લોકો રીત રિવાજોને વળ ગેલા છે અને તેમની જીદ અને હઠીલાપણુ અથવા અજ્ઞાનતાને કારણે રસૂલે કરીમ ﷺની આ મુબારક અને પ્યારી સુન્નતને છોડી દે છે. ઈસ્લામના દરેક કાનૂનમાં હજારો ખૂબીઓ છે. ખોટા ખાણાઓની મનાઈ અને વલીમા સુન્નત હોવા પાછળ પણ એક હિકમત સમાયલી છે કે નિકાહની પહેલાં જ ખાવાનું (ખાણું) ખવડાવી દેવામાં આવે તો શક્ય છે કે કોઈપણ કારણે નિકાહ ન થાય અને ઘણી વખત આવું થતું હોય છે, તો આ પરિસ્થિતિમાં તે નિકાહના તમામ ખર્ચાઓ બે બુનિયાદ અને ખોટો (આર્થિક) બોજ બની જાય છે.

## જવાન છોકરીઓની શાદી કરવામાં મોડું કરવું

આજકાલ જવાન છોકરીઓને ઘરમાં બેસાડી રાખવું અને તેઓની શાદીમાં મોડુ કરવું એ આમ રિવાજ થઈ ગયેલ છે. ઈસ્લામી દષ્ટિકોણથી આ રિવાજ ખોટો છે. હદીષે પાકમાં છે, રસૂલુલ્લાહ ﷺ ઈર્શાદ ફર્માવે છે : "જેની છોકરી ૧૨ વરસની ઉંમરની થાય અને તેના નિકાહ ન કરવામાં આવે, પછી તે છોકરી ગુનાહ કરવામાં દાખલ થાય તો તે ગુનાહ તે વ્યક્તિ (માં બાપ) ઉપર પણ લાગુ પડે છે." *(મિશ્કાત શરીફ, પેજ–૨૭૧)*

આજકાલના ફુઝૂલ ખર્ચાઓ અને રિવાજોએ પણ શાદીઓને મુશ્કેલ બનાવી દીધી છે જેના કારણે પણ ઘણી જવાન છોકરીઓ તેમના ઘરોમાં બેઠી છે. આ ખર્ચાઓ ઉપર કાબૂ મેળવવા માટે ઠેકઠેકાણે ચળવળો ચલાવવાની કમિટીઓ સ્થાપવાની જરૂરત છે. જો કે પોત પોતાની જાતિ અને કૌમમાં આ કામ કરવામાં આવે તો પણ કાંઈ વાંધો નથી. ભાઈઓ ! કામ કરવાનો સમય છે. ફક્ત વાતોના વડા કરવાથી કે ફક્ત નારાઓ લગાડવાની અને મુશાએરા સાંભળવાથી કંઈ પ્રાપ્ત થવાનું નથી.

કેટલાક લોકો ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરાવવા માટે છોકરીઓની ઉંમર

મોટી કરી દે છે અને તેણીઓને શાદીથી દૂર (અવિવાહિત) રહેવા માટે મજબૂર કરી દે છે. આ પણ મૂર્ખામી અને બેવકૂફી છે.

આજકાલ મુસલમાનોમાં કેટલાક બદમઝહબ અને બાતિલ ફિર્કાઓ જવાન છોકરીઓના ઉચ્ચ શિક્ષણ માટે મદ્રસાઓ અને સ્કૂલો સ્થાપવામાં ઘણા જ પ્રયત્નશીલ છે. તેમનો હેતુ તેમના ખોટા અને બિન મુસ્લિમ અક઼ીદાઓ મુસલમાનોમાં ફેલાવવા અને ઘરેઘર પહોંચાડવા સિવાય અન્ય કાંઈ જ નથી, અને આ બાજુ લોકોમાં આજકાલ ઔલાદથી પ્રેમ એટલો વધી ગયો છે કે દરેક વ્યક્તિ એ કોશિશમાં છે કે, "મારી છોકરી અને મારો છોકરો ન જાણે શું અને શું બની જાય ?" અને ઉચ્ચ શિક્ષણનો નશો સવાર થઈ ગયેલ છે. એમાં સફળ તો ઘણા ઓછા થાય છે અને મોટાભાગે ખરાબ દિવસો જોવા મળે છે. છોકરાઓ વધુ ભણીને બાપ બની જાય છે અને છોકરીઓ આઝાદ બની જાય છે.

શક્ય છે કે અમારી આ વાતો (સલાહ)થી અમુક લોકોને વિરોધ હોય પરંતુ અમારી સલાહ એ જ છે કે છોકરીઓને ઉચ્ચ શિક્ષણથી દૂર રાખવામાં આવે ખાસ કરીને જ્યારે આ શિક્ષણ શાદીના રસ્તામાં નડતરરૂપ હોય અને ભણવું ભણાવવાના ચક્કરમાં આધેડ કરી દેવામાં આવતી હોય, અને ખાસ કરીને ગરીબ વર્ગના લોકોમાં, કારણ કે તેમને માટે ભણેલી ગણેલી છોકરીઓ બોજારૂપ બની જાય છે, કેમ કે આવી છોકરીઓ માટે પતિ પણ એ ગ્રેડનો અને ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરેલો હોવો જોઈએ, અને એવા લોકો મળતા નથી અને જો મળી જાય છે તો તે દહેજમાં કાર અથવા બાઈકની માંગણી કરે છે, બલ્કે બારાતથી પહેલાં જ એક બે લાખ રૂપિયા ચૂકવવાની માંગણી કરે છે.

## વિધવા સ્ત્રીઓની શાદીને ખરાબ સમજવું

વિધવા સ્ત્રી માટે ઈસ્લામમાં શાદી જાઈઝ છે, અને લોકોની બદ્તમીઝી, ખરાબ નજર અને ખરાબ વિચારો અને ખરાબ આચરણથી બચવાની નિય્યત હોય, તો નિઃશંકપણે અજરો સવાબનું નિમિત્ત પણ છે. અને શાદી કરવાથી વગર કારણે કોઈ સ્ત્રી પર લાનતાન કરવું, તેને સારું

નરસું કહેવું અથવા વિધવા સ્ત્રીને મનહૂસ સમજવું આ બધાં ગુનાહનાં કામ છે.

વાસ્તવમાં આ અંગે બે પ્રકારના લોકો જોવા મળે છે. એક તો એવા લોકો કે જેઓ વિધવા સ્ત્રીઓની શાદીને "ફર્ઝે કતઈ" સમજે છે અને બળજબરીથી એમના નિકાહ કરાવે છે અને ન કરવાને હરામ સમજે છે. આ એવા લોકો છે જેઓ ગુમરાહ અને બદદીન થઈ ચૂકયા છે. બીજા એ લોકો છે જેઓ આ શાદીને ખરાબ સમજે છે અને શાદી કરવાવાળીને લાનતાન કરે છે, આ લોકો પણ સખત ગલતી પર છે. આજકાલના માહોલમાં ખરાબ કાર્યો કરવાવાળાઓ, વ્યભિચારીઓ, અય્યાશી કરવાવાળાઓ, હોટલો, કલબો, રંડીખાનાઓમાં અય્યાશી કરવાવાળા પુરૂષો અને સ્ત્રીઓની અધિકતા હોવા છતાં તેમને કોઈ કાંઈ જ કહેતા નથી ! બલ્કે તેઓ નેતા, લીડર અને મોટા માણસો કહેવામાં આવે છે. અને કોઈ વિધવા સ્ત્રી શાદી કરે અથવા કોઈ આધેડ વયનો પુરૂષ શાદી કરે અથવા કોઈ પુરૂષ એકથી વધુ શાદી કરે તો તેને લોકો ખરાબ ગણે છે અને મલામત (લા'નત) કરે છે. આ બધી જ અજ્ઞાનતા અને ઈસ્લામથી દૂર રહેવાનાં પરિણામો છે. શરઈ શાદી જેટલી વધુ હોય એટલું સારું છે કારણ કે શાદી બદકારી (વ્યભિચાર)ને મિટાવે છે, ઝિનાકાર (વ્યભિચારી) અને ઝિનાકારોના રસ્તા બંધ કરે છે, આજકાલ લેવું દેવું, લાંબી લાંબી બરાતો, દહેજમાં વધારો અને રીતરિવાજોના વધારાને કારણે શાદીઓ મુશ્કેલ થઈ ગયેલ છે અને તેના કારણે ખરાબ કામો અને વ્યભિચાર વધી રહ્યા છે. શાદીને આસાન (સરળ) બનાવો જેથી કરીને ખરાબ કામ બંધ થાય.

## કુતૂબ સિતારાની તરફ પગ કરીને ન સૂવું

આ મસ્અલો લોકોમાં ખૂબ જ પ્રચલિત થઈ ગયેલ છે. અને ભારતમાં ઘણા લોકો આ માન્યતા ધરાવે છે કે "ઉત્તર દિશાની તરફ પગ લાંબા કરવાની મનાઈ છે" કેમ કે આ દિશામાં કુતૂબ (ધ્રુવનો તારો) છે. ત્યાં સુધી કે જો કોઈ શુમાલ અર્થાત : ઉત્તર દિશાની તરફ પગ લાંબા કરીને સૂએ અથવા લાંબો થાય તો તેને ધૃણાસ્પદ અને શરમજનક માને

છે અને ઘરમાં પથારીઓ બિછાવવામાં આ વાતનો ખાસ ખયાલ રાખે છે કે સિરહાનું (માથા તરફનો ભાગ) પશ્ચિમ દિશા તરફ અથવા તો ઉત્તર દિશાની તરફ રહે.

શરઈ રીતે કિ઼બ્લાની તરફ પગ ફેલાવવા (લાંબા કરવા) તો ચોક્કસ બેઅદબી અને મેહરૂમી છે. તેના સિવાયની બાકીની દિશાઓ ઈસ્લામમાં બરાબર છે. બીજી કોઈ દિશાને, કોઈ દિશા ઉપર શ્રેષ્ઠતા અને ફઝીલત નથી.

આ'લા હઝરત મૌલાના શાહ અહમદ રઝાખાં رحمۃ اللہ علیہ ઈર્શાદ ફર્માવે છે, "આ મસ્અલો જાહિલ લોકોમાં ઘણો જ પ્રચલિત છે." કુતૂબ અવામમાં એક સિતારાનું નામ છે, તો સિતારાઓ તો ચારેબાજુ છે, આથી કોઈ દિશા તરફ પગ ન લંબાવે ! *(ફતાવાએ રઝવિય્યહ, જિ–૧૦, ભાગ–ર, પ્રકાશિત : બિલાસપુર, પેજ–૧૫૮, અલ્મલ્ફૂઝ, જિ–ર, પેજ–૫૭)*

એટલે કે જો કુતૂબ સિતારાને કારણે ઉત્તર દિશા તરફ પગ લંબાવીને સૂવાની મનાઈ હોય, તો સિતારાઓ તો ચારેબાજુએ આવેલા છે આથી કોઈપણ બાજુએ પગ લંબાવવા જાઈઝ નહીં થાય.

આજકાલ લોકો આ રિવાજને મિટાવવા અને ગલત ફેહમી (ગેરસમજ) દૂર કરવા માટે પથારીઓની પાયતી (પગની જગા) ઉત્તર દિશા તરફ રાખે તો તેઓ સવાબના હક્કદાર થશે અને તેઓને એક ખોટા રિવાજને મિટાવવાનો સવાબ મળશે. કેટલાક લોકો કહે છે કે મૈયતને કબ્રમાં સૂવડાવતી વખતે તેનું માથુ કુતૂબ એટલે કે ઉત્તરની તરફ કેમ રાખવામાં આવે છે ? તો વાત એમ છે કે મૈયતનું માથુ ઉત્તરની તરફ કરવું અથવા કબ્રમાં તેને જમણી બાજુ સૂવડાવવાનો અમલ એટલા માટે છે કે તેનો ચહેરો કિ઼બ્લાની તરફ થઈ જાય અને સૂવામાં કે લાંબા થવામાં કિ઼બ્લાની તરફ મોઢું રાખવાનો કોઈ હુકમ નથી અને સૂવાવાળો કે લેટવાવાળો એક જ બાજુ રહી શકતો પણ નથી તેથી તેનો ચહેરો કિ઼બ્લાની તરફ રહી શકતો નથી, તે કરવટો બદલ્યા કરે છે. મુર્દામાં આ બધું નથી. અને સૂતી વખતે પણ જો કોઈ કિ઼બ્લાની તરફ ચેહરો કરી લે તો સારી

નિય્યતને કારણે આ અમલ પણ સારો છે, પરંતું શરઅન જરૂરી નથી. અને જે લોકો ઉત્તરની તરફ પગ લંબાવીને સૂવાની મનાઈ કરે છે તેનો હેતુ તો કુતૂબની તા'ઝીમ કરવાનો હોય છે, ન કે ચેહરાને કિબ્લાની તરફ કરવાનો. અને કુતૂબ સિતારાની તઅઝીમ કરવાનો હુકમ જો મઝહબે ઈસ્લામમાં કોઈ જગાએ આવ્યો હોય તો અમને પણ કોઈ વ્યક્તિ બતાવે અને લખી મોકલાવે.

## મુરીદ હોવું કેટલું જરૂરી છે ?

આજકાલ જે બયઅતનો રિવાજ છે તેને "બયઅતે તબર્રૂક" કહે છે, જે ન તો ફર્ઝ છે અને ન તો વાજિબ, અને ન તો એવો કોઈ શરઈ હુકમ છે કે જેના ન કરવાથી ગુનોહ થાય અથવા આખેરતમાં તેની પૂછપરછ થાય. હા ! જો કોઈ સળંગ સિલસિલાવાળો અને પીર માટેની જરૂરી શરતો ધરાવતો પીર મળી જાય તો તેના હાથમાં હાથ આપીને તેનો મુરીદ થવું એ ચોક્કસપણે એક મુસ્તહસન અને ખૈરો બરકતવાળો અને અગણિત દીની અને દુનિયવી ફાયદાઓવાળું કામ છે. પરંતું તેમ છતાં કોઈ વ્યક્તિ અકાઈદ સાચા ધરાવતો હોય, બુઝુર્ગાને દીન અને ઓલમાએ કિરામથી મહોબ્બત રાખતો હોય અને કોઈ ખાસ પીરનો મુરીદ ન હોય, તો તેના માટે આ અકાઈદ અને ઈમાનની સચ્ચાઈ, ઔલિયાએ કિરામ અને માનનીય ઓલમાએ કિરામથી મહોબ્બત જ કાફી છે. અને કોઈખાસ પીરનો મુરીદ ન હોવાને કારણે હરગિઝ તે કોઈ શરઈ ગુનેહગાર નથી. પરંતું આજકાલ દેહાતો અને ગામડાઓમાં કેટલાક જાહિલ અને શરીઅતથી દૂર એવા પીર આ પ્રોપેગન્ડા (અપ પ્રચાર) કરે છે કે "જે મુરીદ નહીં થાય તેને જન્નત મળશે નહીં." ત્યાં સુધી કે કેટલાક જાહિલ, ધંધાદારી મુકર્રિર જેઓને તકરીર કરવાની તો ફુરસદ છે પરંતું કિતાબો વાંચવાનો સમય નથી, તેઓ જલ્સાઓમાં આ જાહિલ પીરોને ખુશ કરવા માટે ત્યાં સુધી કહે છે કે "જેનો કોઈ પીર નથી તેનો પીર શૈતાન છે." અને કેટલાક જાહિલ આ વાતને હુઝૂર ﷺનું ફર્માન બતાવે છે અને તેનાથી આજકાલની (ધંધાદારી) પીરી મુરીદી મુરાદ (અર્થઘટન) લે છે.

પરંતું પહેલાં તો આ કોઈ હદીષ નથી. હા ! કેટલાક બુઝુર્ગોનું કથન છે કે "જેનો કોઈ શૈખ નથી તેનો શૈખ શયતાન છે." તો આ શૈખથી મુરાદ "મુર્શિદે આમ" છે ન કે "મુર્શિદે ખાસ" અને મુર્શિદે આમ કલામુલ્લાહ અને શરીઅત તથા તરીક઼તના ઈમામોનો ક઼લામ તથા જાહિરો બાતિન ઉલમાનો ક઼લામ છે, એ સહીહ સિલસિલા પર કે અવામનો હાદી (હિદાયત કરનાર) ક઼લામે ઉલમા અને ઉલમાનો રહેનુમા, કલામે અઈમ્મહ અને ઈમામોનો મુર્શિદ, ક઼લામે રસૂલ અને રસૂલનો પેશ્વા કલામુલ્લાહ.

સૈયદી વ સનદી આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે, "સુન્ની સહીહુલ અક઼ીદા, જે અઈમ્મએ હુદા (ઈમામો)ને માનવાવાળો, ઈમામોની તક઼લીદને જરૂરી જાણનારો, ઔલિયાએ કિરામનો સાચો અક઼ીદતમંદ, બધા અક઼ીદાઓમાં રાહે હક઼્ક઼ (સચ્ચાઈના રસ્તા) પર રહેવાવાળો ક્યારેય પીર વગરનો હોઈ શકતો નથી. આ ચારે મુર્શિદાને પાક એટલે કે ખુદાનો ક઼લામ અને રસૂલ અને અઈમ્મહ (ઈમામો) અને ઓલમાએ જાહિર અને બાતિન તેના પીર છે. જો કે તે જાહિરમાં ખુદાના કોઈ ખાસ બંદાના હાથે મુરીદ થયેલ ન હોય." *(નિકાઉસ્સલાફ઼િહ ફ઼ી અહક઼ામે બયઅત વલ ખિલાફ઼ત, પેજ–૪૦)* અને ફર્માવે છે, "રસ્તગારી (જહન્નમથી નજાત અને છૂટકારો) માટે નબીને મુર્શિદ (પીર) માનવું કાફી છે." *(ફતાવાએ અફ઼ીકા, પેજ–૧૩૬)*

ખુલાસો એ જ કે જો બધી જ શરતો સાથે શરીઅતનો પાબંદ પીર મળી જાય તો મુરીદ થઈ જાય કે જે ખૈરો બરકતનું કારણ અને દરજાતની બુલંદીનું કારણ છે અને જો આ પ્રમાણે લાયકાતવાળો અને યોગ્ય પીર ન મળે તો ગામે ગામ ઘૂમતા ફરતા જાહિલ (અજ્ઞાન) શરીઅતની પાબંદી ન કરતા, ઓલમાઓની બુરાઈઓ કરવાવાળા ફક્ત નામના કહેવાતા પીરોના હાથમાં હાથ હરગિઝ ન આપે. (મુરીદ ન થાય) આવા લોકો (પીરો)થી મુરીદ થવું એ ઈમાનની મૌત છે.

## શું પીરને માટે સૈયદ હોવું જરૂરી છે ?

આજકાલ આ પ્રોપેગન્ડો (અપપ્રચાર) પણ કરવામાં આવે છે કે મુરીદ

કરવાનો હક્ક્ ફક્ત સૈયદોને છે. આવો ખોટો પ્રચાર કરવામાં ઘણુ કરીને એવો લોકો હોય છે જેઓ સૈયદ ન હોવા છતાં પોતાની જાતને આલે રસૂલ અને સૈયદ કહેવડાવે છે. સાદાતે કિરામ અને તેમની ઈજ્જત ઈમાનવાળાઓની નિશાની છે. તે ઘણો જ બદ્‌બખ્ત અને બદ્‌નસીબ છે જેને સાદાતે કિરામથી મહોબ્બત નથી, "પીર કમસે કમ ચાર શરતો મુજબ હોય અને સૈયદ પણ હોય તો સોનામાં સુગંધભર્યા સમાન છે." પરંતુ "પીરને માટે સૈયદ હોવું જરૂરી નથી." કુર્આન શરીફમાં છે : "તમારામાંથી અલ્લાહની નજીક શરાફત અને ઈઝ્ઝતવાળાઓ તક્‌વા અને પરહેઝગારીવાળાઓ છે."

હઝરત ગૌષ્ષુષમ્દાની, શૈખ અબ્દુલ કાદિર જીલાની ખૂદ નજીબુત્તરફૈન (મા અને બાપ બંને તરફથી) હસની–હુસૈની સૈયદ છે પરંતુ તેમના પીરો મુર્શિદ "શૈખ અબૂ સઈદ મખ્ઝૂમી" અને તેમના પીરો મુર્શિદ "શૈખ અબુલ હસન હકારી" અને તેમના પીર "શૈખ અબુલ ફરહીત્તરતૂસી" એ જ પ્રમાણે (ક્રમાનુસાર) સિલસિલા બસિલસિલાવાર "શૈખ અબ્દુલવાહિદ તમીમી" "શૈખ અબૂબક્ર શિબ્લી", "શૈખ જુનૈદ બગદાદી", "શૈખ સિર્રી સકતી", "શૈખ મઅરૂફ કર્ખી", (رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَ) (આ બધા)માંથી કોઈપણ સૈયદ અને આલે રસૂલ નથી.

સુલ્તાનુલ્ હિંદ ખ્વાજા મુઈનુદ્દીન رحمۃ اللہ علیہના પીરો મુર્શિદ સૈયદના ખ્વાજા ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہ પણ સૈયદ ન હતા તેમ છતાં એમ કહેવું કે પીર માટે સૈયદ હોવું જરૂરી છે એ મોટી અજ્ઞાનતા અને મૂર્ખામી છે.

આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે : "પીરને માટે સૈયદ હોવાની શરત (જરૂરી સમજવી) ઠરાવવી, બધા સિલસિલાઓને બાતિલ (જૂઠા) ઠરાવવું છે. સિલસિલએ આલિયા, કાદરિયામાં સૈયદના ઈમામ અલી રઝા અને હુઝૂર ગૌષે આ'ઝમની વચ્ચે જેટલા હઝરાત (બુઝુર્ગો) છે તેઓ સાદાતે કિરામમાંથી નથી. અને સિલસિલએ આલિયા, ચિશ્તિયામાં તો સૈયદના મૌલા અલી رضی اللہ عنہની પછી તરત જ હઝરત હસન બસરી رحمۃ اللہ علیہ છે જેઓ ન તો સૈયદ છે, ન કુરૈશી અને ન તો અરબી છે. અને સિલસિલએ આલિયા, નક્શબંદિયહ્‌ની તો ખાસ શરૂઆત જ સૈયદના સિદ્દીકે અકબર رضی اللہ عنہથી થાય છે. *(ફતાવાએ રઝવિય્યહ્, ભાગ : ૯, પેજ : ૧૧૪, પ્રકાશ નં. બિલાસપૂર)*

અને હુઝૂર ﷺના સહાબાએ કિરામમાંથી જેમની સંખ્યા એક લાખથી પણ વધુ છે તેમાં બે ત્રણ (અમુક)ને છોડીને કોઈ સૈયદ અને આલે રસૂલ નથી પરંતુ તેમના મર્તબા (હોદ્દા)ને કયામત સુધી કોઈ પહોંચી શકશે નહીં.

## કાફિરોને મુરીદ બનાવવા

કેટલાક જાહિલ, નામના પીરો કાફિરોને મુરીદ બનાવી લે છે જ્યારે કે કાફિરોને જ્યાં સુધી તે કુફ્ર અને તેને સંબંધિત વાતોથી તૌબા કરે અને કલ્મો પઢીને મુસલમાન ન બને ત્યાં સુધી તેને મુરીદ બનાવવો અને તેને માટે મુરીદ શબ્દનો ઉપયોગ કરવો એ જહાલત (મૂર્ખામી) છે. નવાઈની વાત એ છે કે દંડવત, પ્રણામ કરે અને મુરીદ, કહેવાતા પીર સાહબનો કહેવાય ! જે ખુદા અને તેના રસૂલનો નથી તે આપનો (મુરીદ) ક્યાંથી થઈ ગયો ?!

સાચી વાત એ છે કે તે આપનો મુરીદ ન થયો પરંતુ તેની માલદારી જોઈને આપ તેના મુરીદ થઈ ગયા છો ! સૈયદી આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે, "કોઈ ફકીર પછી તે મુશ્રિક (શિર્ક કરનાર) હોય અથવા મુવહ્હિદ (ખુદાને એક માનનાર) હોય, હરગિઝ તે સિલસિલામાં દાખલ થઈ શક્તો નથી અને ઈસ્લામ લાવ્યા વગર તેની બયઅત પણ મોઅતબર (ભરોસાપાત્ર) નથી અને ન તો ઈસ્લામ લાવ્યા પહેલાં તેની બયઅત ભરોસાપાત્ર છે, જો કે પછીથી મુસલમાન થઈ જાય, કારણ કે બયઅત હોય અથવા કોઈપણ અમલ હોય, બધાને માટે પહેલી શર્ત ઈસ્લામ છે. *(ફતાવાએ રઝવિય્યહ્, ભાગ : ૯, પેજ : ૧૫૭)*

કાફિરોને મુરીદ બનાવનારા અમુક પીરો કહે છે કે, "અમે તેઓને એટલા માટે મુરીદ બનાવીએ છીએ કે જેથી તેઓ અમારી મહોબ્બતમાં મુસલમાન બની જાય." સારું છે, જો આપની આ નિય્યત હોય તો તેઓની સાથે સારા અખ્લાક અને સદ્કાર્યોથી વર્તાવ કરો, પરંતુ જ્યાં સુધી મુસલમાન ન થાય ત્યાં સુધી તેને મુરીદ કહો નહીં. જરા એ તો બતાવો કે અત્યાર સુધીમાં આપે મુરીદ બનાવેલા કાફિરોમાંથી કેટલાકને મુસલમાન બનાવ્યા છે ?! આજે તો એ જમાનો છે કે બિનમુસ્લિમો સાથે ગાઢદોસ્તી

અને સંબંધો રાખવાવાળા મુસલમાનો જ કાફિર અથવા તેઓની જેવા થઈ રહ્યા છે ! અને દાખલાઓ એ બુઝુર્ગોના આપે છે જેઓએ એક એક સફર (પ્રવાસ)માં ૯૦,૦૦૦ બિનમુસ્લિમોને કલ્મો પઢાવ્યો. યાદ રાખો કે તમારામાં અને એ બુઝુર્ગોમાં ઘણો જ તફાવત છે, તેઓ કાફિરોને મુસલમાન કરતા હતા અને તમે સંબંધ રાખીને પોતે તેમના (કાફિરો) જેવા થઈ રહ્યા છો !

## જો તમામ શરતોવાળો પીર ન મળે, તો શું કરવું જોઈએ ?

જો તમામ શરતોવાળો પીર ન મળે તો સાચા અક઼ીદાઓ ઉપર ક઼ાયમ રહે, શરીઅતના એહકામ (હુકમો) ઉપર અમલ કરે અને બધા જ ઔલિયાએ કિરામ અને એહતેરામ (ઈજ્જત) કરવાને લાયક બધા જ ઓલમાએ કિરામથી મહોબ્બત કરે. હુઝૂરે પુરનૂર સૈયદેના ગૌષે આ'ઝમ رضی اللہ عنہથી અર્ઝ કરવામાં આવી કે "જો કોઈ વ્યક્તિ આપનો નામ લેવાવાળો હોય અને તેણે ન તો આપના મુબારક હાથ ઉપર બયઅત (મુરીદ) કરી હોય અને ન તો આપનો ખિરકહ (ઝભ્ભો મુબારક) પહેર્યો હોય, તો શું તે આપ رضی اللہ عنہના મુરીદોમાંથી છે ?" તો આપે ફર્માવ્યું, "જે પોતાની જાતને મારી તરફ મન્સૂબ (સંબંધિત) કરે અને પોતાનું નામ મારા ગુલામોમાં દાખલ કરે, અલ્લાહ તેને ક઼બૂલ ફર્માવશે અને તે વ્યક્તિ મારા મુરીદોનાં ગૃપમાં (દાખલ) છે." *(ફતાવાએ અફ્રિકા, પેજ–૧૪૦)*

આ ઉપરાંત સૈયદેના શેખ અબ્દુલ હક઼્ક઼ મોહદ્દિષે દહેલ્વી رحمۃ اللہ علیہએ ફર્માવ્યું કે "જેને તમામ શરતોવાળો કામિલ પીર ન મળે તે હુઝૂર صلی اللہ علیہ وسلم પર વધુમાં વધુ દુરૂદ શરીફ પઢે."

## પીરથી પર્દો

આ વાત ખૂબ જ મશ્હૂર છે કે પીરથી પર્દો નથી ! જો કે અસલ (હક઼ીક઼ત) આ છે કે પર્દાના મામલામાં પીરો, આલિમો કે ઈમામો માટે અલગથી કોઈ હુકમ નથી. સૈયદી આ'લા હઝરત رضی اللہ عنہ ફર્માવે છે "પર્દાના મામલામાં પીર અને ગૈર પીર (પીર ન હોય) બધી જ અજનબી

(ગૈર મેહરમ) વ્યક્તિઓ માટેનો હુકમ એક જ છે. જવાન સ્ત્રીએ મોઢું (ચહેરો) ખોલીને સામે આવવું પણ મના અને વૃધ્ધ સ્ત્રીને માટે જેનાથી ફિત્નાનો ડર ન હોય, વાંધો નથી.'' *(ફતાવાએ રઝવિય્યહ, જિ-૧૦, પેજ-૧૦૨)*

## માલદાર થવા માટે મુરીદ બનવું

આજકાલ ઘણુ કરીને લોકો એટલા માટે મુરીદ થાય છે કે (તેનાથી) અમે માલદાર થઈ જશું અથવા દુનિયવી નુકસાનોથી રક્ષણ મળશે. કેટલાય લોકો એવું કહેતાં સાંભળવા મળેલ છે કે, ''અમે ફલાણા પીર સાહેબના મુરીદ બનીને ખુશહાલ અને માલદાર બની ગયા.'' અફસોસની વાત છે કે જે પીરી મુરીદી ક્યારેક રુશ્દો હિદાયત (સારી વાતો), ઈમાનની હિફાઝત, જન્નતમાં દાખલો અને શફાઅતને પ્રાપ્ત કરવાનો ઝરીયો માનવામાં આવતી હતી, ''આજે તે જ (પીરી મુરીદી) દૌલત પ્રાપ્ત કરવાનો, બિલ્ડીંગો મેળવવાનો અથવા ફક્ત નક્શ અને તાવીઝ અને ઝાર ફૂંક બનીને રહી ગઈ છે.'' હવે ભાગ્યે જ કોઈ ખુશ નસીબ હશે જે એહલે ઈલ્મો ફઝ્લ ઓલમા અને નેકી કરવાવાળાઓ પાસે અથવા પવિત્ર મઝારાત ઉપર આ નિય્યતથી હાજરી આપતો હોય કે તેઓ થકી ગુનાહોની માફી અને ઈમાનના ઉપર ખાત્માની દુઆ કરાવે.

ઈસ્લામમાં દુનિયવી જિંદગીને ફક્ત એક રમત અને તમાશો કહેવામાં આવેલ છે અને આખેરતને બાકી રહેવાવાળી. પરંતું જેની ખબર નથી (ભરોસો નથી) કે ક્યારે (તેનો) સાથ છોડી દે તેને શણગારવામાં, બનાવવામાં લાગી ગયા અને જ્યાં બધા દિવસો રહેવાનું છે તેને (આખેરતને) ભૂલી ગયા. હદીષે પાકમાં અલ્લાહના રસૂલ ﷺએ ઈર્શાદ ફર્માવ્યું, ''જ્યારે તમે કોઈ બંદાને જુઓ કે અલ્લાહ તઆલા તેને ગુનાહો કરવા છતાં દુનિયા (દૌલત) આપી રહ્યો છે, જે કાંઈપણ તે બંદો ઈચ્છે છે, તો આ ઢીલ છે.'' એટલે કે કોઈ બંદો ગુનાહ કરે છે પરંતું હક્ક તઆલાની તરફથી તેની પકડ થવાને બદલે નેઅમતો મળી રહી છે તો આ નેઅમતો નથી પરંતું અઝાબ છે. રાત દિવસ દૌલત કમાવવામાં

પડેલાઓ હવે મસ્જિદો, ખાનકાહોમાં પણ ક્યારેક આવે છે, તો ફક્ત દુનિયાની દૌલત અને એશોઆરામની ચિંતા લઈને આવે છે ! કેટલી હદે મહેરૂમી છે ! ખુદાએ તઆલા આખેરતની ફિક્ર કરવાની તૌફીક અતા ફર્માવે.

## બુઝુર્ગોના ફોટા ઘરોમાં રાખવા કેવું ?

આજકાલ બુઝુર્ગાને દીનના ફોટાઓ ઘરોમાં અને દુકાનોમાં રાખવાનો રિવાજ થઈ ગયેલ છે. એટલે સુધી કે કેટલાક પીરો અને વલીઓના ફોટાઓ ફ્રેમમાં લગાડીને ઘરોમાં સજાવે છે અને તેના ઉપર માળાઓ (હારો) નાખે છે, અગરબત્તીઓ સળગાવે છે. ત્યાં સુધી કે કેટલાક અજ્ઞાનીઓ, નાસમજ લોકો તેની (ફોટાઓ)ની સામે મુશ્રિકો, કાફિરો અને બુતપરસ્તોની જેમ હાથ બાંધીને ઉભા રહી જાય છે, તેને ચૂમે છે અને સજદા કરે છે. આ વાતો બિલ્કુલ હરામ ત્યાં સુધી કે તેનો અંજામ (પરિણામ) કુફ્ર છે. બલ્કે આ પ્રમાણે હાથ બાંધીને ફોટાઓની સામે ઉભા રહેવું, તેના ઉપર ફૂલો અને હાર ચઢાવવા આ બધું કાફિરોનું કામ છે.

સૈયદી આ'લા હઝરત મૌલાના શાહ અહમદરઝાખાં સાહેબ عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ ઈર્શાદ ફર્માવે છે : "અલ્લાહ ﷻ ઈબ્લીસના મકર (ફિત્ના)થી બચાવે, દુનિયામાં બુતપરસ્તીની શરૂઆત આ પ્રમાણે જ થઈ કે સારા અને નેક લોકોની મહોબ્બતમાં તેમના ફોટાઓ બનાવીને ઘરોમાં અને મસ્જિદોમાં તબર્રુકન રાખવામાં આવ્યા અને ધીમે ધીમે તેઓ જ મઅબૂદ થઈ ગયા. (તેમની પૂજા થવા લાગી). *(ફતાવાએ રઝવિય્યહ, જિ-૧૦, પ્રકાશન-બિલ્સપુર, પેજ-૪૭)*

બુખારી શરીફ અને મુસ્લિમ શરીફની હદીષમાં છે કે "વુદ, સુવાઅ, યગુષ, યઉક અને નસર જે મુશ્રિકોના મઅબૂદ અને બુત હતા, જેની તેઓ પૂજા કરતા હતા, જેનો ઝિક્ર કુર્આને કરીમમાં પણ આવેલ છે. આ બધા કૌમે નૂહ عَلَيْهِ السَّلَام ના નેક લોકો હતા. તેમના વિસાલ થયા પછી કૌમોએ તેમનાં પૂતળા બનાવીને તેમની બેઠકો (રહેવાની જગ્યાઓ)માં રાખી લીધા. તે વખતે ફક્ત મહોબ્બતમાં આવું કરવામાં આવ્યું હતું પરંતુ તે

પછીના લોકોએ તેની (પૂતળાઓની) ઈબાદત અને પૂજા શરૂ કરી દીધી. આ પ્રકારની હદીષો, ઘણી જ સંખ્યામાં હદીષોની કિતાબોમાં આવેલી છે.

એક હદીષે પાકમાં છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "કયામત કાયમ થશે નહીં જ્યાં સુધી મારી ઉમ્મતના કેટલાક કબીલાઓ (કૌમો) મુશ્રિકોની સાથે ન મળી જાય, ત્યાં સુધી કે મારી ઉમ્મતના કેટલાક જૂથો (કૌમો) બુતપરસ્તી કરવા લાગશે." *(મિશ્કાત, કિતાબુલ ફિતન, પેજ–૪૬૫)*

આ હદીષની શરહ (સ્પષ્ટીકરણ) કરતાં મૌલાના મુફતી અહમદરઝાખાં સાહેબ ફર્માવે છે, "અમોએ જોયું કે કેટલાક લોકો પોતાના પીરોના ફોટાઓને સજદા કરે છે, તેને (ફોટાઓને) ચૂમે છે અને તેને શણગારીને રાખે છે. આ છે ઉપરોક્ત હદીષનો ઝુહૂર. *(પ્રેક્ટિકલ સમજ)*

કેટલાક કલમો પઢવાવાળાઓ તાઝિયાઓને સજદો કરે છે. કબ્રોને તો ઘણા જ લોકો સજદો કરે છે. કેટલાક લોકો જીવતા પીરોને સજદો કરે છે. આ બુતપરસ્તી જેમ નથી ?! નઉઝુબિલ્લાહ ! (અલ્લાહ બચાવે)" *(મિરઅતુલ મનાજિહ, જિ–૭, પેજ–૨૧૯)*

ખુલાસો એ જ કે **તસ્વીર, ફોટો ઈસ્લામમાં હરામ છે. અને પીરો, વલીઓ, અલ્લાહવાળાઓના ફોટાઓ અને તેમની તસ્વીરો એનાથી પણ વધુ હરામ છે.** કાફિરો અને ઈસ્લામના દુશ્મનોનાં કાવત્રાંઓ ચાલી રહ્યા છે. તેઓ ઈચ્છે છે કે તમને, તેઓની જેમ બનાવી દે અને તમારાથી કુફ્ર કરાવે, પોતે પણ જહન્નમમાં જાય અને તમને પણ જહન્નમમાં લઈ જાય.

## શરીઅતનો વિરોધ કરવાવાળા પીર

આજકાલ એવા પીરોની સંખ્યા પણ ઘણી જ છે જેઓ નમાઝ, રોઝા અને બીજા શરીઅતના હુકમો ઉપર ન તો પોતે અમલ કરે છે અને ન તો તેમના મુરીદોથી અમલ કરાવે છે. બલ્કે ઈસ્લામ અને કુર્આનની વાતોને એમ કહીને ટાળી દે છે કે "આ મોલ્વી લાઈનની વાતો છે, અમે તો ફકીરી લાઈનના છીએ !" આ ખુલ્લેઆમ શરીઅતે ઈસ્લામિયહનો ઈન્કાર છે, અને નમાઝ, રોઝાઓનો વિરોધ કરવાવાળાઓ, પીર તો ઠીક પરંતું

**મુસલમાન પણ નથી** અને આવા પીરોના મુરીદ થવું એવું જ છે જેમ કે કોઈ ગૈર મુસ્લિમને પોતાનો પેશવા બનાવવું. કેમ કે શરીઅતે ઈસ્લામિયહનો ઈન્કાર એ ઈસ્લામનો જ ઈન્કાર છે અને આ કુફ્ર છે.

સૈયદેના આ'લા હઝરત મૌલાના શાહ અહમદરઝાખાં બરેલ્વી رحمۃ اللہ علیہ ઈર્શાદ ફર્માવે છે : "ખુલ્લેઆમ (જાહેરમાં) પવિત્ર શરીઅતને મઆઝલ્લાહ બેકાર અને વ્યર્થ, બકવાસ અને બાતિલ કહી દેવું એ ખુલ્લુ કુફ્ર અને ઈર્તેદાદ (મઝહબથી દૂર થઈ જવું) અને ઝિન્દીકપણુ, ઈલ્હાદ તથા લા'નત અને દીનથી દૂરીનું નિમિત્ત છે." *(મક઼ાલુલ ઓરફ઼ા, પેજ–૯)*

હક્ક઼ (સત્ય) એ જ છે કે અલ્લાહનો વલી અને અલ્લાહવાળો તે જ છે જે પોતે પણ અલ્લાહના રસ્તે ચાલે અને બીજાઓને પણ ચલાવે. અને અલ્લાહનો રસ્તો એ જ છે જે રસૂલે અકરમ હઝરત મુહમ્મદ મુસ્તફ઼ા ﷺએ બતાવ્યો અને તેમણે પોતે તેના પર ચાલીને બતાવ્યું. આનો (આ રસ્તાનો) વિરોધી હુઝૂરનો વિરોધી છે અને હુઝૂરનો વિરોધી અલ્લાહનો વિરોધી છે અને તે મરદૂદ શૈતાનનો મુરીદ છે."

કુર્આને કરીમમાં ખુદાએ તઆલાનું ફર્માન છે : "અય મહબૂબ ! તમે ફર્માવો કે જો તમે અલ્લાહથી મહોબ્બત કરો છો તો મારું કહેવું માનો, તમે અલ્લાહના પ્યારા થઈ જશો અને તે તમારા ગુનાહોને માફ કરી દેશે અને અલ્લાહ ઘણો જ બખ્શવાવાળો મહેરબાન છે." *(પારા–૨, રુકૂઅ–૪)*

આ આયતે કરીમાથી ઘણુ જ જાણવાનું મળ્યું કે અલ્લાહ તઆલા સુધી પહોંચવાના બધા રસ્તાઓ હુઝૂરના ક઼દમો (પગ મુબારક)માંથી થઈને પસાર થાય છે પછી તે આલિમો, મોલ્વીઓનો હોય કે ફકીરો, દુર્વેશોનો. હુઝૂર ﷺનો રસ્તો છોડીને હરગિઝ કોઈ ખુદાએ તઆલા સુધી પહોંચી શકતો નથી અને હુઝૂર ﷺનો રસ્તો જ શરીઅતે ઈસ્લામિયહ છે અને તરીક઼ત પણ તેનો જ એક ભાગ છે, તેને શરીઅતથી અલગ માનવું ગુમરાહી છે.

કેટલાક ગુમરાહ પીરોને ગુમરાહ મુરીદોથી આ પ્રમાણે કહેતાં પણ સાંભળવા મળેલ છે કે, "અમોએ અમારા પીરનો દીદાર (દર્શન) કરી

લીધો, આ જ અમારી નમાઝ અને ઈબાદત છે.'' આ તેઓનું કથન બિલ્કુલ બેદીની (મઝહબે ઈસ્લામથી અલગ) છે. નમાઝ ઈસ્લામમાં એટલી મહત્વની છે જેને જો મુરીદો છોડી દેશે તો તેઓ કબ્ર અને હશ્રમાં અલ્લાહના અઝાબની મજા ચાખશે અને જો પીર છોડી દેશે તો તેઓને પણ આખેરતમાં અઝાબમાં નાખીને તડપાવવામાં આવશે અને તે (હકીકતમાં) પીર જ નથી જે ન પોતે અલ્લાહની ઈબાદત કરે અને ન તો બીજાઓને કરવા દે.

નમાઝનું તો ઈસ્લામમાં એટલુ ઊંચુ સ્થાન છે કે હુઝૂર સૈયદે આલમ અહમદે મુજતબા મુહમ્મદ મુસ્તફા ﷺ જ્યારે મક્કા મોઅઝ્ઝમાથી હિજરત કરીને મદીના મુનવ્વરામાં તશરીફ લઈ ગયા હતા તો આપે પોતાના માટે અને પોતાના ઘરવાળાઓના રહેવા માટે હુજરાઓ અને મકાન પાછળથી બંધાવ્યાં હતાં, પરંતું પહેલાં ખુદાએ તઆલાની ઈબાદત એટલે કે નમાઝ પઢવા માટે મસ્જિદનું બાંધકામ કરાવ્યું હતું જે આજે પણ છે, જેનો એક એક અંશ ઈમાનવાળાઓ માટે દિલ અને જાનથી વધીને છે.

હુઝૂર ﷺ ફર્માવે છે કે નમાઝ મારી આંખોની ઠંડક છે અને નમાઝ જન્નતની કૂંજી છે. પહેલાંના સમયના બુઝુર્ગાને દીન, મુર્શિદાને કિરામ, સૂફી અને દુરવેશ બધા જ નમાઝી, દીનદાર અને સંપૂર્ણપણે હુઝૂર ﷺની શરીઅત પર ચાલવાવાળા અને પરહેઝગાર હતા.

તેઓ આ પ્રમાણે કહેતા ન હતા કે અમે ફકીરી લાઈનના છીએ ! અમારા ઉપર નમાઝ માફ છે ! બલ્કે તેઓ અન્ય લોકોથી વધુ આખી આખી રાત નમાઝ પઢતા હતા. આજકાલના કેટલાક જાહિલ (ઈલ્મ વગરના) ફક્ત નામ પૂરતા સૂફીઓ અને પીરોએ વિચાર્યું કે પીરી પણ ચાલતી રહે અને આઝાદી તેમજ એશોઆરામમાં પણ કોઈ કમી ન આવે, જેથી જ તેઓ શરીઅતના હુકમો નમાઝ, રોઝા વગેરેનો વિરોધ કરે છે.

વિચારવા યોગ્ય વાત છે કે પહેલાંના સમયના બુઝુર્ગોનાં આસ્તાના અને મઝારાત જ્યાં પણ જોવા મળશે, ત્યાં મસ્જિદ પણ જરૂર જોવા મળશે. અજમેર શરીફમાં ખ્વાજા ગરીબ નવાઝ મોઈનુદ્દીન ચિશ્તી رحمة الله عليهનો

મઝાર, હઝરત નિઝામુદ્દીન મહબૂબે ઈલાહી, હઝરત નસીરૂદ્દીન ચિરાગ દહેલ્વી, હઝરત શૈખ અબ્દુલ હક્ક઼ મોહદ્દિષે દહેલ્વી رحمۃ اللہ علیہم اجمعین વગેરેની ખાનકાહો, લાહોરમાં હઝરત દાતા ગંજબખ્શનો આસ્તાના, નાગોર શરીફમાં હઝરત સૂફી હમીદુદ્દીન નાગોરી, કિછોછા શરીફમાં હઝરત શૈખ મખ્દૂમ અશરફ સિમ્નાની, પાક પટ્ટનમાં હઝરત ફરીદુદ્દીન ગંજેશકર, કલિયર શરીફમાં હઝરત શૈખ અલાઉદ્દીન સાબિર કલિયરી رحمۃ اللہ علیہم اجمعین વગેરેનાં તે બધા આસ્તાનાઓ ઉપર આપને જ્યાં પણ મઝારાત જોવા મળશે ત્યાં મસ્જિદો પણ તેમની લગોલગ બનેલી જોવા મળશે. આમાં રહસ્ય એ જ છે કે આ બુઝુર્ગો જ્યાં રોકાતા, રહેતા, સૂતા ત્યાં ખુદાનુ ઘર એટલે મસ્જિદ બનાવીને અઝાન અને નમાઝથી તેને આબાદ ફર્માવતા અને જ્યારે તેઓએ ખુદાએ તઆલાની ઈબાદત કરીને તેના ઘરને આબાદ કર્યું તો ખુદાએ તઆલાએ તેઓના દરો (ઘર)ને આબાદ કરી દીધાં.

અને ઈસ્લામ આ જ બે ચીજોનું નામ છે કે ખુદાએ તઆલાની ઈબાદત ઈતાઅત પણ થતી રહે અને તેના મહબૂબ બંદાઓ, ખુદાના ખાસ બંદાઓ હઝરાતે અંબિયા અને ઔલિયાની તા'ઝીમ અને તેમનાથી મહોબ્બત પણ થતી રહે.

જે ખુદાએ તઆલા સિવાય અન્ય બીજાઓની ઈબાદત, પૂજા અને પરસ્તિશ કરે તે મુસલમાન નથી, અને જે અલ્લાહવાળાઓથી મહોબ્બતનો સદંતર ઈન્કાર કરે, તેમની બારગાહોમાં બેઅદબી કરે, ગુસ્તાખી કરે, તે પણ ઈસ્લામથી ખારિજ (બહાર) છે.

## મામૂલી ઈખ્તિલાફાત (સામાન્ય મતભેદો)ને ઝઘડાઓનું કારણ બનાવવું

કેટલાક ફૂરૂઈ (અમલી) અને નવા ઉદ્‌ભવેલ મસાઈલ જેનો ઝિક્ર ખુલ્લા શબ્દોમાં કુર્આન, હદીષ અને ફિક઼હની આધારભૂત કિતાબોમાં મળ તો નથી, તેવા મસાઈલ બાબત ક્યારેક ક્યારેક આલિમોનાં મંતવ્યો પણ અલગ અલગ થઈ જાય છે, ખાસ કરીને આજે વિજ્ઞાન અને ટેકનોલોજીના જમાનામાં નીત નવી શોધોને કારણે આવા મસાઈલ ઘણી સંખ્યામાં સામે

આવી રહ્યા છે. તો કેટલાક લોકો ઓલમાના ઈખ્તિલાફ (ભિન્ન મંતવ્યો)ને લડાઈ, ઝઘડા, ગાળા ગાળી અને ભલુ બુરુ બોલવાનું નિમિત્ત બનાવી દે છે અને આપસમાં જૂથબંધી કરી લે છે, આ તેમની મહાન ગલતફહમી છે.

ફુરૂઈ (અમલને લગતા) મસાઈલમાં મતભેદને કારણે જૂથબંધી ક્યારેય કરવી ન જોઈએ અને ન તો એકબીજાને સારું ખરાબ કહેવું (ભાંડવું) જોઈએ બલ્કે જે વાત તમને સત્ય અને દુરુસ્ત લાગે તે બીજાઓને પણ સમજાવી દેવી એ પૂરતું છે. જો (સામાવાળો) માની જાય તો ઠીક છે નહિતર તેને તેની હાલત (માન્યતા) ઉપર છોડી દેવો જોઈએ અને તેને પોતાનો મુસલમાન ભાઈ જ સમજવો જોઈએ. પરંતું આજકાલ નાની નાની વાતોમાં આપસમાં લડાઈ ઝઘડા અને ફસાદ કરવું અને પાર્ટીઓ (જૂથબંધી) બનાવી લેવાની મુસલમાનોમાં બીમારી પેદા થઈ ગયેલ છે. આવું એટલા માટે પણ થયેલ છે કે આજકાલ લોકો નમાઝ, ઈબાદત અને કુર્આને કરીમની તિલાવત અને દીની કિતાબોનું વાંચન વગેરેમાં મશ્ગૂલ નથી રહેતા, ખાલી (બેકાર અને નવરા) રહે છે એટલે જ તેઓને ખુરાફત (વ્યર્થ અને બેકાર વાતો) સૂઝે છે અને આવી બિન જરૂરી વાતોમાં લડાઈ ઝઘડા કરે છે.

કેટલાક લોકો આ ફુરૂઈ (અમલી) મતભેદને ઓલમાએ દીનની શાનમાં ગુસ્તાખી કરવાનું અને તેમને સારું નરસું કહેવાનુ બહાનુ બનાવી લે છે. આવા લોકો ગુમરાહ અને બદદીન છે, તેઓથી મિત્રતા એ ઈમાનની મૌત છે, કેમ કે **દીન (મઝહબ)ના ઓલમાની શાનમાં ગુસ્તાખી અને મોલ્વીઓને સાચુ ખોટુ કહેવું બદમઝહબી છે. ગુમરાહો (ભટકી ગયેલાઓ)ની ગુમરાહીની શરૂઆત અહીંયાથી થાય છે.**

ઈલ્મો ફઝ્લવાળાઓ (મઝહબે ઈસ્લામના જાણકાર આલિમ વિદ્વાનો)માં દયાનત અને અમાનતમાં જો કોઈ મુદ્દા ઉપર મતભેદ થઈ જાય તો સામાન્ય લોકોએ જોઈએ કે ખુદાએ તઆલાની તૌફીક઼થી જ્યાં મગજનો ઝુકાવ (દિલ ગવાહ) થઈ જાય તેની વાત ઉપર અમલ કરવું જોઈએ પરંતું બીજાઓની શાનમાં પણ ગુસ્તાખી (બેઅદબી) ન કરે,

તેઓનું પણ માન જાળવવું જોઈએ અને ખુદાએ તઆલાથી તૌફીકે ખૈર (સાચી સમજ) અને સીધા રસ્તા (સત્યના માર્ગ) ઉપર કાયમ રહેવાની રડી રડીને દુઆ કરતા રહેવું જોઈએ.

હદીષમાં છે કે રસૂલે પાક ﷺ જ્યારે જંગે ખંદક પછી પાછા મદીના શરીફમાં તશરીફ લાવ્યા અને તરત જ યહૂદીઓના કબીલા બનૂ કુરૈઝા પર ચઢાઈ કરવાનો ઈરાદો ફર્માવ્યો ત્યારે સહાબાએ કિરામને હુકમ ફર્માવ્યો કે "બનૂ કુરૈઝામાં જઈને અસરની નમાઝ પઢવામાં આવે." પરંતુ રસ્તામાં જ નમાઝનો સમય થઈ ગયો તો અમુક સહાબાએ કિરામે નમાઝનો વખત નીકળી જવાના ભયથી (નમા ઝ કઝા થવાના ભયથી) રસ્તમાં જ નમાઝ પઢી લીધી અને તેમનું માનવું એમ હતું કે "હુઝૂર ﷺનો કહેવાનો આશય એવો ન હતો કે નમાઝનો વખત નીકળી જાય તો પણ નમાઝ બનૂ કુરૈઝામાં જ પઢવામાં આવે." અને કેટલાક લોકોએ (સહાબાએ કિરામે) નમાઝનો વખત નીકળી જવાની પરવા ન કરી અને નમાઝ બનૂ કુરૈઝામાં જઈને જ પઢી. હુઝૂર ﷺની સામે જ્યારે આ બાબતનું વર્ણન કરવામાં આવ્યું તો આપે બંને ગ્રૃપને સાચા અને દુરસ્ત ફર્માવ્યા. *(સહીહ બુખારી, જિ–૧, બાબુસ્સલાતુલ તાલિબ વલ મત્લુબ, પેજ–૧૨૯)*

એક બીજી હદીષમાં છે કે હુઝૂર ﷺના બે સહાબા સફર (પ્રવાસ)માં ગયા. રસ્તામાં પાણી ન મળવાથી બંનેએ પાક માટીથી તયમ્મુમ કરીને નમાઝ પઢી. પછી આગળ વધ્યા તો પાણી મળી ગયું અને નમાઝનો સમય બાકી હતો. એક સહાબાએ વુઝૂ કરીને નમાઝને દોહરાવી લીધી પરંતુ બીજા (સહાબી)એ દોહરાવી નહીં. પાછા ફર્યા પછી હુઝૂર ﷺની ખિદમતમાં હાજર થઈને બનાવનું વર્ણન કર્યું. તો હુઝૂરે ﷺ એ નમાઝ ન દોહરાવનાર સહાબીને ફર્માવ્યું કે "તમે સુન્નતના પ્રમાણે કામ કર્યું." અને દોહરાવનાર સહાબીથી ફર્માવ્યું, "તમારા માટે બે ગણો સવાબ છે." *(નિસાઈ, અબૂ દાઊદ, મિશ્કાત, બાબુત્તયમ્મુમ, પેજ–૫૫)*

એટલે કે હુઝૂર ﷺએ બંનેને હક્ક (સાચા) અને દુરસ્ત (વાજબી) ફર્માવ્યા. આ હદીષોથી સાબિત થાય છે કે ફુરૂઈ ઈખ્તિલાફાત (અમલી

મતભેદ) પછી પણ બે જૂથો (પક્ષો) હક્ક઼ (સત્ય) ઉપર હોય શકે છે જ્યારે કે બંનેની નિય્યત સાચી હોય. આ હદીષ પરથી તેમણે પણ બોધ લેવો જોઈએ જેઓ એવું કહે છે કે, ''ઈખ્તિલાફાત (મતભેદો) હોવા છતાં ચારે મસ્લક હન્ફી, શાફઈ, માલિકી અને હમ્બલી કઈ રીતે સચ્ચાઈ પર કહેવાય ?''

હઝરત મૌલાએ કાએનાત સૈયેદના વ મૌલાના હઝરત અલી મુર્તઝા رضی اللہ عنہ અને સૈયદેના અમીર મુઆવિયહ رضی اللہ عنہની વચ્ચે જંગો જદાલ (યુધ્ધ) થયા હોવા છતાં બંનેનું એહતેરામ (માન સન્માન) કરવામાં આવે છે અને બંનેમાંથી કોઈને પણ ભલુ બુરુ કહેવું (ટીકા કરવી) સદંતર ગુમરાહી અને જહન્નમનો રસ્તો છે.

આનું દષ્ટાંત  આ પ્રમાણે સમજવું જોઈએ કે જે પ્રમાણે મા અને બાપની વચ્ચે જો ઝઘડો થઈ જાય, તો ઔલાદ જો માને મારે પીટે ગાળો આપે તો પણ બદનસીબ અને મહરૂમ, અને જો બાપની સાથે આવું વર્તન કરે તો પણ (બદનસીબ અને મહરૂમ). એટલે કે ઔલાદને આ ઝઘડામાં છૂટ નથી કે એકનો પક્ષ લઈને બીજાની શાનમાં બેઅદબી કરે. બલ્કે બંને (પક્ષો)નું સન્માન જરૂરી છે. એ જ રીતે કોઈ વિદ્યાર્થીના બે ઉસ્તાદો (શિક્ષકો)ની વચ્ચે ઝઘડો થઈ જાય તો વિદ્યાર્થી માટે બંનેમાંથી કોઈ એક પક્ષની સાથે બેહૂદગી (બેશરમી) અને બદતમીઝી (અયોગ્ય વર્તન)ની ઈજાઝત નથી.

મતલબ એ જ કે મોટાઓ (વડીલો)ના ઝઘડામાં નાનાઓએ ઘણી જ એહતેયાત (સાવધાની) અને હોશિયારીની જરૂરત છે.

આ શિર્ષક (વિષય) અન્વયે અમોએ જે કાંઈપણ લખ્યું છે તે બધાનો તાત્પર્ય એ જ છે કે **જ્યાં સુધી કોઈ પણ વ્યક્તિ જરૂરિયાતે દીનનો મુન્કિર (ઈન્કાર કરનાર) અને અક઼ીદામાં ખરાબીને કારણે તે સ્થાને ન પહોંચી જાય કે તેને ઈસ્લામમાંથી ખારિજ (બહાર) અને કાફિર કહી શકીએ, ત્યાં સુધી તેની સાથે નમ્રતાપૂર્વકનું વર્તન કરવું જોઈએ અને સમજાવવાની કોશિશ ચાલુ રાખવી**

**જોઈએ અને ખુદા તઆલાની પાસે તેની હિદાયત માટેની દુઆ કરતા રહેવું જોઈએ.**

હા ! તે લોકો જે જરૂરિયાતે દીનના મુન્કિર હોય, કુર્આન અને હદીષથી સાબિત થયેલ સહીહ (સ્પષ્ટ અને સત્ય) બાબતોને સ્વીકારતા ન હોય અથવા અલ્લાહ તઆલા અને તેના મહબૂબ ﷺ અને બીજા અંબિયાએ કિરામ અને ઔલિયાએ ઈઝામ અને માનનીય ઓલમાએ કિરામની શાનમાં તૌહીન અને ગુસ્તાખી કરતા હોય અથવા રસૂલલ્લાહ ﷺના ગુસ્તાખોની ટોળકીઓ અને જમાઅતોમાં જાણી બુઝીને જોડાયેલા હોય અને તેઓની પ્રશંસા અને વખાણ કરતા હોય, તેઓ બેશક ! આને લાયક નથી, બલ્કે તેઓથી જેટલી નફરત કરવામાં આવે ઓછી છે, કેમ કે અલ્લાહ અને અલ્લાહવાળાઓની શાનમાં ગુસ્તાખી અને બેઅદબી કરવી એ ઈસ્લામમાં સૌથી મોટો ગુનાહ છે અને એવા લોકોની દોસ્તી ઈમાનને માટે ઝેરીલો સાપ છે.

ઓલમાએ એહલે હક્કની વચ્ચે ફુરૂઈ ઈખ્તેલાફ (અમલી મતભેદ)ની સ્થિતિમાં બંને (પક્ષો) તરફ સન્માન અને અદબ રાખવાનો જે મશ્વરો અમોએ આપને આપેલ છે તે એ લોકો માટે જ છે જે ખરેખર આલિમ છે, ફક઼ીહ અને મોહદ્દિષ છે. નહિતર આજકાલના તે કેટલાક અભણ લોકો જેઓ બે ચાર ઉર્દૂની કિતાબો પઢીને આલિમ બની જાય છે અથવા ફક્ત તકરીરો કરીને સ્ટેજો ઉપર "અલ્લામા" કહેવડાવે છે, કુર્આન અને હદીષમાં અટકળો લગાવે છે, મસાઈલમાં ઓલમાથી ટકરાય છે, પોતાની દુકાન અલગ રીતે સજાવે છે, તેઓ આ (મશ્વરા)માં દાખલ નથી બલ્કે આ લોકો તો મુસ્લિમ ઉમ્મતોમાં ફસાદ ફેલાવનારા અને ફિત્નાખોરો છે.

એ જ પ્રમાણે તે મુન્કિરો (ઈન્કાર કરવાવાળાઓ) જે ચારેય ઈમામોથી અલગ રસ્તો કાઢે છે અને (પોતાની જાતને) એહલે હદીષ કહેવડાવે છે, તે બધા એ લોકો છે જેના વિશે હદીષમાં આવેલ છે. હુઝૂર ﷺએ ફર્માવ્યું કે : "જયારે તમે એકની ઈત્તેબા (અનુસરણ) પર મુત્તફિક (સહમત) થઈ જાવ અને જો કોઈ વ્યક્તિ તમારી લાઠી ચીરવા

ઈચ્છે (આપસમાં લડાવવાની કોશિશ કરે) તો તેને ખત્મ કરી દો.'' *(મિશ્કાત, પેજ–૩૨૦)*

સૈયદી આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ફર્માવે છે : ''જ્યાં અમલી (મસાઈલમાં) મતભેદ હોય, જેમ કે હન્ફી અને શાફઈનો મતભેદ, એહલે સુન્નતમાં ત્યાં (ખબરદાર) હરગિઝ એક બીજાને ખોટુ કહેવું જાઈઝ નથી.'' *(અલ્મલ્ફૂઝ, ભાગ–૧, પેજ–૫૧)*

## ખાનક઼ાહી ઈખ્તિલાફ઼ાત (મતભેદો) અને આ અંગેની સત્ય હક઼ીક઼ત

આજકાલ ખાનક઼ાહી મતભેદોનું પણ ઘણુ જોર છે અને એક પીરના મુરીદો બીજા પીરના મુરીદોને અને એક સિલસિલાવાળાઓ બીજા સિલસિલાવાળાઓની આંખોમાં કણાની જેમ ખૂંચે છે અને તેઓને પોતાના દુશ્મન સમજે છે ! અને આ બધું એટલા માટે છે કે તેમને ઈસ્લામ અને કુર્આન તથા અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّی اللّٰہ عَلَیْہِ وَسَلَّمથી (સાચી) મહોબ્બત નથી, નહિતર આ લોકો દરેક મુસલમાન અને અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّی اللّٰہ عَلَیْہِ وَسَلَّم ઉપર ઈમાન રાખનારથી મહોબ્બત કરતા.

આજકાલ કેટલાક પીર પણ એવા છે કે જેમને પોતાના જ મુરીદ સારા લાગે છે અને બીજાના મુરીદોને જોઈને તેમને ગુસ્સો આવે છે. જ્યારે કે પીરી અને ઉસ્તાદીના આદાબ અને ઉસૂલો (નીતિ નિયમો)માં છે કે તે પોતાના વિદ્યાર્થીઓ તથા મુરીદોને જેવી રીતે પોતાની જાતથી અક઼ીદત તથા મહોબ્બત શીખવાડે તેવી જ રીતે અન્ય ઈલ્મવાળાઓ તથા મશાઈખ અને સુલહા (નેક લોકો)ની બેઅદબી તથા ગુસ્તાખીથી બચાવે, બલ્કે મુરીદ કરવાનો હેતુ તેને બેઅદબીથી બચાવવાનો છે કેમ કે તેમાં ઈમાનની હિફાઝત છે અને ઈમાન બચાવવા માટે જ તો મુરીદ કરવામાં આવે છે અને ઈમાન અદબનું જ બીજુ નામ છે.

જે પીર મુસલમાનોથી નફરતનું ઈલ્મ આપી રહ્યા છે અને મુસ્લિમ ક઼ૌમને જૂથવાદમાં વહેંચી રહ્યા છે, મુરીદોને મશાઈખ અને ઓલમાના બેઅદબ બનાવી રહ્યા છે તેઓ હરગિઝ પીર નથી બલ્કે તેઓ શૈતાનનું

કામ કરી રહ્યા છે અને શૈતાનના લશ્કરમાં વૃધ્ધિ કરી રહ્યા છે !

આ અંગે સત્ય હકીકત અને દુરુસ્ત (વાજબી) વાત એ છે કે જે મુસલમાન કોઈપણ સાચા સિલસિલામાં શરીઅતના પાબંદ પીરથી બયઅત છે અને તેના અકીદાઓ દુરુસ્ત છે તે આપણો ભાઈ છે અને (જે) મુરીદ ન પણ થયો હોય પરંતું અકીદાઓ સાચા ધરાવતો હોય, અંબિયા, અવલિયા અને આલિમોથી મહોબ્બત કરતો હોય, તે પણ યકીનન (બેશક !) મુસલમાન છે અને તેના છૂટકારા માટે એ પૂરતુ છે.

હકીકતમાં પીરી મુરીદી એ લડાઈ ઝઘડા અને જૂથબંદીનું કારણ ત્યારથી બની ગઈ જ્યારથી એ (પીરી મુરીદી) કમાવવાનું સાધન અને ફક્ત ખાવા, કમાવવા અને મોટા મોટા નઝરાણાઓ (ભેટ, સોગાદ) પ્રાપ્ત કરવા માટેનો ધંધો બનીને રહી ગઈ ! આજે ઘણુ કરીને પીરોને એ વાતની ફિક્ર અને ચિંતા હોતી નથી કે મુરીદ નમાઝ પઢે છે કે નહીં ? ઝકાત આપે છે કે નહીં ? સુન્ની છે કે બદઅકીદા ? મુસલમાન છે કે ગૈરમુસ્લિમ ? તેમને (પીરોને) તો બસ નઝરાણું જોઈએ ! જે વધારે નઝરાણુ (રકમ) આપે તે પીર સાહેબની નજીક છે, બાકી તો તે પીરની નજરમાં બદનસીબ છે.

## શું દરેક દીવાનો, "મજઝૂબ વલી" છે ?

અલ્લાહ ﷻની નજીક નેક બંદાઓ અને ઔલિયાએ કિરામમાં એક ખાસ જમાઅત "મજઝૂબો"ની પણ છે. આ (જમાઅત) તે લોકોની છે જેઓ ખુદાએ તઆલાની મહોબ્બત અને તેની યાદમાં એટલા તલ્લીન થઈ જાય છે કે તેઓને પોતાના શરીરનું ધ્યાન (ભાન) રહેતું નથી અને દુનિયાવાળાઓને (તેઓ) પાગલ અને દીવાના દેખાય છે. પરંતું દરેક પાગલ અને દીવાનાને "મજઝૂબ" તરીકે જોવો જોઈએ નહીં.

આજકાલ સામાન્ય લોકોમાં એ બીમારી ઘર કરી ગઈ છે કે જે પાગલને જૂએ છે તેના ઉપર "વિલાયત" અને "મજઝૂબિયત"નો હુકમ લગાડી દે છે અને તેની પાછળ ચાલવા લાગે છે. જો કે કોઈ (સાચો મજઝૂબ) હોય, તો પણ તેને તેની હાલત ઉપર છોડી દેવો જોઈએ, તે જાણે અને તેનો રબ જાણે.

બેહતર તરીક઼ો એ જ છે કે જો કોઈના બારામાં તમને એવો શક (મજઝૂબ હોવાનો) થઈ જાય તો તેની બુરાઈ પણ ન કરો અને તેની પાછળ પણ ફર્યા ન કરો. તમે તો એ જ (કાર્ય) કરો જેનો તમને ખુદાએ તઆલે હુકમ કરેલ છે. શરીઅતના હુકમોની પાબંદી કરો અને ખરાબ કામોથી બચો. ઈસ્લામમાં એવો કોઈ હુકમ નથી કે દીવાનાઓમાં એવું શોધો કે કોણ મજઝૂબ છે અને કોણ મજઝૂબ નથી.

ઘણી જગ્યાઓએ આવી સાંભળેલી વાતો ઉપર યક઼ીન કરીને કેટલાક લોકો (કોઈને) મજઝૂબ જાહેર કરી દે છે અને પછી લાખો રૂપિયા ખર્ચ કરીને તેના મર્યા પછી મઝાર બનાવી દે છે અને પછી ઉર્સના નામથી મેળાઓ અને તમાશાઓ શરૂ કરી દે છે અને ઉર્સના નામે આવા મેળા અને તમાશાઓ હવે દિવસે દિવસે વધી રહ્યા છે અને ઈસ્લામ તથા ઈસ્લામિયાતના હક઼્ક઼માં આ સારું થઈ રહ્યું નથી.

ખુલાસો એ જ કે જો કોઈ મજઝૂબ છે અને તે ખુદાએ તઆલાની બારગાહમાં બેહોશ થયેલ છે તો તેનો બદલો અલ્લાહ તઆલા તેને આપનાર છે પરંતું તમારા (લોકો) માટે તો તેનાથી દૂર રહેવું જ બેહતર છે. અને આ ઈલ્મ (વિદ્યા) અને ફઝ઼લવાળા ઔલિયા અને ઉલ્માની સોહબત (દોસ્તી) અપનાવવાની જે ફઝીલતો આવી છે તે (આ) મજઝૂબો માટે નથી.

હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ મૌલાના મુસ્તફા રઝાખાન عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَان ફર્માવે છે "દરેક નાના અને મોટા (વ્યક્તિ)ને મજઝૂબ સમજી લેવો જોઈએ નહીં અને જે મજઝૂબ હોય તેનાથી પણ દૂર જ રહેવું જોઈએ કે તેનાથી ફાયદો ઓછો અને નુકસાન વધારે થવાનો સંભવ છે." *(ફતાવાએ મુસ્તફવિયહ, ભાગ–૨, પેજ–૧૭૫)*

કેટલાક દીવાનાઓ (પાગલ) સતર (છૂપાવવાની જગ્યા) ખુલ્લા રાખીને ઉઘાડા પડયા રહે છે અને લોકો તેમની પાસે જઈને તેમની સેવા કરે છે આ ગુનાહ છે. કેમ કે તે જો મજઝૂબ પણ છે તો પણ તેની આ હાલત (ઉઘાડી) જોવી જાઈઝ નથી, કેમ કે તે મજઝૂબ છે પરંતું તમે તો

હોશમાં છો ! મજઝૂબ હોવાને કારણે તેના ઉપર ગુનોહ નથી પરંતુ તમે તેના શરીરના તે ભાગને જોશો જે ભાગને છુપાવવાનું ફર્ઝ છે જેથી તમે જરૂર ગુનેહગાર થશો.

## બિલાડી આડી ઉતરે તો શું થાય ?

કેટલીક જગ્યાઓએ એ જોવા મળ્યું છે કે કોઈ વ્યક્તિ ગલી અને રસ્તામાં જઈ રહ્યો છે અને સામેથી બિલાડી નીકળી ગઈ જેને ''બિલાડી આડી ઉતરી'' કહેવાય છે. તો તે (વ્યક્તિ) થોડીવાર માટે ઉભો રહી જાય છે અને પછી ચાલવા માડે છે અને તે સમજે છે કે બિલાડી આડી ઉતરી આથી શુકન ખરાબ થયું ! (અપશુકન થયું) આથી હવે કોઈ નુકસાન થઈ શકે છે. જો કે આ બધી બેકાર વાતો છે અને ઈસ્લામમાં આવું કાંઈ પણ નથી અને એક મુસલમાને આ પ્રમાણેના વિચારો પણ ન રાખવા જોઈએ અને એવો ખયાલ પણ ન કરવો જોઈએ કે બિલાડીના આડે ઉતરવાથી કાંઈ થાય છે.

## કેટલીક તારીખોને શાદી વિવાહ માટે મનહૂસ (ખરાબ) સમજવી

કેટલાક લોકો અમુક તારીખોમાં શાદી વિવાહ કરવાને અને ખુશીના કામ કરવાને મના સમજે છે (અને મના કરે છે) અને પોતે પણ નથી કરતા. દા.ત. ૩, ૧૩, ૨૩ અને ૮, ૧૮, (તથા વિછુડો જે દિવસોમાં કેલેન્ડર બતાવે છે એ) આ તારીખોને શાદી અને ખુશીને માટે ખરાબ માનવામાં આવે છે, જો કે આ બધી વ્યર્થ (નકામી) વાતો છે અને ઈસ્લામમાં એવું કાંઈ નથી. આ બધી વ્યર્થ વાતો કાફિરો અને બિન મુસ્લિમોની અંધશ્રધ્ધાઓ છે, ઈસ્લામમાં આવું કાંઈ નથી.

નિકાહ અને શાદી દરેક દિવસે અને દરેક તારીખમાં જાઈઝ છે. માહે મુહર્રમમાં નિકાહને બૂરો (ખરાબ) જાણવું એ રાફઝીઓ અને શીઆબુઓનો તરીક઼ો છે જે ઘણી જગ્યાઓએ એહલે સુન્નતમાં પણ પ્રવેશી ગયો છે.

મુસલમાનો ! ઈસ્લામને અપનાવો અને સાચા પાકા મુસલમાન બનો. અંધશ્રધ્ધાઓ છોડો અને ખુદા વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَની પયરવી કરો. (પેરવી કરો) મુહર્રમ અને સફરમાં નિકાહને ખરાબ ન સમજો.

## ટાઈ બાંધવું અને બાળકોને બાંધવી (ટાઈ પહેવું અને બાળકોને પહેરાવવું)

ટાઈ બાંધવું (પહેરવું) ઈસ્લામમાં સખત ગુનોહ છે, આ ઈસાઈઓનું ધાર્મિક પ્રતિક છે. તેમની માન્યતા મુજબ હઝરત ઈસા عليه السلامને યહૂદીઓએ ફાંસી આપી હતી. ઈસાઈઓએ આ ફાંસીના ફંદાને (ટાઈને) આજ દિવસ સુધી ગળામાં લટકાવેલો છે જેને ટાઈ કહેવામાં આવે છે. પરંતુ કુર્આને કરીમમાં ફર્માવવામાં આવ્યું છે કે "હઝરત ઈસા عليه السلامને અલ્લાહ તઆલાએ જીવંત ઉપાડી લીધા છે." અને ઘણી બધી હદીષોથી આ વાત સાબિત છે, તેઓ અત્યારે પણ હયાતે જાહેરીની સાથે આસ્માનોમાં તશરીફ ફર્મા છે. કયામત નજીક આવતાની સાથે તેઓ જમીન ઉપર તશરીફ લાવશે અને ઈસ્લામને ફેલાવશે. આથી ઈસ્લામી દષ્ટિકોણથી ફાંસી આપવાનો કિસ્સો મનઘડત છે અને ખોટો છે અને **જે આ પ્રમાણે અકીદો (શ્રધ્ધા) રાખે કે હઝરત ઈસા عليه السلامને ફાંસી આપવામાં આવી છે તે મુસલમાન નથી પરંતું કાફિર છે.** કેમ કે તે કુર્આન અને હદીષનો મુન્કિર (ઈન્કાર કરનાર) છે. ટાઈ બાંધવાવાળા મુસલમાનો આ અકીદો તો નથી ધરાવતા પરંતુ જો કે ઈસાઈઓના એક ધાર્મિક અંદાજને અપનાવવાને કારણે તેઓ એક મોટા ગુનાહમાં સપડાય છે અને ટાઈ બાંધવાના હરામ હોવામાં કોઈ શંકા નથી. મુસલમાનોએ જોઈએ કે તેઓ આનાથી દૂર રહે અને એવી સ્કૂલોમાં જ્યાં બાળકો માટે ટાઈ પહેરવું ફરજિયાત હોય ત્યાં પોતાના બાળકોને ન ભણાવે અથવા ટાઈ બાંધવાનો નિયમ ત્યાંથી કોશિશ કરીને નાબૂદ કરાવે.

મુસલમાનો ! હવે તો આંખોને ખોલો. તમોએ કાફિરોની નકલ કરી, તેમના અંદાજ (રહેણીકરણી) અપનાવ્યાં પરંતું વર્તમાન યુગની પરિસ્થિતિઓથી એ સ્પષ્ટ થઈ ગયું છે કે તેમ છતાંય તેઓ તમારા દુશ્મન

જ રહ્યા અને તમને મિટાવી દેવામાં અને કત્લ કરી દેવામાં કોઈ કસર બાકી રાખી નથી.

આથી હવે ખુદાને વાસ્તે આપણા ઈસ્લામી તરીકાઓ (રીત રિવાજો) અપનાવો, સાચા અને પાકા મુસલમાન બનો. પછી જુઓ ખુદા અને રસૂલ પણ રાજી થશે અને દુનિયામાં પણ ઈજ્જત અને અઝમત (ઉચ્ચતા) પ્રાપ્ત થશે. આ મોકા ઉપર એ પણ જાણી લો કે જે લોકો નાના બાળકોમાં છોકરાઓને છોકરીઓ જેવો અને છોકરીઓને છોકરાઓ જેવો પોશાક પહેરાવે છે તેનો ગુનાહ અને અઝાબ પણ તે પહેરાવવાવાળા ઉપર છે.

## મેહફિલે મીલાદમાં ઝિક્રે શહાદત

કેટલાક લોકો મીલાદની મેહફિલમાં સૈયદના ઈમામ હુસૈન رضی اللہ عنہ અને આપના ભાઈઓ, ભત્રીજાઓ તથા ભાણીયાઓની શહાદતના વાકિઆ બયાન કરી આપે છે. જો કે એ યોગ્ય નથી.

મેહફિલે મીલાદે પાક હુઝૂર علیہ الصلوٰۃ والسلامની વિલાદતની ખુશીની મેહફિલ છે, એમાં એવા વાકિઆ વર્ણન કરવા ન જોઈએ જેને સાંભળીને રંજ તથા દુઃખ થાય. આ'લા હઝરત ઈમામે અહલે સુન્નત رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

''ઉલમાએ કિરામે મીલાદ શરીફની મજલિસમાં ઝિક્રે શહાદતથી મના ફર્માવ્યું છે, કેમ કે એ ખુશીની મજલિસ છે એમાં રંજ તથા ગમનું વર્ણન યોગ્ય નથી. *(અહકામે શરીઅત, ૨/૧૪૫)*

## અમાનતમાંથી ખર્ચ કરવો

આજકાલ અમાનતમાંથી ખર્ચ કરવું આમ (સામાન્ય) થઈ ગયેલ છે. ખાસ કરીને એવું થાય છે કે એક વ્યક્તિએ બીજી વ્યક્તિ પાસે કેટલીક રકમના રૂપિયા પૈસા અમાનત રૂપે રાખ્યા અને તે વ્યક્તિ તેની (આપનાર)ની રજા વગર એમ વિચારીને ખર્ચ કરી નાખે છે અથવા વેપારમાં રોકી લે છે કે (રકમ) આપનાર વ્યક્તિને હું મારી પાસેથી આપી દઈશ અથવા હમણા તેમાંથી થોડા કાઢી લઉં, પછીથી પૂરા કરી દઈશ,

આ બધું ગુનોહ છે. આવું કરનાર બધા ગુનેહગાર છે, ભલે પછીથી બધી જ રકમ તેને પૂરેપૂરી પાછી આપી દે, કેમ કે અમાનતમાંથી ખર્ચ કરવાની છૂટ નથી.

મસ્જિદના મુતવલ્લીઓ અને મદ્રસાઓના વહીવટદારોમાં જોવા મળ લ છે કે તેઓ ચંદા (ફંડફાળા)ના પૈસાને આમતેમ કરતા રહે છે (પોતાના ફાયદા માટે ફેરવ્યા કરે છે), ક્યારેક કોઈને કર્ઝરૂપે આપી દે છે, ક્યારેક વેપારમાં લગાડી દે છે અને ક્યારેક પોતાની જરૂરિયાત માટે ખર્ચ કરી નાખે છે અને એવું વિચારે છે કે પછીથી પૂરા કરી આપીશું, આ બધાને અલ્લાહ ﷻને ત્યાં પકડવામાં આવશે.

કેટલાક મુત્તકી (તક઼વાદાર), પરહેઝગાર અને દીનદાર લોકો સુધ્ધાં આ વાતોનો ખયાલ નથી રાખતા અને હરામને હલાલની જેમ ખાય છે અને અમાનતમાંથી ખર્ચ કરવું જ માણસને એક દિવસ ખરાબ નિય્યતનો (બદ્દાનત) અને ખાઈન (ખયાનત કરનારો) બનાવી દે છે. એવું વિચારીને ખર્ચ કરી નાખ્યું કે પછીથી પોતાની પાસેથી પૂરું કરી આપશે અને પછીથી નિય્યત બગડે છે અને પછી મોટા મોટા પરહેઝગારો પણ હરામનું ખાવાવાળા બની જાય છે અને ખુદાએ તઆલાના અઝાબની ચિંતા કર્યા વગર બીજાના માલને પોતાના માલની જેમ ખાવા લાગે છે. ફતાવાએ આલમગીરીમાં લખ્યું છે : ''એક માણસે મસ્જિદ બનાવવા કેટલીક રકમ પોતાના માટે ખર્ચ કરી લીધી પછી તેટલી જ રકમ પોતાની પાસેથી મસ્જિદમાં ખર્ચ કરી નાખી, તો આ પ્રમાણે કરવું તેના માટે જાઈઝ નથી.'' *(ફતાવાએ આલમગીરી, જિલ્દ–૨, અલવકફ, ભાગ–૧૩, પેજ–૪૮૦, ફતાવાએ રઝવિય્યહ, જિલ્દ–૮, પેજ–૨૯)*

આ'લા હઝરત ઈમામે એહલે સુન્નત رحمۃ اللہ علیہ ફર્માવે છે ''અમાનતના માલમાં તસર્રુફ (ખર્ચ કરવું) હરામ છે.''

અંજુમન (સંસ્થા)ના વહીવટદારોએ (ટ્રસ્ટીઓએ) જો સ્પષ્ટ પરવાનગી પણ આપી દીધી હોય કે જ્યારે તમે ઈચ્છો ત્યારે ખર્ચ કરી લેજો,પછી તેનો બદલો આપી દેશો, ત્યારે પણ તેને ખર્ચ કરવો જાઈઝ નથી અને ન તો વહીવટદારોને તેને પરવાનગી આપવાની ઈજાઝત છે,

કેમ કે વહીવટદારો (ટ્રસ્ટીઓ) તેના માલિક નથી અને આ કર્ઝે તબર્રુહ છે. (આપવાનું છે) અને માલિક ન હોય તેને તબર્રુહ (આપી દેવાની)ની ઈજાઝત નથી. હા ! જો ફાળો આપવાવાળાઓ ઈજાઝત આપી ગયા હોય તો વાંધો નથી. *(ફતાવાએ રઝવિય્યહ, જિલ્દ–૮, પેજ–૩૧)*

પહેલાંના જમાનામાં અમાનત રાખવાવાળા મુસલમાનોનો એ તરીક઼ો હતો કે તેઓ થેલીઓ રાખતા અને દરેક અમાનતને તેઓ અલગ અલગ થેલીઓમાં સાચવી રાખતા અને પછી જે લીધું હતું તે જ પાછું આપી દેતા હતા.

ભાઈઓ ! આવો જ રસ્તો અપનાવો જો (તમને) થોડી ઘણી પણ આખેરતની ફિકર હોય તો. નહિતર આજે ખર્ચ કરનારા થઈ ગયા અને કાલે ખયાનત કરનારા અને બદ્દાનત (થઈ જશો) કારણ કે દરેક નફસજ્ઞની સાથે શૈતાન જોડાયેલો છે. *(વલ અયાઝુબિલ્લાહ)*

## રાત્રે મોડે સુધી જાગવું અને સવારે મોડેથી ઉઠવું

આજકાલ રાત્રે જાગવાનો અને દિવસે સૂવાનો માહોલ વધી રહ્યો છે. જો કે કુર્આને કરીમની કેટલીક આયતોનો ભાવાર્થ આ પ્રમાણે છે : "અમોએ રાતને આરામ કરવા માટે બનાવી અને દિવસને કામ કરવા માટે બનાવ્યું." અને ઈસ્લામિક પધ્ધતિ (પણ) એ જ છે કે "રાત્રે ઈશાની નમાઝ પઢયા પછી જલ્દી સૂઈ જાવ અને સવારમાં જલ્દી ઉઠી જાવ" અને ઈશાની નમાઝ પછી જરૂરત વગરની, બેકાર દુનિયવી વાતો કરવી મકરૂહ અને મના છે.

હદીષ શરીફમાં છે : "રસૂલુલ્લાહ ﷺ ઈશાની નમાઝ પહેલાં સૂવાને અને ઈશાની નમાઝ બાદ વાતચીત કરવાને નાપસંદ ફર્માવતા હતા. આ હદીષ બુખારી અને મુસ્લિમ બંનેમાં છે. *(મિશ્કાત, બાબુત્તઅજિલુસ્સલાત, ભાગ–૧, પેજ–૬૦)*

કેટલાક (મદ્રસાના) મુદર્રિસીન(ઉસ્તાદ) અને વિદ્યાર્થીઓ જોવા મળ્યા છે કે તેઓ મોડી રાત સુધી કિતાબો વાંચવામાં અને કિતાબો અને તેના હાશિયાઓ (સ્પષ્ટતાઓ) લખવામાં લાગેલા હોય છે અને ફજરમાં

ફજરની નમાઝ કઝા કરી દે છે અને નમાઝ પઢે છે તો પણ એવી રીતે કે ઘડિયાળને જોતા રહે છે અને જ્યારે જોયું કે બે ચાર મિનિટની વાર છે અને સમય પૂરો થવા આવે ત્યારે તો ઉઠે છે અને જલ્દી જલ્દી વુઝૂ કરીને નમાઝમાં પક્ષીઓની જેમ ચાર ચાંચો લગાડીને મુસલ્લાથી અલગ થઈ જાય છે.

આવી નમાઝને હદીષે પાકમાં હુઝૂર ﷺએ મુનાફિકની નમાઝ ફર્માવી છે. અને તેમાનાં તે લોકો જેઓ નમાઝો છોડવાના અથવા જમાઅત વગર નમાઝના છેલ્લા સમયમાં મુનાફિકની જેમ નમાઝ પઢવાના આદતવાળા બની ગયા છે તેઓ બધા જ ગુમરાહ છે અને રસ્તા (સીધા)થી ભટકી ગયા છે. તેઓનું આખી રાતનું વાંચન અને કિતાબો જોતા રહેવું તેઓને નમાઝમાં આળસ અને સુસ્તીના અઝાબથી બચાવી શકશે નહીં.

હકીકતમાં આ તે લોકો છે જેઓ કિતાબો પઢે છે પરંતુ ઈલ્મ (જ્ઞાન) શું છે તે જાણતા નથી. તેઓ શૈતાની ફરેબ (જાળ)ના શિકાર છે અને શૈતાને તેમને ધોખામાં રાખેલ છે (જેથી) કાંઈનું કાંઈ વિચારેલ છે (ઊંધા માર્ગે જઈ રહ્યા છે) એ જ પ્રમાણે તે વાએઝ અને તકરીર કરવાવાળાઓ પ્રોગામ (જલ્સા) કરાવવાવાળો અને કરવાવાળાઓ અને શ્રોતાઓ અને સંભળાવવાવાળાઓ એ ભ્રમમાં ન રહે કે તેમના પ્રોગામો (જલ્સાઓ) તેમને નમાઝ છોડવાના અઝાબમાંથી મુક્તિ અપાવશે. નમાઝોમાં બેદરકારી કરવાવાળાઓના અને જલ્દી જલ્દી મુનાફિકોની જેવી નમાઝો પઢવાવાળાઓના હોશ કયામતના દિવસે ઉઠી જશે, પછી તે મુકર્રિર હોય કે શાયર, મુદર્રિસ હોય કે મુફતી, સજ્જાદાનશીન હોય કે કોઈ મોટા બાપના બેટા અથવા મોટી મોટી ખાનકાહોના મુજાવર ! અને કયામતના દિવસે જ્યારે નમાઝોનો હિસાબ લેવામાં આવશે ત્યારે ખબર પડશે કે કોણ કોણ કેટલો મોટો મઝહબનો ખાદિમ અને ઈસ્લામનો ઠેકેદાર હતો ?!

ખુલાસો એ જ કે "રાત્રે મોડે સુધી જાગવાની અને સવારે મોડેથી ઉઠવાની આદત સારી નથી." હા ! જો કોઈ વ્યક્તિ ઈલ્મે દીનના શીખવા અને શીખવાડવામાં અથવા ઈબાદત અને રિયાઝતમાં રાત્રે જાગે અને ફજરની નમાઝ પણ પાબંદીની સાથે જમાઅતની સાથે અદા કરે તો તે વ્યક્તિ "મર્દે મુજાહિદ" છે.

## શું રોકડા અને ઉધારની અલગ અલગ કિંમત રાખવી મના છે ?

જો કોઈ વ્યક્તિ પોતાનો માલ, અન્ય વ્યક્તિને વેચે અને આ પ્રમાણે કહે કે "જો હમણાં જ પૈસા ચૂકવી દેશો (રોકડામાં) તો આટલામાં અને ઉધાર ખરીદ કરશો તો આટલા પૈસા થશે."

દા.ત. હમણા (રોકડ)માં ૩૦૦ રૂા. અને જો ઉધાર લેશો એટલે કે પૈસા પછી આપશો ૩૫૦ રૂા. આપવા પડશે, તો આ જાઈઝ છે તેને કેટલાક લોકો નાજાઈઝ સમજે છે અને તેને વ્યાજ સમજે છે. આ તેઓની (ગેરસમજ) ગલતફેહમી છે અને વ્યાજ નથી.

હા ! જે વહેંચતી વખતે આ વાતને સ્પષ્ટ કરી નહીં અને માલ ૩૦૦ રૂા.માં વેચી નાખ્યો અને રકમ પૈસાની ચૂકવણી કરવામાં એણે મોડુ કર્યું આથી તેની (ખરીદનાર) પાસેથી પૈસા વધારીને લીધા દા.ત. ૩૫૦ રૂા. લીધા તો આ વ્યાજ થઈ જશે. મતલબ એ જ કે ઉધાર અને રોકડાનો ભાવ અલગ અલગ હોય તો ખરીદતી વખતે જ તેની સ્પષ્ટતા કરી દે, પાછળ થી ઉધારને કારણે પૈસા વધારીને લેવા વ્યાજ અને હરામ છે. *(ફતાવાએ રઝવિય્યહ, જિ–૧૭, પેજ–૯૭, પ્રકાશક : રઝા ફાઉન્ડેશન–લાહોર, ફતાવાએ ફયઝુર્રસૂલ, જિ–૨, પેજ–૩૮૦)*

## ચાપલૂસી (ખુશામત) પસંદ મુતવલ્લી અને મોહતમિમ (વહીવટદાર)

કેટલીક જગ્યાએ અમુક મસ્જિદોના મુતવલ્લી અને મદ્રસાઓના સંચાલકોનો એ સ્વભાવ થઈ ગયો છે કે તેઓને સારા, ભલા, ભણેલા ગણેલા, બા સલાહિયત અને દીનદાર ઈમામ અને મુદર્રિસ સારા નથી લાગતા, અને તેમની તેઓથી બનતી નથી, અને તે લોકો સારા લાગે છે જે તે સંચાલકોની ખુશામત કરે છે, તેમની હામાં હા મેળવે છે. જ્યારે તે સંચાલકો આવે ત્યારે તેમને પોતાની મસ્નદ (બેસવાની જગ્યા) ઉપર બેસાડે છે અને પોતે એક તરફ ખસી જાય છે અને જરૂરત વગર તેમની ધાક ધમકીઓને પણ સાંભળી લે છે. આવા ઈમામ અને મુદર્રિસો

આજકાલના કેટલાક મુતવલ્લીઓ અને સંચાલકોને ઘણા સારા લાગે છે, પછી ભલે આવા ઈમામ અને મુદર્રિસો કાંઈ જાણતા ન હોય અને ન તો બાળકોને પઢાવતા હોય, ફક્ત સમય પસાર કરતા હોય, નમાઝની પાબંદી કરતા હોય અથવા ન કરતા હોય, નમાઝમાં ભલે કુર્આને કરીમ ગલત (ખોટુ) પઢતા હોય, તેમને આ બાબતોથી કોઈ સંબંધ નથી, બસ તેમની ખુશામતખોરી ચાલુ રહેવી જોઈએ.

હકીકતમાં આવા મુતવલ્લી અને સંચાલક ઈસ્લામની બર્બાદીનું કારણ છે અને તેઓએ જ મસ્જિદોને વેરાન કરેલ છે અને મદ્રસાઓના શિક્ષણના સ્તરને બિલ્કુલ ખલાસ કરી નાખેલ છે, અને આ બર્બાદીની પૂછપરછ તેમની સાથે કયામતના દિવસે ઘણી જ કડકાઈપૂર્વક થશે.

દુઆ છે કે ખુદાએ તઆલા તેમને સમજ આપે અને તેમને પોતાની જાત અને નફસથી વધારે દીનની પ્રગતિથી પ્યાર થઈ જાય. એ યાદ રાખવું જોઈએ કે ઈમામો, આલિમો, મોલ્વીઓને પરેશાન કરવાવાળાઓ દુનિયા અને આખેરતમાં ઝલીલ અને રુસ્વા (બેઈજ્જત) થશે.

આ પણ બેસીને રડવાની વાત છે કે આજકાલ કેટલાક મદ્રસાઓમાં ચંદો કરી લેવાને પસંદગીનું પ્રમાણપત્ર આપવામાં આવે છે. જે ચારેબાજુ ફરી ફરીને વધુમાં વધુ ફાળો ઉઘરાવીને જમા કરાવે તેને વધુ પસંદ કરવામાં આવે છે (સારી નજરે જોવામાં આવે છે) અને સારા, સાચા, ઈલ્મવાળા, કાબિલ અને સલાહિયતવાળા બિચારા આલિમોને તિરસ્કૃત નજરોથી જોવામાં આવે છે.

હદીષે પાકમાં રસૂલુલ્લાહ ﷺએ કયામતની નિશાનીઓમાંથી એક વાત (નિશાની) આ પણ ફર્માવી હતી કે "જ્યારે મામલાઓ નાએહલ (નાસમજ)ને સુપ્રત કરવામાં આવે." આજકાલ આ પ્રમાણે જ વધારે પ્રમાણમાં થઈ રહ્યું છે કે "એહલે ઈલ્મ વ ફઝ્લ (ઈલ્મો ફઝ્લ ધરાવનારાઓ)ને કોઈ પૂછનાર નથી અને નાએહલ (નાલાયક), ઈલ્મ વગરના (અજ્ઞાન), ચાપલૂસ અને ખુશામદી વાતો કરવાવાળાઓ મસ્જિદો અને મદ્રસાઓ ઉપર, મર્કઝો અને ઓફિસો ઉપર કબજો જમાવીને બેઠા છે.

તદ્ઉપરાંત ઈલ્મો ફઝ્લ ધરાવનારાઓ (જ્ઞાનીઓ)ની બારગાહમાં પણ આ ફકીર (લેખક) હાથ જોડીને વિનંતી કરે છે કે તેઓ આ બધા મામલાઓમાં સબ્રથી કામ લે અને જે કાંઈ પણ થઈ શકે તે કરતા રહે તેમજ હિંમત ન હારે. પરિણામ અને મેદાન (છેવટે) હમેશાં સબ્ર કરવાવાળાઓના હાથમાં જ રહ્યું છે અને સબ્રથી વધીને દુનિયામાં કોઈ તાકત નથી અને બેસબ્રીથી વધીને કોઈ કમજોરી નથી. ઈજ્જત અને શોહરત (નામના) અને ખુદા વ રસૂલની બારગાહમાં મકબૂલિયત જુલ્મ સહન કરવાવાળાઓને જ હમેશાં મળી છે, જુલ્મ કરવાવાળાઓ તો હમેશાં નુકસાની સિવાય કાંઈ જ મેળવતા નથી, પરંતુ આ સબ્ર કરવું અને જુલ્મ સહન કરવું અલ્લાહ અને રસૂલને માટે જ હોય, ફક્ત દીન અને આખેરતને માટે જ હોય. એટલા માટે ન હોય કે સબ્ર કરવાથી શોહરત (નામના) અને ઈજ્જત મળશે.

## પૂરેપૂરા દુનિયાદાર મોલ્વી અને ઈમામ

આખેરતની ચિંતા (ફિક્ર)ની સાથે, દુનિયામાં રહીને દુનિયવી જિંદગી જીવીને, તેની જરૂરિયાતોને પૂરા કરવાનું ઈસ્લામમાં મના નથી. પરંતુ આજે અવામ (સામાન્ય પ્રજા) તો અવામ બીજા તે ભાઈઓ જે મોલ્વી કહેવાય છે, ઈમામ અને મુદર્રિસીનનું જીવન ગાળે છે, લોકોને જન્નત અને આખેરતની વાતો બતાવે છે પરંતુ ખૂદ પોતે આખેરતની ફિક્રથી ઘણા જ દૂર, માત્ર દુનિયાદાર થઈ ગયેલ છે. આ એ જ મોલ્વી સાહેબો છે જેમને આલિમ અને અલ્લામા કહેવડાવવાનો શોખ છે પરંતુ દીની કિતાબોના વાંચનનો શોખ નથી.

અમીરોની જેમ જો કે રાચરચીલુ વસાવી લીધું છે પરંતુ કિતાબો ખરીદવા અને ઘરમાં રાખવા માટે ન તો પૈસા છે અને ન તો ઘરમાં જગ્યા છે, અને અહીં તહીંથી થોડીક એકઠી કરી પણ લીધી હોય તો વાંચવાનો સમય નથી. આ લોકો કુર્આન અને ઈસ્લામના ઝંડાધારીઓ (ઠેકેદારો) છે પરંતુ અત્યાર સુધીમાં પૂરા કુર્આનની તફસીર તેમની નજરોમાંથી એક વખત પણ નીકળેલ નથી (વાંચેલ નથી). તેમને કોઈ "મોહદ્દિષ

સાહેબ'' કહી આપે તો ખુશીથી ઝુમી ઉઠે છે પરંતુ અત્યાર સુધીમાં બુખારી અને મુસ્લિમ કે મિશ્કાત શરીફ એક વખત પણ સંપૂર્ણ રીતે આખી પઢેલ નથી. આ લોકો મસ્લકે આ'લા હઝરતના નારા લગાડવાનો અને તેના માટે લડાઈ ઝઘડા કરવાનો જોશ તો ધરાવે છે પરંતુ ફતાવાએ રઝવિય્યહ પઢવાની તે લોકોને ફુરસદ મળતી નથી !

તેમનામાંથી અમુક લોકો તો એવા છે કે જેઓ મન્તિક અને ફિલોસોફીની બારીકીઓ અને નહવો સર્ફ (અરબી વ્યાકરણ), બલાગત (મધુરવાણી) અને ફસાહત (ખુશ બયાની) પર ટીકા ટીપ્પણ કરવામાં એવા ડૂબેલા છે કે તફસીર હદીષ, ફિક્હ અને તસવ્વુફની કિતાબોને એવું કહીને નજર અંદાઝ કરી દે છે કે ''આ તો સહેલું છે, આપમેળે આવડી જશે.'' આ તે લોકો છે જેમને હજુ ઈલ્મની હવા સુધ્ધાં લાગેલ નથી.

આ ઈમામ સાહેબો છે જેમને ઈમામત અને નમાઝથી વધુ તેમના પગારોની ચિંતા રહે છે. જ્યાં સુધી ઈમામત કરે છે ત્યાં સુધી નમાઝ પઢે છે અને ઈમામત છોડી દીધી અથવા ઘરે જવાનું થયું તો નમાઝ પણ ગાયબ !

આ મુદર્રિસ સાહેબો છે જે રાત્રે બેસીને વાતોના ફડાકા મારે છે અને સવારે તલ્બાઓ (વિદ્યાર્થીઓ) સમક્ષ દર્સગાહ (દારુલ ઉલૂમ અથવા સ્કૂલ)માં વિદ્યાર્થીઓ સમક્ષ અહીં તહીંની હાંકે છે (ગપ્પા મારે છે) અને વિદ્યાર્થીઓને ઊંધુ ચત્તુ પઢાવે છે (ભણાવે છે).

ખુલાસો એ જ કે એમાં કોઈ શંકાને સ્થાન નથી કે આજકાલ કેટલાક મોલ્વીઓએ દીન (મઝહબ)ને બિલ્કુલ ધંધો બનાવી લીધો છે. કાશ ! તેઓને તૌફીક મળતી અને તેઓ દીનનું કામ, દીનની નિય્યતથી કરતા તો ખુદાએ તઆલા તેઓને દુનિયામાં પણ રોજી રોટીથી પરેશાન ન રાખત અને કૌમના દિલમાં તેમના માટે મહોબ્બત નાખી દેત, અને બેશક ! આ બધું અલ્લાહ ﷻની તરફથી છે.

ખાસ કરીને તે મુકર્રિરીન અને વાએઝીન (તકરીર અને વાએઝ કરવાવાળાઓ) જેઓ નઝરાનાના નામે મોટી મોટી રકમો નક્કી કરે છે

અને થોડુ ઓછું મળે છે તો ફેંકાફેંકી કરે છે, લડાઈ ઝઘડાઓ કરે છે અને પોતાની આ દુનિયા પરસ્તીના બચાવમાં ઓલ્માએ કિરામનો તે ફત્વો રજૂ કરે છે જેમાં તેમણે વાએઝના માટે જરૂરિયાત મુજબ અને સમય મુજબ લોકો પાસેથી થોડુ લેવાની છૂટ આપેલ છે, જો કે તેઓનો આ ફરેબ છે. ઓલ્મા આ ફત્વો અને છૂટ અમીરોની બરોબરી કરવા, કરોડપતિ બનવા, મકાનમાં આરસપહાણ લગાડવા, તેમના બાળકોને ૧૦૦૦ રૂા. માસિક ફી વાળી મિશનરી સ્કૂલોમાં ભણાવવા માટે નથી પરંતું તે સાદગીભર્યા જીવનની જરૂરિયાત માટે છે, કરોડપતિ બનવા માટે નથી અને માલ ભેગો કરીને મરવા માટે નથી.

ફક઼ીર (લેખક) જો કે ખૂદ પોતે પણ એક દુનિયાદાર અને ખૂબ ગુનેહગાર માણસ છે, પરંતું આ બધું એટલા માટે લખી નાખ્યું છે કે શાયદ તેના સદક઼ામાં રબ્બે ક઼દીર મને પણ સંભલવાની અને સુધરી જવાની તૌફીક઼ અતા ફર્માવે. આમીન

અહીંયા એ બતાવી દેવું પણ જરૂરી છે કે નઝરાણાના નામ ઉપર જરૂરત વગર મોટી મોટી રકમો નક્કી કરવાવાળા મુક઼ર્રિર (તક઼રીર કરવાવાળાઓ) અને શાયરો (નઅતખાં) ખોટા રસ્તે છે તો એમને ફાળા ઉઘરાવીને મસ મોટી રકમો આપવાવાળાઓ પણ ખોટા રસ્તે છે. (ગલતી પર છે)

## ચંદાઓનો અતિરેક

આજકાલ ચંદાઓ (ફાળાઓ) ઘણા જ વધી રહ્યા છે. તેમને રોકવું ખૂબ જ જરૂરી છે. જ્યાં સુધી મદ્રસાઓ અને મસ્જિદોનો પ્રશ્ન છે, તો આ ક઼ૌમની એવી જરૂરિયાતોમાંથી છે કે જેના વગર દીન (મઝહબ) બાકી નથી રહી શક્તો, આથી તેમના માટે ચંદાઓ લેવામાં આવે તો કોઈ વાંધો નથી. જો કે ગામે ગામ મોલ્વીઓની પળ્હાઈના મદ્રસાઓ ખોલવા ઠીક નથી, એક જિલ્લામાં આલિમ અને ફાઝિલ બનાવનારા બે ચાર મદ્રસાઓ પૂરતા છે. હા, પૂરી સલાહિયત (જાણકારી)વાળા ઈમામ મસ્જિદોમાં રાખવામાં આવે અને ચંદાઓની લાંબી ઉઘરાણીઓ કર્યા વગર ઈમામતની

સાથે સાથે, બે ત્રણ જમાઅત (વર્ગ) સુધી બચ્ચાંઓને મોલ્વી કોર્સની શરૂઆતની તા'લીમ આપે અને પછી મોટા મદ્રસાઓમાં પ્રવેશ અપાવી દે તો આ ઘણી જ વાજબી વસ્તુ છે. અને ફક્ત હાફિઝ બનાવી દેવું અને તેમને (બાળકોને) દીનના ઈલ્મથી અને લખવા વાંચવા (શિક્ષણ)થી વંચિત રાખવા અને તેમાં જ તેમના જીવનને પસાર કરી દેવું એ કૌમના હક્કમાં બેહતર નથી.

હા ! ગામે ગામ ઈસ્લામી મક્તબ એટલે કે ઈસ્લામી તા'લીમ (પાયાની) ઈસ્લામી કોર્સ આધારિત પ્રાથમિક શાળાઓ ઊભી કરવી ખૂબ જ જરૂરી છે. જેમાં મઝહબે ઈસ્લામની પાયાની તા'લીમની સાથે દુનિયાની તા'લીમ પણ હોય. એટલે કે મોલ્વી અને આલિમ તો બધા નથી થઈ શકતા પરંતુ મુસલમાન હોવું અને મુસલમાન બનાવવું બધા માટે જરૂરી છે.

મસ્જિદની જ્યાં જરૂરત હોય, ત્યાં જો કોઈ શેઠ સાહબ પોતાની રીતે, બીજાઓની આર્થિક મદદ વગર (મસ્જિદ) બનાવી આપે તો જરૂર તે ઘણા જ મોટા સવાબના હક્કદાર બનશે અને જો એવું ન થઈ શકે તો મસ્જિદ માટે ચંદો ઉઘરાવવો અને મસ્જિદ બનાવવું ખૂબ જ બેહતર ઉમદા કામ છે. પરંતુ મસ્જિદની સજાવટ અને ખૂબસૂરતીને માટે ગરીબ મજૂરો અને નિર્ધન મુસલમાનો ઉપર ચંદાઓનો ભાર લાદવો અને તેમના ઉપર ગામના લોકોનું દબાણ લાવીને ચંદાઓ વસૂલ કરવા એ વ્યાજબી નથી. જગતભરમાં રસીદ બુકો લઈને ઘૂમવું અને ગરીબ મજૂરો ઉપર દબાણ લાવીને ફાળાઓ વસૂલ કરવા કરતાં સાદી મસ્જિદમાં નમાઝ પઢવી બેહતર છે. ઈસ્લામમાં મસ્જિદનું ખૂબસૂરત હોવું જરા પણ જરૂરી નથી બલ્કે અગાઉના આલિમોએ તો મસ્જિદને સજાવવા અને શણગારવાની મનાઈ ફર્માવેલી છે. ત્યારપછીના આલિમોએ પણ ફક્ત (શણગારવાની) છૂટ આપેલ છે, ફરજિયાત કે જરૂરી ઠરાવ્યું નથી કે જેના માટે ગામે ગામ ફરવામાં આવે અને દૂર દૂરના સફર કરવામાં આવે અથવા ગરીબો અને મજૂરોને સતાવવામાં આવે.

આ તો રહ્યો મસ્જિદો અને મદ્રસાઓનો મામલો, તે ઉપરાંત મોટા મોટા ઉર્સ કરવા અને ખાનકાહો અને મઝારાત બનાવવા માટે ફાળાઓની કોઈ જ જરૂરત નથી. તમારાથી જેટલુ બની શકે (તેટલું) અકીદત અને મહોબ્બતની સાથે હલાલ કમાઈથી કરો. બીજાઓ માટે જવાબદાર તમે નથી. જો અમુક વ્યક્તિઓ પણ યવમે વિસાલ (ઉર્સના દિવસે) કોઈ બુઝુર્ગની ખાનકાહમાં જઈને કુર્આને પાકની તિલાવત કરી લે અને થોડુ ઘણુ જેટલું થઈ શકે તેટલું તેમના નામ ઉપર, તેમની રૂહને ઈસાલે સવાબ કરવા ખવડાવે પીવડાવે તો આ સંપૂર્ણ ઉર્સ થઈ ગયો કહેવાય જેમાં જરા પણ કમી નથી. અને ખુશીની સાથે બુઝુર્ગાને દીનના નામ ઉપર જે કોઈ વ્યક્તિ, જે કાંઈ પણ (ઈસાલે સવાબ) કરે તે ચોક્કસપણે અલ્લાહની નજીક બદલાને પાત્ર અને સવાબનો હક્કદાર છે.

જલ્સા, જુલૂસ અને કોન્ફ્રન્સો (મેળાવડા)ના નામ ઉપર પણ ફંડફાળાઓની એક ખાસ અને મર્યાદિત પદ્ધતિ હોવી જોઈએ. કેમ કે આજે મુસ્લિમ કૌમ બદ્હાલી અને બેકારીનો શિકાર છે. ગરીબો, મજૂરો અને નાના નાના ખેડૂતો (વેપારીઓ) પાસેથી ફંડફાળાઓના નામે બળ જબરીથી પૈસા ઉઘરાવીને દસ દસ, વીસ વીસ અને પચાસ પચાસ લાખની હૈસિયત ધરાવતા ધંધાદારી તકરીર કરવાવાળાઓ અને શાયરો (અને નઅતખ્વાં)ને નઝરાણા (બખ્શિશ)ને નામે મોટી મોટી રકમો ભેટ ચઢ ાવવી એ કૌમના હક્કમાં જરા પણ સારું નથી.

મંડપ અને ડેકોરેશનના ભારે ખર્ચને પહોંચી વળવા ઘરેઘર ફંડફાળ ા કરવા ચક્કર લગાડવા એ અકીદતમંદી નથી. હા, કરવું હોય તો કરો પરંતુ એક ખાસ મર્યાદિત તરીકાથી અને એક ગ્રુપમાં રહીને (ફાળો) કરો અને જ્યારે જરૂરત હોય ત્યારે જ કરો.

અને આજકાલ જલ્સાઓ તો મુશાયરા બનીને રહી ગયા છે અને જે મુકર્રિરો છે તેમાંથી પણ વઅઝો નસીહત કરવાવાળાઓ વધુ પ્રમાણમાં નથી, પરંતુ મનોરંજન કરાવવાવાળાઓ વધુ છે, અને આ મોટી મોટી રકમોના નઝરાણાઓ અગાઉથી નક્કી કરવાવાળા મુકર્રિરીન અને

શાયરોને દૂર દૂરથી બોલાવવા અને તેમના નાઝો નખરાઓ ઉપાડવા માટે, મોટા પાયા ઉપર રોશની અને ડેકોરેશન કરવું એ મોટે ભાગે નામના મેળવવા થઈ રહ્યું છે.

ઘણી જ પબ્લિક ભેગી કરીને અને ભીડ ભાડ ભેગી કરીને મુક઼ર્રિરો અને શાયરોના મોઢે પોતાના ગુણગાન સાંભળવા માટે આ બધું થઈ રહ્યું છે. જ્યાં નામો નમૂદ (નામના) હોય, રિયાકારી અને દેખાડો હોય ત્યાં ફાળાઓ આપવા અને અપાવવામાં જરા પણ સવાબ નથી મળતો. કમિટીવાળાઓળા(સંચાલકો)નો હેતુ ફક્ત એ જ હોય છે કે વિશાળ પબ્લિક આવે, પછી તેમને કંઈક (ઈલ્મ) પ્રાપ્ત થાય કે ન થાય અમુક અમુક (જગ્યાએ) આવા જલ્સાઓ કરાવવાવાળી કમિટીઓના પ્રમુખ, સેક્રેટરી અને ખજાનચી તો એટલી હદ સુધી હોય છે કે ક઼ૌમના પૈસાથી (ફંડફાળાથી) આવા જલ્સાઓ કરવામાં વરસો વિળી ગયાં પરંતુ પોતે પણ નમાઝી અને દીનદાર ન બની શક્યા ! શરાબ, જૂગાર, લોટરી અને સીનેમાઓના શોખ સુદ્ધાં તેમનાથી છૂટી શક્યા નથી. પરંતુ હવે તો અમુક સ્થળોએ જલ્સાઓના નામ પર ફંડ ફાળાઓ ઉઘરાવીને અને તેમનાંથી થોડી રકમ ખર્ચ કરીને, મોટી મોટી રકમો બચાવવાની માહિતીઓ પણ મળી રહી છે.

આ બધું લખવા પાછળ અમારો હેતુ એ નથી કે જલ્સાઓ બંધ કરી દેવામાં આવે પરંતુ જલ્સાઓ કરાવવામાં આવે, નિઃસ્વાર્થ મુક઼ર્રિરો અને વાઅઝ કરવાવાળાઓની તક઼રીરો રાખવામાં આવે, નઅતખ્વાની માટે સારા નજીકના (આસપાસના અથવા સ્થાનિક) નઅતખ્વાં જેમનો મધૂરકંઠ છે તેની પાસે બે ચાર નઅતો પઢાવવામાં આવે. ધંધાદારી શાયરો અને મુક઼ર્રિરોને ફંડફાળાઓ ઉઘરાવીને મોટી મોટી રકમો (નઝરાનાઓ) આપવામાં ન આવે. અને જો આ બધું ન થઈ શકે તો જલ્સાઓ કરાવવા કંઈ ફર્ઝ કે વાજિબ નથી ! મસ્જિદોમાં બાસલાહિયત (સારું ઈલ્મ ધરાવતા) ઈમામ સાહબો રાખવામાં આવે, અને આવા ઈમામો જુમ્આની નમાઝ વગેરે પ્રસંગોએ વાઅઝ અને તક઼રીરો કરે અને લોકોને ઉલમાએ અહલે સુન્નતની કિતાબોને વાંચવાનું પ્રોત્સાહન આપે.

## હરામ રસ્તાઓથી કમાઈને ખુદાની રાહમાં ખર્ચ કરવો

આ બીમારી પણ ઘણી જ આમ થઈ ગયેલ છે. લોકો કમાતી વખતે એ નથી જોતા કે આ હરામ છે કે હલાલ. ખોટું બોલીને, દગો, મક્કારી (લુચ્ચાઈ), છેતરપિંડી, બેઈમાની, રૂશ્વતખોરી (ભ્રષ્ટાચાર), સૂદ અને વ્યાજ અને મજૂરોની મજૂરી રોકીને કમાઈ છે અને માલો દૌલત જમા કરી લે છે અને પછી ખુદાની રાહમાં ખર્ચ કરવાવાળા "સખી" બને છે. ખૂબ જ મોજથી ખાય છે અને મિત્રમંડળને પણ ખવડાવે છે. મસ્જિદો, મદ્રસાઓ અને ખાનક઼ાહોમાં પણ આપે છે. માગવાવાળાઓને પણ આપી દે છે. આ હરામનું કમાઈને ખુદાની રાહમાં ખર્ચ કરવાવાળાઓ ન તો હરગિઝ સખી છે અને ન તો દીનદાર, બલ્કે મોટા બેવકૂફ અને તદ્દન મૂર્ખ છે. હદીષ શરીફમાં છે, "હરામની કમાણીમાંથી સદક઼ા અને ખૈરાત ક઼બૂલ નથી." *(મિશ્કાત શરીફ, બાબુલ કસબ, પેજ : ૨૪૨)*

આ એવું જ છે જેમ કે કોઈ વ્યક્તિ કારણ વગર, જાણી જોઈને કોઈની આંખ ફોડી નાખે અને પછી તેના ઉપર મલમપટ્ટી કરીને તેને ખુશ કરવા ઈચ્છે.

ભાઈઓ ! સાચી નેકી અને પહેલી દીનદારી નેક કામોમાં ખર્ચ કરવું તે નથી બલ્કે ઈમાનદારીપૂર્વક કમાવવું તે છે. જે વ્યક્તિ હલાલ તરીક઼ાથી અને દયાનતદારીથી કમાય છે, અને વધારે ખુદાના રસ્તે ખર્ચ નથી કરી શક્તો તે વ્યક્તિ તેવા લોકો કરતાં લાખ દરજ્જે સારો છે જે બેદર્દીની સાથે, હરામનું કમાઈને અહીં તહીં સખાવત કરતો ફરે છે.

આ હરામનું કમાવવાળાઓ, રૂશ્વતખોરો, અપ્રમાણિકો અને અમાનતમાં ખયાનત કરવાવાળાઓમાં પણ આ જોવામાં આવે છે કે કોઈ મદીના શરીફ જાય છે તો કોઈ અજમેર શરીફ અને કલીયર શરીફના ફેરા ફરી રહ્યો છે. જો કે હદીષ શરીફમાં છે :–

હઝરત સૈયદના મઆઝ બિન જબલ رضی اللہ عنہને જ્યારે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ યમનના હાકિમ અને ગર્વનર બનાવીને મોકલ્યા ત્યારે આપે તેમને વિદાય આપતી વખતે બોધ આપતાં આપતાં, તેમની સવારીની

સાથે સાથે મદીના તયબહની બહાર સુધી તશરીફ લઈ આવ્યા. જ્યારે હુઝૂર પાછા જવા લાગ્યા ત્યારે ફર્માવ્યું, હે મઆઝ ! આ વરસ પછી જ્યારે તમે પાછા આવશો તો મને પામશો (જોશો) નહીં, પરંતુ મારી કૂબ્ર અને મસ્જિદને જોશો.'' હઝરત મઆઝ رضی اللہ عنہ એ આ સાંભળીને હુઝૂરની જુદાઈને કારણે રડવા લાગ્યા, તો રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું : ''લોકોમાં સૌથી વધુ પરહેઝગાર લોકો મારાથી સૌથી વધુ કરીબ (નજીક) છે, ચાહે તે (લોકો) કોઈપણ હોય અને ક્યાંય પણ હોય.'' *(મિશ્કાત શરીફ, કિતાબુર્રિકાક, પેજ : ૪૪૫)*

એટલે કે હુઝૂર ﷺએ સ્પષ્ટ રીતે ફર્માવી આપ્યું કે, ''સાચી નેકી અને દીનદારી, મહોબ્બત (ઈશ્ક઼) અને નઝદીકી (પાસે હોવું) અને હાજરી (આપવી) એ નથી પરંતુ પરહેઝગારી એટલે કે ખરાબ કામોથી બચવું અને સારા કાર્યો કરવાં એ છે, ભલે પછી તે ગમે ત્યાં રહીને કરવામાં આવે.''

હઝરત સૈયદેના ઉવૈસ કરની رضی اللہ عنہ હુઝૂર ﷺના જમાના (વખત)માં હતા પરંતુ ક્યારેય પણ મુલાકાત માટે હાજર ન થઈ શક્યા, પરંતુ હુઝૂર ﷺને એટલા પસંદ હતા કે તેમને મળવા અને (દુઆએ મગફેરત, બખ્શિશની દુઆ) કરાવવાની નસીહત (વસિયત) સહાબાએ કિરામને ફર્માવી હતી. *(સહીહ મુસ્લિમ શરીફ, ભાગ : ૨, પેજ : ૩૧૧)*

એક હદીષમાં તો હુઝૂર ﷺએ તેમના વિશે એટલી હદે ફર્માવી આપ્યું કે, ''મારી ઉમ્મતની એક વ્યક્તિની શફાઅતથી એટલા લોકો જન્નતમાં જશે કે જેની સંખ્યા કબીલાએ બનૂ તમીમના લોકોથી પણ વધુ હશે.'' *(મિશ્કાત શરીફ, બાબુલ હૌઝ વશ્શફાઅત, પેજ : ૪૯૪)*

આ હદીષની શરહમાં ઓલમાએ કિરામએ ફર્માવ્યું, એ વ્યક્તિથી મુરાદ હઝરત સૈયદના ઉવૈસ કરની رضی اللہ عنہ છે. *(મિશ્કાત શરીફ, ભાગ : ૫, પેજ : ૨૭૮)*

આ હદીષોથી એ એકદમ સ્પષ્ટ થઈ ગયું કે, ''સાચી મહોબ્બત (ઈશ્ક઼) પાસે રહેવું એ નથી, હાજરી આપવી અને ચક્કર લગાડવા એ નથી, પરંતુ તે કામ કરવામાં છે જેનાથી મહબૂબ રાજી થાય.''

ખુલાસો એ જ કે લોકો નમાઝ અને બીજા શરીઅતનાં કામોમાં પાબંદ છે, હરામ કાર્યો અને હરામ કમાઈઓથી બચે છે તેઓ ભલે બુઝુર્ગાને દીનના મઝારાત ઉપર વારંવાર હાજરી આપતા ન હોય છતાં તેઓ તે લોકોથી ઘણા જ સારા (બેહતર) છે અને મહોબ્બત (ઈશ્ક઼) કરવાવાળા છે જે લોકો ખુદા વ રસૂલની નાફર્માની કરવાવાળા, હરામનું ખાવાવાળા અને હરામનું ખવડાવવાવાળા, રાત દિવસ સંગીત, તમાશા, જૂગાર, શરાબ અને લોટરી અને સીનેમામાં લાગેલ રહે છે, ભલે ને પછી આવા લોકો બધો સમય મઝારાત ઉપર જ પડયા રહેતા હોય.

અલ્બત્ત ! તે લોકો જે હઝરાતે અવલિયાએ કિરામ અને અંબિયાએ કિરામની શાનમાં ગુસ્તાખીઓ કરે છે, બેઅદબીથી બોલે છે અને તેમની બારગાહોમાં હાજરી આપવાને શિર્ક અને બિદઅત ઠેરવે છે તેમના અક઼ીદાઓ ઈસ્લામી નથી, તેમની નમાઝ, નમાઝ નથી ! તેમના રોઝા, રોઝા નથી ! તેમની તિલાવત કુર્આનની તિલાવત નથી, તેમની દીનદારી રસૂલે અનામની પયરવી નથી. કેમ કે અદબ ઈમાનની જાન છે અને બેઅદબ નામનો મુસલમાન છે.

## હલાલ રોજી કમાવાની અને દીનદાર બનીને રહેવાની આવડત

જે વ્યક્તિ હલાલ રોજી કમાઈને અને દીનદાર બનીને અલ્લાહ વ રસૂલને રાજી કરવા ઈચ્છે છે તેને જોઈએ કે ફુઝૂલખર્ચી (બિનજરૂરી ખર્ચાઓ)થી બચે. આજકાલ લોકોએ તેમના ખર્ચાઓ વધુ કરી નાખ્યા છે અને જરૂર વગરના શોખ અને અરમાનો પૂરા કરવામાં લાગી ગયા છે એઓ આ રીતે ક્યારેય દીનદાર બની શક્તા નથી.

જો તમે સાચા મુસલમાન બનવાનું ઈચ્છો છો તો આવક વધારવાની ચિંતા કરવા કરતાં ખર્ચાઓ ઘટાડવાની ચિંતા કરો. કેમ કે ખર્ચાઓ વધવાને કારણે જ આવક વધારવાની ઈચ્છાએ જાગે છે અને આવક વધારવાની ઈચ્છાઓ માણસને બેરહમ, જાલિમ અને હરામનું ખાનાર બનાવે છે, અને જેઓની આદત આવક કરતાં વધારે ખર્ચ કરવાની પડી ગયેલ છે

તેઓ ક્યારેય ચેન અને આરામથી રહી શક્તા નથી, જિંદગીભર પરેશાન રહે છે. અને આવક કરતાં ઓછું ખર્ચ કરનાર લોકોનું જીવન ઘણુ જ ખુશનુમા અને ઈજ્જતવાળુ હોય છે અને આવા જ લોકો વખતોવખત અન્ય લોકોના કામમાં પણ આવે છે.

આવા જ કારણોસર કુર્આને કરીમમાં ખુદાએ તઆલાએ ખોટા ખર્ચા કરવાવાળાઓને શયતાનના ભાઈ ફર્માવ્યું, અને રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યું કે, "સાદગી અડધુ ઈમાન છે." આજે વિજ્ઞાન અને ટેક્નોલોજીની આધુનિક શોધોએ પણ માણસના ખર્ચાઓ અને તેની જરૂરતોને વધારી દીધી છે જેના ઉપર નિયંત્રણ કરવાની જરૂર છે. ઘરવખરીની જરૂરતોમાં દરમ્યાની રવૈયો અપનાવવામાં આવે.

અફસોસ ! કે આજે આપણે બે ચાર જોડી કપડાંઓમાં જિંદગી ગુઝારી શક્તા નથી બલ્કે જોડીઓને જોડીઓ બનાવતા જઈ રહ્યા છીએ, અફસોસ ! કે આજે પાકુ અને મજબૂત મકાન બનાવીને પણ સુખચેનથી રહેતા નથી બલ્કે તેની સજાવટ અને સુધારણામાં લાખોના હિસાબે રૂપિયા ઉડાડી રહ્યા છીએ.

કેટલાક લોકો પોતાનું મોટાપણુ બતાવવાની આદતને કારણે પરેશાન છે, તેમની આ આદત તેમને માનસિક સુખ શાંતિ પ્રાપ્ત કરવા દેતી નથી. તેમને દરેક વખતે એ ચિંતા સતાવતી રહે છે કે જો અમે આવા કપડાં પહેરીને નહીં જઈએ અથવા આવું મકાન નહીં બનાવીએ અથવા આવુ ખાણુ નહીં ખવડાવીએ તો લોકો શું કહેશે ?!

ભાઈઓ ! લોકોના કહેવાને ન જુઓ, તમારી હાલત (પરિસ્થિતિ) અને આવકને જુઓ. જો તમારી ઉપર કોઈ મુસીબત આવશે તો તમારી પ્રશંસા કરવાવાળા આ જ લોકો તમારી નજીક પણ ફરકશે નહીં અને ઉધાર (કર્ઝ) પણ આપવા તૈયાર નહીં થાય.

હદીષે પાકમાં છે : "દુનિયામાં જિંદગી પરદેશી મુસાફરની જેમ ગુઝારો અને પોતાની જાતને કબ્રવાળાઓમાં સમજો." *(મિશ્કાત શરીફ, પેજ : ૪૫૦, બાબુલ અમલ વલ્ હિર્સ)*

એટલે કે મુસાફર અને પરદેશી જેમ ઓછામાં ઓછા જિંદગીના સામાન સાથે મુસાફરી કરે છે તે જ પ્રમાણે તમો પણ દુનિયામાં એક મુસાફરની જેમ છો.

આ બયાનથી અમારો મક્સદ એ નથી કે ખુદાએ તઆલા હલાલ કમાઈથી આપે તો સારું ખાવું અને પહેરવું એ નાજાઈઝ છે, પરંતુ અમારો આશય બિનજરૂરી અને ફાલતુ ખર્ચાઓથી દૂર રાખવાનો છે કે જેથી કરીને તમો કમાવવાની વધુ પડતી ચિંતામાં બેઈમાન, ખયાનત કરવાવાળા અને હરામનું ખાવાવાળા ન બની જાવ. અને દીનદારીનું જીવન જીવવા માટે ખર્ચાઓને નિયંત્રણમાં રાખવું અને બિનજરૂરી ખર્ચાઓથી બચવું જરૂરી છે. અને આ બાબતમાં જાઈઝ અને નાજાઈઝની સરહદોને જાણવા માટે ફિક્હ અને તસવ્વુફની કિતાબોનું વાંચન કરવું જોઈએ. ખાસ કરીને સદરુશ્શરીઅહ્ હઝરત મૌલાના અમજદઅલી رحمۃ اللہ علیہની કિતાબ બહારે શરીઅતના ભાગ–૧૬નું વાંચન કરી લેવું એક મુસલમાન માટે આ જમાનામાં ઘણુ જ જરૂરી છે.

આજકાલ જે બેઈમાનો અને જુલ્મ કરીને કમાવવાવાળાઓ અને બીજાના માલને, પોતાનું સમજવાવાળા ભ્રષ્ટ્રાચારી લોકો ખૂબ જ વધી ગયા છે, ત્યાં સુધી કે વ્યવહારના ચોખ્ખા હોય એવા લોકોની સંખ્યા હવે ન હોવા બરાબર છે. આ બધાનું ચોખ્ખું કારણ આજકાલના બિનજરૂરી ખર્ચાઓ અને ફુઝૂલખર્ચીઓ છે.

ખુલાસો એ જ કે હરામખોરોથી બચવા અને દીનદાર બનીને જે વ્યક્તિ પોતાનું જીવન જીવવા માગતો હોય તેને માટે બિનજરૂરી ખર્ચાઓથી બચવું અને સાદુ જીવન જીવવું આજકાલ જરૂરી છે.

## બુઝુર્ગ શખ્સિયતોને મનાવવાની પદ્ધતિ

કેટલાક લોકો જેઓ શખ્સિયતપરસ્તી (વ્યક્તિગત ચાહના)માં હદથી આગળ વધી ગયા છે તેઓ પોતાની મહબૂબ અને મનપસંદ વ્યક્તિઓ (બુઝુર્ગો)ને બીજાઓ પાસે મનાવવા માટે લડાઈ ઝઘડા કરે છે અને જે મહોબ્બત તેમને છે તેવી જો બીજી વ્યક્તિ ન કરે તો તેઓને

ખરાબ લાગી જાય છે અને તેઓ બીજી વ્યક્તિઓને ગુમરાહ અને બદ્દીન સુધી માની બેસે છે અને જબરદસ્તી બીજાઓને મનાવવા ઈચ્છે છે. જો કે મહોબ્બત ક્યારેય બળજબરીથી કરી શકાતી નથી અને ન તો ફક્ત ફત્વાઓ લગાડીને અને ન તો બુઝુર્ગ વ્યક્તિઓના નામના નારા લગાડીને અને ન તો જોશીલી અને જઝબાતી (લાગણીપ્રેરક) તક઼રીરો કરીને.

પરંતુ સાચો તરીક઼ો એ છે કે જેઓ વાસ્તવિક રીતે તે બુઝુર્ગ, ઉચ્ચ ચારિત્ર્યવાળા, અલ્લાહવાળાઓ છે એટલે કે હક઼ીક઼તમાં તેઓ ઈસ્લામી દૃષ્ટિકોણથી મહાન વ્યક્તિત્વના માલિક છે તો તેમના આ સદ્ગુણો, સદ્કાર્યો, જિંદગી જીવવાનો તરીક઼ો, દીનની સેવાઓ, ખુદાનો ખૌફ અને પાકદામનીને ગંભીરતાથી સમજાવવાના હેતુસર તક઼રીર અથવા તહરીર (લખાણ) વડે લોકોની સમક્ષ રજૂ કરો અને જે બાબતોના લીધે તમને તે ઈલ્મવાળા બુઝુર્ગ સાથે મહોબ્બત છે તે વાતો અને કાર્યો બીજાઓને કહો.. પછી જો બીજાઓ પણ તે બુઝુર્ગના આશિક઼ અને દીવાના બની જાય તો ઠીક નહિતર ફક્ત કોશિશ કરવું એ તમારું કામ છે, પરંતુ હવે તમે બળ જબરીથી મનાવવાની કોશિશ કરશો નહીં.

હા ! જે લોકો સામાન્ય રીતે બુઝુર્ગોની શાનમાં ગુસ્તાખી કરે છે અથવા એવા આલિમ કે બુઝુર્ગ કે જેની બુઝુર્ગી અને શ્રેષ્ઠતાને પૂરી ઉમ્મતે મુસ્લિમા એકમત છે એમની શાનમાં બકવાસ કરનારાઓ છે તેઓ ખરેખર ગુમરાહ અને બેદીન છે. આવા લોકો જો સમજાવવાથી ન સમજે તો તેઓથી દૂર રહેવું અને બેધ્યાન થઈ જવું જરૂરી છે.

અને જે લોકો ગુસ્તાખી અને બેઅદબી કરતા નથી પરંતુ તમારી જેમ મહોબ્બત અને અક઼ીદત પણ ધરાવતા નથી તો તેમની બાબતમાં ચૂપ રહેવું બેહતર છે અને જો તેઓની વિચારધારા સારી છે, ઈસ્લામી છે તો તેઓને મુસલમાન માનવું જોઈએ અને પોતાના ઈસ્લામી ભાઈ સમજવા જોઈએ.

ઈસ્લામી શખ્સિયતો અને પોતાના બુઝુર્ગો, પીરો અથવા મશાઈખોને બીજાઓ પાસે મનાવવા માટે સૌથી સારો રસ્તો અને સારી પદ્ધતિ તમારું

પોતાનો ચારિત્ર્ય (સારો કિરદાર) છે. આજે એવા લોકો ઘણા છે જેઓ હલાલ અને હરામમાં ફરક રાખતા નથી, નમાઝો છોડે છે, ગાવું વગાડવું અને તમાશાઓમાં વ્યસ્ત રહે છે, તેમની નિય્યતો ખરાબ થઈ ચૂકી છે, તેમનામાં ઈસ્લામી અખ્લાક઼ નામની કોઈ વસ્તુ નથી અને પછી આવા લોકો બુઝુર્ગોના નામના ઠેકેદાર બની બેઠા છે, ઉર્સ કરાવે છે, મઝારો બનાવે છે અને બુઝુર્ગોનાં નામથી મોટી મોટી ન્યાઝો બનાવે છે, તેમના નામે જલ્સાઓ જુલૂસો અને મહેફિલોનું આયોજન કરે છે તો આવા લોકો ક઼ૌમને બુઝુર્ગોથી નઝદીક લાવવાને બદલે બુઝુર્ગોથી દૂર કરે છે અને એમનાં આવાં કાર્યો લોકોના દિલોમાં અલ્લાહવાળાઓની મહોબ્બત (સાચી) ક્યારેય પેદા કરી શકશે નહીં.

ભાઈઓ ! અલ્લાહવાળાઓથી મહોબ્બત કરવાવાળાઓ અને તેમની મહોબ્બતનું બીજ લોકોના દિલમાં રોપવાવાળાઓ તે લોકો છે જેને જોવાથી જ અલ્લાહવાળાઓની યાદ આવી જાય, અને અલ્લાહવાળાઓ તે લોકો છે જેને જોવાથી અલ્લાહની યાદ આવી જાય, નહિતર આ બીજાના માલ ઉપર નજર રાખવાવાળા, હરામખોર, અપ્રમાણિક, ખરાબ લોકો ખુદાએ તઆલાના તે બંદાઓની અઝમત (મહાનતા) અને ઈજ્જત લોકોના દિલોમાં નથી ઉતારી શક્તા કે જે બુઝૂર્ગોએ અલ્લાહની રાહમાં તેમનું સર્વસ્વ લૂટાવી દીધું, અને આ લાલચીઓ, કરોડપતિ બનવાની ઈચ્છા ધરાવનારા મુકર્રિરો, શાયરો અને કવ્વાલો, નામ પાત્ર પીરો, ફક઼ીરો વડે અલ્લાહ તઆલા અને તેના રસૂલ ﷺની અઝમત અને ઈઝ્ઝતના ઝંડા લોકોના દિલોમાં નથી રોપી શક્તા.

એ જરૂરી છે કે દરેક મુરીદ તેના પીરનો અને શાગિર્દ તેના ઉસ્તાદનો અને દરેક અક઼ીદતમંદ તેના મહબૂબ (પ્યારા)નો નમૂનો હોય ત્યારે જ તેનાથી તેના શેખ અને ઉસ્તાદના કારનામાંઓ પ્રકાશમાં આવશે અને તેનાથી તેના ચહીતા મહબૂબની મહાનતા લોકોના દિલોમાં બેસશે. અને જે લોકો કોઈ બુઝુર્ગનાં કારનામાઓ અને તેમની ઈસ્લામની સેવાઓ પોતાની ચાલ ચલગત, રહનસહન અને બોલચાલના માધ્યમ વગર, બળજબરીપૂર્વક લોકો પાસે મનાવવામાં લાગેલા છે તેઓ ક઼ૌમમાં

જૂથવાદ, પક્ષાપક્ષી કરી રહ્યા છે અને મુસ્લિમ કૌમને છિન્ન ભિન્ન કરી રહ્યા છે અને મુસલમાનોને વિભાજિત કરી રહ્યા છે.

## ફિલ્મી ગીતોની તર્ઝ ઉપર નઅત શરીફ પઢવું

આજકાલ જલ્સાઓ અને મુશાએરોમાં શાયરો અને નઅત પઢવાવાળાઓ ફિલ્મી ગીતોની તર્ઝ ઉપર હમ્દ, નઅત શરીફ અને કસીદાઓ પઢવા લાગે છે, જો કે આ મના છે. તેઓએ આમ કરવાથી દૂર રહેવું અને મુસલમાનો એ જોઈએ કે એવા લોકોથી હરગિઝ નઝમો (વગેરે) ન સાંભળે આ'લા હઝરત ઈમામે એહલે સુન્નત ફર્માવે છે "જો ગીતની તર્ઝ પર રાગનીનો લેહાઝ હોય, તો નાપસંદ છે. કેમ કે આ કાર્ય ઝિક્ર શરીફને અનુરૂપ નથી." *(ફતાવા રઝવિય્યહ, ભાગ : ૧૦, કિસ્ત : ૨, પેજ : ૧૮૫)*

## નિઃસંતાન (બેઔલાદ) પુરૂષો અને સ્ત્રીઓ માટે જરૂરી નસીહત

ઔલાદ દુનિયામાં અલ્લાહ તઆલાની ઘણી જ મોટી નેઅમત છે. આથી અલ્લાહ તઆલા જેને આ નેઅમત આપે તેણે જોઈએ કે તે ખુદાએ તઆલાનો શુક્ર અદા કરે અને જેને (આ નેઅમત) ન આપે તે સબ્ર કરે. પરંતુ આજકાલ કેટલાક પુરૂષો અને સ્ત્રીઓ ઔલાદ ન થવાને કારણે પરેશાન રહ્યા કરે છે અને આ ખામીને વધારે પડતી ગણે છે. જો કે આ ઈમાનવાળાઓની શાન નથી. મો'મિને તો દુનિયા અને તેની નેઅમતો ન મળવાને કારણે બહુ ચિંતા કરવી જોઈએ નહીં, વધારે ફિક્ર અને ચિંતા તો આખેરતની કરવી જોઈએ. જો તમે તમારી આખેરત સુધારી લીધી તો દુનિયાની કોઈ નેઅમત ન મળવા પર વધુ પડતા દુઃખી થવું જોઈએ નહીં. ઔલાદ અલ્લાહની નેઅમત જરૂર છે પરંતુ સમજદાર લોકો માટે આ વાત પણ વિચારવા લાયક છે કે "માલ અને ઔલાદને અલ્લાહ ﷻએ પોતાના કુર્આનમાં દુનિયાની રોનક ફર્માવી છે, આખેરતની નહીં."

اَلْمَالُ وَ الْبَنُوْنَ زِيْنَةُ الْحَيٰوةِ الدُّنْيَا۔۔الخ

"માલ અને બેટાઓ (ઔલાદ) દુનિયાવી જિંદગીનાં શૃંગાર છે અને બાકી રહેનારી સારી વાતો (સદ્કાર્યો) છે જેનો સવાબ તમારા રબની

પાસે ઉત્તમ અને તે ઉમ્મીદમાં સૌથી ભલી.'' *(સૂરએ કહફ, પારા–૧૫, રુકૂઅ–૧૮)*

કુર્આને કરીમમાં માલ અને ઔલાદને ફિત્ના એટલે કે આઝમાઈશ (પરીક્ષા) પણ કહેવામાં આવે લ છે જેનો અર્થ એ છે કે તે વસ્તુઓ (માલ અને ઔલાદ) પ્રાપ્ત કર્યા પછી પણ જો ખુદા અને રસૂલનો હક્ક પણ અદા કરતો રહ્યો તો ઠીક પરંતુ જો માલ અને ઔલાદની મહોબ્બતમાં અલ્લાહ અને રસૂલને ભૂલી ગયો, હલાલ અને હરામનો ફર્ક ગુમાવી બેઠો તો આ ઘણુ જ ખરાબ છે. જો કે નેક ઔલાદ આખેરતનો પણ સામાન છે પરંતુ વર્તમાન અને આવનારા સમયમાં ઔલાદના નેક હોવાની આશાઓ ઘણી જ ઓછી થઈ ગઈ છે.

ખુદાએ તઆલાના પ્રિય બંદાઓ એટલે કે અલ્લાહવાળાઓમાંથી પણ કેટલાક લોકો એવા થઈ ગયા છે જેમને ઔલાદ ન હતી. સરકારે દો આલમ, હઝરત રસૂલે ખુદા, મુહમ્મદ મુસ્તફા ﷺની વ્હાલી બીવી સૈય્યદા આઈશા સિદ્દીકા رضی اللہ عنہاને પણ કોઈ ઔલાદ ન હતી બલ્કે હુઝૂરની અગ્યાર બીવીઓ હતી જેમાંથી આપને ઔલાદ ફક્ત બે બીવીઓથી થઈ. સહાબાએ કિરામમાં હઝરત સૈયદેના બિલાલે હબ્શી رضی اللہ عنہ પણ નિઃસંતાન હતા એટલે કે એમને ઔલાદ ન હતી. *(અકમાલ–ફી–અસ્માઉર રિજાલ લિ–સાહિબિલ મિશ્કાત, પેજ–૧૮૭)*

આપણા કેટલાક ભાઈઓ અને બહેનો ઔલાદ ન હોવાને કારણે દરેક સમયે દુઃખમય રહે છે અને જિંદગીભર દવા, દારૂ અને દુઆ તા'વીઝ કરાવતા રહે છે અને લૂંટી લેવાવાળા કેટલાક ડોકટર, હકીમ અને (ખોટા રૂહાની ઈલાજ) અમલ કરવાવાળા કેટલાક કઠમુલ્લાઓ અને મિયાં ફકીરો તેમની (નિઃસંતાન લોકોની) આ કમજોરીથી ઘણો જ ગેર ફાયદો ઉઠાવે છે, તેમની પાસે ચક્કરો લગાવે છે અને ત્યાં સુધી કે તેઓને બરબાદ કરી નાખે છે.

ડૉકટરો, હકીમો અને આમિલો (મોટા રૂહાની ઈલાજ કરવાળાવાઓ)માં આજ કાલ મક્કારો અને ધોકાબાજોનું પ્રમાણ ખૂબ જ વધી ગયેલ છે.

કેટલીક ટીકા ટીપ્પણ કરનારી અને સલાહો આપનારી વૃદ્ધાઓ શાંતિથી બેસવા નથી દેતી અને નવા નવા હકીમો, ડૉકટરો અને આમિલોનાં સરનામાં બતાવવાની રહે છે. અહીંયાથી છૂટયા તો ત્યાં ફસાયા! અને અહીંયાની નીકળ્યા તો ત્યાં પહોંચી ગયા ! આ પ્રમાણે આવા લોકોનું જીવન આ પ્રમાણે જ વેડફાઈ જાય છે.

**ભાઈઓ ! સબ્રથી વધીને કોઈ દવા નથી અને શુક્રથી વધીને કોઈ તા'વીઝ નથી.** આનાથી અમારો કહેવાનો મતલબ એ નથી કે નિઃસંતાન દવા અને તા'વીઝ ન કરે, પરંતુ અમારો હેતુ એ બતાવવાનો છે કે થોડો ઘણો ઈલાજ પણ કરાવી લો અને સારા એવા મોલ્વીઓ, આલિમો, પીરો અને ફકીરોથી તા'વીઝ પણ કરાવી લો. કામ્યાબી મળે તો ઠીક સુબ્હાનલ્લાહ, ખુદા તઆલા મુબારક ફર્માવે, અને કામ્યાબી ન મળે તો સબ્રથી કામ લો. ખુદાએ તઆલાની ઈબાદત, તેનો ઝિક્ર અને કુર્આનની તિલાવતમાં ધ્યાન પરોવે. વધારે પડતા ડૉકટરો, હકીમો અને આમિલોના ઘરે ધક્કા ન ખાય અને તેમાં જિંદગીની અમૂલ્ય ઘડીઓને ન વેડફે. છેવટે તો તે જ થવાનું છે જે ખુદાએ તઆલાની મરજી છે.

એક વધુ અગત્યની વાત એ છે કે હવે કયામતની નજીકનો જે જમાનો આવી રહ્યો છે તેમાં વધુ પ્રમાણમાં ઔલાદ નાસમજ નીકળી રહી છે અને અનુભવે એ સાબિત (ગવાહ) છે કે હવે ઔલાદની લોકોને વૃધ્ધાવસ્થામાં મા બાપને ખવડાવવાવાળા ઘણા જ ઓછા અને ન હોવા બરાબર હશે, જ્યારે મા બાપને ફોલી ફોલીને ફાડી ખાનારા વધુ પ્રમાણમાં પેદા થશે. આજે લાખોની સંખ્યામાં ઔલાદવાળા વૃધ્ધો અને વૃધ્ધાઓ ફક્ત એટલા માટે જ ભીખ માગતાં ઘૂમી રહ્યાં છે કે તેમની ઔલાદે તેમની પાસે જે કંઈ પણ હતું તે બધું તો ખલાસ કરી નાખ્યું છે અથવા પોતાના કબ્જામાં લઈ લીધું છે અને મા બાપને ભીખ માગવા માટે છોડી દીધા છે ! બલ્કે અમુક (ઔલાદ) તો મા બાપને ભીખ મંગાવીને તેમાંથી પોતે ખાઈ રહ્યા છે અને તેમના બાળકોને ખવડાવી રહ્યા છે. જાણે એમ કે હવે મા બાપ એટલા માટે નથી કે વૃધ્ધાવસ્થામાં ઔલાદની કમાણી ખાય પરંતુ હવે એટલા માટે છે કે મરતા દમ સુધી ઔલાદને ખવડાવે, પછી ભલે ને તેના માટે તેમને તેમણે ભીખ કેમ ન માગવી પડે ?

આજે કેટલાય લોકો એવા છે કે જેમની જિંદગી સુખ ચૈનની સાથે પસાર થઈ પરંતુ (પાછળથી) ઔલાદને કારણે ખરાબ દિવસો જોવા મળ્યા. કોઈકને છોકરાઓને કારણે જેલ અને પોલીસ સ્ટેશનમાં જવું પડયું અને ત્યાં પોલીસોની ધાક ધમકીઓ સાંભળવી પડી. કોઈકની જવાન છોકરીએ બેઈજ્જતી અપાવી અને પૂરા ઘરની ઈજ્જતને ધૂળમાં મેળવી નાખી અને ચાર માણસોની વચ્ચે બેસવાને લાયક ન રાખ્યું.

આનાથી અમારો કહેવાનો આશય એ નથી કે ઔલાદ તદ્દન કોઈ ખરાબ વસ્તુ છે અથવા નિઃસંતાન લોકો સંતાન પ્રાપ્તિ માટે કોઈ પ્રયાસ જ ન કરે પરંતુ વાત એ જ છે જે અમો આગળ લખી ચૂક્યા કે ખુદાએ તઆલા નેક ઔલાદ આપે તો મુબારક, તેનો શુક્ર અદા કરો, અને ન આપે તો પણ દુઃખી ન થાવ, થોડી દવા તથા તદબીર અને સબ્ર તથા શુક્રની સાથે જ કામ લો.

અને એ બતાવી દેવું પણ જરૂરી છે કે બદ્મઝહબ અને બદદીન અથવા ખુદા વ રસૂલ અને મા બાપની નાફરમાન, બગડેલી, ચોર, ડાકૂ, શરાબી, ઝિનાકાર (વ્યભિચારી), ઐય્યાશ અને બદ્માશ ઔલાદવાળા હોવા કરતાં તે લોકો ઘણા જ ભલા છે જેઓ નિઃસંતાન છે.

## ગૈર મુસ્લિમો પાસેથી ગોશ્ત મંગાવવાનો મસ્અલો

ગૈર મુસ્લિમની દુકાનેથી ગોશ્ત ખરીદીને ખાવું અથવા કોઈ બિન મુસ્લિમ પાસેથી હદિયા અથવા તોહફામાં કાચુ અથવા પાકેલું ગોશ્ત લઈને ખાવું **હરામ** છે, પછી ભલે ને તે એમ કહે કે મેં આ જાનવર મુસલમાન પાસે ઝબ્હ કરાવ્યું હતું, એટલે કે ઝબહ કરનાર મુસલમાન બતાવે તો પણ તેની પાસેથી ગોશ્ત લેવું, ખાવું અને ખરીદવું બધું જ **હરામ** છે. હા, જો મુસલમાને ઝબ્હ કર્યું ત્યારથી લઈને જ્યાં સુધી તે ગોશ્ત મુસલમાનની પાસે આવ્યું ત્યાં સુધી દરેક સમયે મુસલમાનની નજર સમક્ષ રહ્યો તો આ જાઈઝ છે. *(ફતાવાએ રઝવિય્યહ, જિલ્દ : ૧૦, પેજ : ૯૪, નિસ્ફ અવ્વલ, પેજ : ૯૪)*

હા, જો ગોશ્ત કોઈ મુસલમાનની દુકાનેથી લાવવામાં આવ્યું પરંતુ

ખરીદી કરીને લાવવાવાળો નોકર કે મજૂર વગેરે કોઈ બિન મુસ્લિમ હોય અને તે કહે કે આ ગોશ્ત મેં મુસલમાનની દુકાનેથી ખરીદી કર્યું છે, અને તમે પણ જાણો છો કે આ મુસલમાનની દુકાનેથી ખરીદીને લાવ્યો છે, તો તે ગોશ્તને ખાવું જાઈઝ છે, જામેઅ સગીરમાં છે :–

وَمَنْ اَرْسَلَ اَجِيْرًا لَهٗ مَجُوْسِيًا اَوْ خَادِمًا فَاشْتَرٰى لَحْمًا
فَقَالَ اِشْتَرَيْتُهٗ مِنْ يَهُوْدِيٍّ اَوْ نَصْرَانِيٍّ اَوْ مُسْلِمٍ وَسِعَهٗ
اَكْلُهٗ وَاِنْ كَانَ غَيْرَ ذَالِكَ لَمْ يَسَعْهُ اَكْلُهٗ

*(હિદાયહ, ૪/૪૩૭ બહારે શરીઅત, ૧૬/૩૬)*

ઉપર તેની સ્પષ્ટતા કરવામાં આવેલ છે.

ખુલાસો એ જ કે મુસલમાનની દુકાનનું ગોશ્ત જાઈઝ છે જો કે ખરીદી લાવનાર નોકર અથવા મજૂર બિન મુસ્લિમ હોય. અને બિન મુસ્લિમની દુકાનનો ગોશ્ત હરામ છે જો કે ખરીદી લાવનાર મુસલમાન પણ કેમ ન હોય, અને જો શરીઅત મુજબ ઝુબહ થયાથી લઈને કોઈ પણ સમયે મુસલમાનની નજરથી દૂર ન થયો હોય, તો આ પણ જાઈઝ છે. *[(વહાબી, દેવબંદી, શીઆ વગેરેનું ઝબીહા પણ હરામ છે. એના માટે પણ આ જ હુકમ લાગુ થશે. –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)]*

## મોહર્રમ અને સફરમાં શાદી વિવાહ ન કરવો અને શોક મનાવવો

મુહર્રમના મહિનામાં કેટલાયે રિવાજો અને બિદઅતો અને ખુરાફાત આજકાલ મુસલમાનોમાં પ્રચલિત થઈ ગયેલ છે જેની ગણતરી કરવી પણ મુશ્કેલ છે, તેમાંની આ પણ એક ગલત માન્યતા છે કે આ મહિનો સોગ અને ગમનો મહિનો છે, આ મહિનામાં શાદી વિવાહ ન કરવામાં આવે. જો કે ઈસ્લામમાં કોઈપણ મૈયતનો ત્રણ દિવસથી વધુ ગમ મનાવવો જાઈઝ નથી અને આ દિવસોમાં શાદી વિવાહને ખરાબ સમજવું ગુનોહ છે. નિકાહ વરસના કોઈ પણ દિવસમાં મના નથી, પછી ભલે તે મુહર્રમ હોય અથવા સફર અથવા કોઈ પણ મહિનો કે કોઈ પણ દિવસ.

આ'લા હઝરત رحمۃ اللہ علیہને પૂછવામાં આવ્યું :–

૧. કેટલાક એહલે સુન્નત વ જમાઅત મુહર્રમના (પહેલા) દસ દિવસમાં ન તો દિવસભર રોટલી પકાવે છે અને ન તો ઝાડુ મારે છે અને કહે છે તાઝિયાના દફન પછી રોટલીઓ પકાવવામાં આવશે.

૨. દસ દિવસ સુધી કપડાં ઉતારતા નથી.

૩. મુહર્રમના મહિનામાં શાદી વિવાહ કરતા નથી.

૪. આ દિવસોમાં ફક્ત ઈમામે હસન અને ઈમામે હુસૈન رضی اللہ عنہماના સિવાય બીજા કોઈની ન્યાઝ અને ફાતેહા દેવડાવતા નથી, તો શું આ જાઈઝ છે કે નાજાઈઝ ?

તો આપે જવાબમાં ફર્માવ્યું કે પહેલી ત્રણ વાતો (પ્રશ્નો) સોગ અર્થાત શોક છે અને શોક હરામ છે, અને ચોથી વાત આજ્ઞાપાલન દરેક મહિનામાં દરેક તારીખ ઉપર, દરેક વલીની ન્યાઝ અને દરેક મુસલમાનનો ફાતેહા થઈ શકે છે. *(અહકામે શરીઅત, ભાગ–૧, પેજ–૧૨૭)*

હકીકતમાં મુહર્રમમાં શોક મનાવવો એ મલઊન ફિર્કા રાફઝીઓ અને શીઆઓનું કામ છે અને ખુશી મનાવવી એ મરદૂદ ખારજીઓનો ધંધો છે. અને નિયાઝ અને ફાતેહા દેવડાવવી, નફલ પઢવું, રોઝા રાખવા એ મુસલમાનો (સુન્નીઓ)નું કામ છે. فَالْحَمْدُ لِلّٰهِ عَلٰى ذَالِكَ

એ જ પ્રમાણે મુહર્રમમાં તાઝિયાદારી કરવી, બનાવટી કરબલા બનાવવું અને તેમાં મેળાઓ લગાડવા એ પણ નાજાઈઝ અને ગુનાહ છે.

## પુરૂષોએ એકથી વધુ વિંટીઓ પહેરવી

ઈસ્લામી દષ્ટિકોણથી પુરૂષોએ ચાંદીની ફક્ત એક જ વિંટી, એક નંગવાળી પહેરવી જાઈઝ છે, જેનું વજન સાડા ચાર માશા (સાડા ચાર ગ્રામ) લગભગથી ઓછુ હોય. આ સિવાય પુરૂષો માટે બીજુ કોઈ ઘરેણુ પહેરવું જાઈઝ નથી. એકથી વધારે અંગૂઠીઓ અથવા બીજુ કોઈ ઘરેણુ પછી તે ગમે તે ધાતુનુ હોય બધું જ ગુનાહ અને નાજાઈઝ છે.

પરંતુ આજકાલ સામાન્યતઃ માણસો તો ઠીક, કેટલાક જાહિલ નામના સૂફીઓ અને ઈસ્લામના વિરોધી પીરોએ જ વધુમાં વધુ અંગૂઠીઓ

પહેરવાને પોતાના અનુમાનથી ફકીરી અને તસવ્વુફ સમજી લીધું છે. આ એક ચાંદીની શરઈ અંગૂઠીથી વધારે અંગૂઠીઓ (વિંટીઓ) પહેરવાવાળાઓ, પછી તે વિંટી સોનાની હોય કે ચાંદીની હોય કે અન્ય કોઈપણ ધાતુની હોય બધા જ ગુનેહગાર છે. અને તેઓ એ લાયક પણ નથી કે તેઓને પીર બનાવવામાં આવે. આપણા કેટલાક ભાઈઓ, તાંબુ, પિત્તળ અને લોઢાના છલ્લાઓ પહેરે છે અને તેને દર્દ વગેરે કોઈ બીમારીની શિફા સમજે છે, આ પણ ખોટુ છે. અને ઈલાજ માટે પણ નાજાઈઝ ઝવેરાત છલ્લા વગેરે પહેરવું જાઈઝ નથી. *(ફતાવાએ રઝવિય્યહ્, જિલ્દ : ૧૦, પહેલો અડધો ભાગ, પેજ :૧૫, પ્રકાશિત : બિલાસપુર)*

કેટલાક લોકો એવું કહે છે કે આ છલ્લા અથવા અંગૂઠી અમો મક્કા શરીફ કે મદીના શરીફ અથવા અજમેર શરીફથી લઈ આવ્યા છીએ, અને તે શરીઅતની વિરુદ્ધ છે તો મક્કા, મદીના અને અજમેરના બજારમાં વેચવાથી હલાલ થઈ જતા નથી !

ભાઈઓ ! તમો આ વસ્તુઓ તો આજે ત્યાંના બજારોમાંથી લઈ આવ્યા છો, પરંતુ આ વસ્તુઓ નાજાઈઝ હોવાનો હુકમ તો ૧૪૦૦ વરસ પહેલાં ત્યાંથી જ આવી ગયેલ છે.

સ્પષ્ટતા એ જ કે પવિત્ર શહેરોમાં વેચાવાથી હરામ વસ્તુઓ હલાલ થઈ જતી નથી.

ભાઈઓ ! અલ્લાહ તબારક વ તઆલાથી ડરો અને નાજાઈઝ અંગૂઠીઓ, ઝવેરાત, કડાં, છલ્લાં વગેરે પહેરીને અલ્લાહ તબારક વ તઆલાની નાફર્માની ન કરો.

## અમેરિકન (જર્સી) ગાયનો શરઈ હુકમ

અમેરિકન (જર્સી) ગાયની બાબતમાં ઘણા લોકો શંકા કુશંકા સેવે છે. જ્યારે કે એ બાબતમાં કોઈ શંકા નથી કે અમેરિકન ગાય પણ નિઃશંકપણે ગાય જ છે અને તેને ખાવુ હલાલ અને તેનું ઘી, દૂધ ખાવું, પીવું જાઈઝ છે.

## દવા ખાવા અને પીવા પહેલાં 'બિસ્મિલ્લાહ' પઢવું

આ પણ એક ખોટો અને અજ્ઞાનતાભર્યો વિચાર છે, બલ્કે દવા ખાવા પીવા પહેલાં "બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહિમ" ખાસ કરીને, ધ્યાન રાખીને પઢવું જોઈએ જેથી કરીને ખુદાના નામની બરકત દવામાં ભળી જાય અને દવા વહેલામાં વહેલી અસર કરે, કેમ કે બીમારીઓ અને તેનો ઈલાજ અલ્લાહની તરફથી જ છે.

## હાથ ઉપાડીને અથવા ફક્ત ઈશારાથી સલામનો જવાબ આપવો

સલામ કરવામાં અથવા તો સલામનો જવાબ આપવામાં આજકાલ ફક્ત ઈશારો કરી દેવો અથવા હાથ ઊંચો કરીને અથવા તો થોડુ ઘણુ માથુ હલાવી દેવાનો લગભગ રિવાજ થઈ ગયેલ છે, જો કે આ પ્રમાણે કરવાથી સલામની સુન્નત અદા થતી નથી. અને કોઈએ સલામ કરી અને તેના જવાબમાં ફક્ત આ પ્રમાણે જ કર્યું, મોઢેથી "વઅલય કુમુસ્સલામ" અથવા "વઅલયકસ્સલામ" ન કહ્યું તો ગુનહગાર પણ થશે.

આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે : "બંદગી, આદાબ, તસ્લીમાત વગેરે શબ્દો સલામના નથી, ફક્ત હાથ ઊંચો કરી દેવો પણ પૂરતુ નથી જ્યાં સુધી તેની સાથે કોઈ શબ્દ સલામનો ન હોય." *(ફતાવાએ રઝવિય્યહ, જિલ્દ : ૧૦, પહેલો અડધો ભાગ, પેજ : ૧૯૮)*

## હોજરી ખાવી

હોજરી અને આંતરડાં ખાવાં જાઈઝ નથી. કુર્આને કરીમમાં છે : وَیُحَرِّمُ عَلَیْهِمُ الْخَبٰٓئِثَ "અને તે નબી ગંદી વસ્તુઓ હરામ ફર્માવશે."

અને خَبٰٓئِث "ખબાઈષ" (ઉપરોક્ત આયતમાં આવેલ શબ્દ)થી સંબંધિત તે વસ્તુઓ છે જેનાથી નરમ તબિયતના લોકો ધૃણા કરે છે અને હોજરી અને આંતરડા ખાવાથી પણ નરમ તબિયતના લોકો ધૃણા કરે છે અને આ ગંદી વસ્તુઓ છે જેથી તેનું ખાવું નાજાઈઝ છે.

આ'લા હઝરત رحمۃ اللہ علیہએ તેમના રિસાલા ''અલ્ મન્ઉલ મલીહત ફી માનહા અન અજઝા ઈઝ્ઝબીહા''માં આ બધાનું સ્પષ્ટતાપૂર્વક અને વિસ્તારપૂર્વક વર્ણન ફર્માવેલ છે.

## સફર મહિનાનો છેલ્લો બુધવાર

ઘણી જગાએ સફર મહીનાના છેલ્લા બુધવારના વિશે આ માન્યતા પ્રચલિત છે કે આ દિવસે હુઝૂર صلی اللہ علیہ وسلمએ બીમારીથી શિફા પ્રાપ્ત કરી હતી, આથી (આવા લોકો) આ દિવસે ખુશી મનાવે છે, ખાણુ અને મીઠાઈ વગેરે ખવડાવે છે, જંગલ તરફ (બગીચાઓ તરફ) ફરવા જાય છે. જ્યારે કેટલીક જગાએ લોકો આને (છેલ્લા બુધને) મન્હૂસ (ખરાબ) વિચારીને ઘરના વાસણો વગેરેને તોડી નાખે છે.

જો કે સફર મહિનાના છેલ્લા બુધવારની કોઈ હકીકત નથી, ન તો દિવસે હુઝૂર صلی اللہ علیہ وسلمને બીમારીમાંથી તંદુરસ્ત થવાનું કોઈ સબૂત છે. કેટલીક જગ્યાઓએ કેટલાક લોકો આ દિવસને મન્હૂસ (ખરાબ) વિચારીને વાસણો વગેરેને તોડી નાખે છે તે પણ ફુઝૂલખર્ચી અને ગુનોહ છે. સ્પષ્ટતા એ જ કે સફર મહિનાના છેલ્લા બુધવારની ઈસ્લામમાં કોઈ વિશિષ્ટતા જ નથી.

*—(ફતાવાએ રઝવિય્યહ, જિલ્દ : ૧૦, પેજ : ૧૧૭)*

## સલ્અમ, સ.અ.વ., અલ., રદી. વગેરે લખવું

હુઝૂર સૈયદે આલમ صلی اللہ علیہ وسلمના મુબારક નામ ''મુહમ્મદ'' صلی اللہ علیہ وسلمની સાથે દુરૂદ શરીફ લખવાની જગ્યાએ ફક્ત 'સ.અ.વ.' લખવું અથવા ''અલયહિસ્સલામ''ની જગ્યાએ ફક્ત 'અલ.' લખવું સખત મહેરૂમી અને ઉચ્ચકક્ષાની કમનસીબી છે. ઈમામ જલાલુદ્દીન સિયૂતિ رحمۃ اللہ علیہ એ ફર્માવ્યું કે, **''જેણે સૌ પ્રથમ દુરૂદ શરીફને આ પ્રમાણે ટૂંકાવીને લખ્યું તેનો હાથ કાપવામાં આવ્યો.''** ઈમામ તહતાવીએ દુર્રે મુખ્તારના હાશિયામાં તેને (આ પ્રમાણે ટૂંકમાં લખવાને) કુફ્ર સુધી ફર્માવ્યું અને હકીકતમાં જો જાણીબુઝીને શાન ઘટાડવાનો ઈરાદો હોય, તો કુફ્ર છે. એ જ પ્રમાણે સહાબાએ કિરામ અને બુઝુર્ગાને દીનના નામોની સાથે

"રદીયલ્લાહુ અન્હુ"ને બદલે ફક્ત "રદી." લખવું પણ મના છે અને ખૈરો બરકતથી દૂરી છે. *(ફતાવાએ રઝવિય્યહ, જિલ્દ : ૪, પેજ : ૫૪, બહારે શરીઅત, ભાગ–૩, પેજ : ૮૭)*

## ઔલાદને આક (હક્કોથી અલગ) કરવાનો મસ્અલો

કેટલાક લોકો પોતાની ઔલાદ વિશે આ પ્રમાણે કહે છે કે મેં તને (નાફર્માન ઔલાદને) આક કરી દીધું (હક્કોથી વંચિત કરી દીધો) અને તેનો અર્થ આ પ્રમાણે લેવામાં આવે છે કે હવે આ હક્કોથી દૂર કરવામાં આવેલી ઔલાદને તેના બાપના મૃત્યુ પછી તેના વારસામાંથી હક્ક (હિસ્સો) આપવામાં આવશે નહીં. જો કે **આ એક અર્થહિન વિચાર છે અને આક (હક્કોથી દૂર કરી દેવું) કરી દેવું એ શરઅન કોઈ વસ્તુ નથી અને ન તો તેના બાપના આ શબ્દ બોલવાને કારણે તેની ઔલાદને તેની મિલ્કતમાંથી બાકાત રાખવામાં આવશે,** પરંતુ **શરીઅતના નિયમ મુજબ જ તેના બાપના મૃત્યુ પછી તેની મિલ્કતમાંથી તે શરઈ હિસ્સાનો હક્કદાર છે.**

મા બાપની નાફર્માની અને તેમને તકલીફ આપવી એ શરીઅતની રૂએ મોટો ગુનોહ છે અને જેના મા બાપ તેનાથી નારાજ હોય તે બંને દુનિયા (દુનિયા અને આખેરત)માં અલ્લાહ તબારક વ તઆલાના ગઝબ અને અઝાબનો હક્કદાર છે અને સખત મેહરૂમ છે. સૈયદી આ'લા હઝરત رحمۃ اللہ علیہ ઈર્શાદ ફર્માવે છે : "આક કરી દેવું એ શરીઅતની દષ્ટિએ કોઈ ચીજ નથી, ન એનાથી વારસાઈ દૂર થાય છે." *(ફતાવાએ રઝવિય્યહ, જિલ્દ : ૫, પેજ : ૪૧૨)*

## સાળી અને ભાભી સાથે મજાક કરવી

કેટલાક લોકો સાળી અને ભાભી સાથે મજાક કરે છે અને તેને પોતાનો હક્ક સમજે છે અને તેમને આ પ્રમાણેની વાતોથી રોકવામાં અને ટોકવામાં આવે, તો કહે છે કે અમારો સંબંધ જ એવો છે. જો કે ઈસ્લામમાં આ મજાક હરામ બલ્કે સખ્ત હરામ અને જહન્નમનો સામાન છે. સ્ત્રીઓ અને પુરૂષોની વચ્ચે ખાનગી વ્યવહાર સંબંધિત ખરાબ અને નિરર્થક વાતો

જે વાતો ખુલ્લા શબ્દોમાં કહેવામાં આવે કે ઈશારાબાજીની ભાષામાં કહેવામાં આવે બધી જ મજાક છે અને હરામ છે. હદીષ શરીફમાં જેઠ, દિયર અને બનેવીથી પડદો કરવાની સખ્ત તાકીદ કરવામાં આવી છે. અને જે પ્રમાણે પુરૂષોને માટે સાળી અને ભાભીથી મજાક કરવું હરામ છે એ જ પ્રમાણે સ્ત્રીઓ માટે પણ દિયર અને બંનેની સાથે મજાક કરવું હરામ છે.

## ગર્ભ રોકવાવાળી દવાઓ અને લૂપ કોન્ડોમ વગેરેનો ઉપયોગ

ઈસ્લામમાં નસબંદી હરામ છે. નસબંદીનો અર્થ કોઈ કાર્ય એટલે કે ઓપરેશન વગેરે મારફત પુરૂષ અથવા સ્ત્રીમાં ''પૈદાઈશી કુવ્વત'' (પ્રજનન શક્તિ) એટલે કે બાળકને પેદા કરવાની શક્તિ હમેશાંને માટે બરબાદ કરી દેવી. જેમ કે હદીષ શરીફમાં છે કે જ્યારે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہએ હુઝૂરે અકરમ ﷺથી વ્યભિચારના ડરથી ખસ્સી કરાવવાની પરવાનગી માગી તો હુઝૂર ﷺએ તેમના આ પ્રશ્નથી આપ ﷺએ મોઢું ફેરવી લીધું અને નારાજગી દર્શાવી. પરંતુ ગર્ભ રોકવાની નિય્યતથી કામચલાવ રસ્તાઓ અને સાધનો અપનાવવા દા.ત. દવાઓ, લૂપ, નિરોધ વગેરે કોઈનો જરૂરત પ્રમાણે ઉપયોગ કરવો ''મુત્લક઼ન હરામ'' નથી. હક઼ીક઼તમાં મઝહબે ઈસ્લામ ઘણી જ હિકમતોવાળો મઝહબ અને કુદરતી ક઼ાનૂન (ક઼ાનૂને ફિતરત)વાળો છે જે ''નસબંદી''ને હરામ ફર્માવે છે. કેમ કે તેમાં ઈન્સાનની બાળકો પેદા કરવાની કુદરતી વિશિષ્ટતા અને શક્તિ (પ્રજનન શક્તિ)ને ખત્મ કરી દેવામાં આવે છે. ક્યારેક એવું પણ થઈ શકે છે કે મા બાપ નસબંદી કરાવી બેસે અને તેમને જે બાળકો હતાં તે મૃત્યુ પામે, એમ પણ થઈ શકે છે તો બધા દિવસો માટે ઔલાદથી વંચિત થઈ જવાય છે. ક્યારેક એવું પણ થાય છે કે પત્નીએ નસબંદી કરાવી લીધી અને તેના પતિનું મરણ થઈ ગયું અથવા તલાક઼ થઈ ગઈ. હવે આ સ્ત્રીએ બીજી શાદી કરી અને બીજો પતિ પોતાની ઔલાદનો ખ્વાહિશમંદ હોય (ઈચ્છા રાખતો હોય). આ પણ થઈ શકે છે કે પુરૂષે નસબંદી કરાવી

લીધી પછી તેની પત્ની મૃત્યુ પામી અથવા તલાક઼ આપી દીધી અને તે બીજી શાદી કરે છે અને બીજી પત્ની ઔલાદની ઈચ્છા કરતી હોય.

સ્પષ્ટતા એ જ છે કે બચ્ચાં પેદા કરવાની શક્તિને જડમૂળથી જ નષ્ટ કરી દેવી એ વાત કોઈપણ પ્રકારે સમજમાં આવતી નથી અને ઈસ્લામનો ક઼ાનૂન ઘણી જ હિકમતોનો ખજાનો છે. જો કે કામચલાવ ધોરણે ગર્ભને રોકવાના રસ્તાઓ અને સાધનોને ઈસ્લામ "મુત્લક઼ન હરામ" (તદન હરામ) નથી ફર્માવતો. તેમાં પણ ઘણી જ હિકમત સમાયેલી છે. કેમ કે ક્યારેક એવું પણ જાઈ જાય છે કે પત્નીની તબિયત એટલી ખરાબ છે કે તે પ્રસુતિ (સુવાવડ) માટે શક્તિમાન નથી બલ્કે ક્યારેક અમુક સ્ત્રીઓનાં બાળકો ફક્ત ઓપરેશનથી જ જન્મે છે અને બે ત્રણ બાળકોનાં જન્મ પછી ડોકટરો એ સલાહ આપે છે કે હવે પછીના ઓપરેશનમાં ઘણો જ ખતરો (જાનનું જોખમ) છે તો કામચલાવ ધોરણે ગર્ભનિરોધક સાધનોનો ઉપયોગ ગુનોહ નથી.

હદીષ શરીફમાં છે : હઝરત જાબીર رضی اللہ عنہ ફર્માવે છે કે અમે લોકો "નુઝૂલે કુર્આન" કુર્આનનું ઉતરાણ)ના સમયે "અઝલ" કરતા હતા એટલે વિર્ય છૂટવાના સમયે સ્ત્રીથી અલગ થઈ જતા હતા. આ હદીષ બુખારી શરીફ અને મુસ્લિમ શરીફ બંનેવમાં છે. મુસ્લિમ શરીફમાં આટલું વધારે છે, "આ વાતની જાણ હુઝૂર નબીએ કરીમ ﷺ સુધી પહોંચી તો આપ ﷺએ મનાઈ ન ફર્માવી."

"અઝલ"ને સંબંધિત બીજી પણ હદીષો છે, જેનાથી તેની ઈજાઝત જણાઈ આવે છે. જેની સ્પષ્ટતા અને ખુલાસામાં ઉલમાનો ફત્વો છે કે પત્નીની મંજૂર વગર એટલે કે તેની મરજીની વિરુદ્ધ એવું ન કરે, કેમ કે તેમાં તેની "હક઼ તલ્ફી" (હક઼ મારવો) થાય છે.

હઝરત મૌલાના મુફતી જલાલુદીન અહમદ અમજદી رحمۃ اللہ علیہ ફર્માવે છે : "કોઈ જાઈઝ મક઼સદને નજર સમક્ષ રાખીને કામચલાવ ધોરણે ગર્ભ ધારણને રોકવા માટે કોઈ દવા અથવા રબ્બરની થેલી (નિરોધ)નો ઉપયોગ કરવો જાઈઝ છે, પરંતુ એવું કાર્ય (શસ્ત્રક્રિયા, ઓપરેશન)

જેનાથી કાયમને માટે ગર્ભધારણ કરવાની શક્તિને બરબાદ કરી દેવી એ કોઈ પણ રીતે જાઈઝ નથી." *(ફતાવા ફયઝુર્રસૂલ, ભાગ : ૨, પેજ : ૫૮૦)* આનાથી એ પણ સ્પષ્ટ થઈ જાય છે કે વિના કારણે, એમને એમ આ પ્રમાણે કરવું પણ જાઈઝ નથી.

## નવા વરસ (બેસતા વરસ)ની મુબારકબાદીઓ !

મુસલમાનોમાં અંગ્રેજી વરસનો પહેલો દિવસ એટલે કે ૧લી જાન્યુઆરીએ ખુશી મનાવવું, મીઠાઈઓ વહેંચવી, મુબારકબાદીઓ આપવી અને મોકલવી વગેરેનો રિવાજ સામાન્ય થઈ ગયેલ છે અને જાત જાતના ફુઝૂલ ખર્ચાઓ કરવામાં આવે છે.

જો કે પહેલી જાન્યુઆરી હોય કે પહેલી એપ્રિલ (એપ્રિલ ફૂલ) કે ૨૫ ડિસેમ્બર મોટો દિવસ હોય કે ગુડ ફ્રાઈડે આ બધાને ઈસ્લામ અને મુસલમાનોથી કોઈ સંબંધ નથી, બલ્કે તેને મહત્વ આપવું અથવા તહેવાર સમજવું એ "ઈસાઈયત" છે અને કાફિરો તેમજ બિન મુસ્લિમોનો રિવાજ છે. મુસલમાનોએ જોઈએ કે તેઓ ઈસ્લામી તહેવારો મનાવે અને ઈસ્લામી દિવસોને મહત્વ આપે, ઈસાઈયત ન આપનાવે. ક્યાંક એવું ન થાય કે તમારો હશ્ર ઈસાઈઓની સાથે ન થાય !

હદીષ શરીફમાં છે કે અલ્લાહના રસૂલ સૈયદે આલમ હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺ ફર્માવે છે : "જે વ્યક્તિ જે કૌમની રીતભાત અપનાવે, તે તેમના (તે કૌમ)માંથી છે."

આજકાલ મુસલમાનોમાં બાળકોનો જન્મદિવસ ઉજવવાનો રિવાજ પણ વધી ગયો છે અને તેમાં જરૂરત વગરનાં ખર્ચાઓ પણ કરવામાં આવે છે, કેક કાપવામાં આવે છે. ઈસ્લામી દષ્ટિ મુજબ આ બધું પણ સારું લાગતુ નથી. આમાં અંગ્રેજી સંસ્કૃતિ અને ઈસાઈયતની ગંધ આવે છે.

## બિન જરૂરી અજ્ઞાનતાભર્યા સવાલો

આજકાલ સામાન્યત લોકોમાં બિન જરૂરી પ્રશ્નો પૂછવાનો રિવાજ પણ ફેલાઈ ચૂક્યો છે, અને એ પણ અમલ અને ઈસ્લાહ (ભૂલ

સુધારણા)ની નિય્યતથી નહીં પરંતુ આલિમોને હેરાન કરવા માટે અથવા કોઈ ખરાબ હેતુથી ઝઘડા ફસાદ કરવા માટે પૂછવામાં આવે છે.

એક વ્યક્તિને મેં જોયું કે તે વ્યક્તિ માલદાર હોવા છતાં પણ કુર્બાની કરતો ન હતો અને મૌલાના સાહબને પૂછી રહ્યો હતો કે હઝરત ઈસ્માઈલ عليه السلامની જગ્યાએ ઝુબહ કરવા માટે જે ઘેટો લાવવામાં આવ્યો હતો તે નર હતો કે માદા ? અને તેનું ગોશ્ત કોણે ખાધુ હતું ? વળી ત્યાં જ તેના જેવી જ બીજી વ્યક્તિએ પ્રશ્ન કર્યો કે તે ઘેટો આખો હતો કે ખસ્સી કરેલો હતો ?! એક વ્યક્તિને નમાઝ પઢતાં આવડતું ન હતું અને વુઝૂ પણ સારી રીતે કરવાનું જાણતો ન હતો પરંતુ તેને જે મૌલાના સાહેબો મળતાં તેને આ પ્રશ્ન જરૂર પૂછતો કે મૂસા عليه السلامની માતાનું નામ શું હતું ? અને હઝરત ખદીજા رضى الله عنهاના નિકાહ કોણે પઢાવ્યા હતા ?!

ટૂંકમાં આ પ્રકારના બિન જરૂરી પ્રશ્નો પૂછવાનો રિવાજ થઈ ગયો છે. આમ લોકોને તો જોઈએ કે તેઓ ઐતિહાસિક વાતોમાં ન પડતાં નમાઝ, રોઝા વગેરે શરઈ મસાઈલ શિખે અને ઈસ્લામી અક઼ીદાઓ જાણે, આજ બાબતો અસ્લ ઈલ્મ (સાચુ જ્ઞાન) છે. અને જે વાત કુર્આન હદીષ અને ફિક઼્હથી સમજમાં આવી જાય તો તેની વધુ પૂછપૂરછ અને બારીકાઈમાં ન પડે, ન તો વધારે પ્રમાણમાં ખોટી ચર્ચા કરે. જો સમજમાં ન આવે તો પોતાની સમજનો વાંક સમજે ન કે મઆઝલ્લાહ ! કુર્આન વ હદીષનો અથવા ફુક઼હા (ફક઼ીહો) અને મુજતહીદીન (ઈમામો)નો.

અને જરૂરત વગર વધારે પડતા પ્રશ્નો કરવાની આદત સારી નથી. વર્તમાન યુગમાં અમલ કરવાનો રિવાજ ઘણો જ ઓછો છે અને પૂછવાનો વધુ છે, અને આંધળા થઈને બારીક રસ્તાઓ ઉપર ચાલવામાં ઘણો જ ખતરો છે.

## પોતાના તરફથી ન કરતાં, બીજાઓને નામે કુર્બાની કરવી

કેટલાક લોકો જેની ઉપર માલદાર સાહબે નિસાબ (નિસાબના માલિક) હોવાને સંબંધે કુર્બાની કરવું વાજિબ હોય છે તેઓ કુર્બાની કરતી

વખતે પોતાનું નામ લેવાને બદલે પોતાના મા બાપ અથવા બુઝુર્ગાને દીનનું નામ લઈને તેઓની તરફથી કુર્બાની કરે છે, જો કે ગલત છે. જેના ઉપર જે વરસે કુર્બાની વાજિબ છે તેઓ તેના નામથી કુર્બાની કરે. જો દર વરસે વાજિબ છે તો દર વરસે પોતાના નામથી જ કુર્બાની કરે. ત્યારબાદ જો હૈસિયત હોય તો મોટા જાનવરમાં હિસ્સો રાખીને અથવા બીજા જાનવરની બુઝુર્ગાને દીન رِضْوَانُ اللهِ تَعَالٰی عَلَيْهِمْ اَجْمَعِيْن થી અથવા પોતાના જીવતા અથવા મૃત્યુ પામેલા મા બાપ તરફથી કુર્બાની કરે. હુઝૂર ﷺ ના નામથી કુર્બાની કરવામાં ઘણી જ ફઝીલત છે, પરંતુ જ્યારે પોતાના ઉપર કુર્બાની વાજિબ છે તો આ ફઝીલતો તેના માટે જ છે જે પહેલાં પોતાની તરફથી કુર્બાની કરે, નહીંતર તેના ઉપર કુર્બાની ન કરવાનો ગુનાહ થશે.

## કવ્વાલીનો શરઈ હુકમ

પ્યારા ઈસ્લામી ભાઈઓ ! આજકાલ બુઝુર્ગાને દીનના મઝારાત પર તેમના ઉર્સના નામે ઘણી જ ધીંગા મસ્તીઓ થઈ રહી છે અને પોતાની રંગ રેલીઓ મનાવવા માટે વાજાં, તમાશા અને સ્ત્રીઓની છેડછાડની મજા માણવા માટે અલ્લાહવાળાઓના મઝારાતનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આવા લોકોને ન તો ખુદાનો ખૌફ છે અને ન તો મૌતની ફિક્ર છે અને ન તો જહન્નમનો ડર છે. જો આવા લોકો મોજ મસ્તીઓ, ઢોલ, નગારાઓ, વાજાંઓ, વાજિંત્રોની સાથે કવ્વાલીઓ વગેરે મઝારાતથી દૂર કરતા હોત અને ઉર્સનું નામ લઈને ન કરતા હોત તો ઓછામાં ઓછું ઈસ્લામ અને ઈસ્લામવાળા બુઝુર્ગો બદ્નામ ન થાત, પરંતુ આ જ લોકો ગુનેહગાર થાત.

આજે કાફિરો અને મુશ્રિકો આ પ્રમાણે કહેવા લાગ્યા છે કે, ઈસ્લામ મઝહબ પણ બીજા મઝહબોની જેમ નાચ ગાન, તમાશા, બેપર્દા સ્ત્રીઓને સ્ટેજ પર લાવીને બેશર્મીનો દેખાડો કરવાવાળો મઝહબ છે ! જેથી કાફિર લોકોની ઈસ્લામ કૂબૂલ કરવાની જે ઝડપ હતી તેમાં ઘણી જ કમી આવી ગઈ છે.

ઈસ્લામ ધર્મમાં ઢોલ, વાજાં અને વાજિંત્રો હમેશાં માટે હરામ રહ્યાં

છે. બુખારી શરીફની હદીષ છે, (અર્થાત) : ''જરૂર મારી ઉમ્મતમાં એવા લોકો થનાર છે, જેઓ વ્યભિચાર, રેશમી કપડાં, શરાબ અને ઢોલ–વાજાંઓને હલાલ ઠેરવશે.'' *(સહીહ બુખારી, ભાગ : ૨, કિતાબુલ અશ્રુબા, પેજ : ૮૩૭)*

એક બીજી હદીષમાં હુઝૂર નબીએ કરીમ ﷺએ કયામતની નિશાનીઓનું વર્ણન કરતાં ફર્માવ્યું, (અર્થાત) : ''કયામતની નજીક નાચવા, ગાવાવાળીઓ અને વાજાં, વાજિંત્રો વધી જશે. *(તિર્મિઝી શરીફ, મિશ્કાત શરીફ, બાબે ઈશ્રાતુસ્સાઅ્, પેજ : ૪૭૦)*

ફતાવાએ આલમગીરીમાં છે, (અર્થાત) : ''સમાઅ્, કવ્વાલી, (વજ્દને નામે થતો) નાચ જે આજકાલના કહેવાતા સૂફીઓમાં પ્રચલિત છે એ હરામ છે. તેમાં હાજરી આપવી જાઈઝ નથી.'' *(ફતાવાએ આલમગીરી, કિતાબુલ કરાહિયા, પેજ : ૩૫૨)*

આ'લા હઝરત મૌલાના શાહ અહમદ રઝા ખાં رحمۃ اللہ علیہનો ફત્વો અરબો અજમમાં માનવામાં આવે છે. તેમણે વાજિંત્રોની સાથે કવ્વાલીને તેમની કિતાબોમાં ઘણી જ જગ્યાએ હરામ લખેલ છે. કેટલાક લોકો કહે છે, ''વાજિંત્રો સાથે કવ્વાલી ચિશ્તિયા સિલસિલામાં પ્રચલિત અને જાઈઝ છે'' ચિશ્તી બુઝુર્ગો પર આ લોકોનો આ સરાસર આ આક્ષેપ છે. બલ્કે તે બુઝુર્ગોએ પણ વાજિંત્રોની સાથે કવ્વાલી સાંભળવાને હરામ ફર્માવેલ છે. સૈયદના મહબૂબે ઈલાહી હઝરત નિઝામુદ્દીન અવલિયા દહેલ્વી رحمۃ اللہ علیہએ તેમના ખાસ ખલીફા સૈયદના ફખરૂદ્દીન ઝરદારીથી ''સમાઅ્''ના મસ્અલા વિશે એક રિસાલો (પુસ્તિકા) લખાવ્યો, જેનું નામ ''કશ્ફુલ કનાઅ અન ઉસૂલિસ્ સમાઅ'' છે તેમાં સાફ લખેલ છે :–

(અર્થાત) : ''અમારા બુઝુર્ગોનો સમાઅ આ વાજિંત્રોના આક્ષેપથી મુક્ત છે. (તેમના સમાઅ તો આ છે) માત્ર કવ્વાલીનો અવાજ તે શાયરીઓની સાથે હોય, જે અલ્લાહ તઆલાની કારીગરીની ખૂબીઓ દર્શાવતા હોય.''

કુત્બલ અકતાબ સૈયદના ફરીદુદ્દીન ગંજ શકર رحمۃ اللہ علیہના મુરીદ અને સૈયદના મહબૂબે ઈલાહી હઝરત નિઝામુદ્દીન દહેલ્વી رحمۃ اللہ علیہના ખલીફા

સૈયદના મુહમ્મદ બિન મુબારક અલ્વી કિર્માની رحمۃ اللہ علیہ તેમની મશ્હૂર કિતાબ "સૈયરુલ અવલિયા"માં લખે છે કે હઝરત સુલ્તાનુલ મશાઈખ قدس سرہએ ફર્માવ્યું :–

(અર્થાત) : મહબૂબે ઈલાહી ખ્વાજા નિઝામુદ્દીન દહેલ્વી رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, કેટલીક શરતોની સાથે સમાઅ્ હલાલ છે :–

૦૧. સંભળાવવાવાળા મર્દે કામિલ હોય, નાનો છોકરો કે સ્ત્રી ન હોય.

૦૨. સાંભળવાવાળા ખુદાની યાદથી ગાફેલ (દૂર) ન હોય.

૦૩. જે કલામ (અશ્આર) પઢવામાં આવે તે ગંદો, બેશરમીવાળો અને મઝાકીયા અંદાજમાં ન હોય.

૦૪. સમાઅના સાધનો, સારંગી, વાજિંત્રો અને રૂબાબથી પાક (મુક્ત) હોય. *(સયરુલ અવલિયા, ભાગ : ૯, દર સમાઅ વ વજ્દ વ રક્સ, પેજ : ૫૦૧)*

આ સિવાય "સયરુલ અવલિયા" શરીફમાં એક બીજી જગ્યા પર છે કે એક શખ્સે હઝરત મહબૂબે ઈલાહી ખ્વાજા નિઝામુદ્દીન અવલિયા رحمۃ اللہ علیہથી પૂછયું, આ દિવસોમાં (ઉર્સના દિવસોમાં) કેટલાક આસ્તાનાવાળા દુરવેશોએ એવી સભામાં જ્યાં ચંગ (સિતાર જેવું વાજિંત્ર) અને રૂબાબ (સારંગી જેવું વાજિંત્ર) તથા બીજા વાજિંત્રો હતાં, ત્યાં રક્સ (નાચ) કર્યો. તો હઝરતે ફર્માવ્યું કે, "તેઓએ સારું કામ ન કર્યું, જે વસ્તુ શરીઅતમાં નાજાઈઝ છે તે નાપસંદીદા છે, તે પસંદ કરવાને લાયક નથી." તેના પછી કોઈએ જણાવ્યું કે જ્યારે આ જમાઅતના લોકો બહાર આવ્યા તો લોકોએ તેમને પૂછયું કે તમોએ આ શું કર્યુ ?! ત્યાં તો વાજિંત્રો હતાં ! છતાં તમોએ સમાઅ્ કેમ સાંભળ્યું અને રક્સ (નાચ) કર્યો ?! તેમણે જવાબ આપ્યો કે અમે લોકો સમાઅમાં એટલા બધા તલ્લીન થઈ ગયા હતા કે અમને એ ખબર જ ન પડી કે અહીંયાં વાજિંત્રો છે કે નહીં ?! હઝરત શૈખુલ મશાઈખએ ફર્માવ્યું, **"આ કોઈ જવાબ નથી. આ પ્રમાણે તો દરેક ગુનેહગાર, હરામ કરનાર કહી શકે છે."** *(સયરુલ અવલિયા, ભાગ : ૯, પેજ : ૫૩૦)*

સ્પષ્ટતા એ જ કે માણસ ઝિના (વ્યભિચાર) કરશે અને કહી દેશે કે

હું બેહોશ હતો, મને ખબર નથી કે મારી પત્ની છે કે અન્ય સ્ત્રી, શરાબી કહેશે કે મને ભાન ન રહ્યું કે શરાબ પીધો કે શરબત. વધુમાં એ જ હઝરત સૈયદોના મહબૂબે ઈલાહી નિઝામુલ હક્ક رحمۃ اللہ علیہના બોધવચનો ઉપર આધારિત તેમના જ મુરીદ અને ખલીફા હઝરત ખ્વાજા અમીર હસન અલાની શંજરી લિખિત કિતાબ "ફવાઈદુલ ફવાદ શરીફ"માં છે, (અર્થાત) : "હઝરત મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہની ખિદમતમાં એક વ્યક્તિ આવ્યો અને બતાવ્યું કે ફલાણી જગ્યાએ આપના મુરીદોએ મહેફિલ જમાવી છે અને તેમાં મઝામીર (વાજિંત્રો) પણ હતાં. હઝરત મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہએ આ વાતને પસંદ ન ફર્માવી, અને ફર્માવ્યું કે મેં મના કરી છે કે મઝામીર (વાજિંત્રો) વગેરે હરામ વસ્તુઓ ત્યાં હોવી જોઈએ નહીં. તે લોકોએ જે કાંઈ કર્યું છે તે સારું કર્યું નથી, અને આના વિશે વારંવાર કહેતા રહ્યા. ત્યારબાદ હઝરતે ફર્માવ્યું, "જો કોઈ (વ્યક્તિ) કોઈ જગ્યાએથી પડે તો શરઅ (શરીઅત)માં પડશે અને જો કોઈ શરઅથી પડશે તો ક્યાં પડશે ?!" *(ફવાઈદુલ ફવાદ, ભાગ : ૩, મજલિસ : પાંચમી, પ્રકાશન : ઉર્દૂ એકેડમી દિલ્હી, પેજ : ૫૧૨, ભાષાંતર : હઝરત ખ્વાજા હસન નિઝામી)*

મુસલમાનો ! જરા વિચારો ! આ હઝરત ખ્વાજા નિઝામુદ્દીન દહેલ્વી رحمۃ اللہ علیہનો ફત્વો છે જે તમે ઉપર વાંચ્યું. આ અકવાલ (કથનો)ના હોવા છતાં શું કોઈ એવું કહી શકે છે કે ખાનદાને ચિશ્તિયામાં વાજિંત્રોની સાથે કવ્વાલી જાઈઝ છે ?! હા, આ પ્રકારની વાત એવા લોકો કહેશે કે જે ન ચિશ્તી છે, ન કાદરી છે, તેમને તો મોજશોખ અને લિજ્જતો જોઈએ.

**અને હવે જ્યારે બધા કવ્વાલ બેનમાઝી અને ફાસિક અને ફાજિર છે, બલ્કે ત્યાં સુધી કે અમુક તો શરાબી હોવાનું સાંભળ વામાં આવ્યું છે. ત્યાં સુધી કે સ્ત્રીઓ અને કિશોર વયના યુવાનો પણ ચાલી નીકળ્યા (કવ્વાલી ગાવા માટે) છે. એવા માહોલમાં આ કવ્વાલીઓને ફક્ત તે જ  જાઈઝ કહેશે જેને ઈસ્લામ અને કુર્આન, મઝહબ અને ઈમાનથી કોઈ મહોબ્બત ન હોય અને હરામકારી, બેશરમી, બદ્કારી તેના લોહીમાં ભળી ગયેલ હોય. અને કુર્આન અને હદીષના હુકમોની તેને કોઈ**

**પરવા ન હોય. શું આનું જ નામ ''ઈસ્લામ પસંદગી'' છે કે મુસલમાન સ્ત્રીઓને લાખોની ભીડમાં લાવીને તેનાં નાચગાન કરાવવામાં આવે અને પછી આવા તમાશાઓનું નામ, ''ઉર્સે બુઝુર્ગાને દીન'' રાખવામાં આવે ?! કાફિરોની સામે મુસલમાનો અને ઈસ્લામ ધર્મને ઝલીલ અને બદ્નામ કરવામાં આવે ?!**

કેટલાક લોકો કહે છે કે કવ્વાલી એહલ (લાયક) માટે જાઈઝ અને નાએહલ (લાયક ન હોય)ને માટે નાજાઈઝ છે. એવા લોકોને અમે પૂછીએ છીએ કે આજકાલ જે કવ્વાલીઓની મહેફિલોમાં જે લાખોની ભીડ ભેગી થાય છે, શું તે બધા એહલુલ્લાહ અને અસ્હાબે ઈસ્તિગરાક છે ? જેમને દુનિયા અને સામાને દુનિયાનો જરા પણ હોશ નથી ?! જેઓને ખુદાની યાદ અને ખુદાના ઝિક્રથી એક ઘડીની પણ ફુરસદ નથી ?! (એવા છે ?)

ઘસઘસાટવાળી ઊંઘ અને ટોળાં ટપ્પાઓ મારવામાં રચ્યા પચ્યા રહીને નમાઝોને ગુમાવવાવાળાઓ, રાત દિવસ નગ્ન ફિલ્મો, ગંદા ગીતોમાં વ્યસ્ત રહેવાવાળાઓ, મા બાપની નાફર્માની કરવાવાળાઓ અને તેમને સતાવવાવાળાઓ, ચોર, ડાકૂ, ખોટા દગા આપવાવાળાઓ વગેરે જે બધા જ લોકો શું થોડીવાર માટે કવ્વાલીઓની મહેફિલમાં હાજરી આપીને અલ્લાહવાળાઓ થઈ જાય છે ?! અને ખુદાની યાદમાં ખોવાઈ જાય છે ? અથવા (તેમના) પીર સાહેબે એહલ (લાયક)ના બહાના હેઠળ પોતાની મોજ મસ્તીઓનો સામાન તૈયાર કરી રાખેલ છે કે જેથી પીરી પણ હાથમાંથી ન જાય અને દુનિયાની મોજ મસ્તીઓમાં પણ કોઈ કમી ન આવે ? યાદ રાખો ! કૃબ્રની અંધારી કોટડીમાં કોઈપણ હીલો અને બહાનાં ચાલશે નહીં ! કેટલાક લોકોને એવું કહેતાં પણ સાંભળવામાં આવ્યું છે કે, ''વાજિંત્રોની સાથે કવ્વાલી નાજાઈઝ હોય, તો દરગાહો અને ખાનકાહોમાં કેમ થાય છે ?!''

અફસોસ ! આવા લોકો જાણકારી રાખતા કે રસૂલે પાક ﷺની હદીષો અને બુઝુર્ગાને દીનના મુકાબલામાં આજકાલના ફાસિક, દાઢી મૂંડાવવાવાળાઓ, નમાઝોને જાણીબુઝીને છોડવાવાળાઓ કેટલીક

ખાનક઼ાહોના ઉદાહરણો રજૂ કરે તો તે મઝહબથી દૂરી અને ઘણી જ અજ્ઞાનતા અને નાદાની છે. જે હદીષો અમે ઉપર વર્ણવી અને બુઝુર્ગાને દીનના અક઼વાલ (કથનો) રજૂ કર્યાં તેના મુક઼ાબુલામાં ન તો કોઈનું કથન વિશ્વાસપાત્ર ગણાશે અને ન તો અમલ, આજકાલ ખાનક઼ાહોમાં કોઈ કામનું થવું એ તે કાર્યની જાઈઝ હોવાની શરઈ દલીલ નથી.

કેટલીક ખાનક઼ાહોમાં આ પ્રમાણે પણ કહેવાનું સાંભળવા મળેલ છે કે અમે કવ્વાલીઓ એટલા માટે કરાવીએ છીએ કે જેથી વધુ લોકો જમા થાય અને ઉર્સ ભારે (ધરખમ) થઈ જાય, આ પણ બિલ્કુલ નાદાની છે. જાણે કે તેમને તેમની નામનાની ચિંતા છે, આખેરતની ચિંતા નથી. તમને કોઈ જાણતા (ઓળખતા) ન હોય, તમે ગુમનામ હોવ અને હરામ કાર્યોથી બચતા હોવ, નમાઝોના પાબંદ હોવ, પત્ની બાળકો માટે હલાલ રોઝી કમાવવામાં લાગેલ હોવ અને તમારો પરવરદિગાર તમારાથી રાજી હોય. આ હજાર દરજ્જા (હજારગણુ) તેનાથી સારું છે કે તમે તમારા સમયના મશ્હૂર વ્યક્તિ હોવ, તમારા હજારો મુરીદ હોય, દરેક સમયે હજારો ચાહકોની ભીડ રહેતી હોય અથવા લાખો માણસોની વચ્ચે બોલવાવાળા (ખતીબ) અને મુક઼ર્રિર (તક઼રીર કરવાવાળા) હોવ, મોટા અલ્લામા અને મૌલાનામાં તમારી ગણતરી થતી હોય, પરંતુ હરામકારીઓમાં વ્યસ્ત, નમાઝોથી ગફલત (બેદરકારી), નામના અને મોટા રૂત્બાઓની ઈચ્છા અને દૌલતની નાજાઈઝ ઈચ્છાને કારણે મેદાને મહશ્રમાં ખુદાએ તઆલાની સમક્ષ શરમાવવું પડશે અને ક઼યામતના દિવસે રૂસ્વાઈ (બેઈજ્જત) થશે.

હે પ્યારા દીની ઈસ્લામી ભાઈઓ ! દિલોમાં એ ઈચ્છા રાખો અને એ જ ખુદાએ ક઼દીરથી દુઆ કરો કે જો અમે દુનિયાના મશ્હૂર પીર અને દિલોમાં જગ્યા બનાવનાર (હૃદય સમ્રાટ) ખતીબ બનીએ કે ન બનીએ પરંતુ આપણો ખુદા આપણાથી રાજી થઈ જાય, ઈમાન પર મૌત થાય અને જન્નત નસીબ થાય. ખુદાએ તઆલા ચાહે આપણને થોડાકમાં રાખે પરંતુ સારા અને સાચાઓમાં રાખે. ફક઼ીરી અને દુરવેશી એ ભીડ અને ટોળાઓ ભેગા કરવાનું નામ નથી ! ફક઼ીરો તો એકાંતપ્રિય હોય છે અને ભીડથી ભાગે છે, એકાંતમાં ખુદાની યાદ કરતા હોય છે.

**ઉન્કી યાદ, ઉન્કા તસવ્વુર હૈ ઉન્હીં કી બાતેં**
**કિત્ના આબાદ મેરા ગોશએ તન્હાઈ હય**

અંતમાં એક વાત પણ બતાવી દેવી જરૂરી છે કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "જો કોઈ શરીઅતની વિરુદ્ધના કામનો પાયો નાખે છે (શરૂઆત કરે છે) તો તેની ઉપર તેના પોતાનો અને તમામ કરનારાઓનો ગુનોહ થાય (લાગુ પડે) છે." આથી જે પણ વાજિંત્રોની સાથે કવ્વાલીઓ કરાવે છે અને બીજાઓને પણ તેનો મોક઼ો આપે છે. તેની ઉપર પોતાનો, કવ્વાલોનો અને લાખો તમાશામાં આવનારાઓનો ગુનોહ લાગુ પડે છે અને તેના મૃત્યુની સાથે જ તેના કામનો બદલો મળી જાય છે.

અમારા આ લખાણને વાંચીને અમારા ઈસ્લામી ભાઈઓ ખોટુ ન લગાડે, પરંતુ ઠંડા દિલથી વિચાર કરે અને પોતાની અને પોતાના ભાઈઓની સુધારણા કરવાની કોશિશ કરે.

અલ્લાહના પ્યારા મુસ્તફા ﷺના સદક઼ા અને તુફૈલમાં તૌફીક બખ્શે. (આમીન) બિજાહિ સૈયદિલ મુરસલીન. સલ્લલ્લાહુ તઆલા અલા ખૈરિ ખલ્ક઼િહી મુહમ્મદિંવ વ આલિહી વ અસ્હાબિહી અજમઈન.

## શું વૃક્ષો અને ગોખલામાં શહીદ પુરૂષો રહે છે ?

કેટલાક લોકો કહે છે કે ફલાણા વૃક્ષ ઉપર શહીદ પુરૂષ રહે છે અથવા ફલાણા ગોખલામાં શહીદ પુરૂષ રહે છે અને એવા વૃક્ષો અને ગોખલાઓ પાસે જઈને ફાતિહા દેવડાવે છે, હાર, ફૂલ અને ખુશ્બુ વગેરે નાખે છે, લોબાન, અગરબત્તી વગેરે બાળે છે અને ત્યાં મુરાદો માગે છે, આ બધી શરીઅતની વિરુદ્ધની ખોટી માન્યતાઓ છે જે ફક્ત જહાલત (અજ્ઞાનતા)ને કારણે આમ લોકોમાં ફેલાય ગયેલ છે જેને દૂર કરવું અતિ આવશ્યક છે. સાચી વાત તો એ છે કે ગોખલાઓ, મેહરાબો, વૃક્ષો વગેરેમાં ખુદાના મહબૂબોના રહેઠાણ માનીને ત્યાં હાજરી આપવી, ન્યાઝ, ફાતિહા કરવું, અગરબત્તી, મીણબત્તી સળગાવવી, હાર, ફૂલ ચઢાવવા, ખૂશ્બૂઓ લગાડવી, ચૂમવું, ચાટવું વગેરે કોઈપણ રીતે જાઈઝ નથી. આ'લા હઝરત رحمۃ اللہ علیہ આવી વાતો બાબત ફર્માવે છે : "આ બધું વાહિયાત, ખુરાફાત

(બેહૂદી વાતો) અને અજ્ઞાનતાવાળી મૂર્ખાઈ અને જૂઠાણુ છે અને તેને દૂર કરવું જરૂરી છે." *(અહકામે શરીઅત, ભાગ : ૧, પેજ : ૩ર)*

આજકાલ લોકો આવી ખોટી હરકતોથી રોકવાવાળાઓને "વહાબી" કહી દે છે. જો કે કોઈપણ મુસલમાનને વહાબી કહેવામાં ઉતાવળ કરવી જોઈએ નહીં, જ્યાં સુધી કે તેના અકીદાઓની પૂરેપૂરી તપાસ ન થઈ જાય, અને શરીઅત વિરુદ્ધનાં કાર્યો અને બિદઅતોથી રોકવું એ તો અહલે સુન્નતનું જ કામ છે. વહાબી તો એને કહે છે જે અલ્લાહ عزوجل અને તેના મહબૂબ હઝરત મુહમ્મદ મુસ્તફા صلی اللہ علیہ وسلم અને બુઝુર્ગાને દીનની શાનમાં ગુસ્તાખી અને બેઅદબી કરતો હોય અથવા જાણીબુઝીને ગુસ્તાખી કરવાવાળાઓની ચળવળ (જમાત)માં સામેલ હોય, એવા લોકોને સારા માનતો હોય. વહાબી કોને કહે છે એ બધી બાબતોને વિગતવાર અમે અમારી કિતાબ "દરમ્યાની ઉમ્મતી"માં લખી નાખેલ છે. આ કિતાબ ઉર્દૂ અને હિંદીમાં અલગ અલગ છપાઈ ચૂકી છે.

## કેટલાંક ખોટા નામોની જાણકારી

કેટલાક લોકો તેમનાં બાળકોનાં નામ અહમદનબી, મુહમ્મદનબી, રસૂલઅહમદ, નબીઅહમદ રાખી લે છે, જે ખોટું છે. તેના બદલે ગુલામમુહમ્મદ અથવા ગુલામરસૂલ અથવા ગુલામનબી રાખવું જોઈએ અથવા મુહમ્મદનબી અને અહમદનબી નામમાં નબીની આગળ "હ" વધારીને મુહમ્મદનબીય્યહ અથવા અહમદનબીય્યહ કરી લેવું જોઈએ.

ગફૂરુદ્દીન નામ રાખવું પણ ખોટુ છે. કેમ કે ગફૂરનો અર્થ મિટાવવાવાળો થાય છે આથી ગફૂરુદ્દીનનો અર્થ દીનને મિટાવનાર થયો. لاحول ولا قوة الا بالله અલ્લાહ جل جلالہ નું નામ ગફૂર એટલા માટે છે કે તે ગુનાહોને મિટાવે છે. નામ રાખવાના સંદર્ભે શું જાઈઝ છે અને શું નાજાઈઝ છે એ બધી વિગતને વિગતવાર જાણવા માટે હુઝૂર આ'લા હઝરત મૌલાના અહમદ રઝા ખાન رحمۃ اللہ علیہ લિખિત મુબારક કિતાબ "અહકામે શરીઅત"માં પેજ ૭ર થી ૯૮ સુધીનું વાંચન કરવું જોઈએ.

***નોંધ*** *: કેટલાક લોકોનાં નામ એ પ્રકારે હોય છે જેમાં અલ્લાહ તબારક વ તઆલાના ખાસ નામની સાથે "અબ્દ" લગાડવાનું હોય છે,*

*જેમ કે અબ્દુલ્લાહ, અબ્દુર્રહમાન, અબ્દુર્રઝ્ઝાક઼, અબ્દુલખાલિક઼ વગેરે તો આવા નામવાળાઓને અબ્દ લગાડયા વગર ફક્ત રહમાન, રઝ્ઝાક઼ અથવા ખાલિક઼ બિલકુલ કહેવું જોઈએ નહીં અને ઈસ્લામમાં આ ઘણી જ ખરાબ વાત છે, જેનું ધ્યાન રાખવું ખૂબ જરૂરી છે.*

## ખુદાની મખ્લૂક઼ને સતાવવી અને દુઆ તા'વીઝ કરાવવું

આજે કેટલાય લોકો એવા છે જે અન્ય લોકો ઉપર જુલ્મ અને જબરદસ્તી કરે છે અને પછી પીરો, ફકીરો પાસે દુઆ તા'વીઝ કરાવે છે અને મઝારો ઉપર મુરાદો માગતા ફરતા રહે છે અને મસ્જિદોમાં જઈને લાંબી લાંબી દુઆઓ માગતા હોય છે.

કેટલાય પતિઓ એવા છે જે પોતાની પત્નીઓ ઉપર જુલ્મ કરે છે અને તેણીઓનું ધ્યાન રાખતા નથી, તેણીઓને નોકરાણીઓ અને ગુલામોથી પણ બદ્તર જિંદગી જીવવા માટે મજબૂર કરી દે છે. ન તો તેમને તલાક઼ આપે છે અને ન તેણીઓના હક્ક઼ અદા કરે છે.

કેટલીયે પત્નીઓ એવી છે જે તેમના પતિઓનું લોહી પીવે છે અને તેમના ઘરોને જહન્નમનો નમૂનો બનાવી દે છે, સાસુઓ અને નણંદોની હાજરીથી જલે છે (ઈર્ષા કરે છે). કેટલીય સાસુઓ અને નણંદો એવી છે જે તેમના ઘરોમાં આવનાર દુલ્હનનું જીવન જહન્નમ બનાવી દે છે અને પતિ, પત્ની વચ્ચેનો પ્યાર તેઓના કલેજામાં કાંટાઓની જેમ ખટકે છે.

કેટલાય મોટા અમીરો, માલદારો, જમીનદારો અને માલેતુજાર લોકો છે જે મજૂરોનું શોષણ કરે છે, તેમના નોકરોને મારપીટ કરે છે, તેમને ધમકાવે છે, તેમની મજૂરીઓ અને પગારો રોકી લે છે. પોતે એશો આરામ કરે છે, પરંતુ તેમની પત્ની અને બાળકોની બદ્દુઆ લે છે. કેટલાયે લોકો જે જાનવરોને પાળે છે પરંતુ તેમની ભૂખ, પ્યાસ અને શરદી, ગરમીની પરવા કરતા નથી. તેઓની રહમ વગર મારપીટ કરે છે, તેમની તાક઼ત બહાર તેમની પાસેથી કામ લે છે અને તેમના ઉપર બોજો લાદે છે. ખાસ કરીને કાપવાનું કામ કરવાવાળાઓ (ઝુબહ કરનારાઓ), ઝુબ્હ કરવાની પહેલાં તેમને ભૂખ્યા, પ્યાસા રાખે છે અને તેમના ઉપર એવા એવા જુલ્મો કરે છે કે તેને જોઈ શકાતું નથી.

સ્પષ્ટ એ જ કે કોઈપણ અત્યાચારી અને બેરહમ જો પોતાના એશો આરામ અને માલદારીને માટે બીજાને સતાવે અને તેમનું લોહી ચૂસે તો ન તો તેની પોતાની દુઆ કૃબૂલ થાય છે અને ન તો તેના હક્કૃમાં બીજાની દુઆ કૃબૂલ થાય છે, પછી આ વ્યક્તિ પુરૂષ હોય કે સ્ત્રી, પતિ હોય કે પત્ની, સાસુ અને નણંદ હોય કે વહુ અને ભાભી હોય, માલદાર અને જમીનદાર હોય કે હાકિમ અને અધિકારી જો આ બધા જાલિમ, બેરહમ અને અત્યારચારી છે તો તેમને જોઈએ કે તેઓ લાંબી લાંબી દુઆઓ માગવા, પીરો, ફકીરો અને મઝારાત પર ચક્કર લગાડવા અને દુઆ, તાવીઝ કરાવતાં પહેલાં જેમને જેમને સતાવ્યું છે તેમની માફી માગી લે, જેમનો હક્કૃ દબાવ્યો છે તેઓને પરત આપી દે, અને જુલ્મ અત્યાચાર અને બેરહમીની આદત છોડી દે. પછી આવો આ લોકો મસ્જિદોમાં દુઆ માગવા, ખાનકૃાહોમાં મુરાદો માગવા અને મિયાં, મોલ્વીઓ પાસે દોરા, તા'વીઝ કરાવવા. જેણે કોઈ ગરીબ અને કમજોરને સતાવ્યું છે અને જેને કોઈ મઝલૂમની બદ્દુઆ લાગી છે તેના માટે ન તો કોઈ દુઆ છે અને ન કોઈ તા'વીઝ છે.

હદીષમાં છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ''અલ્લાહ તઆલા તેના ઉપર રહમ કરતો નથી જે લોકો ઉપર રહમ કરતો નથી.''

''મઝલૂમની બદ્દુઆથી બચો, તે અલ્લાહથી પોતાનો હક્કૃ માગે છે અને ખુદાએ તઆલા હક્કૃવાળાને તેનો હક્કૃ આપે છે.'' *(મિશ્કાત શરીફ, પેજ : ૪૩૫)*

## ભણવા ભણાવવા સંબંધી કેટલીક ગેરસમજો

આજકાલ ઘણા મુસલમાનો તેમનાં બાળકોને ઈસાઈઓ (ક્રિશ્ચનો), બુતપરસ્તો અને મુશ્રિકોની શાળાઓમાં, પાઠશાળાઓમાં ભણવા માટે મોકલી રહ્યા છે, જ્યારે કે મુસલમાનોને જોઈએ કે તેઓ હિંદી, અંગ્રેજી, ગણિત, વિજ્ઞાન વગેરેની ઉચ્ચ કેળવણી માટે પણ પોતાની શાળાઓ ખોલે જેમાં દુનિયવી શિક્ષણની સાથે સાથે જરૂરત મુજબનું દિની શિક્ષણ પણ હોય અથવા દીની ઈસ્લામી ઈસ્લામી શિક્ષણની સાથે સાથે જરૂરત મુજબનું

દુનિયવી શિક્ષણ પણ હોય અને શિક્ષણ ભલે દુનિયવી પણ હોય પરંતુ માહોલ અને સંસ્કૃતિ ઈસ્લામી હોય અને સરકારી કોર્સ મુજબની ચોપડીઓ પણ ભણાવવામાં આવે, પરંતુ તેમાં ક્યાંય પણ, કોઈપણ વાત એવી હોય જે ઈસ્લામી માન્યતાની વિરોધમાં હોય તો ભણાવવાવાળાઓ (શિક્ષકો) તેના ઉપર તાકીદ કરીને બાળકોનાં ઈમાન અને અક઼ીદાને બચાવે, કેમ કે ઈમાન બધી જ દૌલત કરતાં મોટી દૌલત છે.

પરંતુ અફસોસ ! **મુસલમાનોમાં પણ હવે દરેક પ્રકારના માણસો અસ્તિત્વ ધરાવે છે. પૈસાદાર અને ધનવાન લોકોની સંખ્યા પણ ઘણી જ છે અને જો તેઓ ધારત તો સહેલાઈથી દુનિયવી શિક્ષણ માટે પોતાની ખુદની શાળાઓ ખોલી શક્યા હોત** પરંતુ તેમના મગજ ઉપર ઈસાઈયત અને મુશ્રિકોનો નશો સવાર થઈ ગયેલ છે. યાદ રહે કે સમય હવે ઘણો નજીક આવી રહ્યો છે અને આ (પશ્ચિમી સંસ્કૃતિ)નો નશો ઘણો જ જલ્દી ઉતરી જશે. સાચી વાત તો એ છે કે, "જે ક઼ૌમના દિવસો પૂરા થઈ ચૂક્યા હોય, એ ક઼ૌમને કોઈ સમજાવી શક્તું નથી."

## આલિમ અને મોલ્વી બનાવવા સંબંધિત કેટલીક જરૂરી વાતો

કુર્આનની તફસીર, હદીષ અને ફિક઼્હના જાણકાર આલિમ અને મોલ્વીનું ઈસ્લામમાં ઘણુ મોટુ સ્થાન છે. તેમનાથી મહોબ્બત, તેમનો અદબો એહતેરામ (માન, સન્માન) ફક્ત અને ફક્ત ખુદા અને રસૂલની રઝા છે.

પરંતુ એવા આલિમ અને મોલ્વી જેમનું રોજી રોટી મેળવવાનું માધ્યમ પણ ઈલ્મે દીન હોય, ઈમામત અને પઢાવવું અને તક઼રીર એ આજીવિકાનું સાધન હોય તેમની સંખ્યા જરૂરત મુજબની હોવી જોઈએ. તેમનું વધુ પ્રમાણ અમારી (લેખક) ધારણા મુજબ મસ્લેહતથી વિરુદ્ધ છે અને એમાં ફાયદો થવાને બદલે નુકસાન થવાનો ભય પણ રહે છે.

જો કે એવા આલિમો જેમનો રોજીનો ઝરીયો ઈલ્મે દીન ન હોતાં, અન્ય કોઈ જાઈઝ દુનિયવી કામ ધંધો હોય એમની સંખ્યા વધુ પડતી

હોય, એ બેહતર છે અને ઈસ્લામની પ્રગતિનું કારણ છે.

એવા મદ્રસાઓ કે જેમાં ઓછામાં ઓછા પગારવાળા, જાહિલ મુદર્રિસીન રાખીને બાળકોને પઢાવવામાં આવે અથવા એ પ્રકારના મદ્રસાઓ જે આઝાદી અને આવારાગર્દીના અડ્ડા સમાન છે તેમાં પઢાવવાથી બાળકો ન તો દીનદાર મોલ્વી, આલિમ અને હાફિઝ બની શકે છે અને ન તો કોઈ દુનિયવી કામ શીખી શકે છે, અને તેમની જવાનીના અમૂલ્ય વરસો બર્બાદ થઈ જાય છે. આવા મદ્રસાઓની વિરુદ્ધ કડક કાર્યવાહી કરવામાં આવે અને તેમને સુધારવામાં આવે અથવા તો પછી બંધ કરી દેવામાં આવે તો આ ક઼ૌમના હક્ક઼માં ઘણુ મોટુ કાર્ય કરવું ગણાશે.

આજકાલ ઘણા એવા મદ્રસાઓ છે જ્યાં પઢાઈ કરતાં વધુ મહત્વ દસ્તારબંદીને આપવામાં આવે છે. અને તલબા (વિદ્યાર્થીઓ)માં વધારે સંખ્યા એવા તલબાની છે, જેઓનું ધ્યાન પઢાઈ કરતાં કપડાંઓ, કુર્તા અને પાયજામા ઉપર વધુ છે, પઢાઈની કિતાબો યાદ કરવા કરતાં તક઼રીરો અને નઝમોની કિતાબો યાદ કરવા પર વધુ છે. ખુદાએ તઆલા આપણને સાચા રસ્તા ઉપર ચલાવે અને આ ખામીઓને સમજીને તેની સુધારણાની તૌફીક઼ ફર્માવે.

## કુર્આને કરીમ હિફ્ઝ કરવા બાબત કેટલીક જરૂરી વાતો

અર્થ તથા અને મતલબ સમજ્યા વગર ફક્ત કુર્આને કરીમને હિફ્ઝ (યાદ) કરવું એ ઘણી જ ફઝીલત અને ઉમદા વાત છે પરંતુ માત્ર આને જ ઈલ્મ કહી શકાતું નથી.

તેથી બાળકો માત્ર સંપૂર્ણ કુર્આને કરીમ હિફ્ઝ (મોઢે યાદ) કરાવવાને બદલે તેમને (સાથે સાથે) દીની ઉલૂમ (ઈસ્લામી જાણકારી), ઈસ્લામના સહી અક઼ીદાઓ અને ફિક઼હના મસાઈલ પણ શીખવાડવામાં આવે તો એ વધુ બેહતર છે.

હઝરત સદરુશ્શરીઅહ મૌલાના અમજદ અલી رحمۃ اللہ علیہ ફર્માવે છે : ''થોડુ ઘણુ કુર્આને મજીદ યાદ કરી લીધું છે અને તેને ફરસદ છે તો અફઝલ એ છે કે ફિક઼હનું ઈલ્મ શીખે કારણ કે કુર્આને મજીદને હિફઝ કરવું એ

ફર્ઝે કિફાયા છે. અને ફિક્હની જરૂરી વાતોને જાણવું એ ફર્ઝે ઐન છે.''
*(બહારે શરીઅત, ભાગ–૧૬, પેજ–૨૩૩)*

ખુલાસો એ જ કે દરેક શહેર અને વિસ્તારમાં થોડા ઘણા હાફિઝોનું હોવું પણ જરૂરી છે કારણ કે તેમની મારફત કુર્આની નઝ્મ (ગોઠવણ)ની સલામતી છે.

પરંતુ તેની સાથે સાથે અમારો અભિપ્રાય એ પણ છે કે જે બાળકો હોશિયાર અને સારી યાદ શક્તિ ધરાવતા હોય તેમને જો નાની ઉંમરમાં હિફ્ઝ કરાવી શકાતું હોય તો કરાવી દેવામાં આવે નહીંતર ૧૫–૧૫ અને ૨૦–૨૦ વરસની ઉંમર સુધીનો સઘળો સમય હિફ્ઝ કરાવવા પાછળ ખર્ચી નાખવામાં આવે એ વધારે સારું નથી.

કેમ કે આજકાલ ખાસ કરીને ગરીબો અને મુફલિસોનાં બાળકો દીની મદ્રસાઓમાં આવે છે તેમને એ લાયક બનાવી દેવા જરૂરી છે કે તેઓ પૈસા કમાવવાનું હુન્નર શીખીને રોજી રોટી કમાઈ લેવાની હૈસિયત ધરાવે અને દીની ઈલ્મ તેમજ જરૂરત મુજબનું દુન્યવી ઈલ્મ (શિક્ષણ) મેળવ્યું હોય જેને (સામાન્ય રીતે) ભણેલો ગણેલો કહી શકાય.

## શું માછલી અને તૂવેરની દાળ પર ફાતેહા નથી થતો ?

કેટલાક આપણામાંના ભાઈઓ તેમની અજ્ઞાનતાને કારણે એવું માને છે કે માછલી અને તુવેર દાળ પર ફાતેહા પઢવું ન જાઈએ, જો કે આ તેમની ગલતફહમી (ગેર સમજ) છે. ઈસ્લામમાં જે વસ્તુને ખાવુ હલાલ જાઈઝ છે તો તેની ઉપર ફાતેહા પઢાવવામાં હરગિઝ કોઈ ખરાબી નથી બલ્કે માછલી તો ઘણી જ ઉમદા અને પસંદ કરવા લાયક ખોરાક છે.

જેવું કે હદીષ શરીફમાં આવ્યું છે કે જન્નતીઓને જન્નતમાં પહેલું ખાવામાં માછલી જ મળશે અને જે ખાવાનું જેટલુ ઉમદા અને લિજ્જતદાર હશે, ફાતેહામાં પણ તેની ફઝીલત વધુ હશે.

## સુવ્વર (ભૂંડ)નું નામ લેવાને ખરાબ જાણવું

મઝહબે ઈસ્લામમાં સુવ્વર ખાવુ હરામ છે અને તેનું ગોશ્ત, ચામડુ, હાડકું, વાળ, પસીનો (પરસેવો), થૂંક વગેરે આખુ શરીર અને તેમાંથી

નીકળવાવાળી દરેક વસ્તુ નાપાક છે અને આ અર્થમાં તેનાથી નફરત કરવું એ ઈમાનની પેહચાન (ઓળખ) અને મો'મિનની શાન છે. પરંતુ કેટલાક લોકો અજ્ઞાનતાને કારણે તેનું નામ પણ ખરાબ સમજે છે, ત્યાં સુધી કે કેટલાક તદ્દન અભણ ગામડીયા ત્યાં સુધી કે કહી આપે છે કે જેણે તેના મોઢાથી સુવ્વર (ભૂંડ)નું નામ લીધું, તેની જીભ ૪૦ દિવસ સુધી નાપાક રહે છે ! અજ્ઞાનતા એ હદે વધી ચૂકી છે કે એક વખત એક મસ્જિદમાં ઈમામ સાહેબે મસ્જિદમાં તકરીર કરતી વખતે એટલું કહી દીધું કે શરાબ પીવું એવું જ છે જેવું કે સુવ્વરનું ગોશ્ત ખાવું. તો લોકો તેમના ઉપર ખૂબ જ હોબાળો મચાવ્યો કે તેઓએ મસ્જિદમાં સુવ્વરનું નામ કેમ લીધું ? ત્યાં સુધી કે આ ગુનાહમાં બિચારા ઈમામ સાહેબને હિસાબ આપી દેવામાં આવ્યો. (ઈમામતમાંથી છૂટા કરી દેવામાં આવ્યા)

ભાઈઓ ! કોઈ ખરાબમાં ખરાબ વસ્તુનું પણ ખરાબી સાથે નામ લેવું ખરાબ નથી. હા ! જો કોઈ ખરાબ વસ્તુને સારી કહે, હરામને હલાલ કહે તો આ ચોક્કસપણે ખોટુ છે, બલ્કે ખરાબ વસ્તુની બુરાઈ પણ નામ લીધા વગર થઈ શકતી નથી. શૈતાન, ઈબ્લીસ, ફિરઔન, હામાન, અબૂ લહબ, અબૂ જહલનાં નામો પણ લેવામાં આવે છે. આ લોકો હોય કે અન્ય કોઈ ખુદા અને રસૂલના દુશ્મન હોય એ બધા જ સુવ્વરથી વધારે બદતર છે. બલ્કે ઈબ્લીસ, ફિરઔન, હામાન અને અબૂ લહબનું નામ તો કુર્આન શરીફમાં પણ છે અને દરેક કુર્આન પઢનાર તેનું નામ લે છે. ખુદાએ તઆલા અને તેના મહબૂબ ﷺના જેટલા પણ દુશ્મનો છે અને તેમની બારગાહમાં ગુસ્તાખી અને બેઅદબી કરવાવાળાઓ છે એ બધા જ સુવ્વરથી અનેકગણા ખરાબ છે. એ બધા જ જહન્નમમાં જશે, અને જાનવર કોઈ પણ હોય હલાલ કે હરામ, તેઓ હરગિઝ જહન્નમમાં જશે નહીં પરંતુ હિસાબો કિતાબ પછી તેઓને નષ્ટ કરી દેવામાં આવશે.

ખુલાસો એ જ કે સુવ્વરનું નામ લઈને તેના વિશે શરીઅતના હુકમની જાણકારી આપવી એ બિલ્કુલ ખોટુ અને ખરાબ કામ નથી, પછી તે મસ્જિદમાં હોય કે મસ્જિદની બહાર હોય, વઅઝ અને તકરીરમાં હોય કે સામાન્ય વાતચીતમાં હોય. છેવટે કુર્આનમાં પણ તેનું નામ ઘણી જ

જગ્યાએ આવેલ છે. કેમ કે અરબીમાં જેને "ખિન્ઝીર" કહે છે તેને જ ભારતીયો "સુવ્વર" કહે છે. તો જો નમાઝમાં તે જ આયતોને પઢવામાં આવે જેમાં સુવ્વરના હરામ હોવાનો ઝિક્ર છે તો તેનું નામ નમાઝમાં પણ આવશે અને મસ્જિદમાં પણ.

## શું જે લોકો ઈસ્લામી વાતો (એહકામ)ની જાણકારી ધરાવતા ન હોવાથી અમલ નથી કરતા તેઓની પકડ નહીં થાય ?

આજકાલ ઘણા લોકો એવા છે જે દીની વાતો, ઈસ્લામી અક઼ીદાઓ, પાકી, નાપાકી, નમાઝ, રોઝા અને ઝકાત વગેરેના મસાઈલ જાણતા નથી અને શીખવાની કોશિશ પણ કરતા નથી. અને ખુદા વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ કઈ વાતને હરામ ફર્માવી અને કોને હલાલ, કઈ વાતને જાઈઝ અને કોને નાજાઈઝ ફર્માવી તેઓને એની જાણકારી નથી અને ન તો ઈલ્મ શીખવાની પરવા કરે છે અને શરીઅતની વિરૂદ્ધનાં કાર્યો કરે છે, ખોટી સાચી નમાઝ પઢી લે છે, લેવડ દેવડ ખરીદ વેચાણ અને રહેણી કરણીમાં મઝહબે ઈસ્લામની વિરૂદ્ધ ચાલે છે અને તેઓને કોઈ વ્યક્તિ રોકે અથવા શરીઅતની વિરૂદ્ધ કરવા પર ટોકે તો તેઓ જવાબ આપી દે છે કે અમે જાણતા જ નથી (એહકામે શરીઅતને) એટલે "અમારી કોઈ પૂછપરછ અથવા સવાલ જવાબ નહીં થાય અને ક઼યામતના દિવસે અમને છોડી દેવામાં આવશે."

આ તે લોકોની મહાન ગેરસમજ (સખ્ત ગલતફહમી) છે. સાચી વાત તો એ છે કે આવા અજાણ ગલત કામો કરવાવાળાઓને બમણી સજા થશે. એક સજા તો ઈલ્મની જાણકારી ન મેળવવાની અને આલિમોને ન પૂછવાની અને બીજી સજા ખોટાં કાર્યો કરવાની, અને જે લોકો જાણે છે છતાં અમલ નથી કરતા તેઓને અમલ ન કરવા સબબ એક જ અઝાબ થશે, પરંતુ ઈલ્મ ન શીખવાનો ગુનાહ તેમને થશે નહીં.

આજકાલ માણસ જો કોઈ સામાન, ગાડીઓ, કપડાં, ઝવેરાત, ખાવા પીવાની વસ્તુઓ ખરીદે અને તેમાં તેને કોઈ વસ્તુ નુકસાનવાળી ખરાબ

જણાય અથવા તેમાં ધોકાબાજીની શંકા ઉપજે તો તે વસ્તુની ઓળખ પરેડ કરાવશે, લોકોનું તે બાબત મંતવ્ય જાણશે, તેના જાણકારો (કારીગરો)ને બોલાવીને બતાવશે અને ઘણી જ પૂછપરછ કરશે, પરંતુ ઈસ્લામના મામલામાં મનમાની કરતો રહેશે ! આડી અવળી નમાઝો પઢતો રહેશે, વુઝૂ, ગુસ્લ, અને નહાવા ધોવામાં ઈસ્લામી તરીક઼ાનો ખયાલ રાખશે નહીં, લેવડ દેવડ અને વ્યવહારમાં હરામને હલાલ અને હલાલને હરામ સમજ્યા કરશે, પરંતુ આલિમો અને મોલ્વીઓને પૂછશે નહીં કે હું જે કાંઈ પણ કરૂં છું તે સાચું છે કે ખોટુ ?

આવું એટલા માટે થયું કે હવે ઈન્સાનને દુનિયવી નુકસાનની તો ચિંતા છે પરંતુ આખેરતના નુકસાનની કોઈ ચિંતા નથી. જો કે તે (ઈન્સાન) મોતની પકડથી કોઈ સંજોગોમાં બચી શકવાનો નથી અને ક઼બ્ર, હશ્ર તેમજ જહન્નમના અઝાબથી ભાગી નીકળવું એ તેના વશની વાત નહીં હોય.

દુનિયવી હુકૂમતો અને સલ્તનતોનો જ દાખલો લઈએ. જો કોઈ વ્યક્તિ કોઈ હુકૂમતના (ગર્વન્મેન્ટ)ના કોઈ કાયદાનું ઉલ્લંઘન કરે અને પછી કહી દે કે હું જાણતો જ નથી, તો અધિકારીઓ અને પોલીસ તેની વાત સાંભળશે નહીં અને તેને સજા ફટકારવામાં આવશે. દા.ત. કોઈ વ્યક્તિ લાયસન્સ વગર ડ્રાઈવિંગ કરે અથવા રોડ ટેક્ષ ભર્યા વગર ગાડીઓ અને મોટરો ચલાવે અને પકડાઈ ગયા પછી ખુલાસાઓ કરે કે મને ખબર જ નથી કે ગાડી ચલાવવા માટે આ બધું કામ કરવું પડે છે, પરંતુ કોઈ પણ સંજાગોમાં તેની આ દલીલ સ્વીકારવામાં આવશે નહીં. એ જ પ્રમાણે કોઈ વ્યક્તિ વગર ટિકિટે ટ્રેનમાં મુસાફરી કરવા લાગે અથવા લોકલ ટ્રેનની ટિકિટ લઈને એક્ષપ્રેસ ટ્રેનમાં મુસાફરી કરે અથવા બીજા વર્ગની ટિકીટ લઈને ફર્સ્ટ કલાસમાં બેસી જાય, અને જ્યારે પકડાઈ જાય તો કહી આપે કે હું જાણતો જ નથી કે રેલ્વેમાં મુસાફરી કરવા માટે ટિકિટ લેવી જરૂરી છે, અથવા આ એકસપ્રેસ ટ્રેન છે તે હું ઓળખી શકતો નથી, અને આ ફર્સ્ટ કલાસ છે તે હું જાણતો નથી. તો શું ટિકિટ ચેકર તેને છોડી દેશે ? બિલ્કુલ છોડશે નહીં ?

આ જ પ્રમાણે દીનના મામલામાં જે પણ જે લોકો ગલત સલત (મન ફાવે તેમ) કરે છે તે લોકો પણ આ પ્રમાણે કહેવાથી છૂટી જવાના નથી કે ''અમે જાણતા જ ન હતા'' અને કયામતના દિવસે તેમને બેવડી સજા થશે. એક તો ઈલ્મને ન જાણવાની અને બીજી અમલ ન કરવાની.

આ બધા ઈલ્મની સવિસ્તર અને હકીકતપૂર્ણ જાણકારી મેળવવા માટે આ'લા હઝરતનાં ફર્માનો ''અલ મલ્ફૂઝ'', ભાગ–૧, પેજ–૨૭ ઉપર જુઓ.

## ઘરવાળાઓને તંગી અને તકલીફમાં છોડીને નફલ ઈબાદત કરવી

કેટલાક લોકોને જોવામાં આવ્યા છે કે તેઓ ઈબાદત અને રિયાઝતમાં લાગેલા રહે છે. ઈશરાક (તુલૂઅ આફતાબથી ૨૦ મિનિટ પછી) ચાશ્ત (સવારના ૧૦ વાગ્યાની આસપાસ), અવ્વાબીન (મગરિબની નમાઝ પછી) અને તહજ્જુદ (રાત્રે ઈશા અને ફજર વચ્ચે)ની નમાઝોને અદા કરે છે, તસ્બીહ અને વઝીફાઓ પઢે છે, અને તેમનાં બીવી બચ્ચાંઓ અથવા વૃદ્ધા અને ગરીબ મા બાપ રોટીના ટુકડાઓના મોહતાજ અને બીજાઓ પાસે માગતાં જોવા મળે છે. આવા લોકોની આ ભૂલ છે અને તેઓ જાણતા નથી કે ખુદાના બંદાઓમાંથી જે હક્કદારો છે તેઓના હક અદા કરવા એ પણ ખુદાએ તઆલાની ઈબાદત અને તેની ખુશી પ્રાપ્ત કરવાનો ઝરીયો છે. નફલ ઈબાદતની મશ્ગૂલિયતથી જો બીવી બચ્ચાંઓ અને ગરીબ મા બાપના ખર્ચાઓ માટે મુશ્કેલી થતી હોય તો પહેલાં બીવી બચ્ચાંઓનું ભરણ પોષણ કરે અને પછી સમય વધે તો નવાફિલ ઈબાદત કરે. જો કે પાંચેય સમયની ફર્ઝ નમાઝ કોઈ હાલતમાં માફ નથી અને તેને અદા કરવું દરેક હાલતમાં અને દરેક ઉપર ખૂબ જ લાઝિમ અને જરૂરી છે. (અવશ્ય અને અનિવાર્ય છે) ચાહે તે કેવી રીતે પણ (અદા) કરે અને કાંઈ પણ કરે.

અને આજકાલના આ સમયમાં જો કોઈ વ્યક્તિ ફક્ત ફર્ઝ નમાઝોને પાબંદીની સાથે બાજમાઅત અદા કરતો હોય, રમઝાન શરીફના રોઝા

રાખતો હોય, જો ઝકાત ફર્ઝ હોય તો ઝકાત કાઢતો હોય, હજ ફર્ઝ હોય તો જિંદગીમાં ફક્ત એક વખત હજ કરી ચૂક્યો હોય અને હરામ કાર્યો જેવાં કે શરાબ, જૂગાર, ચોરી, ઝિનાકારી, વ્યાજખોરી, ગીબત અને બદકારી, ખયાનત, વિશ્વાસભંગ (વચન ન પાળવું), સિનેમા, ગાયન, ઢોલ તમાશા વગેરેથી બચતો હોય અને બને ત્યાં સુધી સુન્નતોની પાબંદી કરતો હોય અને તેની સાથે સાથે જાઈઝ (હલાલ) કમાણીથી બીવી બચ્ચાંઓનું ભરણ પોષણ કરતો હોય તેમજ ઈમાન અને અક઼ીદા દુરસ્ત (સાચા) ધરાવતો હોય તો ખરેખર (હક઼ીક઼તમાં) તે અલ્લાહવાળો છે, અલ્લાહને પ્યારો છે અને તેનો મુક઼દ્દસ (પવિત્ર) અને નેક બંદો છે, ભલે નફ્લી નમાઝ અને નફ્લી ઈબાદત અદા કરી શકતો ન હોય, વઝીફા અને તસ્બીહ, ઈશ્રાક, ચાશ્ત અને અવ્વાબીન વગેરે નફ્લી નમાઝોમાં મશ્ગૂલ રહેતો ન હોય. હદીષે પાકમાં રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું : طَلَبُ كَسْبِ الْحَلَالِ فَرِيْضَةٌ بَعْدَ الْفَرِيْضَةِ "ફર્ઝ ઈબાદત પછી હલાલ રોઝીની તલાશ ફર્ઝ છે." *(મિશ્કાત શરીફ, પેઈજ–૨૪૨)* અને ફર્માવે છે : اَفْضَلُ دِيْنَارٍ يُنْفِقُهُ الرَّجُلُ دِيْنَارٌ يُنْفِقُهٗ عَلٰى عِيَالِهٖ "બધાથી વધારે સારો અને અફઝલ તે માલ (દોલત) છે જે તમે તમારા ઘરવાળાઓ ઉપર ખર્ચ કરો." *(મિશ્કાત શરીફ, પેજ–૧૭૦)*

સદરૂશ્શરીઅહ મૌલાના અમજદ અલી رحمۃ اللہ علیہ ફર્માવે છે, "એટલું કમાવું ફર્ઝ છે જે પોતાના માટે અને પરિવારજનો માટે અને જેનું ભરણ પોષણ તેના ઉપર વાજિબ છે તેઓના ભરણ પોષણ માટે અને કર્ઝ (દેવું) ભરી દેવા માટે પૂરતું થઈ શકે." અને ફર્માવે છે :–

"ભરણ પોષણથી પણ વધુ એટલા માટે કમાય છે કે ગરીબ અને મિસ્કીનોને મદદ કરી શકે અથવા નજીકનાં સગાં વહાલાંઓની મદદ કરી શકે તો આ મુસ્તહબ છે અને આ નફ્લી ઈબાદત કરતાં અફઝલ છે" *(ફતાવા આલમગીરી, બહવાલાએ બહારે શરીઅત, ભાગ–૧૬, પેજ–૨૧૮)*

તેની આગળ પણ વધુમાં ફર્માવે છે :–

"જે લોકો મસ્જિદો અને ખાનકાહોમાં બેસી જાય છે અને જીવન નિર્વાહ માટે કોઈ કામ નથી કરતા અને પોતાની જાતને "મુતવક્કિલ"

(અલ્લાહ ઉપર ભરોસો કરનાર) કહેવડાવે છે, પરંતુ તેમની નિગાહો એ માટે ઈચ્છામંદ રહે છે કે "તેમને કોઈ કાંઈ આપી જાય", આ મુતવક્કિલ નથી. આનાથી તો સારૂં એ છે કે તેઓ કોઈ કામ કરીને તેમાંથી જીવન નિર્વાહ કરે."

એ જ પ્રમાણે આજકાલ ઘણા લોકોએ પીરી મુરીદીને "ધંધો" બનાવી લીધો છે. વરસમાં મુરીદોની મુલાકાતે જાય છે અને મુરીદો પાસેથી જાત જાતની રકમો તફડાવે છે અને તેમાંના કેટલાક (પીરો) તો એવા છે કે જેઓ જૂઠ અને ધોકાબાજીથી કામ લે છે, આ (બધું) નાજાઈઝ છે. *(બહારે શરીઅત, ભાગ–૧૬, પેજ–૨૧૮)*

## શું સ્ત્રી જાનવરને ઝબહ નથી કરી શકતી ?

"સ્ત્રી પણ જાનવરને ઝબહ કરી શકે છે અને તેણીના હાથ વડે ઝબહ કરવામાં આવેલ જાનવર હલાલ છે અને પુરૂષ સ્ત્રી બધા જ એને ખાઈ શકે છે. "મિશ્કાત શરીફ, કિતાબુસ્સયદ વ ઝુબહ, પેજ–૩૫૭ પર બુખારી"ના હવાલાથી તેના જાઈઝ હોવાની સ્પષ્ટ હદીષ મૌજૂદ છે જેમાં છે કે રસૂલુલ્લાહ ﷺએ એક છોકરીના હાથે ઝબહ કરવામાં આવેલ બકરીના ગોશ્તને ખાવાની ઈજાઝત આપી."

વધુ વિગતની જાણકારી માટે જુઓ સૈયદી હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ قُدِّسَ سِرُّہٗ الْعَزِیْز ની (કિતાબ) "ફતાવાએ મુસ્તફવિયહ" ભાગ–૩, પેજ–૧૫૩ અને "ફતાવાએ રઝવિય્યહ" ભાગ–૮, પેજ–૩૨૮ અને પેજ–૩૩૨.

ખુલાસો એ જ કે સ્ત્રીઓ માટે પણ પુરૂષોની જેમ જ હલાલ જાનવરો અને પક્ષીઓને કુર્બાન (ઝબહ) કરવું જાઈઝ છે. જે આને ગલત (ખોટુ) કહે છે તે પોતે જ ખોટો અને બિલ્કુલ અજ્ઞાની બલ્કે શરીઅત ઉપર તોહમત લગાડનાર છે. સમજદાર બાળકના હાથે કુર્બાન કરવામાં આવેલ જાનવર પણ હલાલ છે અને (જે) મુસલમાન જો કે બદકાર (ખરાબ કામ કરનાર) અને હરામકાર (હરામ કામો કરનાર) હોય, તો તેણે કરેલ કુર્બાની પણ જાઈઝ છે. નમાઝ, રોઝાનો પાબંદ ન હોય તો તેણે કરેલ કુર્બાની પણ

જાઈઝ છે (તેના હાથે કરેલ કુર્બાનીનું જાનવર હલાલ છે.) હા, નમાઝ રોઝા છોડવા અને હરામ કામો કરવાં ઈસ્લામમાં ખૂબ જ ખરાબ કામ છે. દુર્રે મુખ્તારમાં છે : شرط کون الذّابح مسلما او کتبیا ولو امراۃ "કુર્બાની કરવાવાળા માટે મુસલમાન અને આસ્માની કિતાબો પર ઈમાન રાખવું પૂરતું છે, ભલે તે સ્ત્રી પણ હોય". *(દુર્રે મુખ્તાર, કિતાબુઝ્ઝબાઈહ, જિલ્દ–૨, પેજ–૨૧૮, પ્રકાશન મુજતબાઈ)*

આ'લા હઝરત મૌલાના શાહ એહમદ રઝાખાન قُدِّسَ سِرُّہُ الْعَزِیْز ફર્માવે છે, "કુર્બાની (ઝબહ) માટે દીને સમાવી (આસ્માની–મઝહબ) છે. આ'માલ શર્ત નથી. *(ફતાવા રઝવિય્યહ, જિલ્દ–૮, પેજ–૩૩૩)*

## સ્ત્રીઓનું નામેહરમ મનિયારાઓના હાથે બંગડીઓ પહેરવું

આ હરામકારી (હરામ કામ) ખૂબ જ પ્રચલિત છે. સ્ત્રીઓએ મનિયારાઓના હાથમાં હાથ આપીને (તેના હાથ વડે) બંગડીઓ પહેરવી સખ્ત હરામ છે. બલ્કે તેમાં બે હરામ છે, એક તો ગૈર મર્દને હાથ બતાવવું અને બીજુ હરામ કે તેના હાથમાં હાથ આપવો.

આપણી ઈસ્લામી માઓ અને બહેનોએ જોઈએ કે તેઓ અલ્લાહથી ડરે, તેના અઝાબથી બચે અને આ હરામ કામને તરત જ છોડી દે. બજારમાંથી બંગડીઓ મંગાવી લે અને ઘરમાં ક્યાં તો એકબીજીને બંગડીઓ પહેરાવી દે અથવા ઘરવાળાઓમાં જે મેહરમ હોય તેના હાથે પહેરી લે, અથવા તો પતિ તેની પત્નીને પહેરાવી દે તો ગુનાહોથી બચી જવાશે. જે પુરૂષો તેની સ્ત્રીઓને મનિયારાઓના હાથે બંગડીઓ પહેરાવે છે અથવા તેણીઓને રોકતા નથી તેઓ ખૂબ જ બેશરમ અને "દય્યૂષ" છે. સૈયદી આ'લા હઝરત رحمۃ اللہ علیہ આ મસ્અલા બાબત ફર્માવે છે, "હરામ, હરામ, હરામ **ગૈર મર્દને હાથ બતાવવું હરામ** છે, તેના **હાથમાં હાથ આપવો હરામ** છે. જે પુરૂષો તેમની સ્ત્રીઓ સાથે તેમને ચાલુ રાખે છે તેઓ "દય્યૂષ" છે. *(ફતાવા રઝવિય્યહ, જિલ્દ–૧૦, અડધા થી છેલ્લુ પેજ–૨૦૮ સુધી)*

## સ્ત્રી પુરૂષોએ એકબીજાની મુશાબેહત (મળતાપણુ) કરવી

આજકાલ પુરૂષોમાં સ્ત્રીઓની અને સ્ત્રીઓમાં પુરૂષોની મળતાપણ ધારણ કરવાની અને તેમના અંદાઝ, પોશાક અને ચાલ ચલન અપનાવવાની બીમારી ફેલાઈ ગયેલ છે. જો કે હદીષેપાકમાં રસૂલુલ્લાહ ﷺએ એવા લોકો ઉપર લા'નત ફર્માવી છે જે પુરૂષ થઈને સ્ત્રીઓની અને સ્ત્રી થઈને પુરૂષોની રીતભાત અપનાવે છે.

એક હદીષમાં છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું કે, ''અમારા ગ્રૂપ (જમાઅત)થી નથી તે સ્ત્રી કે જે પુરૂષો જેવો રંગ ઢંગ અપનાવે, અને તે પુરૂષ કે જે સ્ત્રીઓ જેવો ઢંગ અપનાવે.''

અબૂ દાઊદની હદીષમાં છે કે એક સ્ત્રીની બાબતમાં સૈયદા આઈશા સિદીક઼ા رضی اللہ عنہاને બતાવવામાં આવ્યું કે તેણી પુરૂષ જેવા જોડા પહેરે છે, તો તેમણે ફર્માવ્યું કે રસૂલૂલ્લાહ ﷺએ મર્દાની ઔરત (ભાયડાછાપ સ્ત્રી) પર લાનત ફર્માવી છે.

ખુલાસો એ જ કે જે રીતભાત, રંગ ઢંગ, પોશાક વગેરે પુરૂષો માટે ખાસ છે તેને સ્ત્રીઓ ન અપનાવે અને આ જ પ્રમાણે જે સ્ત્રીઓ માટે ખાસ છે તેને પુરૂષો અપનાવે નહીં.

આજકાલ કેટલીક સ્ત્રીઓ પુરૂષોની જેમ વાળ કપાવે છે તે તેણીઓ માટે ''હરામ'' છે. અને આવી સ્ત્રીઓને મર્યા પછી ''સખ્ત અઝાબ'' આપવામાં આવશે.

એ જ પ્રમાણે કેટલાક પુરૂષો સ્ત્રીઓની જેમ વાળ વધારે છે, સૂફી બનવા માટે મોટી મોટી લતો રાખે છે, ચોટલીઓ ગુંથે છે અને અંબોડા ગુંથે છે. આ બધું જ ''નાજાઈઝ'' અને ''શરીઅતથી વિરૂધ્ધ'' છે. તસવ્વુફ (સૂફીપણુ) અને ફક઼ીરી વાળ વધારવાનું અને રંગીન કપડાં પહેરવાનું નામ નથી, પરંતુ રસૂલુલ્લાહ ﷺના સાચા અનુકરણ અને ખ્વાહિશાતે નફસાની (મનની ઈચ્છાઓ)ને મારવાનું નામ છે. *(બહારે શરીઅત, ભાગ–૧૬, પેજ–૧૯૮)*

## અક઼ીક઼ાનું ગોશ્ત દાદા દાદી અને નાના નાની માટે નાજાઈઝ સમજવું

કેટલાક લોકો અક઼ીક઼ાના ગોશ્તને દાદા, દાદી, નાના, નાનીને માટે ખાવાનું નાજાઈઝ સમજે છે, આ ઘણી જ અજ્ઞાનતા, નાદાની (મૂર્ખામી) અને ગેર સમજણ છે. અક઼ીક઼ાનું ગોશ્ત દાદા, દાદી, નાના નાની માટે ખાવું નિઃશંકપણે જાઈઝ છે. બલ્કે જયાં જયાં એને ખાવાનું ખરાબ (નાજાઈઝ) સમજતા હોય ત્યાં તો તેઓએ તેનું ખાવું જરૂરી છે.

જો તેઓ ખાશે તો આ રિવાજ (ખોટી પ્રણાલિ) મિટાવવાનો સવાબ પણ મેળવશે. આ'લા હઝરત ઈમામે એહલે સુન્નત મૌલાના અહમદ રઝાખાન رحمۃ اللہ علیہને આ વિશે પૂછવામાં આવ્યું તો ફર્માવ્યું, "બધા ખાઈ શકે છે. અકુદુદરિય્યહમાં છે : **احکامُها احکام الاضحیۃ** *(અલ્મલ્ફૂઝ, ૧/૪૬)*

## નસબ (વંશ) અને બિરાદરી બદલવી

આ બીમારી પણ ઘણી જ ફેલાઈ ચૂકી છે કે એક ક઼ોમ (જાતિ) અને બિરાદરી (જ્ઞાતિ)ના માણસો પોતાને બીજી ક઼ોમ અને બિરાદારીના જાહેર કરી રહ્યા છે, અને આમ કરવાનું કારણ પોતાને માટે શ્રેષ્ઠતા, ફઝીલત અને ઈજ્જત મેળવવાનું છે. ફઝીલત, ઈજ્જત અને ઝિલ્લત તો અલ્લાહના દસ્તે કુદરત (મરજી)માં છે, જેને જે ચાહે તે અતા ફર્માવે છે, આથી પોતાનું નસબ (વંશ) બદલવાવાળાઓ બેવકૂફ મૂર્ખ અને અજ્ઞાનીઓ છે, ગયરત અને શરમ વગરના છે.

હદીષ શરીફમાં છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જે જાણવા છતાં પોતાના બાપ સિવાય બીજાને પોતાનો બાપ બતાવે, તેના ઉપર **જન્નત હરામ** છે." *(સહીહ બુખારી, કિતાબુલ ફરાઈઝ, જિલ્દ-૨, પેજ-૧૦૦૧, સહીહ મુસ્લિમ, જિલ્દ-૧, પેજ-૪૪૨)*

અને બીજી એક હદીષમાં પોતાનું વંશ બદલવાવાળાઓ અને પોતાના બાપ સિવાય બીજાને પોતાનો બાપ બતાવવાવાળાઓના સંદર્ભે હુઝૂરે ફર્માવ્યું, એમના પર અલ્લાહ તઆલા, ફરિશ્તાઓ અને બધા લોકોની લા'નત છે. *(સહીહ મુસ્લિમ, જિલ્દ-૧, પેજ-૪૯૫)*

આજકાલ પોતાને ''સૈયદ'' કહેવડાવવાનો અને આ'લે રસૂલ બનવાનો શોખ ખૂબ જ વધી ગયેલ છે ! જોત જોતામાં તો અનેક લોકો જેઓ સૈયદ ન હતા તેઓ સૈયદ બની ગયા, જેને કારણે હવે સૈયદો (સાચા)ની ઈજ્જત કરવાનું પણ મુશ્કેલ થઈ ગયું છે, કેમ કે નકલી સૈયદોની ભરમાર થઈ ગઈ છે. ખુદ મારી જાણમાં એવા ઘણા લોકો છે જેઓ હમણા સુધી બીજા કાંઈક હતા અને હવે ચાલીસ કે પચાસ વરસની ઉમર થતાં તેઓ સૈયદ અને આ'લે રસૂલ બની ગયા ! આ બધા ઘણા જ મહાન મક્કાર, ધોકેબાઝ, ઠગ, દગાખોર અને બદમાશ છે જેની ઉપર ખુદાએ તઆલાની લઅનત છે.

મુરાદાબાદ શહેરમાં હજુ થોડા સમય પહેલાં એક મોલ્વીએ ૫૫ વરસની ઉમર થતાં પોતાને સૈયદ અને આ'લે રસૂલ કહેડાવવાનું શરૂ કર્યું છે અને તે કહે છે કે મારા પીરે મને સૈયદ બનાવી દીધો ! જાણે સિયાદત (સૈયદપણા)ની સાથે મજાક થઈ રહી છે.

## બ્યાના (ડિપોઝીટ)ની રકમ જપ્ત કરવી

આજકાલ ખાસ કરીને એવું થાય છે કે એક વ્યક્તિ, અન્ય કોઈ પાસેથી કોઈ માલ ખરીદે છે ત્યારે વેચનારને અમુક રકમ બાના પેટે આપે છે જેને બયઆના (સૂથી અથવા ડિપોઝીટ) કહેવાય છે. ત્યાર પછી કોઈ કારણે તે માલ ખરીદનાર લેવા માટે ના પાડી દે છે તો વેચનાર બ્યાનાની રકમ ખરીદનારને પાછી આપતો નથી બલ્કે તેને કબજે કરી લે છે અને અગાઉથી આ પ્રમાણે નક્કી કરવામાં આવે છે કે થયેલ સોદા મુજબ ખરીદવામાં આવશે નહીં તો ડિપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે. ''આ પ્રમાણે બ્યાનુ જપ્ત કરવું એ શરીઅત મુજબ મના છે અને આ **જપ્ત કરેલ ડિપોઝીટની રકમ** તેના માટે હલાલ નથી બલ્કે **હરામ** છે.

આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

''આજકાલ તો એવું છે કે ખરીદનાર બ્યાનુ આપ્યા પછી ખરીદે નહીં તો બ્યાનાની રકમ જપ્ત (કરવામાં આવે છે) અને આ (જપ્તી) તદન **હરામ** છે. *(અલમલ્ફૂઝ, ૩/૨૭)* હા ! જો સોદો પાકો થયો હતો અને કોઈ પણ

જાતની શરઈ રૂકાવટ વગર ખરીદનાર ખોટી રીતે લેવાથી ઈન્કાર કરે છે તો વેચનારનો એ હક છે કે તે ડિપોઝીટને જરૂરી સમજે અને માલ તેને (ખરીદનાર) હવાલે કરે અને તેની બાકી રહેતી કિંમત વસૂલ કરે, પછી ભલે આ પ્રમાણે કરવામાં કાઝી અથવા હુકૂમત અથવા પંચાયત વગેરેની મદદ લે. પરંતુ તેને "માલ ન આપવું અને બાનાની રકમ જપ્ત કરવી એ **હરામ** છે."

આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

"વેચાણ ન થવાના સંજોગોમાં ડિપોઝીટ જપ્ત કરવી એ **જાહિલોનો રિવાજ** છે અને **ખુલ્લો જુલ્મ** છે." આગળ ફર્માવે છે, "આવું ક્યારેય પણ નહીં થાય કે, વેચાણ (સોદા)ને ફોક થયેલો માનીને બ્યાનુ ઝયદ (ખરીદનાર)ને પાછુ ન આપે અને તેના ડિપોઝીટના રૂપિયા એ ગુનાહમાં કે કેમ ફરી ગયો, (સોદો ફોક કર્યો) તેથી જપ્ત કરી લે. هَلْ هٰذَا اِلَّا ظُلْمٌ صَرِيْحٌ *(ફતાવા રઝવિય્યહ, ૭/૭)*

ભાઈઓ ! હરામ ખાવાથી બચો ! સુકૂન અને શાંતિ અલ્લાહ જેને આપે છે તેને જ મળે છે, ફક્ત રૂપિયા, દોલત અને પૈસાથી ચેન મળતું નથી. તમે ઘણા માલદારોને બેચૈન અને દુઃખી (પરેશાન) જોયા હશે અને ઘણા ગરીબોને ચૈન અને આરામથી સૂતાં જોયા હશે અને અસલી ચૈન અને સુકૂનની જગ્યા તો "જન્નત" છે.

## કુર્આન શરીફ પડી જાય તો શું કરવું ?!

કુર્આને કરીમ જો હાથોમાંથી અથવા કબાટ વગેરેમાંથી પડી જાય તો કેટલાક લોકો તેના વજન જેટલો લોટ, ચાવલ ખૈરાત કરે છે અને આ ખૈરાત કરવાને તેનો કફ્ફારો સમજે છે. આ તેમની "ગલતફેહમી" છે.

કુર્આનને જાણી જોઈને ફેંકી દેવું અથવા પછાડી દેવું એ તો ઘણુ જ દુષ્ટ કામ છે. કોઈ પણ મુસલમાનથી આ પ્રમાણેની આશા રાખવામાં આવતી નથી કે તે આવું પણ કરી શકે, અને જે (કુર્આન શરીફની) તૌહીન અને બેઈજ્જતી માટે આવું કરે તે તો "ખુલ્લો કાફિર" છે. આવી વ્યક્તિ તે બદલ તૌબા કરે, ફરીથી કલ્મો પઢે અને તેની શાદી થઈ ગયેલ હોય તો

ફરીથી નિકાહ દોહરાવે.

પરંતુ જો ભૂલથી અને અજાણતાથી કુર્આન શરીફ હાથમાંથી છટકી ગયું અથવા કબાટ વગેરેમાંથી પડી ગયું તેના ઉપર કોઈ ગુનાહ નથી, ભૂલ ચૂક માફ છે, તેમ છતાં ખૈરાત કરવા કંઈક ખુદાની રાહમાં ખર્ચ કરી નાખે તો સારી વાત છે અને ઘણુ જ મુનાસિબ અને બેહતર છે. પરંતુ કુર્આન શરીફનું વજન કરવું અને તેના વજનની બરાબર અનાજ વગેરે ખૈરાત કરવાને કફ્ફારો સમજવું એ ગલતફેહમી અને અજ્ઞાનતા છે. કુર્આન, હદીષ અને ફિક્હની કિતાબોમાં ક્યાંય આ પ્રમાણે આવ્યું નથી. હા ! સદક઼ો અને ખૈરાત એ શ્રેષ્ઠ કામ છે, જેથી તમારાથી જે કંઈ થઈ શકે, થોડુ કે વધુ, અલ્લાહની રાહમાં ખર્ચ કરી દો તો સવાબ મળશે અને જો આવું (ખૈરાત) નહીં કરશે તો પણ ગુનોહ અને અઝાબ થશે નહીં.

## જાનવરોને લડાવવાં

કેટલાક લોકો દિલ બહેલાવવા અને તમાશા માટે મરઘાં, બટેર, તેતર, હાથી, ઘેટાં અને રીંછ વગેરેને લડાવે છે, આ રીતે જાનવરોને લડાવવું એ ઈસ્લામમાં મના છે. હદીષમાં છે :–

نَهٰى رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ عَنِ
التَّحْرِيْشِ بَيْنَ الْبَهَائِمِ

"રસૂલુલ્લાહ ﷺએ જાનવરોને લડાવવાથી મનાઈ ફર્માવી."
*(જામેઅ તિર્મિઝી, ૧/૨૦૪, સુનને અબૂ દાઊદ, ૧/૩૪૬)*

અને આ રીતે જાનવરોને લડાવવું એ તેમના ઉપર જુલ્મ છે. તમારે તો મજા પડી રહી છે અને તેમનો તો લડતાં લડતાં જાન નીકળી રહી છે. મઝહબે ઈસ્લામ તેની છૂટ આપતો નથી.

મૂંગાં જાનવરો ઉપર જોર જુલ્મ કરવાની ઈસ્લામે મનાઈ કરી છે. "કબૂતર બાઝી" (કબૂતરોને લડાવવાં) પણ નાજાઈઝ છે. આ'લા હઝરત ફર્માવે છે, "તમાશાને માટે કબૂતરોને ભૂખ્યાં ઉડાડવાં, જ્યારે તેઓ ઉતરવા ઈચ્છે ત્યારે ઉતરવા ન દેવાં અને દિવસભર ઉડાડવું, એવા કબૂતરો પાળવાં **હરામ** છે." *(ફતાવા રઝવિય્યહ, ભાગ–૧૦, પ્રથમ અર્ધ ભાગ, પેજ–૧૯૫)*

"અને આવા તમાશા જોવા અને તેમાં શરીક થવું પણ નાજાઈઝ છે." *(બહારે શરીઅત, ભાગ–૧૬, પેજ–૧૩૧)*

## જાનવરો પાસેથી તેમની તાકાતથી વધુ કામ લેવું

આજકાલ લોકો સામાન્ય રીતે આ બાબતનો વધારે વિચાર કરતા નથી કે જાનવરો ઉપર તેની તાકાતથી વધારે વજન નાખવું અને મારી મારીને તેને ચલાવવું જુલ્મ છે. તે જ પ્રમાણે આ મૂંગાં પ્રાણીઓના ચારા પાણી અને ગરમી ઠંડીનો વિચાર ન કરવો પણ જુલ્મ છે. દૂધાળા જાનવરનું બધું જ દૂધ ખેંચી લેવું (દોહી લેવું) અને તેનાં બચ્ચાંઓને દિવસભર ભૂખાં પ્યાસાં રાખવાં પણ જુલ્મ છે અને એવું કરવાવાળાઓ જાલિમ છે. આવા લોકો વધુ કમાણી અને આવક માટે આવું બધું કરે છે પરંતુ કમાયા પછી પણ આવા લોકો દુઃખી રહ્યા કરે છે અને તેમને જિંદગીમાં ચેન મળતું નથી અને હમેશાં બેચેન અને દુઃખી રહે છે.

સદ્રુશ્શરીયહ હઝરત મૌલાના અમજદ અલી رحمۃ اللہ علیہ ફર્માવે છે : "જાનવરથી કામ લેવામાં એ જરૂરી છે કે તેની તાકતથી વધુ કામ ન લેવામાં આવે." કેટલાક એક્કા અને ટાંગાવાળાઓ (ઘોડાગાડીવાળાઓ) એટલી બધી સવારીઓ બેસાડે છે કે ઘોડો મુસીબતમાં પડી જાય છે. આ નાજાઈઝ છે.

જાનવર ઉપર જુલ્મ કરવો એ ઝિમ્મી કાફિર પર જુલ્મ કરવા કરતાં પણ વધુ ખરાબ છે, અને ઝિમ્મી કાફિર ઉપર જુલ્મ એ મુસલમાન ઉપર કરવા કરતાં પણ વધુ ખરાબ છે, કારણ કે જાનવરનો કોઈ પણ મુઈન અને મદદગાર અલ્લાહ તઆલા સિવાય નથી, આથી આ ગરીબને આ જુલ્મથી કોણ બચાવે ? *(દુર્રે મુખ્તાર અને રદુલ મોહતાર, બહારે શરીઅત, ભાગ–૧૬, પેજ–૨૫૮)*

## શું ઉલ્લુ (ઘૂવડ) કોઈ મન્હૂસ પક્ષી છે ?

ઘૂવડ એક જાતનું પક્ષી છે જેને લોકો

મન્હૂસ (ખરાબ) માને છે. જો કે ઈસ્લામી દષ્ટિકોણથી આ એક ખોટી વાત છે. ઘૂવડને મન્હૂસ (ખરાબ) માનવું એ અભણ લોકોનો વિચાર છે.

સહીહ બુખારીની હદીષમાં છે : لَا عَدْوٰى وَلَا هَامَةَ وَلَا صَفَرَ રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "છૂત અછૂત (અસ્પૃશ્યતા) કોઈ ચીજ નથી. ઘૂવડમાં કોઈ નહૂસત (ખરાબી) નથી અને સફરનો મહિનો મન્હૂસ (ખરાબ) નથી." *(મિશ્કાત, બાબુલ ફાલ-વ-ત્તયરહ, પેજ-૩૯૧)*

هَامَهْ"હામહ"ની શરહમાં મૌલાના અલી ક઼ારી મક્કી رحمۃ اللہ علیہ ફર્માવે છે :—

هِىَ اِسْمِ طَيْرٍ يَتَشَأَمُ بِهِ النَّاسُ---وَيُقَالُ لَهُ بُوم "હામહ" એક પક્ષી છે જેને લોકો મન્હૂસ (ખરાબ) સમજે છે, જેને બૂમ (ઉલ્લુ એટલે ઘૂવડ) કહેવામાં આવે છે." *(મિર્ક઼ાત, ૪/૫૧૯)*

સદ્રૂશ્શરીઅહ હઝરત મૌલાના અમજદ અલી رحمۃ اللہ علیہ ફર્માવે છે, "હામહ"થી મતલબ ઉલ્લુ (ઘૂવડ) છે. જાહિલિયતના જમાનામાં અરબના લોકો તેના વિશે વિવિધ પ્રકારનાં મંતવ્યો (ગેર સમજણો) ધરાવતા હતા અને આ જમાનામાં પણ લોકો એને મનહૂસ સમજે છે. જે કાંઈ પણ હોય, પરંતુ હદીષમાં તેના વિશે હિદાયત (સમજ) આપવામાં આવી કે તેનો ભરોસો કરવામાં ન આવે. તે જ પ્રમાણે સફર મહિનાને લોકો મનહૂસ (ખરાબ) સમજે છે પરંતુ હદીષમાં ફર્માવવામાં આવ્યું કે આવી કોઈ ચીજ નથી. *(હાશિયા બહારે શરીઅત, ભાગ-૧૬, પેજ-૧૨૪)*

ખુલાસો એ જ કે ઉલ્લુ (ઘૂવડ)ને મનહૂસ સમજવું ખોટું છે. નફા નુકસાનનો માલિક ફક્ત અલ્લાહ તબારક વ તઆલા છે, તે જે ચાહે છે તે પ્રમાણે જ થાય છે.

## ધોબીને ત્યાં ખાવાનો મસ્અલો

કેટલાક લોકો ધોબીને ત્યાં ખાણુ ખાવાને ખરાબ સમજે છે. આ ઘણી જ ખરાબ વાત છે. ધોબી હોય કે અન્ય કોઈ મુસલમાન, તેના ઘરે ખાણુ ખાવામાં કોઈ પ્રકારનો વાંધો નથી અને બેશક ! જાઈઝ છે. જે લોકો ધોબીઓને ત્યાં ખાણુ ખાવાને ખરાબ સમજે છે અને તેના ઘરના ખાણાને નાપાક કહે છે તેઓ બિલ્કુલ અભણ છે.

આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે : ''ધોબીને ત્યાં ખાણુ ખાવામાં કોઈ વાંધો નથી. આ પ્રમાણે જાહિલ લોકોમાં જે વાત પ્રચલિત છે કે ધોબીના ઘરનું ખાણુ નાપાક હોય છે, તે ફક્ત જૂઠ છે.'' *(અલ્મલ્ફૂઝ, ભાગ–૧, પેજ–૧૩)*

## શું બુરાઈ–ભલાઈનો સંબંધ તારાઓ સાથે છે ?

કેટલાક લોકો સમજે છે કે સારૂં નરસું, બુરાઈ ભલાઈ અને નફા નુકસાનનો સંબંધ સિતારાઓથી છે. જો કે એવું કંઈ નથી. આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે, ''ફર્માંબરદાર મુસલમાન માટે કોઈ વસ્તુ ખરાબ નથી અને કાફિરો માટે કોઈ સારી નથી. બાકી ''કવાકિબ'' (સિતારાઓ)માં કોઈ સારાપણુ કે ખરાબપણુ નથી. જો તેમને (સિતારાઓને) ખુદ કરનાર જાણે તો મુશ્રિક છે અને તેમની મદદ માંગે તો હરામ છે અને તેમનો લેહાઝ કરવો જરૂર ભરોસાની વિરૂધ્ધ છે. *(ફતાવા રઝવિય્યહ, જિ–૧૦, કિ્સ્ત–૨, પેજ–૨૬૫)*

કેટલાક નક્શ અને તાવીઝો વિશે સિતારાઓ પરથી ગણતરી કરીને કેટલાક સમયોને ખાસ કરવામાં આવે છે તો તે બાબત મુસલમાનોએ, આ અક઼ીદો રાખવો જોઈએ કે ખુદાએ તઆલાએ કેટલાક સમયોને કેટલાક કામો માટે અન્ય સમયોની સરખામણીમાં પસંદ ફર્માવેલ છે અને કોઈ ક્ષણ કે ઘડીને કોઈ અન્ય ખાસ કામ માટે અફઝલ અને શ્રેષ્ઠ બતાવેલ છે, પરંતુ ''મન્હૂસ (ખરાબ) કોઈ સમયને સમજવો જોઈએ નહીં'' અને તે જ થઈને રહે છે, જે ખુદા ચાહે છે, અને ખુદા અને રસૂલ ઉપર ઈમાન અને તેની તાબેદારીથી વધીને કોઈ સઆદત, બરકત, નફો અને ભલાઈ નથી, અને તેની નાફર્માની અને કુફ્રથી વધીને કોઈ નહૂસત નથી. અને એ જ પ્રમાણે અમુક કામો માટે અમુક દિવસોની ફઝીલત આવી છે. જેમ કે સફર (પ્રવાસ) માટે ગુરૂવાર અને સોમવારનો દિવસ, નખ અને વાળ કાપવા માટે જુમ્આનો દિવસ (બેહતર છે). પરંતુ તેનો એ નથી કે તે સિવાયના અન્ય દિવસો મનહૂસ છે અથવા અન્ય દિવસોમાં આ કામ કરવું નાજાઈઝ અને ગુનાહ છે. બલ્કે કોઈ પણ દિવસે નખ ઉતારવા અને વાળ

કપાવવા તેમજ સફર કરવું નાજાઈઝ અને ગુનોહ નથી, પરંતુ દરેક દિવસે જાઈઝ છે. હા ! વર્ણનીય અને ખાસ દિવસોમાં આ કામ, અન્ય દિવસો કરતાં વધારે બેહતર અને અફઝલ અને પસંદીદા છે.

કેટલીક જગ્યાએ સ્ત્રીઓ બુધના દિવસે ઘરમાંથી નીકળવાની અને સફર (પ્રવાસ) કરવાની મનાઈ કરે છે, આ તેઓની અજ્ઞાનતા છે. બુધના દિવસની તો ખાસ કરીને હદીષમાં ફઝીલત આવી છે, હુઝૂર ﷺનું ફર્માન છે :–

مَا مِنْ شَیْءٍ بُدِیَ یَوْمَ الْاَرْبَعَاءِ اِلَّا تَمَّ જે કામ બુધના દિવસે શરૂ કરવામાં આવે છે તે પૂરૂં થાય છે. *(જામેઉલ અહાદીષ, જિલ્દ–૩, પેજ–૪૬૩)*

સદરૂશ્શરીઅહ્ હઝરત મૌલાના અમજદઅલી رحمۃ اللہ علیہ ફર્માવે છે, ''નજૂમીઓ (ભવિષ્ય ભાખનારાઓ)ની આ પ્રકારની વાતો જેમાં સિતારાઓની ખાસિયતો બતાવવામાં આવે છે કે ''ફલાણો સિતારો ઉગશે તો ફલાણો બનાવ બનશે'' આ પણ બેશરઅ (શરીઅતથી વિપરિત) છે.

એ જ પ્રમાણે નક્ષત્રોની ગણતરી કે ફલાણા નક્ષત્રથી વરસાદ થશે, એ પણ ખોટું છે. હદીષે આના ઉપર સખ્તાઈથી મના ફર્માવી છે. *(બહારે શરીઅત, ભાગ–૧૬, પેજ–૨૫૭)*

## હાથોના દોરા અને કડાં

કેટલીક દરગાહોનાં મુજાવરો અને સજ્જાદાનશીનો, ઝિયારત માટે આવતા લોકોના હાથમાં લાલ અથવા પીળા રંગના દોરાઓ બાંધી દે છે. આવાં કામો હિંદુઓના બાબા અને સાધુ લોકો કરતા હતા અને તીર્થ યાત્રીઓના હાથોમાં લાલ પીળા દોરા બાંધી દેતા હતા (બાંધી દે છે.) હવે મઝારાતના મુજાવરો અને સજ્જાદાનશીનોમાં પણ આનો રિવાજ પ્રચલિત થઈ ગયેલ છે. આ વાત યોગ્ય નથી અને મુસલમાનોએ ગૈર મુસ્લિમોની નક્લ અને તેમની બરોબરી (સામ્યતા)થી બચવું જોઈએ અને હાથોમાં દોરા અને કડાં ન પહેરવાં જોઈએ અને ન તો પહેરાવવાં જોઈએ.

## મુસ્તહબોને ફર્ઝ અને વાજિબ સમજવું અને ફર્ઝોને મહત્વ ન આપવું

આજકાલ એહલે સુન્નતના લોકોમાં મોટી સંખ્યા એ લોકોની છે જેઓએ નમાઝ, રોઝા, ઝકાત, વગેરે ઈસ્લામની જરૂરી બાબતોને છોડીને ન્યાઝ, નઝર, ફાતેહા વગેરે જેવી ''બિદઅતે હસના'' (સારી બિદઅત)ને જરૂરી અને આવશ્યક સમજી લીધેલ છે, જે એક ''ગલતફેહમી'' છે. એમાં કોઈ શંકાને સ્થાન નથી કે ન્યાઝ, ફાતેહા, મીલાદ શરીફ, આજકાલ જે રીતે પઢવામાં આવે છે તે સલાતો સલામ (પ્રચલિત) બારવીં રબીઉલ અવ્વલ શરીફનું જુલૂસ કાઢવું, ગ્યારવીં શરીફ, ૨૨–રજબ, ૧૪–શાબાન અને ૧૦–મુહર્રમ વગેરે પ્રસંગોએ ખાણામાં ખીચડો, પૂરી, હલ્વા, પુલાવ અને મલીદા ઉપર ફાતેહા દેવડાવવું, ઉર્સ કરવું, બુઝુર્ગોના મઝારાત ઉપર હાજરી આપવી, ક઼બ્ર ઉપર અઝાન આપવી, હુઝૂરના નામને સાંભળીને અંગૂઠા ચૂમવા, મુર્દાઓની ઝિયારત (ત્રીજુ), ચાલીસમું વગેરે કરવું, **આ બધાં સારાં કામો છે** જેના કરવામાં કોઈ પણ પ્રકારનો વાંધો કે ગુનોહ નથી, અને જે લોકો આ કામોને ફર્ઝ અને વાજિબ સમજે છે તેઓ પણ ભૂલમાં છે. આ લેખથી અમારો હેતુ ફક્ત તેઓની ઈસ્લાહ (ભૂલ સુધારણા) કરવાનો છે.

સુન્ની ભાઈઓ ! ન્યાઝ, ફાતેહા, ઉર્સ, મીલાદ વગેરે જેવી આગળ વર્ણવેલી બાબતોમાં વહાબીઓથી ફક્ત ઈખ્તેલાફ (મતભેદ) એટલો જ છે કે તેઓ આ કામોને ખરાબ કહે છે અને એહલે સુન્નતના આલિમો આ બધાં કામોને સારાં કામો બતાવે છે, પરંતુ ફર્ઝ અને વાજિબ તો આ લોકો (સુન્ની ઓલમા) પણ કહેતા નથી. ફર્ઝ અને વાજિબ તો ઈસ્લામમાં આ કામો (નીચે પ્રમાણે) છે :–

પાંચે સમયની નમાઝની જમાઅત સાથે પાબંદી કરવી, રમઝાન માસના રોઝા રાખવા, સાહિબે નિસાબે વરસમાં એક વખત ઝકાત કાઢવી, જેના ગજાની વાત હોય તેણે પૂરી જિંદગીમાં એક વખત હજ કરવો, વ્યભિચાર, શરાબ, જૂગાર, વ્યાજ, ખોટુ બોલવું, ગીબત (પીઠ પાછળ

ખોટી વાતો) કરવી, જુલ્મ કરવો, પીકચર, ગાવું, વગાડવું, તમાશા વગેરેથી બચવું, મા બાપનું કહેવું માનવું, જેનો તમારા ઉપર જે હક્ છે તે અદા કરવો, કર્ઝ (ઉધાર) લીધા પછી વહેલી તકે ભરી આપવાની કોશિશ કરવી, મજૂરને તેની મજૂરી ચૂકવવામાં વિલંબ ન કરવો વગરે. હક્ક આ જ છે, જો કે હક્ક હમેશાં કડવું હોય છે કે ન્યાઝ અને નઝર, મીલાદ અને ફાતેહા, ઉર્સ અને મઝારાત ઉપર હાજરીનો ફાયદો (ફૈઝ) સાચા અર્થમાં તેઓને જ પ્રાપ્ત થાય છે જેઓ તે કામો ઉપર અમલ કરે છે જેને અમોએ આગળ વર્ણન કરેલ છે. જે લોકો નમાઝ, રોઝાને છોડીને હરામ કમાય છે, હરામ ખાય છે, હરામ કામ કરે છે અને પછી બુઝુર્ગોની ન્યાઝ દેવડાવે છે, તેઓના નામે મોટી મોટી દેગો બનાવે છે અને મઝારાત ઉપર હાજરી આપે છે, તેઓને કારણે "મઝહબે એહલે સુન્નત" બદ્નામ થઈ રહ્યો છે.

આ જાણી લેવું પણ જરૂરી છે કે બીજા ફિર્કાઓમાં જે લોકોને ઈસ્લામની બહાર અને કાફિર કહેવામાં આવ્યું છે, તે ન્યાઝ અને ફાતેહા ન દેવડાવવાને કારણે નહીં બલ્કે રસૂલુલ્લાહ ﷺ અને અન્ય અંબિયા અને અવલિયાની શાનમાં ગુસ્તાખી કરવાને કારણે તેઓને ગુમરાહ અને બદમઝહબ અથવા કાફિર જાહેર કરવામાં આવેલ છે.

અલ્બત્ત તેમાં પણ કોઈ શંકાને સ્થાન નથી કે ન્યાઝ અને ફાતેહા, ઉર્સ અને મીલાદ વગેરે આજકાલ એહલે હક્કની અલામત, નિશાની અને ઓળખ પ્રસ્થાપિત થઈ ગયેલ છે, તેથી આ કામોને સામાન્યપણે છોડવામાં પણ ન આવે અને (આ કામોને) ફર્ઝ કે વાજિબ પણ સમજવામાં ન આવે. બસ સારાં કામો સમજીને, શરીઅતે ઈસ્લામિયહની હદમાં રહીને કરતા રહેવું જોઈએ. અને કોઈના ઈસાલે સવાબ માટે તેની ફાતેહા માટે કોઈ ખાસ દિવસને શરઅન જરૂરી સમજવું પણ અજ્ઞાનતા છે. ફાતેહા કોઈપણ દિવસે અને કોઈ પણ સમયે થઈ શકે છે. અને કોઈ (બુઝુર્ગ)ની નિસ્બતથી કોઈ દિવસને ખાસ કરી લેવામાં પણ કોઈ વાંધો નથી, તેને આવશ્યક અને જરૂરી સમજી લેવું જોઈએ નહીં. આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

"આ દિવસોને ફાતેહા માટે (ખાસ) નક્કી કરવું એ ઉર્ફી છે, એમાં મૂળભૂત રીતે કોઈ વાંધો નથી, જ્યારે કે તેમને શરઅન (શરીઅતની રૂએ)

જરૂરી નાસમજે. એવું ના સમજે કે આજ દિવસોમાં સવાબ પહોંચશે, આગળ પાછળ નહીં." *(ફતાવા રઝવિય્યહ, જિલ્દ–૪, પેજ–૨૧૯)*

ખુલાસો એજ કે દિવસોનું નક્કી કરી લેવું એ પોતાની સગવડતા અને રિવાજ મુજબ છે અને તેમાં વાંધો પણ નથી, પરંતુ તેને જરૂરી ન સમજે કે દિવસ નક્કી કરી લેશું તો જ સવાબ પહોંચશે અને (નક્કી કરેલા દિવસની) આગળ પાછળ થઈ જાય તો સવાબ નહીં પહોંચે, એ (વિચારવું) ખોટું છે.

"ઈસાલે સવાબ દરેક દિવસે શક્ય છે (કરી શકાય છે) અને ખાસ કરીને કોઈ એક તારીખનું નક્કી કરવું જ્યારે કે તેને શરઅન જરૂરી ન સમજે, તો વાંધો નથી." (ફતાવા રઝવિય્યહ, જિલ્દ–૪, પેજ–૨૨૪)

## છીંક આવી જાય તો અપશુકન માનવું

અમુક જગાઓ પર કેટલાક આપણા અજ્ઞાન મુસલમાન ભાઈઓ છીંક આવવાને ખરાબ માને છે અને તેને અપશુકન સમજે છે. જો કે છીંકનું આવવું એ ઈસ્લામમાં સારી વાત છે, અને છીંક અલ્લાહને પસંદ છે. આથી જેને છીંક આવે, તે અલ્લાહનો શુક્ર માને. હદીષ શરીફમાં છે, હુઝૂર ﷺ ફર્માવે છે :

"બેશક ! અલ્લાહ તઆલા છીંકને પસંદ અને બગાસાને નાપસંદ ફર્માવે છે. આથી જેને છીંક આવે તે اَلحَمدُ لِلّٰه "અલ્હમ્દુલિલ્લાહ" કહે અને જે બીજો શખ્સ તેને સાંભળે તે જવાબ આપે (એટલે કે જવાબમાં يَرحَمُكَ الله યર્હમુકલ્લાહ કહે) અને બગાસુ શૈતાન તરફથી છે જેથી શક્ય હોય ત્યાં સુધી તેને ન આવવા દે અને બગાસામાં જે મોઢામાંથી અવાજ નીકળે છે તેને સાંભળીને શૈતાન હસે છે." *(બુખારી શરીફ, જિલ્દ–૧, પેજ–૯૧૯)*

## બોણી સંબંધી ખોટી માન્યતાઓ

ખરીદી અને વેચાણના મામલામાં સવારમાં જે સૌથી પહેલી રકમ પ્રાપ્ત થાય છે તેને "બોણી" કહેવામાં આવે છે. સામાન્યત : લોકો પહેલો સોદો ન થાય અને પહેલો ગ્રાહક પાછો જાય તેને ખરાબ સમજે છે, અને

કહે છે કે "બોણી ખરાબ થઈ ગઈ !" અને તેને પૂરા દિવસના ધંધા માટે અપશુકન માને છે. આ બધી કાફિરો અને અને બિન મુસ્લિમોની વાતો અને અંધ શ્રધ્ધાઓ છે જે મુસલમાનોમાં પણ આવી ગઈ છે. એક મુસલમાન માટે  જરૂરી છે કે તે આવા વિચારોને દિલમાં જગ્યા ન આપે અને આ પ્રમાણેનો અક઼ીદો રાખે કે "નફા નુકસાનનો માલિક અલ્લાહ તઆલા છે, જ્યારે પણ જેને પણ, જે કાંઈ પણ ઈચ્છે તે અતા કરે છે, અને બોણી ખરાબ થવાથી કાંઈ પણ થતું નથી."

## શું ઈસ્લામમાં તાઝિયાદારી જાઈઝ છે ?

કેટલાક લોકો મુહર્રમ અને સફરના માહિનામાં તાઝિયા બનાવે છે, તેને ઢોલ ત્રાંસાઓ વગાડીને ફેરવે છે અને તેની સાથે છાતીઓ પીટીને, માતમ કરતાં કરતાં તેમને નકલી અને બનાવટી કરબલામાં લઈ જઈને દફન કરે છે. આ બધી વાતો ઈસ્લામમાં મના, નાજાઈઝ અને ગુનાહ છે.

પ્લારા ઈસ્લામી ભાઈઓ ! મારો તમારો પ્યારો મઝહબ જે "ઈસ્લામ" છે તે એક સાફ સ્વચ્છ, ગંભીરતાપૂર્ણ અને શરીફ, સારો, ભલો, સીધો અને સાચો મઝહબ છે. તે ખેલ તમાશાઓ, ગાવા વગાડવા, ઢોલ ધમાકાઓ, નાચ કૂદ, માતમ અને છાતી પીટવાવાળો મઝહબ નથી. આજકાલની તાઝિયાદારી અને તેને જાઈઝ કહેનારાઓ દુનિયાને એવું બતાવી રહ્યા છે કે ઈસ્લામ પણ બીજા ધર્મોની જેમ મેલા ઠેલા, ખેલ તમાશાઓ અને ગુંડા ગર્દીવાળો ધર્મ છે !

કેટલાક લોકો કહે છે કે તાઝિયા બનાવવું જાઈઝ છે પરંતુ તેમને ફેરવવું (સરઘસ સ્વરૂપે) નાજાઈઝ છે. આ વાત પણ એકદમ સાચી નથી બલ્કે આજકાલ જે તાઝિયાઓ બનાવવામાં આવે છે તે બનાવવું પણ મનાઈ છે, કેમ કે આ પણ હઝરત ઈમામ હુસૈનના રોઝા અને મઝારનો સાચો નકશો નથી. બલ્કે ફક્ત એટલી જ ઈજાઝત છે કે હઝરત ઈમામે હસૈન رضی اللہ عنہના મઝારે પૂરનૂરનો સાચો નકશો કાગળ વગેરે ઉપર બનાવીને પોતાની પાસે અથવા ઘરમાં રાખે, જેમ કે ખાનએ કા'બા, ગુંબદે ખિઝરા, બગદાદ શરીફ, અજમેર શરીફ વગેરેના બનાવેલા નકશા, કેલેન્ડરો

વગેરેમાં અને અલગ પણ આવે છે અને લોકો બરકત હાંસલ કરવા માટે તેમને ઘરોમાં ટીંગાડે છે. (હવાલા અને વિગતવાર માહિતી જાણવા માટે જુઓ ફતાવા રઝવિય્યહ, જિલ્દ–૧૦, પેજ–૩૬)

મુહર્રમના મહિનાની ૭–૧૨–૧૩ તારીખની જે મહેંદી બનાવવામાં આવે છે અથવા કાઢવામાં આવે છે, તે પણ બેકાર અને મનઘડત રિવાજ છે, રાફઝી અને શીઆ મઝહબની પેદાવાર છે. ઈસ્લામથી તેને કોઈ નિસ્બત નથી, એ ફક્ત અજ્ઞાનતાનું પરિણામ છે.

એહલે સુન્નત વ જમાઅતનો મઝહબ એ છે કે હઝરત ઈમામે હુસૈન અને બીજા કરબલાના શહીદો અને દીનના બુઝુર્ગોથી સાચી મહોબ્બત એ છે કે તેમના પગલે પગલે ચાલવામાં આવે. અને તેમના રસ્તા, તરીક઼ા, ઢંગ અને ચાલ ચલગતને અપનાવવામાં આવે, કુર્આન કરીમની તિલાવત કરવામાં આવે અથવા સદક઼ા અને ખૈરાત કરીને સંબંધીઓ, મિત્રો, હમદર્દો અથવા ગરીબ મિસ્કીનોને ખાણુ, ખીચડો, હલ્વો, મલીદો વગેરે જે થઈ શકે તે ખવડાવીને તેનો ઈસાલે સવાબ તેમની પવિત્ર રૂહોને પહોંચાડવામાં આવે, જેને ફાતેહા કહે છે. તો આ બેશક ! જાઈઝ શ્રેષ્ઠ અને સારું કામ છે, અને તેનાથી અલ્લાહ તઆલા રાજી થાય છે અને પોતાના રબની રઝા (ખુશી) પ્રાપ્ત કરવી એ દરેક મુસલમાન માટે દરેક જરૂરિયાતથી વધુ જરૂરી છે. ન્યાઝ, ફાતેહા, સદક઼ા, ખૈરાતમાં એ પણ જરૂરી છે કે પોતાનું નામ, શોહરત (નામના) અને દેખાડા માટે ન હોય, બલ્કે જે પણ હોય અને જેટલું પણ હોય તે ફક્તને ફક્ત અલ્લાહની ખુશી પ્રાપ્ત કરવા માટે અને બુઝુર્ગોને સવાબ પહોંચાડવા માટે હોય. આજકાલ કેટલાક લોકો મોટી મોટી ન્યાઝો અપાવે છે અને ઘણી બધી દેગો બનાવીને ખવડાવે છે, અને એમનો મક઼સદ નામના અને દેખાડો કરવાનો હોય છે અને તેઓ દેખાડો કરવા માટે આવું કરે છે તો તેમની આ ન્યાઝો ક઼બૂલ થશે નહી.

એ પણ સાંભળવામાં આવ્યું છે કે કોઈ વ્યક્તિ તાઝિયાદારી અને તેની સાથે કરવામાં આવતાં (ખુરાફ઼ાત) બેહુદા કામોનો વિરોધ કરે તો કેટલાક લોકો તેને "વહાબી" કહી દે છે અને એમ સમજે છે કે તાઝિયાદારી એ સુન્નીઓનું કામ છે અને તેનાથી મનાઈ કરવી એ વહાબીઓનો તરીકો

છે ! જો કે એવું કાંઈ નથી બલ્કે "ક્યારેય પણ કોઈ પણ સુન્ની આલિમે તાઝિયાદારીને જાઈઝ કહ્યું નથી અને બધાએ હમેશાં નાજાઈઝ અને ગુનોહ લખેલ છે." આ'લા હઝરત મૌલાના અહમદ રઝાખાન બરેલ્વી رحمۃ اللہ علیہની કિતાબોમાં તો જગા જગાએ તેને "હરામ" બતાવવામાં આવેલ છે અને આ બાબતમાં તેમના ફતાવાઓનો સંગ્રહ તો એક કિતાબી સ્વરૂપમાં છપાઈ પણ ચૂક્યો છે જેનું નામ "રિસાલાએ તાઝિયાદારી" છે. આથી જે આપણા ભાઈઓ વિસ્તારપૂર્વક આ મસ્અલાને પઢવા ઈચ્છતા હોય તેઓ સુન્ની લાયબ્રેરીમાંથી આ કિતાબને મંગાવીને વાંચી લે.

અને જે મોલ્વીઓ તાઝિયાદારીને જાઈઝ કહે છે તેઓ આ પ્રમાણે પબ્લીકને ખુશ કરવા અને આવા પ્રોગ્રામો થકી નઝરાના (ભેટ સોગાદ) વગેરે પ્રાપ્ત કરવા માટે કહે છે. તેઓએ સમજવું જોઈએ કે પબ્લિકને ખુશ રાખવાની જગ્યાએ અલ્લાહ વ રસૂલને ખુશ રાખવાની ચિંતા કરે, કેમ કે હરામને હલાલ બતાવવાવાળાની જ્યારે કૃબ્ર અને હશ્ર (કૃયામત)માં ધોલાઈ થશે ત્યારે આ પબ્લિક બચાવવા આવશે નહીં! અને આ જલ્સાઓ, પ્રોગ્રામો અને નઝરાનાઓની રકમો થકી ત્યાં છૂટકારો થશે નહીં, બલ્કે આજ તાઝિયાદારો જેને ખુશ રાખવા માટે આ મોલ્વીઓ ખોટા મસ્અલાઓ બતાવે છે, કૃયામતના દિવસે તેમનો દામન પકડશે.

એ પણ શક્ય છે કે તાઝિયાદારી અને તેની સાથે કરવામાં આવતી ખુરાફાતો (ખોટી બાબતો)ને જાઈઝ કહેવાવાળા મોલ્વીઓ વહાબીઓના એજન્ટ હોય અને તેમનાથી છુપી સમજૂતી કરેલ હોય, કેમ કે "સુન્નીઓમાં વાહિયાત (ખરાબી) અને ખુરાફાત (બદી)ના રિવાજોથી સુન્ની મઝહબ બદનામ થાય છે" અને વહાબિયતને એના થકી ફાયદો પહોંચે છે, અને ઘણા લોકો આપણી અજ્ઞાનતાને કારણે આપણા લોકોમાં શરીઅતની વિરૂધ્ધનાં કામોને જોઈને વહાબીઓની પ્રશંસા કરવા લાગે છે. જો કે આ તેઓની ભૂલ છે અને સુન્ની આલિમોની કિતાબોનું વાંચન ન કરવાનું પરિણામ છે.

હા ! એટલું જાણવુ જરૂરી છે કે વહાબીઓ તાઝિયાદારીને શિર્ક અને તાઝિયાદારોને મુશ્રિક અને કાફિર કહી દે છે પરંતુ સુન્ની ઓલમાઓ

તેમને મુસલમાન અને પોતાના ભાઈઓ જ કહે છે, એટલી વાત જરૂર છે કે તેઓ ગુનેહગાર છે. ખુદા તઆલા તેઓને આનાથી બચવાની નેક તૌફીક ફર્માવે.

## વુઝૂ વગર અઝાન પઢવાનો મસ્અલો

વુઝૂ વગર અઝાન પઢવી જોઈએ નહીં પરંતુ તેમ છતાં જો કોઈ અઝાન પઢી લે તો અઝાન થઈ જાય છે અને તે અઝાન પછી જે નમાઝ પઢવામાં આવશે તે પણ દુરૂસ્ત (બરાબર) છે, પરંતુ વુઝૂ વગર અઝાનની આદત પાડવી મુનાસિબ (યોગ્ય) નથી.

આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે "વુઝૂ વગર અઝાન પઢવી જાઈઝ છે. એ અર્થમાં કે અઝાન થઈ જશે પરંતુ એવું કરવું જોઈએ નહીં" (ફતાવા રઝવિય્યહ, જિલ્દ–૫, પેજ–૩૭૩)

ખુલાસો એ જ કે ક્યારેક ક્યારેક વુઝૂ વગર પણ અઝાન પઢી શકાય છે, પરંતુ બેહતર અને સારો તરીક઼ો એ જ છે કે બા વુઝૂ (વુઝૂની સાથે) અઝાન પઢવામાં આવે.

## આ જમાનાની એક મોટી નેકી

જો તમે તમારી, તમારા પુત્રની અથવા ભાઈની શાદી કરવા ઈચ્છો છો અને તમારા સંબંધીઓમાંથી, નજીકના સગા વહાલાઓમાંથી અથવા મહોલ્લાવાસીઓમાંથી કોઈ ગરીબ છોકરી છે જેનાથી તમારું સગપણ શરઅન (શરીઅતની રૂએ) જાઈઝ છે તો તેની સાથે ખર્ચાઓ કરાવ્યા વગર, બારાત ચઢાવ્યા વગર અને દહેજ લીધા વગર એકદમ સાદગીપૂર્વક નિકાહ (શાદી) કરો, જે પ્રમાણે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ કરી હતી અને તેને ઈજ્જતની સાથે પત્ની બનાવીને ઘરમાં રાખો, એ આ જમાનાની સૌથી મોટી હમદર્દી અને નેકી છે અને આવું કરવાવાળાઓને "જેહાદ"નો સવાબ મળશે. આજકાલ લોકો બિન જરૂરી સહાનુભૂતિઓ તો બતાવે છે, મિત્રો, સંબંધીઓ, અને ખાનદાનવાળો તરફથી લડવા ને મરવા તૈયાર થઈ જાય છે, પરંતુ જવાન છોકરીઓ ઘરોમાં ઉછરી રહી છે (મોટી થઈ ગઈ છે) તેનાથી લોકો પરેશાન છે અને આ તેમના રિશ્તા (સગપણ) મંજૂર કરતા

નથી. હમદર્દી (સહાનુભૂતિ) તેનું નામ છે કે તમારા સંબંધીને જે પરેશાની છે તેને દૂર કરવામાં આવે અને એ તમારા વશની વાત છે. આ ક્યાંની હમદર્દી, રિશ્તાદારી (કૌટુંબિકતા) અને નજીકી છે કે તમે દોલત અને માલદારીને કારણે અહીં તહીં સગપણ ગોતી રહ્યા છો અને તમારા મિત્ર અથવા ઓળખીતા તેમની (કુંવારી) છોકરીને કારણે પરેશાન અને દુઃખી છે ?!

## સૌથી બેહતર (શ્રેષ્ઠ) મુસલમાન

આજકાલ કેટલાક લોકો તો એવા છે કે દુનિયાના કામ ધંધાઓમાં વ્યસ્ત રહીને દીનને તદ્દન ભૂલાવી બેઠા છે, જેમ કે તેમને દુનિયામાં હમેશાં માટે રહેવાનું છે અને કેટલાક એ લોકો છે કે દીનદાર બન્યા તો કામ ધંધા છોડી દીધા અને આળસુ, સુસ્ત અને આરામ પ્રિય થઈ ગયા ! અથવા એવા વિચારોમાં રહે છે કે આ દીનદારીના નામ ઉપર લોકો અમને (પૈસા) આપતા જાય. આ બન્ને પ્રકારના લોકો વડે ઈસ્લામની સાચી તરજુમાની (સાચુ પ્રતિધિનિત્વ) થતી નથી. બધાથી બેહતર મુસલમાન તે છે જે પોતાનો કોઈક કામ ધંધો કરતો હોય અને તેની સાથે સાથે નમાઝ રોઝાનો પાબંદ અને દીનદાર મુસલમાન હોય તેમજ હલાલ અને હરામમાં તફાવત રાખતો હોય.

## ઈસ્લામમાં બધાથી શ્રેષ્ઠ કામ

ઈસ્લામમાં બધાથી શ્રેષ્ઠ કામ પાંચે સમયની નમાઝની પાબંદી છે, અને મસ્જિદને બનાવવી અને તેને અઝાન અને નમાઝથી આબાદ કરવી અને આબાદ રાખવા માટે પ્રયાસો કરવા. મસ્જિદના સર સામાન, લોટા, ચટાઈ, વુઝૂની સગવડતા અને તેની સારસંભાળ, મસ્જિદની સફાઈ કરવાવાળાઓ, અઝાન આપવાવાળા મોઅઝ્ઝિનો અને નમાઝ પઢાવવાવાળા ઈમામોનું ધ્યાન રાખવું અને તેમને દરેક રીતે ખુશ રાખવા, એ શ્રેષ્ઠ કામો છે અને આ સંદર્ભમાં જે કંઈ ખર્ચાઓ થાય તે શ્રેષ્ઠ ખર્ચાઓ છે.

આ'લા હઝરત મૌલાના અહમદ રઝાખાન બરેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે'' ''ઈમાન પછી પહેલી શરીઅત નમાઝ છે.'' *(ફતાવાએ રઝવિય્યહ, જિલ્દ–૫, પેજ–૮૩, પ્રકાશન લાહોર)*

# અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા

મુ.પો. **દયાદરા**–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ.

ફોન : ૦૨૬૪૨–૨૮૦૦૧૧, ૨૧૦૪૧૧ મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

| કિતાબનું નામ | કિંમત રૂા. |
|---|---|
| જા અલ્ હક્ક *(ભાગ :૧ થી ૩)* | ૮૦ |
| ઈસ્લામ અને આધુનિક શોધો | ૨૫ |
| શાને હબીબુર્રહમાન (અલ્લાહના હબીબની શાન) | ૧૧૦ |
| સ્વપ્નની તાબીર | ૮૦ |
| માહે રમઝાન કૈસે ગુઝારે ? | ૫૦ |
| મૌત તથા કબ્રના હાલાત (શરહુસ્સુદૂર) | ૧૦૦ |
| બુઝુર્ગોના અકીદા | ૧૨૫ |
| **શરહે બુખારી શરીફ** (ભાગ : ૧, ૨, ૩, ૪, ૫, ૬) | ૧૨૫૦ |
| **બહારે શરીઅત** (ભાગ : ૧ થી ૧૦ એક સેટના) | ૪૫૦ |
| ફિક્હી પહેલિયાં *(અટપટા દીની સવાલો)* | ૫૦ |
| નમાઝનું મહત્વ અને જરૂરી મસાઈલ | ૨૦ |
| ઈમામ અહમદ રઝા વિશ્વના વિવિધ ગૃપના.....દષ્ટિએ | ૨૫ |
| સુન્ની–દેવબંદી મતભેદની ન્યાયી તપાસ | ૨૫૦ |
| શીશ મહેલ(મૌદૂદીની રદમાં) | ૫૦ |
| ઝલ્ઝલા (અર્શદુલ કાદરી) | ૫૦ |
| તબ્લીગી જમાઅત સત્યના પ્રકાશમાં (અર્શદુલ કાદરી) | ૧૦૦ |
| ઈસ્લામ અને વિશ્વશાંતિ | ૧૦૦ |
| **મામૂલાતે હરમૈન**<br>હજ્જ કેવી રીતે કરશો ?<br>હજ્જ શા માટે કરશો ?<br>આદાબે મદીના | ૧૦૦ |
| હજ્જ તથા ઝિયારતના મસાઈલ | ૨૫ |
| સુન્નિયતને ઉધઈની જેમ કોતરી રહેલ પરિબળો... | ૦૫ |
| અન્વારુલ હદીષ | ૧૦૦ |
| અહલે સુન્નતના હક્કનો ચમકાર | ૧૦ |
| સજદએ સહ્વના મસાઈલ | ૩૦ |
| તાહિરુલ કાદરી હકીકતના આઈનામાં | ૨૫ |

| | |
|---|---|
| નિકાહ તથા તલાક વિશે | ૩૦ |
| સ્ત્રી અધિકારનો રક્ષક : ઈસ્લામ | ૫૦ |
| વ્યભિચારની બુરાઈઓ અને ઈસ્લામી પર્દાની ખૂબીઓ | ૪૦ |
| ઈસ્લામની સચ્ચાઈને ઓળખો | ૦૫ |
| સૂફીઈઝમની હક઼ીક઼ત અને તેના પર વાંધા અને જવાબો | ૧૦ |
| ૭૩માં એક કોણ ? | ૦૫ |
| મસ્જિદોને તમારાં ઘર બનાવી લો ! | ૦૫ |
| અનીસુલ અરવાહ | ૧૦ |
| દલીલુલ આરિફીન | ૧૦ |
| સ્ત્રીની ઈજ્જતનો જામિન : ઈસ્લામી પર્દો | ૧૦ |
| મુહર્રમમાં શું જાઈઝ શું નાજાઈઝ ? | ૧૦ |
| ચાંદની સાબિતીના સાત તરીક઼ા | ૦૫ |
| વહાબી પાછળ નમાઝ ક્યાંય થશે નહીં | ૦૫ |
| હઝરત ઉમર ફ઼ારૂક઼ે આ'ઝમ رضی اللہ عنہ | ૧૦ |
| હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ | ૧૦ |
| હઝરત અલી મુર્તઝા رضی اللہ عنہ | ૧૦ |
| રહનુમાએ હક્ક઼ | ૧૦૦ |
| મુકાશફ઼તુલ કુલૂબ | ૨૬૦ |
| બરકાતે શરીઅત–ઉર્દૂ, હિન્દી *(ભાગ–૧, ૨, ૩)* મુકમ્મલ | ૨૦૦/૨૦૦ |
| **બરકાતે શરીઅત (ગુજરાતી)** | ૩૦૦ |
| ઈસ્લામિયાત–ઉર્દૂ, ગુજરાતી (ભાગ–૧, ૨) | ૧૦૦ |
| બરકાતે સુન્નત રસૂલુલ્લાહ ﷺ (ઉર્દૂ અને હિન્દી) | ૨૦૦/૨૦૦ |
| કાનૂને શરીઅત*(ભાગ–૧, ભાગ–૨)* | ૨૦૦ |
| તોહફ઼ાએ નિકાહ | ૪૦ |
| **કન્ઝુલ ઈમાન** (કુર્આન શરીફ઼નો ગુજરાતી તર્જુમો) | ૪૫૦ |
| અલફ઼ી કુર્આન –કન્ઝુલ ઈમાન(ઉર્દૂ) | ૧૨૦૦ |
| નિકાહ રજીસ્ટર *(ફ઼ોર કલરમાં૩ કોપીમાં)* | ૨૫૦ |
| ગ઼ૌષિયહ્ તકવીમ *(ફ઼ોર કલર લેમિનેટેડ કેલેન્ડર ટાઈપ)* | ૨૫૦ |
| ગ઼ૌષિયહ્ તકવીમ *(નમાઝનું ટાઈમ ટેબલ, આર્ટ પેપર પર)* | ૨૫ |

**નોંધ** : રૂા. ૫૦૦/– ભરીને **''અંજુમને રઝાએ મુસ્તફ઼ા''**ના મેમ્બર થનારને તથા ૫૦૦ કે એથી વધુ ડોનેશન આપનારને જે તે વરસની રમઝાનથી રમઝાન સુધી છપાતી કિતાબો ઘરબેઠાં **ફ્રી**માં મળશે. (ઈન્શાઅલ્લાહ !)